પુસ્તક ૮મું. અંક ૪ થો.

सत्संग.

કાર્તિક સં. ૧૯૭૩

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

યથાશક્તિ દાન દેવાનો રિવાજ.

બધા કુટુંબમાં રાખવાની જરૂર છે.

માણસના હૃદયમાં કાંતો દૈવી અને કાંતો આસુરી પ્રકૃતિ રાજ્ય કરતી હોય છે. કમનો આપણે દૈવી પ્રકૃતિને લીધિજ આ પવિત્ર પર્યુષણ ઉજવવા એકઠા મળ્યા છીએ. માટે દૈવી પ્રકૃતિવાળા આપણે દેવોજ છીએ. વળી આપણે ક્ષત્રીય નરેશના પુત્રો છીએ, નહીં કે ધોતીયાદાસ વાણીયા! આપણે વિશ્વપતિ મહાવીરના વારસરોય છીએ એમ સમજી આપણું સ્વમાન ખીલવવું જોઇએ અને વિશ્વપતિની આજ્ઞાનો બરાબર અમલ કરવો જોઇએ. આપણા તીર્થંકરો ક્ષત્રીય હોઇ પ્રથમ રાજ્ય મેળવવામાં પ્રભુતા સમજતા. પછી જેમજેમ એમની દૃષ્ટિ વિકાસ પામતી ગઇ, તેમતેમ "સ્થૂળ રાજ્ય લક્ષ્મી ખીલઓને અર્પણ કરી" ત્રણ લોકનું સામ્રાજ્ય મેળવવા પાછળ લાગ્યા હતા. દુનિયામાં મનુષ્ય માત્રનું ભલું કરવાની ઇચ્છાવાળા જે પુરૂષો થયા છે તેઓને "મહાત્મા" કહેવાય છે પણ મહાવીર તો મનુષ્ય ઉપરાંત જાનામાં જાના જીવોનું-પાણી વનસ્પતિને હવાના પણ જીવોનું ભલું ઇચ્છનારા હોઇ તેઓ "પરમાત્મા" કહેવાય છે. એમને દુઃખ આપનાર સર્પ તથા ગોસાળાનું "પશુ" એમણે ભલું ઇચ્છયું હતું. એવી ઉદાર બુધ્ધિ આપણે શીખવી જોઇએ છીએ. "જે માણસ દશ હજાર યોધ્ધાઓ ઉપર "જય" મેળવે છે તેનાં કરતાં પોતાની દુષ્ટ પ્રકૃતિ ઉપર વિજય મેળવનાર માણસ વધારે મહાન ગણાય છે" તે કાંઇ ખોટું નથી, ધર્મ કોઇ જાતિ કે કુળમાં નથી પણ આત્મામાં છે અને તિર્થંકરનો તથા તિર્થંકરનો આત્મા એકસરખો માની આપણે તિર્થંકરની માફક આત્મ સંયમ કરી આત્માને ઢાંકનાર પડદાઇ દૂર કરવા જોઇએ છીએ. બીજા પંથો એમ માને છે કે પરમાત્મા દુનિયાના તારણ માટે મનુષ્ય દેહે અવતરે છે. જ્યારે મહાવીરે એમ શીખવ્યું છે કે માણસ પોતાના સ્વબળથી ઉત્ક્રાંત થતો થતો પરમેશ્વર બને છે. "માણસ એ અદૃશ્ય ઇશ્વરનું દૃશ્ય રૂપ છે." એમ એક અમેરીકન વિદ્વાન એમર્સન કહે છે. આજે શ્વેતામ્બર, સ્થાનકવાસી ને દિગંબર ત્રણે વર્ગો જુદા મનાય છે. પણ એ જુદાઇ કયાં છે? મહાવીરના વારસા તરીકે સૌ એકજ છે અને અહિં આપણે તેઓ સર્વને સામાન્ય પિતાની ભક્તિ કરવા આવેલા જોઇએ છીએ. શ્રી વીરે દુનિયાના કલ્યાણ માટે આત્મભોગ ઘણી રીતે અને ઘણી વખતે આપેલો છે.

મુક્તિની તીવ્ર ઉત્કંઠા છતાં માતાપિતા અને બન્ધુની લાગણી દુઃખાઇ તેઓ દીક્ષાગીરી અથવા અંતર ધ્યાન ધરી કુગતિ પામે નહીં, એટલા ખાતર મુક્તિદાતા દિક્ષા પણ તેમણે વર્ષો સુધી મુલતવી રાખી હતી. મહાવીરના ગુણો શું થોડા કલાક કે થોડા દિવસમાં પુરેપુરા કહી શકાય તેમ છે. નહીં, જ્યાં સુધી તે દેવાધિદેવનું શાસન કાયમ રહે અને આપણું શરીર હયાત રહે ત્યાં સુધી હું તો એમના ગુણગાનનું ભાષણ સમાપ્ત નહીંજ કરવાનો. પણ તે "ભાવથી" "દ્રવ્યથી" માન આપી મ્હારે કહેવું જોઇએ કે લગ્ન જેવા માંગલિક પ્રસંગે હજારો રૂપિયાનું બલીદાન ચાલ્યા આવતા રીવાજ મુજબ થાય છે. તેવા પ્રસંગે સ્વધર્મનો ઉદય થવા તરફ પ્રેમ દૃષ્ટિ કરી યથાશક્તિ દાન દેવાનો રીવાજ બધા કુટુંબોમાં દાખલ થવાની જરૂર છે.

ઝોધવજી રામજી સરવૈયા

૧ દેવાસ (માળવા) ખાતે ત્યાંના દરબાર સાહેબ તરફથી સરકારે સત્તાવાર જાહેર કર્યું છે કે મોર પક્ષીનો કોઇએ પણ શીકાર કરવો નહિ. જે કોઇ કરશે તે સખ્ત સજાને પાત્ર થશે.

૨ જીવદયા ॥ જાણીતા હીમાયતી રથા. મુની શ્રી ચંપાલાલજીના સદ્‌ઉપદેશથી સાગર, સાજાપુર, સુજાલપુર (માળવા) ખાતે સેંકડો મુસલમાન તથા ઘણા સરકારી અમલદારોએ જીવહિંસા તથા માંસાહારનો ત્યાગ કર્યો છે.

૩ રાસણી (મારવાડ) ખાતે દર વરસે દેવીના મંદીરમાં પાડાનું બલીદાન આપવામાં આવતું હતું તે રથા. મુનીશ્રી છોતરમલજીનાં સદ્‌ઉપદેશથી બલીદાન બંધ કરવામાં આવ્યું છે.

૪ તે સિવાય ઉપરોક્ત મુનીશ્રીના સદ્‌ઉપદેશથી પાડુના (મારવાડ) ખાતે ત્યાંના ખાટકી કસાઇઓએ જીંદગી સુધી જીવહિંસા કરવાનો ત્યાગ કર્યો છે.

નવા વર્ષનાં પત્રો.

નૂતન વર્ષના અભિનંદનમાં અમને મળેલાં લગભગ ૧૦૦ ઉપર પત્રોમાંના કેટલાક પત્રોનાં લખાણ અમને ઘણાં આકર્ષક લાગવાથી જાહેરની જાણ માટે પ્રકટ કરવામાં આવે છે જે જોઈ પ્રજાની વધતી જતી ભાવના સંબંધી કંઇક ઝાંખી થશે.

(૧)

(વસંત તિલકા.)

વિદ્યે વિલાસ કરતી વિદ્યા વિચારે,
લક્ષ્મી વિનોદ ધરતી કંઇ યુક્ત ધારે;
આ વર્ષ હર્ષ વિમળે આનંદકારી,
ધર્માર્થ કામ ફળશે મહીં મોક્ષ-ભારી.

વાદ વિવાદ છે કે લક્ષ્મી અને સરસ્વતી સાથે સ્થાન લેતી નથી, પરંતુ સત્ય એ છે કે સંવતના સ્થાપન કરનાર વીર વિક્રમના મહેલે શ્રી લક્ષ્મીને સારદા બંને જોડે રહી સાથીઆ પુરતી. તેજ વિક્રમ સંવતના નવીન વર્ષે પ્રથમ દિવસે શ્રી અને ધીની પૂર્ણ કૃપા આપ પર હો.

કાલીઆવાડી) નારણજી બાપુભાઇ દેશાઇ.

(૨)

(મન્દા ક્રાન્તા)

શ્રી, ધી શાન્તિ, સતત સુખડાં, સત્ય પંથે પળીને,
પામોઃ જુઓ સકળ જગમાં નામ કીર્તિ રળીને;
હૈડે ધારી મમેત, જનની જન્મભૂમિ તણુંને,
વ્હાલાં સંગે નવીન વરસે હર્ષ ભોંકિ રહેજો.

મુંબાઇ] ઝીતારામ જે. શર્મા.

(૩)

(સ્રગ્ધરા)

પોતાના વિક્રમોથી અમર થઇ ગયા વિશ્વમાં પૂર્વકાળે,
એવા દેવી જીવોના સ્મરણ થવજરૂપે સંવતો આજ ચાલે.
સોનેરી વર્ણ વાળા કર દિનકરના વ્યોમમાં જેહ વ્યાપે,
આત્માનંદે રહેલાં અનુપમ સુખને શાંતિ સમૃદ્ધિ આપે.

નડીઆદ] કેવળચંદ ઝવેરદાસ શાહ.

(૪)

(હરિગીત)

જાગી નૂતન કિરણ અને પ્રગટયા ફિરણ નભમંડળે,
તે જ્યોત અર્પે જીવન કંઇ ચેતન અચેતન સર્વને,
આવે સમીર શીતળ અને પુષ્પોની પરિમળ આવતી
આ સૃષ્ટિને કુદરત કંઇ વિધવિધ રીતે શણગારતી.
ફળજો તમારી આશ સુખ ઐશ્વર્યના ભોકતા થજો
ને જીવનદુર્ગ યશધ્વજના ધવલભંગળ ચિહ્ન હો!
સિદ્ધિ થજો તમ કાર્યની પૃચ્છા પુરણ પ્રભુજી કરે
આ નૂતન વર્ષે નવલ એ અભ્યર્થના પ્રભુની કરે.

નવસારી) ઉમયાશંકર જયશંકર મ્હેતા

(૫)

(હરિગીત)

વીર વિક્રમનું નૂતન આ વર્ષ અતિ સુખમય થજો!
પરિવાર સર્વે સાથને કલ્યાણ કારી નીવડજો!
સૌ બાલ ભારતમાતના આનંદમાં નિશદિન રહો
બની ધીરવીર વિક્રમ સમા કારીગરીમાં તો વહો!
હૃદયે ધરીને રૂપ રહું. રસિક જગના તાતનું!
હિતકારી થઇ વીરા દીપાવો નામ ભારતમાતનું

વડોદરા) ચંદુલાલ હરગોવિંદ શાહ.

(૬)

આવો આવો આજે નવીન વર્ષે હેતથી મળીએ, આપણા ભાગ્યનો વિચાર એકઠા મળી કરીએ ને શુભ વર્ષે ઉન્નતિ કર્મનો આરંભ કરીએ.

અમદાવાદ) પ્રભાશંકર જાદવજી ઠક્કર.

(૭)

(તોટક.)

ભૂમિ ભારતના નર રત્ન અહો.
શુભદિન નવીન મુબારક હો,
સુખ સંપતિ સંતતિ લાભ ભલો,
અવનીપર નામ મુબારક હો.

અમદાવાદ) લીનાકરરાય અચરતલાલ સૈયદ.

(૮)

(હરિગીત)

નૂતન થયું જુનું ગયું, જુનું નહિ સંભારશો,
કુટુંબમાં આનંદસહ આ વર્ષ આખું ગાળજો,
હુનર અને ઉદ્યોગની નવી શોધ ખુબ કરાવજો,
શુભ કાર્યમાં આગળ વધી કીર્તિ બધે પ્રસરાવજો,
સ્ત્રી જાત છે અર્ધાંગ એ ઉદ્ધારવાને સંચરો,
અહીંનું સહુ અહીંઆ ગણી પરદુઃખને વળી પરહરો
સાહિત્યના ઉદ્ધાર માટે જોગ નિશદિન આપજો,
પરહિતમાં તમહિત સમજી વર્ષ હર્ષે ગાળજો.

પુના) ખંડુભાઇ કેશવજી ભટારકર.

(૯)

(વસંતતિલકા.)

લક્ષ્મી તણા ભમર પદ્મની આસપાસ,
ફૂટી ખીલી ખરી જતી કંઇ પાંખડીઓ;
વર્ષો તણાં શતક તેમ અનન્તતામાં,
ફૂટી ખીલી ખરી જવા વહતાં ઝલરો;
વ્હાલાં સખા, સખિ, સહોદર, બાળભોળાં,
લક્ષ્મી તણા કુસુમના મધુનાં વિકારી!

* * *

સેવા ધરૂં નવિન શી ચરણારવિન્દે?
ગુંથી કયાં કુસુમનો સઇ હાર આપું?
લાવી ધરૂં હૃદય તો પણ આ તમોને,
લાવી ધરૂં હૃદય તે નિજ સાથ લેજો;
પાજો પિતાજી મધુ અમૃત પ્રભુનું સૌ,
બીજું ધરે પ્રભુજી તે સઇ મમ રૂહેજો!!

કલાપી.

નવસારી) ભગવતરાય દાદુજીરાવ સાળુંકે.

(૧૦)

ઝુલણા છંદ.

નૂતન આ વર્ષમાં હર્ષથી આપને,
શુભ આશિષનો પત્ર આપું,
દીર્ઘ આયુ હજો લાભ લાખો થજો
પ્રેમીના પ્રેમને ઉર સ્થાપું;
દિન પરે દિનપણી વેલ વિદ્યા તણી
પુત્ર પરિવારને ઉર વાધો,
દેશનું હિત ને પ્રીત આયો પરે
રાખતાં શીખીને ધર્મ સાધો
રંક પર રાખજો પ્રેમ દૃષ્ટિ અને
હાય સંભાવજો દીન માટે,

પુણ્ય ભાયુ તમે બાંધજો આ ભવે
ધર્મ ના ભૂલશો શિર સાટ;
સફળ કરો કરા સહુ આપની
જગતના જનતણો પ્રેમ જમો,
સકળ શાંતિ હજો દુઃખ દૂરે જજો
રિદ્ધી સિદ્ધી અને સુખ પામો.
અમદાવાદ) વામનરાવ ચીમનલાલ.

(૧૧)
(દોહરા)

ગયુ વર્ષ શુભ દેવીનું નૂતન બેસતું આજ,
મંગળકારી નીવડજો વિધવિધ વૃદ્ધિ કાજ.
સુપ્રયત્ન પરમાર્થમાં સરલ શાંતિ સુખકાજ,
આનંદ મંગલ વર્ષ આ વિધવિધ વૃદ્ધિ કાજ.
બોરસદ] રતનલાલ નાગરદાસ વકીલ.

(૧૨)

આપનું વદન, કમળના પુષ્પની જેમ પ્રફુલ્લિત રહો.
(વસંત તિલકા)

આ નવ્ય વર્ષ સુખરૂપ હજો તમોને!
ને શાંતિમાં વિલસજો ચિરકાલ મિત્રો!
આનંદ વૃદ્ધિ વરસો વસતાં તમે જ્યાં.
ને દિવ્ય તેજ બનજો તમ માર્ગ દર્શી
આવાં અનેક વિતજો વરસો તમારાં,
આનંદ યશ ઉન્નતિ આશ પૂર્ણ.
હરીઆ) ગોપાળજી

(૧૩)

૩૦૯, શરાફ બજાર, મુંબઈ ન. ૨.
વિક્રમ નૂતન વર્ષારંભ.

મહેરબાન સાહેબ,

આપને, આપના કુટુંબને, આપના મિત્રમંડળને તેમજ જગતનાં પ્રાણી માત્રને આજે શરૂ થતું નૂતન વર્ષ દરેક પ્રકારે આનંદકારી નીવડે અને પરમકૃપાળુ પરમાત્માની કૃપાદૃષ્ટિને પાત્ર થવાને દરેક વ્યક્તિ શક્તિવાન થાય એવી તે મહાન પિતાના પવિત્ર ચરણકમળમાં પ્રાર્થના કરતાં હું આપને તે માંગલિક દિવસે અભિનંદન આપું છું તે સ્વિકારશો.

લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી
ના યથાયોગ્ય.

(૧૪)

આર્ય જનસમૂહનું નવું વર્ષ સ્વદાના નિયમાનુસાર બેસી ચૂક્યું છે. તે આપને, આપના કુટુંબ વર્ગને આનંદિત થાઓ. આપના ઇષ્ટ અપેક્ષીત, ઉન્નતિ, કુટુંબની, ગોકુ દોલી., અને આપ્ત વર્ગ પ્રત્યેના શુદ્ધ સ્નેહમાં વૃદ્ધિ થાઓ એવી તે મહાન કૃપાળુ પરમાત્મા પ્રત્યે મારી પ્રાર્થના છે. અસ્તુ!

ભીમભાઇ કલ્યાણજી નાગડા

(૧૫)
—કવાલી—

ઉલટથી આજ આનંદે,
નવીન વર્ષે સુખી થઇએ,
સુસંપે પ્રેમથી સંગે,
રહીને કાર્ય સૌ કરીએ,
ગહા આનંદથી બાળો,
કરી કલ્લોલ ને ખેલે,
રસીક રંગી રૂડી ભામા,
રહવારે હર્ષને રેલે,
વણજ વેપારમાં વધીને,
ભલા શ્રીમંત નર હોજો.
બની યશવાન ને ધીરા,
દુઃખીના દિલને જોજો
સુકનના દિનમાં શ્રીકાર,
કામોમાં સદા વધજો,
કનક સમ દિપતી ભારી,
મુબારક સાલ આ ફળજો.
આણંદ મોકનલાલ કાશીદાસ શા

(૧૬)
(માલિની)

મધુર કુસુમ ખીલ્યાં, રમ્ય આનંદ કારી,
નતન વરસ ખીલો વંશ વાધી તમારી,
પ્રતિદિન જગમ વાધે આ મધુરી લતાઓ,
સુખ રૂપ દીર્ઘાયુ શાન્તિથી વૃદ્ધિ થાઓ.
ધર્મપુર] સામલદાસ નાનુભાઇ પારિ

17

Many happy years be Yours
Filled with gladness that
endures,
Lit with Sunshine from above
Blest with
Fortune, cheered by love.

The best that time has in
his store,
Be Yours to-day and evermore.

(Bombay) Manilal K. Desai.

(૧૮)

પુણ્યશ્લોકી પિતાઓ ! મહાદાસ્યી માતાઓ ! ભીડભંજન ભ્રાતાઓ ! દેવાંશી દાતાઓ !

આપના જીવનની પ્રત્યેક પળ સુખ શાન્તિમાં વહો. ધનધાન્ય સંપત્તિ-સતતિના ઇચ્છિત પદાર્થો આપના જીવન કર્તવ્યને દેદીપ્યમાન કરો. વૈરભાવનાઓની વિષમય વૃત્તિઓ વિસ્મૃતિઓના વારિધિમાં ડુબી જાઓ અનાથ રંકજનોનાં રૂદન અશ્રુ આપના ઉદાર કર કમળથી લુંછાઇ જાવ ! નીતિ-મય વિનોદ આપના જીવનનું સ્વર્ગ દ્વાર બનો. વિદ્યા-કળા અને વિજ્ઞાનનાં વાજીત્રો આપની શ્રવણેંદ્રિયને સણગ કરો. અતિથી-અભ્યાગતોનું સ્વાગત કરવાને આપ દરેક રીતે શક્તિવાન બનો. પુરૂષો પ્રેમના પરિક્ષક પતિઓના પરમેશ અને સંતાનોના શુભેચ્છક બનો સ્ત્રીઓ. પ્રણયની સહચારિકાઓ તથા સંસારની માર્ગદર્શક માતાઓ બનો. સંતાનો ગુણી નીવડો. આર્યો આર્યજ રહો. અનાર્યો આર્ય બનો. પ્રાણીમાત્ર પ્રભુનાં બાળકો છે એ ભાવનાઓ લક્ષમાં રાખી દયા, દાન અને દીનતાના ઉત્તમ ગુણો આચારમાં મુકો. પાત્રને દાન આપવાનું અને દરેક પ્રસંગે તેમના તરફ સહાનુભૂતિ રાખવાનું કર્તવ્ય જાગૃત રહો. કુલ નહી તો કુલની પાંખડી રૂપે છેવટે એકાદ બે રૂપીઆનુ દાન અનાથોને આપવામાં ઉત્સાહી બનો.

નડીઆદ હિંદુ અનાથાશ્રમ.

(૧૯)

આકાશોદધિમાં ઝગે દિનમણિ,
તિમિર સૌ ભેદીને !
સિંચો પ્રેમ-સુધા રગેરગ મહીં,
ઉદ્વેગ સૌ છેદીને !
વાધો બુદ્ધિ, વધુ વધુતમ તણી,
ને શત્રુ સૌ મિત્ર હો !
નીતિ, રીતિ સજી સદા સરઉરે,
બન્ધુત્વ ભાવે રહો ! ૧
લાંબુ આયુષ ભોગવી વિચરજો !
ને દુઃખ કૈં ના નડો !
ભાવે ભાત ધરી ધરાધિપતિનો,
હે ! સત્ય પથે પડો !
કાસારો મહીં પદ્મ જ્યુથ ખીલીને,
આનંદ આપે અતિ !
ચાહું બક્ષ દિને દિને દિનપતિ !
શાન્તિ અને સન્મતિ ! ૨

કનસાડ.) ખુશાલભાઇ સવરામભાઇ દેશાઇ.

(૨૦)

ઉદય પામતા નવા વર્ષના મંગળ પ્રભાતે આપને કૈં કૈં નવલ સુધારક પત્રિકાઓ મળી હશે. આ એક ક્ષુદ્ર પત્રિકા તેમાં વધારો કરે છે. પણ તે એક આપ્ત હૃદયના ઉભળકાનું પ્રણય શિકર હોવાથી આપના આવકારને પાત્ર થશે એમ અભિલાષ છે. રિવાજને અનુસરતા હું શું સુધારકભાઇ આપું? કયા શબ્દોમાં આપું? આપના સાહિત્યાનુરાગી જીવનમાં વિશેષ પ્રગતિ થાય અને સર્વ રીતે સુખપ્રાપ્તિ થાય એજ મ્હારો આશિર્વાદ કહો કે નવલ વર્ષની મુબારકી કહો—

અરવાળા) ધીરજ.

(૨૧)

શુભ મંગળ આજ ઉષા પ્રગટે;
'નવું વર્ષ થયું' જન એમ રટે.
સવિતા પણ પુણ્યપ્રભા ભરતો,
મન મોદ ધરી નભમાં ઉમતો.

નવ વર્ષ તણું સુપ્રભાત હસે,
શુચિતા સઘળે મધુરી વિલસે.
ગયું વર્ષ જૂનું ! બસ આયુ ઘટ્યું !
નવ વર્ષ થયું ! પણ એ ન વધ્યું !!

પ્રભુ ! શું નવું કાળપ્રવાહ વિષે ?
નવું-જુનું બધો ભ્રમ છેક દીસે !
જુનું વર્ષ વીત્યું ત્યમ આ વીતશે !
બસ કાળ સદૈવ છૂપો હસશે !!

ગતિ કાળની નાથ ! અનંત દીસે !
કંઈ વર્ષ ગયાં કંઈ વર્ષ જશે !
રસચેતન તું અહિં મૂકય પ્રભો !
અમ અંતર ભવ્ય બનાવ વિભો !

પ્રસરાવ પ્રભો ! અમિનું ઝરણું.
વિકસાવ મનોબળ શોકતણું.
યશ ! રાખ મુબારક રોજ સહુ;
અવિદિત નથી ! વધુ શું વદવું ?
જગનો તું નિયામક નાથ ! સદા,
જન પામર શું સમજે પ્રભુતા ?
કરણા કરી યશ ! નવું બળ દે.
નવ વર્ષ તપે વિનતિ બસ એ !

ધરવાળા (ધંધુકા) ધીરજ.

દયાધર્મીયોંકા દયા ધર્મસે પ્રેમ ?

સાદરી (મારવાડ) અહીંપંડિત મુનીશ્રી ખુબચંદ્રજીના સદુપદેશથી ૭૫ ઘરવાલા મેગવાલ (ઢેઢ) લોકોને પર્યુષણના (૮) દીવશ તથા અજવાલી ૮-૧૪ના દીવશે કોઇ પણ જાતની જીવહીંસા કરવી નહી એવો કરાવ કરી રયા. જેનો ને લખી આપ્યો છે કે આ કરાવ હમારી આલ ઓલાદ રહેશે ત્યાંસુધી પાલીયું અને આ કરાવ નહી પાલીએ તો તમારા કસુરવાન છીએ.

એનરીતે સાદરીથી ૯ માઇલ પર માદા કરી ને ગામછે ત્યાંના મેગવાલ (ઢેઢ) લોકોએ ઘર ૬૦ વાલાએ પણ ઉપર મુજબ કરાવ લખી આપ્યો છે મુનીશ્રી ખુબચંદ્રજીના બીરાજવાથી જીવદયાનો પ્રબંધ સારો થયો છે.

સાદરી (મારવાડ) } હજારીમલ તેલીસારા

સ્વર્ગની ટીકીટ અપાવવી એટલે શું ?

અજ્ઞાનીને જ્ઞાન આપવું અથવા અપાવવું એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. નાસ્તિકોને સત્ય ધર્મમાં લાવવા એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે પોતાને પોલમાં પડયા રહેતા લોકોને તેઓની ફરજ સમજાવી કર્તવ્ય કર્મમાં વડગાડવા એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે- ગુલામગીરી જેવા બંધનોમાં પડયા રહેતા લોકોને સ્વતંત્રતા અપાવવી એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. જડ બુદ્ધિવાળા થઇ ગએલાં માણસોને તીવ્ર બુદ્ધિવાળાં બનાવવાં, તથા બુદ્ધિ લાગણીવાળાં થઇ ગએલાં માણસોને નાજુક લાગણીવાળાં બનાવવા એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. મૃત્યુ પછી જે ચીજો પોતાને કંઇ પણ કામ આવે તેવી નથી પણ ઉલટી બંધન કર્તા થઇ પડે એવી છે, તેવી ચીજોના મોહમાં જીંદગી ખોઇ નાખનારા માણસોને એ મોહ મટાડવો એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. કાંઇ પણ ઉંચ હેતુ ધ્યાનમાં રાખ્યા વિના ગમે તેમ રખડનારા, ગમે તેમ બકનારા, ગમે તેમ ખાનારા અને કાંઇ પણ નિયમ વિના અસે લટપ્પુપણામાંજ જીંદગી ખોઇ નાખનારાં માણસોને પ્રભુ પ્રીત્યર્થ પોતાના ભાઇબંધોની સેવામાં લગાડવાં એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. આળસુ માણસોને ઉદ્યોગી બનાવવા, ધંધા રોજગાર વિના રખડતાં માણસોને ધંધા રોજગારમાં લગાડવાં, કુદરતની ખુબીઓ નહીં સમજનાર માણસોને કુદરતની ખુબીઓ સમજાવવી તથા એ બધાં માણસોને એ બધી બાબતોમાં કાયક ઉંચ હેતુ લક્ષમાં રાખીને કામ લેતાં શીખવવું એ તેઓને સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. વંશ પરંપરાથી

ઓછા હકવાળા તથા નીચ ગણાતા માણસોને જમાનાને અનુસરતા વધારે વધારે હકો આપવા તથા ઉંચે ચઢાવવા એ તેઓને સ્વર્ગની ટીકીટ આપવવા જેવું છે, અને ટુંકામાં એજ કે, મનુષ્યમાં જે પશુ વૃત્તિઓ રહેલી છે તે પશુ વૃત્તિઓનું જોર ઓછું થાય એમ કરવું. અને તેને બદલે મનુષ્યમાં રહેલું મનુષ્યપણું એટલે કે આત્માનું બળ ખીલવવું, એ સ્વર્ગની ટીકીટ અપાવવા જેવું છે. બલકે એ કરતાં પણ ઘણુંજ વધારે એટલે કે ખુદ સ્વર્ગને બનાવવા જેવું છે, અને એ બધું ધનવાનોના ધનમાંથી થઇ શકે તેમ છે, વિદ્વાનોની વિદ્વત્તામાંથી થઇ શકે તેમ છે, ગુણીઓના ગુણમાંથી થઇ શકે તેમ છે, ભલાઓની ભલાઇમાંથી થઇ શકે તેમ છે. વગ વસીલાવાળાઓના વગ વસીલામાંથી થઇ શકે તેમ છે, સત્તાવાળાઓની સત્તામાંથી થઇ શકે તેમ છે. સાધુઓનાં સાધુપણામાંથી થઇ શકે તેમછે, જોરાવરોના જોરમાંથી થઈ શકે તેમછે, હરિજનોના ધર્મના બળથી થઇ શકે તેમ છે, નાજુક લાગણીવાળી, અદભૂત સૈનં દર્યવાળી અને પુરૂષોને પોતાની હથેળીમાં નચાવનારી પ્રેમઘેલુડી સુંદરીઓની મદદથી થઈ શકે તેમ છે, અને ગરીબો સાચા દિલે કામ કરે તેમાંથી થવાનું છે. માટે આપણા દેશને આબાદ કરવા સારૂ આપણા બંધુઓને સુખી કરવા સારૂ અને આપણા આત્માના કલ્યાણ સારૂ સૌ ભાઇ બેનોએ પોતપોતાની શક્તિના પ્રમાણમાં પોત પોતાની લાઇનમાં બહુજ ઉદારતાથી વર્તવું જોઇએ. અને પોતાના ગજા પ્રમાણે કાંઇક પણ રૂડું કામ કરીને પોતાના બધુઓમાં અમર કારક દાખલો બેસાડવો જોઇએ. તોજ દેશ આબાદ થઇ શકશે, અને તોજ જીંદગી સફળ થઇ શકશે. બાકી એ વિના ખાઇ પીને જાડા પાડા થવું, ઇંદ્રિયોના ગુલામ થવું, ગમે તે પહેરવું ઓઢવું અને ગમે તે બકતે બકતે મરી જવું એમાં કાંઇ મોટી વાત નથી, એમ તો પશુઓ પણ કરે છે, પણ ઉંચ હેતુઓ રાખીને સૌની સાથે ઉદારતાથી વરતવું ને આ જીંદગીમાં કાંઇક પણ ભલાઇ કરી લેવી એજ મોટી વાત છે. અને એ બધુ આપણે સૌ આપણી પોતપોતાની સ્થિતિના પ્રમાણમાં પરમાર્થ કરીએ તેમાંથીજ થઇ શકે છે. માટે પરમાર્થ કરવાની ને સ્વર્ગ મેળવવાની જેને ખાસ ઇચ્છા હોય તેને વિનંતિ કરૂં છું કે, ભાઇઓ ને બહેનો ! એ સોનેરી તક જવા દેશોમા પણ એ મહાન્ લ્હાવા તો ખૂબ લેવાય તેમ કરશો. એ અલૈકિક લ્હાવા તો જેમ ખૂબ લેવાય તેમ કરજો.

ચોરવાડ.) વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર.

---

(૯૩) જમ્મુ અને કાશમીર રાજ્યના નામદાર મહારાજા સાહેબના સ્વદેશ ખાતાના પ્રધાન મેજર જેનરલ રાયબહાદુર બીશંનદાસ સી.° આઇ. ઈ. પોતાના તા. ૬૭ મી ઓકટોબ ૧૯૧૫ના જમ્મુથી લખેલાં નં ૧૮૭૬ના કૃપા માં લખી જણાવે છે કે:— એચ ઓ.

"નામદાર મહારાજા સાહેબ બહાદુર તર મોકલવામાં આવેલી આપની અરજીની નક મારી ઓફીસમાં આવી છે. હું આ સાં આ રાજ્યની અંદર જાનવરો ઉપ ગુજારવામાં આવતું ઘાતકીપણું અટકાવવ માટે જે જે કાયદાઓ અમલમાં મુકવામાં આવ્ય છે તેની એક નકલ મોકલું છું તે ઉપરાંત ગા તથા બળદો માટે ખાસ કાયદો ઘડવામાં આવેલ છે અને ગાયનો વધ આ રાજ્યના ફોજદારી કાયદા મુજબ એક મ્હોટામાં મ્હોટો ગુન્હો ગણવામાં આવે છે. આ રાજ્યન કોઇ પણ ભાગની અંદર ગાયનું માંસ અત્રેના જકાતના કાયદા મુજબ લાવવા દેવામાં આવતું નથી. આ કાયદાઓ જે ધારણાથી ઘડવામાં આવ્યા છે તે આપે માગેલી હકીકત પુરી પાડવા માટે હાલ સંપૂર્ણ છે.

કર્તવ્યમાં મુકવા લાયક શિક્ષા વચનો.

૧ જીવનની એક ક્ષણ કરોડો સોના મ્હોરથી પણ ખરીદી શકાતી નથી, તેને વ્યર્થ ગુમાવવા જેવી બીજી કઇ નુકશાની છે ?

૨ સદ્‌ઉદ્યોગ સદ્‌ભાગ્યનો સહોદર છે, આજની કિંમત આવતી કાલથી બમણી છે. આજે બને તે કાલ ઉપર રાખો નહી.

૩ વખત કુદરતનો બળનો છે, ઘડી અને કલાકો તેની તીજોરીઓ છે, પળો કે ક્ષણો તેના કિંમતી હીરા છે.

૪ જ્ઞાન અને વિવેક બરી આંખો છે, એના વિના માણસ જીતી આંખે આંધળો છે, તે ખાડામાં પડે તેમાં નવાઇ શું ?

૫ ડોક્ટર બેરિસ્ટર કે પ્રોફેસરની ડિગ્રી મેળવવામાંજ કેળવણીનો હેતુ પુરો થતો નથી. પણ જાહેર સેવા બજાવવામાં અને આત્મ શ્રેય સાધવામાં બરો હેતુ પાર પડે છે, બરી રીતે જોનાથી મન મારતાં શિખાય તેજ બરી કેળવણી.

૬ જે માણસ પોતાની ઇચ્છાને કાબુમાં રાખી શકે નહિ. તે જીવનની મુશ્કેલીઓ દુર કરી વિજય મેળવી શકે નહી.

૭ સમાજ સેવા અને દેશ સેવા એ ઉત્તમ છે પણ આત્મ સેવા એ સર્વથી ઉત્તમ છે કેમકે જગતના સર્વ પ્રાણીઓને આત્મવત્ ગણે, પરધન પથ્થર સમ ગણે, અને પરસ્ત્રી માતા તુલ્ય માને તેનાથીજ આત્મસેવા થઇ શકે છે.

૮ પ્રશંસાની ઇચ્છા રાખો નહીં પણ પ્રશંસા થાય તેવા કાર્યો કરો, કીર્તિ સત્કર્મની સાથે જ રહે છે.

૯ જો તમારે મ્હોટા થવું હોય તો પ્રથમ નાના બનો; ઉંચા પાયો નાખ્યા વિના મ્હોટું મકાન ચણી શકાતું નથી.

૧૦ મ્હોટાઇનું માપ ઉમ્મરથી કે શ્રીમંતાઇથી નહી પણ અક્કલથી કે ઉદારતાથી થાય છે, માટે ડાહ્યા અને ઉદાર બનો.

૧૧ તલવારની કિંમત મ્યાનથી નહી પણ ધારથી થાય છે, તેમ માણસની કિંમત ધનથી નહી પણ સદાચારથી થાય છે.

૧૨ વેર લેવું એ હલકાઇનું કામ છે; ત્યારે ક્ષમા કરવી મ્હોટાઇનું કામ છે; વૃક્ષો પથ્થર મારનારને પણ ફળો આપે છે.

૧૩ વાદળાંઓ વરસે અને વૃક્ષો ફળે ત્યારે નીચે નમે છે, તેમ સમૃદ્ધિ પામ્યાં પછી વધારે નમ્ર બને તેજ સજ્જન ગણાય.

૧૪ વરસાદ માંગ્યા વગર વરસે છે તેમ સમૃદ્ધિ પરોપકારના કામોમાં ખરચે છે.

૧૫ મોટી પદવીએ ચઢયા પછી ગરીબોના ઉપર દયા ન રાખે તેજ શેતાન. શેતાનના ઉપર કાંઇ શીંગડા ઊગતાં નથી

૧૬ સખાવત સ્વર્ગની કુંચી છે અને દયા આનંદાનીનો બળનો છે; પથ્થર જેવા હૃદયની સાથે આનંદાની રહેતી નથી.

૧૭ નદીનું પાણી અસલ સમુદ્રમાં ભળે છે, તેમ દાન આપનારની દોલત પાછી વ્યાજ સાથે દાતારનેજ મળે છે.

૧૮ ભુંડાઇને બદલે પણ ભલાઇ કરે અને અપકારીનો પણ ઉપકાર કરે તે બરો સત્પુરૂષ સમજવો.

૧૯ ચડતીમાં ગર્વ ન કરે, પડતીમાં ખેદ ન કરે અને શરણાગતનો કદી પણ ત્યાગ ન કરે, તેજ મ્હોટો માણસ.

૨૦ સાંભળે કે અભ્યાસ કરે તેનેજ શિખામણ આપવી સારી; મૂર્ખને શિખામણ દેવી તે સર્પને દુધ પાવા બરાબર છે.

૨૧ બીજાને દુષ્કૃત્ય આપો તેજ અવગુણ પોતામાં હોય તો પ્રથમ પોતાનો અવગુણ દુર કરવો પછી બીજાને કહેવું.

૨૨ ચોર, વ્યભિચારી, ધર્મદ્રોહી માણસથી હમેશ દુર રહેવું, તેમની સોબત જોખમભરી છે.

૨૩ અનેક યુદ્ધોમાં જીત મેળવનાર યોદ્ધા કરતાં મનોરાજ્ય ઉપર જીત મેળવનાર મહાન યોદ્ધો ગણાય.

૨૪ શ્રીમંતો અને ત્યાગીઓને સંતોષમાં જે મુખ્ય તે બીજા કોઇપણ ચીજમાં મળતું નથી.

૨૫ ધનમાં, ભોજશોખમાં અને ખાવાપીવામાં સંતોષ રાખવો પણ જ્ઞાનમાં, દાનમાં અને ધર્મમાં સંતોષ ન રાખવો.

૨૬ જેનાથી દુઃખ મટે તેની જ પાસે હૃદય ખોલવું; જેની તેની પાસે હૃદય ખોલવાથી માણસની હલકાઇ થાય છે.

૨૭ અદીલ કરતાં કરજ વધારે ઝેરી છે અદીલ ખાનારને જ મારે છે, ત્યારે કરજ દીકરાના દીકરાને પણ મારે છે.

૨૮ ઉત્તમ પુસ્તકો સત્સંગ જેટલું કામ કરે છે, ત્યારે ખરાબ પુસ્તકો સત્સંગની સારી અસરને ધુંસી નાંખે છે.

૨૯ ધર્મનું મૂળ વિનય છે; કપટથી નહી પણ ખરાં દિલથી વડીલો, સજ્જનો અને ગુરુઓનો વિનય સાચવવો.

૩૦ ઉપકારીનો ઉપકાર ભૂલી જનારમાં માણસાઇનો ગુણ રહી શકતો નથી; પશુઓ પણ ઉપકારનો બદલો વાળે છે.

૩૧ જો તમારે પવિત્ર જીવન ગુજારવું હોય તો અંતઃકરણ પવિત્ર કરવા પુરતો પ્રયત્ન કરો બહારના સાધનો નકામા છે.

૩૨ પરમાત્મા પવિત્ર છે, તે પવિત્ર પ્રભુને મેળવવા તમારે પણ ખુલ્લાં હૃદયથી, નિષ્કપટી અને પવિત્ર થવું જોઇએ.

૩૩ સસવ્રત સર્વથા ઉત્તમ મંત્ર છે એક વખત પણ જુવું બોલવાથી પ્રમાણિકપણામાં આવી આવે છે.

૩૪ મનુષ્યો તમારા વિચારના નહી થાય પરંતુ તમે વિશાળ વિચારવાળાં થઇ દરેક મનુષ્ય સાથે પ્રેમથી નિભાવી લો.

સાતમી મદ્યનિષેધક પરિષદ્.

સ્વાગત કમિટીના પ્રમુખ ઓન. રમણભાઈ મહીપતરામ નીલકંઠનું ભાષણ.

પ્રતિનિધિ બન્ધુઓ, ગૃહસ્થો અને બાનુઓ,

સાતમી મદ્યનિષેધક કમિટીના સ્વાગત મંડળની વતી ગુજરાતની રાજધાની અમદાવાદમાં આપ સર્વેનું હું સ્વાગત કરું છું. આ પુરાણા શહેરમાં મદ્યનિષેધક મિતાહારના હિમાયતીઓ પહેલીજ વખતે મળે છે અને મુંબઇ તેમજ પ્રાંતના અન્ય વિભાગોમાંથી જેઓ અત્રે પધાર્યા છે તેમના આગમનથી આપણને આજે અનહદ આનંદ થાય છે. આજની પરિષદ ભરવાનું માન મુંબઈ ટેમ્પરન્સ કાઉન્સીલના સેક્રેટરી મિ. ડી. ડી. ગીલ્ડરને ઘટે છે. કારણ કે આ પરિષદ્ ભરવાની સૂચના આપણા ઓન. સેક્રેટરીને તેમણેજ કરી હતી. ખરું કહીએ તો તેમની એ અમૂલ્ય સૂચનાના પરિણામેજ આપણે અત્રે મેળા થઇ શક્યા છીએ અને જે વિષય ઉપર આપણે ચર્ચા ચલાવવાના છીએ તે આ પ્રાન્ત તેમજ આખા સામ્રાજ્યના અન્ય વિભાગોને માટે પણ સરખેજ ઉપયોગી છે. આ કોન્ફરન્સ અગાઉ મુંબઇમાં ત્રણ વખત બે વખત લોનાવલામાં અને એક વખત સુરતમાં ભરાઇ હતી. આમાની ત્રણ પરિષદોનું પ્રમુખપદ મિતાહારના ચુસ્ત હિમાયતી મેર ભાલચન્દ્ર કૃષ્ણાએ સ્વીકાર્યું હતું. આજની પરિષદનું પ્રમુખપદ સ્વીકારવાની ઓ. ગોકળદાસ કહાનદાસ પારેખે કૃપા કરી છે અને તેઓ સામાજીક ઉન્નતિ માટે સતત પ્રયત્ન કરનાર ભારતમાતાના પુત્રોમાના એકછે એ આપણે સર્વ સારી રીતે જાણીએ છીએ. મ્હારી ખાત્રી છે કે આગાઉની પરિષદોએ તેના વિદ્વાન પ્રમુખો કી આગેવાની હેઠળ જે જે કાર્ય કર્યાં છે તેના કરતા

આજની પરિષદ વધારે ફતેહમંદ કાર્યો બજાવવા ભાગ્યશાળી નિવડશે. આપણી આજની પરિષદનો વિષય સાર્વજનિક હોઇ હિન્દુ મુસલમાન, ખ્રીસ્તી પારસી અને માહુદી વગેરે સર્વ કોમને સરખી રીતે સર્વ એકત્ર મળીને તે વિષે સાથે ચર્ચા ચલાવી શકીએ તેમ છીએ.

કોન્ફરન્સની જરૂર.

આપણામાંના કેટલાકો આવી કોન્ફરન્સની આવશ્યકતા છે એમ માને છે. જ્યારે કેટલાક યુરોપ આદિ દેશોમાં મદ્યનો સડો જેટલો સામાન્ય થઇ પડયો છે તેટલો તે હિન્દમાં નથી થઇ પડયો એમ ધારીને આવી કોન્ફરન્સોની જરૂર જોતા નથી પરંતુ ભયંકર વિસ્તારને લીધે મદ્ય નિઃસકુલ નહિ વાપરવાનો જે પ્રતિબન્ધ કરવામાં આવ્યો છે તે ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે એ દુર્વ્યસનના ફ્રાંન્સ, ઇગ્લંડ, રૂશિઆ, આદિ દેશોના યોદ્ધાઓ શત્રુઓને હંફાવવામાં ફતેહમંદ નિવડયા છે. ખુદ સમ્રાટ પંચમ જ્યોર્જે પણ યુદ્ધ ચાલતાં સુધી રાજ્યકુટુંબમાં દારૂ નહિ વાપરવાની પ્રતિજ્ઞા લીધી છે. આવાં સબળ કારણોથી આપણા આજના વિષયને પુષ્ટિ મળે છે.

આપણા ગવર્નર લોર્ડ વિલિંગ્ડનને પણ ગવર્નમેંન્ટ હાઉસમાં દારૂ નહિ વાપરતાં તે બદલ બચતો નાણાં વેાર રીલીફ ફન્ડમાં મોકલી આપવાની ગોઠવણ કરી છે. હવે જે રીઝાકારો આવી કોન્ફરન્સ વિરૂદ્ધ હોય તેઓનું ધ્યાન નીચેના આબકારી ખાતાના વસુલાતી આંકડા તરફ દોરવાનું મને યોગ્ય લાગે છે.

આબકારી વસુલાત.

દરેક પાંચ વર્ષની સરાસરી

વર્ષ પ્રમાણે—	રકમ.
સને ૧૮૮૧-૮૨	રૂા. ૪૦,૨૫,૮૬૦
,, ૧૮૮૭-૮૮	,, ૭૬,૩૫,૦૪૮
,, ૧૮૯૭-૯૮	,, ૯૦,૪૮,૨૬૦
,, ૧૯૧૦-૧૧	,, ૧,૧૬,૧૧,૩૩૮
,, ૧૯૧૪-૧૫	,, ૧,૪૮,૧૮,૮૭૦

આપણે જોઇ શકીએ છીએ કે છેલ્લાં પાંત્રીશ વર્ષોમાં આબકારી વસુલાતમાં પ૦૦.૮ના જેવડો ભયંકર વધારો થવા પામ્યો છે.

(અત્રે રમણભાઇએ આ પ્રાન્તના અમુક અમુક ગામના દારૂનો કેટલા ટકા પ્રમાણે વપરાશ છે તે સંબધી કેટલાક આંકડાઓ રજુ કર્યા હતા.)

શ્રી. રમણભાઇએ આગળ જણાવ્યું હતું કે આ આંકડા જોઇને આ પ્રાન્તના જુદા જુદા વિભાગના આગેવાનોને દારૂનું દુષ્ટ વ્યસન સોકોમાંથી નિર્મૂળ કરવા માટે આવી પરિષદો ભરવાની જરૂર નથી જણાતી ? થાણા. વસઇ. અલિબાગ અને પનવેલ વગેરે જીલ્લાઓમાં દારૂનો પ્રચાર વિશેષ જોવામાં આવે છે અને તેથી તે જીલ્લાઓના પ્રતિષ્ઠિત આગેવાનોને આ ભયંકર દુર્વ્યસનનો અટકાવ કરવા માટે ચાંપતા ધોરણે લેવાની હું વિનંતી કરું છું.

આ પ્રાન્તમાં સુરત જીલ્લામાં પણ દારૂનું વ્યસન વધુ પ્રમાણમાં ફેલાયલું છે. ભરૂચ, પંચમહાલ, અમદાવાદ ખેડા વગેરે જીલ્લાઓમાં આ દુષ્ટ વ્યસનનું પ્રમાણ કાંઇક ઓછું છે પરંતુ કમનસીબે ગયાં બે વર્ષ થયાં ખેડા જીલ્લામાં દારૂની બીજી પચીસ દુકાનો ખુલવામાં આવી છે. આ જીલ્લામાં જો મદ્યનિષેધક સોસાયટી હોત તો તેણે કાંઇપણ હિલચાલ કરી હોત હું ધારૂં છું કે નડિયાદના બુદ્ધિમાન આગેવાનો હજી પણ ટેમ્પરન્સ સોસાયટી સ્થાપે તો આ જીલ્લાની પ્રજાને દારૂ વ્યસનનું ૪-૪ ટકા જેટલું પ્રમાણ છે. પરંતુ કરીને આ વ્યસન મીલના કામ કરનારા હિન્દુ અને મુસલમાન કારીગર બન્ધુઓમાં વધારે જોવામાં આવે છે. જો કે હિન્દુ તેમજ મુસલમાન શાસ્ત્રોમાં દારૂ પીવાની સાફ મનાઇ છે, છતાં પણ દિનપ્રતિદિન આ લત મટવાને બદલે વૃદ્ધિગત થતી જાય છે એ ખરેખર શોચનીય છે. આ સોકોના મગજમાં એક એવી ખોટી માન્યતા ઠસી ગઇ છે કે દારૂ પીવાથી તેઓનો આખો દિવસનો શ્રમ ઉતરી જાય છે પણ આ માન્યતા તદ્દન

ભૂલ ભરેલી છે. કારણકે દારૂએ ઉત્તેજક વસ્તુ હોઇ શકે અને મનુષ્યને ક્ષણિક આનંદમાં લઇ બનાવી શકે. પરંતુ જણાયા વગર રહેતી નથી. દારૂડીઆ પ્રથમ તો પોતાના ખર્ચે પોતાના ભાઇબંધને થોડા દિવસ પોતાની ગાંઠના પૈસા ખરચીને પોતાના જેવા વ્યસની બનાવે છે. પરન્તુ પાછળથી તેઓ ખસી જાય છે. એક વખત દારૂના વ્યસનની ટેવ પડી એટલે તેમાંથી છુટી શકાતુ નથી. આ દુષ્ટ વ્યસનની ટેવ પડવાથી આપણે કેટલા સારા સારા કુટુંબોને પાયમાલ થતાં જોયાં છે? ગોલાઓ તેમજ મરાઠાઓને પોતાના ઘર વગેરે વેચીને પણ દારૂ પીવા માટે દેવું વગેરે કરતાં આપણે જોયા છે. આવા વ્યસની માણસોને કોઇ પૈસા ધીરતુ નથી. તેમની શાખ કોઇ પણ જગ્યાએ હોતી નથી; તેમની સ્ત્રીઓ કે જેઓ આ દુષ્ટ વ્યસનનો ભોગ થઇ પડેલી હોતી નથી, તેઓ સ્વપ્રતિષ્ટાને લીધેજ નાણાં મેળવી શકે પણ તેમના પતિને કોઇ ધીરતું નથી, દારૂનો પ્રચાર આ પ્રમાણે વધી પડયો છે એટલુંજ નહિ પણ સરકાર તરફથી ચોકસાઇ રાખવામાં આવતી હોવા છતાં આજકાલ કેટલાક લોકોને ક્રોકેઇન ખાવાની ટેવ પડી ગઇ છે. વધુ દિલગીરી થવા જેવું તો એ છે કે કેટલીક ગામડાની અજ્ઞાન સ્ત્રીઓ પોતાના હમેશના કામકાજ નિશ્ચિંતપણે કરી શકવા એટલા સારૂ પોતાના બાળકોને સવાડી રાંધવા સારૂ અફીણની બનાવેલી બાળ-ગોળીઓ ખવરાવે છે. અફીણને લીધે બાળકની હોજરી બગડે છે. તેમને ધાવણ બરાબર પચતું નથી અને પરિણામે બાળક રોગી થાય છે. જો કે ગાંજાનો પ્રચાર અહિંયાં એટલો બધો જણાતો નથી તોપણ કેટલાક હિન્દુ તેમજ મુસલમાન બીમારીઓમાં એ ટેવ વધારે જોવામાં આવે છે. સુરતમાં લોકોમાં ઉનાળામાં ઠંડક તરીકે ભાંગ પીવાનો ચાલ છે. આ શહેરમાં તેમજ બીજે સર્વ ઠેકાણે બીડી પીવાનો જે ચાલ હાલ ઘણોજ વધી પડયો છે તે તરફ આપણે હવે વળીશું તો જણાશે કે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આ શહેરમાં બીડી વેચનારાઓની દુકાનો બહુજ થોડી હતી. પણ હાલ તો એક નાની ગલીમાં પણ બે ત્રણ કે તેથી પણ વધારે બીડી-વાળાઓની દુકાનો જોવામાં આવે છે. વૃદ્ધ કરતાં યુવાન પુરૂષોને બીડીપીવી એ ઘણુંજ નુકશાનકારક છે. યુનાઇટેડ સ્ટેટસ તેમજ ફ્રાન્સમાં અઢાર વર્ષની વય કરતાં નાની ઉમરના છોકરા તેમજ છોકરીઓને તમાકુ કે બીડી વગેરે બન્નરમાંથી વેચાતાં મળી શકતાંજ નથી વડોદરાના સુવિખ્યાત નરેશ સયાજીરાવે પણ પોતાના સ્ટેટની અંદર ફ્રાન્સ અને યુનાઇટેડ સ્ટેટસના જેવોજ કાયદો પસાર કર્યો છે આપણા પ્રાન્તમાં પણ એવો કાયદો પસાર થવાની જરૂર છે.

કોન્ફરન્સના વિષય.

કોન્ફરન્સના પ્રોગ્રામમાં લોક ધ્યાને પ્હેલું સ્થાન મળવું જોઇએ: ૧૮૯૮માં સ્થાપ-યેલી મદ્યનિષેધક એસોસીએશનના પહેલા પ્રમુખ ઓ. રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઇ. હતા. ભારતવર્ષના તે સાચા મિત્રના યત્નથીજ ઓ. મિ. ડબલ્યુ. એસ. કેઇન. એન. પી. એ આ વિષયમાં બોમ્બેની લેજીસ્લેટીવ કાઉન્સીલમાં ચર્ચા ઉપસ્થિત કરી હતી. અને હજુ પણ તે જેમનો તેમજ લટકી રહ્યો છે. દારૂના વ્યસનનો પ્રચાર અટકાવવા માટે નીચેના ઉપાયો લેવામાં આવે તો ઘણુંજ મદદરૂપ થઇ પડવા સંભવ છે. (૧) લોકોના મોટા ભાગને ઇચ્છા દેશની દારૂની દુકાનો શહે-રના મધ્યભાગમાં નજ રહેવા દેવાની હોય તો એવી દુકાનો ત્યાં રહેવા દેવી જોઇએ નહિ. (૨) કલકત્તામાં જેમ એવી દુકાનો માટે લાઇ-સન્સ આપવાની સત્તા એકસાઇઝ એડવાઇઝરી કમિટીઓના હાથમાં છે તેમ દરેક મોટા શહે-રોમાં પણ થવું જોઇએ (૩) એમ કરવા નોન ઓફિશ્યલ મેમ્બરોએ યત્ન કરવો જોઇએ. એવી કમિટિઓ હાલ અત્રે નથી (૪) મોટા

શકેરામાં ટેમ્પરન્સ એસોસીએશનને આવી કમિટિઓમાં પ્રતિનિધિઓ મોકલવાનો હક્ક મળવો જોઇએ (૫) દરેક ડિ-દુ તેમજ મુસલ્માન તહેવારને દિવસે દારૂની દુકાનો બંધ રાખવાની સત્તા ના. સરકારે પોતાના હાથમાં રાખવી જોઇએ. તેમજ હમેશાં તે વહેલી બંધ કરવા માટે અમુક ટાઇમ રખાવવો જોઇએ. (૭) આવી દુકાનો મીલ અગર માર્કેટ પાસેજ હોવી જોઇએ નહિ. અમૃતસરના નામદાર ડેપ્યુટી કમિશ્નર સાહેબે દારૂની તમામ દુકાનો શહેર બહાર રખાવી છે. આ પ્રાન્તના સત્તાવાળાઓએ પણ તે ઉમદા દાખલાનું અનુકરણ કરવું જોઇએ (૮) બિનાદાર માટે નિશાળોમાં હાલ જે શિક્ષણ અપાય છે તેમાં સુધારો કરી તેને ઉચ્ચ પ્રતિનું બનાવવું જોઇએ.

ઉપરના વિષયમાં આપણે ના. સરકારની મદદ મેળવી તેથીજ આગળ વધવાનું છે.

વધારે ટેમ્પરન્સ સોસાયટીઓની જરૂર.

આજકાલ આપણામાં પ્રસિદ્ધ થયેલી ટેમ્પરન્સ સોસાયેટીઓનું લીસ્ટ જોતાં કેટલાંક કેકાણે તો એવી સોસાયેટીઓ બિલકુલ નથી. અને તેથી તેવી સોસાયટીઓના વધારાની જરૂર છે, વળી આ પ્રાન્તમાં ટેમ્પરન્સ સંબંધી એકાદ વર્તમાનપત્રની પણ જરૂર છે તેમજ બિનાદાર સંબંધીનું જ્ઞાન આપવા માટે લખાણ આપીને બજાર લોકોને તેનું રહસ્ય સમજાવે એવા વક્તાઓની પણ જરૂર છે.

આપણો ફ્રેંચ પગ પાકવા માટે દરેક દાનિનાં આગેવાનો તેમજ ધર્મ ગુરૂઓની મદદની પણ આપણને જરૂર છે. જો આલમ પોતાના ધર્મગુરૂઓના બોધને અનુસરી હમમત થાંયસો કેઃ હોકેએ બિનાદારી રહેવાનું વચન આપ્યું હતું એ દાખલો હજુ તાજો છે. આ વિષયમાં બીજાની મદદની પણ આપણને ઓછી જરૂર નથી. કારણ કે તેમનો ઉપદેશ બહેનો આગળ તેમજ મુદ્દત લોકોઓને સુધારવા ઘણો ઉપયોગી છે. વળી આ કામમાં મુલ્લા પૂજારી પણ સારી મદદ કરી શકે છે હું ધારૂં છું કે ઉપરની સૂચનાઓનો સ્વીકાર થાય અને તદર્થે સતત પ્રયાસ ચાલુ રાખવામાં આવે તો ટેમ્પરન્સ ફેડરેશનના ઉદ્દેશો કુનેહભર્યા રીતે પાર પડ્યા વગર રહેશે નહિ.

અને હવે ભાનુઓ, બહેનો ગૃહસ્થો હું મારી જગા ખાલી કરૂં તે પહેલાં રીતસર આપણા પ્રમુખને ચૂંટી કાઢવાની હું તમોને સર્વને, વિનંતિ કરૂં.

રા. બ. રમણભાઇએ પોતાનું ભાષણ પૂરૂં વાંચી રહ્યા પછી પ્રમુખ તરીકે ઓન. મી. પારેખને ચૂંટી કાઢવાની દરખાસ્ત મૂકી હતી, તે દરખાસ્તને મી. ફાટાકે તથા મી. જોશીભાઇ વલ્લભભાઇએ ટેકો આપ્યો હતો, અને દરખાસ્ત પસાર થઇ હતી.

ત્યાર પછી ઓન. મી. પારેખે પ્રમુખની બેઠક લીધી હતી અને પોતાનું ભાષણ વાંચ્યું હતું તેનો સાર નીચે પ્રમાણે છે.

ઓ. મી. ગોકળદાસ પારેખનું ભાષણ.

આ દેશાઇની પ્રાંતિક મીનાદારી કોન્ફરન્સના પ્રમુખ તરીકે તમે મને પસંદ કરવા માટે હું તમારો આભાર માનું છું દેશને જુદા જુદા પ્રકારનાં કેટલી ચોકીપાણી એટલું ગંભીર નુકશાન પહોંચ્યું છે કે જેઓ દેશહિતૈષી છે તેમની એ દેશભક્તીની ખાતર ફરજ છે કે ને બદીને દાબી દેવાની દીલચાલમાં તેમણે ભાગ લેવો જોઇએ. ધાર્મિક ગુરૂઓ વગેરે જાહેરનો પક્ષો ઉપયોગ કરે છે અને તેમની સાથે તેમના અનુયાયીઓ પણ તેનો ઉપયોગ કરતા જોવામાં આવે છે. એક વેપાર અગર કેટલીક જાતોમાં અને ચોક્કસ વ્યવસાયીઓમાં ઘણી વધારી હતી પણ તે હવે ઘટી ગઇ છે.

દેશમાં કેટલાક મોટી મોટી કોન્ફરન્સો છે તેવી આપણી પણ નીકળે છે અને વર્ષ એકાદની આવત પાવત તેને કર કરવી પણ મુકરર થઇ ગઇ છે.

હીંદમાં મુખ્યત્વે હીંદુ અને ઇસ્લામી એ બેજ કોમો છે અને દેશમાંનો મોટો અજ્ઞાન વર્ગ તેમાં છે આવાં પીણાં માટે પ્રાચીન સમયમાં ગમે તે વિવેચન કર્યું હોય પણ આધુનીક ધાર્મિક સતાધીશોએ આ બદીઓને સખત રીતે વખોડી કહાડી છે. આ સંબંધમાં ગુજરાત અને કાઠિયાવાડે શ્રીમદ્ સહજાનંદ સ્વામી જેઓ સ્વામીનારાયણ પંથના મુળ આચાર્ય હતા તેમનો ઘણો આભાર માનવો જોઇએ. જેઓ એ પંથના અનુયાયી થતા ગયા–થાય છે તેઓ આ પીણાંઓની બદીથી મુક્ત થાય છે.

ગુજરાતમાં જાતિપ્રાબલ્ય ઘણું છે અને તેનો જોરથી પણ આ બદીને અટકાવવાનો ફાળો મળે છે. જ્યાંસુધી પશ્ચીમનાં વાતાવરણની અસર થઇ ત્યાંસુધી આ બદી અહીં મોટા પ્રમાણમાં જોવામાં આવતી હતી. હુન્નરી અને કામદાર પ્રજામાં ગરીબાઇથી આ પીણાંની બદી ઘણા સાંકડા પ્રમાણમાં જણાય છે. આવાં પીણાં તંદુરસ્તીને નુકશાન કરે છે જીંદગીને ટુંકી કરે છે, બુદ્ધિને મંદ કરે છે. લોકોને અનાચાર અને અનીતિ તરફ દોરે છે અને પરિણામે લોકો ગુન્હા કરે છે. ઘણા લોકોને દુઃખી બનાવે છે અને પ્રજાને દુઃખરૂપ તેવા લોકો થઇ પડે છે. હાલ આ દેશમાં ધર્મના વિચારોમાં છુટાપણું અને જાતિબંધારણને નરમ બનાવવાનો ઉપાય લેવાય છે. જ્યાં પીણું સામાન્ય છે તેવા દેશોમાં પ્રવેશ કરવાનો અને ત્યાં લાંબો કાળ રહેવાનો અને ખાનપાનમાં ઐક્ય પ્રસારવાનો વગેરે વિચાર જોવામાં આવે છે. વળી તેઓની ધંધાદારીઓ પણ આવાં પીણાં પાચનશક્તિને મદદગાર થતાં, ચેતનતા રાખનાર વગેરે હોવાનું જણાવે છે.

મિ. પારેખે આગળ જણાવ્યું હતું કે આલકોહોલનો ઉપયોગ જેમ જીંદગીને ટુંકી કરી નાંખે છે તેમ કવખતે ફાયદો લાવે છે. માનસિક શક્તી ઉપર પણ અસર કરે છે. ઘણાક બનાવમાં આલકોહોલનો ઉપયોગ આપઘાતનું પરિણામ લાવે છે: તેનાથી તાત્કાળીક જુસ્સો આવે છે પણ તેનાં પરિણામમાં ૬૬ ઓળંગી જતાં તેનો તે જુસ્સો પીનારને પોતાને માટે અસલ્ય થઇ પડે છે. આ અને ચાલુ શારીરીક નિર્બળતા ઘણી વેળા આપઘાત કરવા તરફ દોરી જાય છે. વળી દારૂ પીનારાઓ પોતાની વૃત્તિઓની પ્રવૃત્તિઓમાં સાધન મેળવવાને ગુન્હાઓ કરે છે. પીધેલો મનુષ્ય મગજ ઉપરનો કાબુ ખોઇ દે છે અને તેની વૃત્તિઓ બીજી બાજુથી ચંચળ બને છે તેથી તેનાં કારણે તે ઘણાક ગુન્હાઓ કરે છે. ઇંગ્લેન્ડમાં ડોકટર શલીવાન નામના શખ્સે બસો પુરૂષ ખુની ગુન્હેગારોની તપાસ કરતાં તેમાં ૧૫૮ આ આલકોહોલની અસરનીચે ગુન્હો કરવામાં આવ્યા ના માલુમ પડયા હતા.

ઘણાકો માને છે કે મધ્યમસર રીતે આલકોહોલનો ઉપયોગ કરવામાં આવે તો તેથી કાંઇ એટલી બધી લાગણી ઉશ્કેરાતી નથી પણ એ વાત તો ચોકકસ છે કે તેથી તંદુરસ્તી ઉપર અસર કરે છે કેમકે એ વાત યાદ રાખવી જોઇએ, કે તે એક ઝેર છે, અને તેથી દુરજ રહેવું જોઇએ. પ્રજામાં વિજ્ઞાનનો અભ્યાસ આગળ વધવા સાથે આ માગણી નરમ થયેલી જોવામાં આવે છે.

આ સવાલ સાથે આર્થીક બાબતનો સંબંધ છે અને તે સવાલ તપાસતાં હું તમારું ધ્યાન ખેંચીશ કે ચાલુ વરસના બજેટમાં તેની મહેસુલનો આંકડો ૨, ૨૦,૦૦,૦૦૦ રૂપીઆનો દશ વરસ પહેલાં તે આંકડો ૩. ૧,૪૪,૦૦,૦૦૦ બજેટનો હતો. આ રીતે દશ વરસમાં તેથી મહેસુલ રૂપીઆ છોતેર લાખ બજેટથી વધુ ઉપજતી થઇ છે આ ઉપરથી આ પીણાની આદત કેટલી જડપે પ્રસરે છે તે જોઇ શકશે. વળી ઉપલા વખારામાં પરદેશી દારૂ ઉપરની જકાતથી ઉપજતો રૂપીઆ પાંત્રીસ લાખની રકમ ઉમેરવી જોઇએ આ ઉપરાંત બીજા પીણાંની આયાત પણ ધ્યાનમાં લેવી જોઇએ. ઉંડા દરીયામાં નાંખેલો પૈસો જેમ

કરી ઉપયોગમાં આવતો નથી. તેમ આ રીતે પ્રજા જે પૈસો ખર્ચે છે તેનાં બદલામાં માણ, સો ગુન્હાઓ, બીમારીઓ, દરીદ્રતા અને દુઃખજ મેળવેછે અને તે માટે દીવાનીશાળા અને બીજાં ખાતાંઓ જે ચલાવવામાં આવે છે તે માટે પ્રજાનાં કરોડો ધર્માદા સભાવનો અને બાનગી મદદોનોજ ઉદ્યોગીક અને શહેરી જીંદગી તરીકે ઉપયોગી થાય તેવીજીંદગીની બરબાદી થાય છે. દરીયા અને જમીન ઉપર બાકરમાતથી થાપણુ-ારો, કામદારો અને મજુરોને જે નુકશાની થાયછે તે પણ કેટલીક વાર પીણાની આદતનું પરિણામ જણાય છે અને કમાઇ કરવાની શક્તી દુબળી થઇ જવાથી આર્થીક ગરીબાઇ પણ આવેછે.

આ બદી ઉપર દાબ મુકવાને આ ઇલાકામાં કેટલીક મંડળીઓ છે અને સુધારક સભાસદોની પણ તે કામ બજાવવાની ફરજ છે. સભ્યોએ આ બાબતના ઉપદેશી બનવું જોઇએ. વળી તે માટે વોલંટીયરો ઉભા કરી તેમની સહાય પણ મેળવવી જોઇએ. આ માટે વારંવાર સભાઓ ભરવી જોઇએ, બદારૂ પીનારની તકલીફો બતાવીને સમજ આપવાનું કામ પણ લાભકારકજ થશે. જ્યાં સુધી આ બદી સદંતર અદૃશ્ય ન થાય ત્યાં સુધી તે માટે બીલકુલજ વિરામ લેવો નહીં જોઇએ. ને આ રીતે કામ શરૂ કરવામાં આવશે તો પછી તે હીલચાલમાં લાગણી ધરાવનારાં સ્વતાજ તેમા સામેલ થશે. હું એમ પણ માનું છું કે જ્ઞાતિમંડળો પણ આપણા મદદગાર બનશે.

ખાસ કરીને અમદાવાદમા આવી હીલચાલ ઉપાડી લેવાયલી જોવાને હું ઘણો ખુશી થઇશ અહીંઆ કામદારો તરીકે જે ગામડીઆ લોકો આવે છે તે સુરત કે ભરૂચની બાકરૂ પીણાંની આદતનો વારસો પામેલી જાતો માંડેલા દેશના નથી અને તેથી તેમને આ બદીમાં ફસાતા બચાવવાને આવી હીલચાલ ઉભી થવાની ઘણી જરૂર દીસે છે.

આ માટે સરકાર પણ ગયે છે અને આપણા કથન ઉપર અમલ કરવામાં આવે એટલુંજ નહી પણ આપણો સ્વતંત્ર મત સરકારને આપણે હમેશાં જણાવતા રહેવું જોઇએ. આ માટે નિમવામાંઆવતી આબકારી કમીટીમાં સરકારી અમલદારોનુ મોટું પ્રમાણ હોયછે અને તેથી તે જે રીતે કામ કરે છે તે કાંઇ ઉપયોગી થતું હોય એમ પ્રજા માનતી નથી. તાડીના વેપાર બાબે સરકારની રાજનીતિ પણ પ્રજામત વિરૂદ્ધ છે. તે પીણું આલકોહોલ પીણાં જેટલુ નુકશાનકારક નથી. જો તાજી તાડી મળી શકે તો બીજાં પીણાં તરફ ઘણા લોકો ન વળે પણ તેનાં ઝાડો ઉપરનો સરકારી કર એવો ભારી છે કે તે વેચનારાઓ તાજી અને ચોખ્ખી તાડી સાધારણ ભાવે આપી શકે નહીં અને તેમ કરવામાં આવે તો તેમને ભારે નુકશાન ખમવું પડે. આ કર ઘટાડવાને ચર્ચા ચાલુ રાખવી જોઇએ સરકાર જેમ આ રીતે આ કામમાં મદદ કરેછે. તેમ શાળાઓની ચોપડીઓમાં આ બાબતના પાઠો દાખલ કરાવીને પણ મદદ કરી શકે અને નરી આકૃતિ વેળા તેમ કરવાને તે નામદારે વચન પણ આપ્યું છે.

આ પ્રમાણે પ્રમુખનું ભાષણ પૂરૂં થયા પછી મહાત્મા ગાંધીજીએ અહેવાલને અંતે જણાવેલા ઠરાવો પસાર કરવાની દરખાસ્ત મુકી હતી. દરખાસ્ત મુકતાં ગાંધીજીએ જણાવ્યું હતું કે, બાબરી એન્ડ્રુઝીનને હું ઘણા વખત થયાં ઓળખું છું ને મને તેમના માટે માન છે. તેઓ એ ધર્મના છે કે જે ક્રિશ્ચિયન ધર્મના અન્ય બાકુદિ બન્ધુઓએ મને આફ્રિકામાં મારા હિન્દી ભાઇઓ કરતાં પણ વધારે મદદ આપી છે તેમની હિલચાલો પસંદ કરવા યોગ્ય અને પ્રશંસાપાત્ર છે. મદ્યપાનનિષેધ માટે મારા વિચારો એટલા બધા સબદમાં છે કે જેનું સંપૂર્ણ બ્યાન હું અત્યારે આપી શકું એમ નથી. સમુદમા લાગેલી આગ જોરી આપણા દેશમાં દારૂની વધતી જતી બદીને લીધે સ્થિતિ થઇ છે. હિન્દુ જેમ વધારે વહાલારી બ્રિટિશ

પ્રત્યે બતાવે છે તેમ, મને લાગે છે કે હવે તેવી વફાદારી વધારે વાર તે ટકાવી રાખશે નહિ. યૂરોપમા મદ્યપાનની બદી એટલી બધી વધી ગઇ છે કે જેની અસર આપણા દેશને પણ થઇ છે. એ તિરસ્કારણીય બદીમાં એકવાર પડયા પછી એકદમ છુટવું એ વાત મહા મુસ્કેલ છે. તે બદી નષ્ટ કરવા માટે આવાં મંડળો કેટલાં ઉપયોગી થઇ શકે એ પ્રશ્ન જુદો છે. આ વિષયનો મારાથી અભ્યાસ હજુ થયો નથી, મેં તેને માટે કાંઇ પગલાં લીધાં નથી, એટલે વિશેષ તો હું કહી શકું એમ નથી, પરંતુ પ્રસંગવશાત્ જે કંઇ થઇ શકે એટલા માટે મંડળો ઉપયોગી છે જ્યાં સુધી રાજકર્ત્તા કોમ આ બદીનો ત્યાગ કરવાના પ્રયત્નો ન કરે ત્યાં સુધી આપણા પ્રયત્નો પૂરતા પ્રમાણમાં ફલેહમંદ ઉતરી શકે નહિ. જો કે રા. બ. રમણભાઈને કદાચ અનુભવ નહિ હોય પરંતુ તે બદીમાંથી એકદમ છૂટી શકાતું જ નથી. કેમકે કેટલાક મજુરીઆ કારિગરોને ખાસ આવશ્યકતાને વખતે દારૂ ન મળે તો તે સંતોષકારક કાર્ય બજાવી શકે નહિ એવા દાખલા પણ મેં જોયા છે. મારા મિત્ર મી. હીડનને અને મારે પણ આ બાબત ઉપર ચર્ચા ચાલી હતી ને મારો પોતાનો પણ અનુભવ છે કે જ્યારે ગોર લડાઇ થઇ હતી તે વખતે મારી કને સુમારે હજાર સૈનીક હતા ને તેમને હું મારા પોતાના હાથથી દારૂ આપતો હતો. આ બધું પુરાણ લાંબુ છે તેનું વર્ણન કરવાની આ તક નથી, તથાપિ દુકાળમાં વિશેષ નહિ તો આપણે એટલું તો કહી શકીએ કે જેમ અને તેમ તે સંતર્ગા જેવા પડતા માણસોને આપણે બચાવી શકીએ. આપણે કેટલીકવાર તો મોટા મોટા ગણાતા ગૃહસ્થોને પણ આ બાબતમાં દારૂની બદીને ઉત્તેજન આપતા હોઇએ તેમ કરીએ છીએ પ્રસંગ પડતાં મુરોપિયન મહેમાનની મુલાકાત થતાં આપણે શા માટે એમના મહોં આગળ દારૂનો ગ્લાસ ભરીને મુકવો જોઇએ? શું આપણો સંયમ હોય તો મુલાકાતે આવનાર તે માણસ પણ એટલો સંયમ રાખી શકે નહિ? ભાઇ નવાજી કે જેને પોતાનાં સૈન્ય પાળવે છે તે જો આ વિષય ઉપર તમને વિવેચન કહી સંભળાવે તો સૈનની આંખમાંથી આંસુ નીકળી પડે એવી દારૂપીનારની સ્થિતિ થયેલી હોય છે. કેટલીક દક્ષિણી બાળાઓને રસ્તા વચ્ચે બેભાન અવસ્થામાં હું જ્યારે પડેલી જોતો ત્યારે મને ઘણું સોચવું પડતું. આ બધા ઉપરથી એમ ચોકકસ લાગે છે કે દારૂની બદી ચટકાવવા આપણે સારી પેઠે પ્રયત્નો કરવા જોઇએ.

ભાષણ અને વિવેચનની અંતે જણાવેલા ઠરાવ ઉપર ગાંધીજી પછી જુદા જુદા ગૃહસ્થોએ સામાન્ય વિવેચન કર્યા હતાં તે નીચે પ્રમાણે—

મુક્તિ ફોજવાળા એક ગૃહસ્થે બહુ અસરકારક ભાષામાં મદ્યનિષેધક સવાલ ઉપર લંબાણથી વિવેચન કર્યું હતું. ત્યાર પછી રાજકોટ ટેમ્પરન્સ સોસાયટીના પ્રમુખ હજરમજીએ મદ્યનિષેધક હીમાયતમાં જણાવ્યું હતું કે કાઠીઆવાડનાં દેશી રાજ્યોમાંથી પણ આ દુષ્ટ બદી બંધ કરવાના પ્રયત્નો ચાલે છે, અને આપણે હજુ સારા પ્રમાણમાં પ્રયત્નો કરવાની જરૂર છે. ડો. ઢાકોરે વળી એમ જણાવ્યું હતું કે દારૂ નહિ પીવાના ઉપદેશકોજ તે લતમાં પડેલા હોય છે તેને માટે પણ કંઇક થવું જોઇએ. સૌ. વિદ્યાગૌરીએ રજુ કરેલા સાતથી તેર ઠરાવના સંબંધમાં જણાવ્યું હતું કે ભાઇ જોસેફના તેમજ અન્યના સારા પ્રયત્નોથી આવાં મંડળો જેમાં મળે છે તે આ દુષ્ટ બદી નષ્ટ કરવા માટે બહુ મદદગાર નીવડે છે એ વાત નિઃસંશય છે. અને આપણે આ ઠરાવ પસાર કરી તેમાં ફલેહમંદ ઉતરીએ તેવું કાર્ય આરંભવું જોઇએ. મી. ચામવાલાએ ટેકામાં એક દારૂવાળાની દુકાનદારને દાખલો આપી, તે દુકાનદાર ગૃહસ્થ દારૂ પીનારાઓને સારો બોધ આપી, તે બદીથી દૂર થવાની ભલામણો કરે છે તે અનુકરણીય દાખલો છે. મિ. કેશવલાલ

જમનાદાસ પાલખીવાળાએ આ બદી અટકાવવા માટે મુખ્ય ત્રણ સાધનો રજુ કર્યા હતાં. (૧) દારૂ પીનારા માણસોને મીલ વગેરેમાં નોકરીમાં ન રાખે. (૨) નોકરોમાંથી નહિ દારૂ પીનારાઓને પખવાડીયે કંઈક ઇનામ આપવાનો બંદોબસ્ત રાખે (૩) અને તેઓમાં દર માસે ભાષણ આપવાનો નિયમ રખાય તો આ બદી અટકાવી શકાય. મી. ડાહ્યાભાઇ લક્ષ્મણ પટેલે જણાવ્યું હતું કે શેહેર કરતાં ગામડામાં આ બદી ઓછી છે. માટે તેમાં વૃદ્ધિ ન થાય તેવા પ્રયત્નો લેવા જોઇએ. આપણી અને દેશની ઉન્નતિનો આધાર મુખ્યત્વે કરીને ગામડાની પ્રજા ઉપર છે માટે તેઓની સ્થિતિ સુધારવા માટે પ્રથમ ધ્યાન આપવું જોઇએ. ત્યાર પછી શેઠ મંગળદાસ તરફથી પ્રમુખને હાર તોરા, પહેરાવી, પ્રમુખનો ઉપકાર માનવા સભા વિસર્જન થઇ હતી.

મદ્યનિષેધક કોન્ફરન્સમાં પસાર થએલા ઠરાવોનો સાર.

ઉપસંહારમાં પ્રમુખે જણાવ્યું હતું કે, જે ખરો ધર્મચુસ્ત હીંદુ હોય અને આ આદતને પાપ માનતો હોય તેણે ધાર્મિક દૃષ્ટિથી, હીંદના કુનરીઓ અને કામદારોની ઉંચી હાલત જોવા માંગતો હોય તેણે તેને ખાતર અને જે પોતાના દેશભાઇઓને સુખાકારી, કેળવણી, હુનર, વિજ્ઞાન, ઉદ્યોગ, સાંપત્તીક, નૈતિક, સુખ સગવડ, સમાજ સુધારો વગેરે બાબતમાં આગળ વધેલા જોવા ચાહતો હોય તેવા દરેક માણસે પોતાના દૃષ્ટિબિંદુની સિદ્ધિને ખાતર આ પીણાની બદીને જમીનદોસ્ત કરવાને અવિશ્રાંત પ્રયત્ન કરવો જોઇએ.

એ કોન્ફરંસમાં પસાર કરવામાં આવેલા ઠરાવોમાં નામદાર સુલ્તાનશાહ તરફ રાજભક્તિ અને વફાદારીનો ઠરાવ પસાર કરી રાજ્યોની હદોહદ માટે આભાર કરવામાં આવી હતી. બીજો ઠરાવ દારૂની દુકાનો કયાં રાખવી તે માટે લોકલ બોર્ડોની મુલ્કી અમલ કરવાને સરકારને અરજ કરવામાં આવી હતી. ત્રીજો ઠરાવ બીન સરકારી ચુંટાયલા સભ્યોની બહુમતિવાળી એકસાઇઝ કમીટીઓ નીમી તેમાં મિતાહારી મંડળીને પોતાનો પ્રતિનધિ મોકલવાનો હક આપવા માટે સરકારને અરજ કરવા માટેનો કરવામાં આવ્યો હતો, ચોથા ઠરાવથી દેશી દારૂની દુકાનો હીંદુ અને મુસ્લામી તહેવારોના દીવસોમાં બંધ રાખવા સાથે તે દરરોજ બંધ કરવાનો વખત આઠ વાગ્યાનો ઠરાવ સાથે, મીલ, કારખાના, મારકેટ અને મંદિરો વગેરે ધર્મના ઠેકાણામાં આગળ દારૂની દુકાન નહી રાખવા સરકારને વિનંતિ કરવામાં આવતી હતી. તે બાદ તંબાકુ અને બીડીનાં વેચાણ ઉપર કાયદો લેવાનો કાયદો ઘડવા સારૂ તથા કોલેજો અને શાળાઓમાં મિતાહારનું શીક્ષણ આપવા સારૂ સરકારને અરજ કરવાનો તથા આ હીલચાલના આગેવાનોને વધુ મંડળીઓ સ્થાપવા તથા પગારદાર ભાષણ કર્તાઓ રાખવાની ભલામણ કરનારને અને પ્રજાને સહાય માટે અરજ કરનારા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ગુરૂ ગ્રાહકોને વિનંતિ.

અમારા સર્વગ્રાહકોને નમ્ર વિનતિ છે કે તેઓ પોતાના મિત્ર વર્ગને તથા પીછાનનારાઓને આ પત્રના ગ્રાહક થવા બોધ આપી આ પત્રને હજીપણ સારી સ્થિતિએ મૂકવાની અમારા અભિલાષને અંતઃકરણથી મદદ આપશે એવી આશા છે.

આ પત્રનું લવાજમ અમે વધારવા ઇચ્છતા નથી, પરંતુ જો ગ્રાહક વધે તો એનું કદ વધારી ગ્રાહકોને વિશેષ લાભ આપવો એ અમારો અભિલાષ છે.

અમારો દૃઢ નિશ્ચય છે કે અમારા ગ્રાહકો જેની સાથે અમારી સ્નેહગ્રંથી થયેલી છે તેઓ આ પત્રનો પવિત્ર આશય ધ્યાનમાં લઈ પોતાના તન મનથી સત્સંગ પત્રનો પવિત્ર વિશેષ ફેલાવો કરવાના અમારા અભિલાષમાં અંતઃકરણથી મદદ આપશે.

તંત્રી.

ગાયકવાડ સરકારના રાજ્યમાં ગૌવધની મનાઈ.

શ્રીમાન્ ગાયકવાડ સરકારનું રાજ્ય સહુથી મોટું છે એનું ક્ષેત્રફળ ૮૨૨૬ ચોરસમૈલ તથા વસ્તી ૨૫૦૦૦૦૦ માણસની છે. શ્રીમાન્ ગાયકવાડ સરકારની રાજ્યવ્યવસ્થા હિંદમાં સર્વોત્તમ મનાય છે. દિન પ્રતિદિન દેશોદ્ધારની તથા પ્રજાહિતની અનેક નવી નવી પ્રવૃત્તિઓનો જન્મ એમના રાજ્યમાં થાય છે. એમાંની એક અપરિમિત આનન્દ આપતી પ્રવૃત્તિ નીચે મુજબછે. ગઈ તારીખ ૧૭-૧૦-૧૬ ને રોજ એક જાહેરનામું (આજ્ઞાપત્ર) શ્રીમંત સરકારના ફરમાનથી પ્રકટ થયું છે તે નીચે પ્રકટ કરવામાં આવે છે.

૧ બકરી ઇદ અથવા કોઇ પ્રસંગે ધર્મ અથવા કોઇ પણ કારણથી આ રાજ્યના કોઇ પણ ભાગમાં કોઇ પણ શખસે ગૌવધ કરવો નહી.

(૨) ઉપર્યુક્ત હુકમને અમાન્ય કરનાર શખસ ફૌજદારી કાનુનની કલમ ૧૪૨ પ્રમાણે શિક્ષાને પાત્ર થશે.

ખુલાસો–ગૌવધ આ શબ્દમાં ગાય બળદ સાંઢ, વાછરડાં વગેરેના વધનો સમાવેશ થાય.

આજથી ૩૦ વર્ષ પહેલાં શ્રીમાન્ ગાયકવાડ સરકારે બકરી ઇદને દિવસે ગૌવધ નહિ કરવાનો હુકમ જારી કીધો હતો, પરંતુ આ વાતને ઘણો વખત વ્યતીત થવાથી હમણા ફરી નવો હુકમ જારી કીધો છે.

૧૪૨ ફૌજદારી કાનુનની ૧૪૨ કલમ નીચે પ્રમાણે છે.

(૧) જો તે હુકમ અમાન્યતાથી કાયદેસર રીતે કામકરતાં કોઇ સખસને હરકત વગેરે થાય અથવા થશે એવું હોયતો એક મહિનાની કેદ અથવા ૨૦૦ રૂપીઆ દંડ અથવા બંને સજા

(૨,) હુકમની અમાન્યતાથી માણસની જીંદગીને, તંદુરસ્તીને અથવા સલામતીને જોખમ થાય અથવા થશે તેવું થાય અથવા બખેડો થાય અથવા થશે તેવું હોય તો ૬ મહિનાની કેદ અથવા ૧૦૦૦ રૂપીઆ દંડ અથવા તે બને સજા.

ગૌવધની મનાઇ કરનારો એક દેશી રાજાનો હુકમ.

વાંકાનેરના સ્ટેટ તરફથી ગૌવધ સંબંધે મનાઇ કરનારો એક અનુકરણીય હુકમ બહાર પડયો છે. તેમાં જણાવ્યું છે કે ગાય હીંદુ શાસ્ત્ર પ્રમાણે પવિત્ર જનવર છે એટલુંજ નહીં પણ તેનું ઉપયોગીપણું ખેતીવાડીના ઉતેજન ખાતર તેમજ લોકોના શરીર બંધારણ સંબંધે સામાન્યતયા સ્વીકારાયેલું છે તેથી તેનો વધ અહીંયા થતો નથી. તો પણ તમામ લોકોની ગાસ ખબર માટે તેને પ્રસિદ્ધ કરી નીચે મુજબ વિશેષ હુકમ કરવાની જરૂર હોવાથી તેમજ બળદ ખેતીનું ઘણા અગત્યનું સાધન છે અને સંવત ૧૯૫૬ ના દુષ્કાળ પછી બળદને અભાવે ખેતી પછાત છે તેથી બળદનો અભાવ કરવાની પણ અગત્ય હોવાથી નીચે મુજબ ફર્માવવામાં આવે છે.

૧ આ રાજ્યની અંદર કયારે પણ કોઇએ ગૌવધ કરવો નહી કે તેમ કરવામાં મદદગારી કરવી નહી. ગૌવધ શબ્દમાં વાછડીના વધનો પણ સમાવેશ થાય છે. ૨ બળદનો વધ કરવાની સર્વે પ્રકારે મના કરવામાં આવે છે તેથી કોઇએ બળદનો પણ વધ કરવો નહી તેમજ વધ કરવામાં મદદગારી કરવી નહી,

૩ કસાઇ કે બાટકી જાતના કે કોઇ જનવર મારવાનો ધંધો કરતા હશે તેવા કોઇ શખસને ગાય કે બળદ વેચવાથી અગર તેને

ત્યાં જરૂર એમ જાણવા કે માનવા કારણ હોય તેવા સંજોગોમાં વેચવાથી પણ કલમ (૧) તથા (૨) ના કૃત્યમાં મદદગારી કર્યાનું ગણાશે.

૪ કલમ ૧ માં લખ્યા મુજબ કોઇ કાંઇ કૃત્ય કરશે તો તે ૭ માસની સખત મજુરીની કેદ અથવા રૂા૦ ૨૦૦ નો દંડ અથવા બંને સજાને પાત્ર થશે.

૫ કલમ ૨ માં લખ્યા મુજબ કોઈ કાંઇ કૃત્ય કરશે તો તે ત્રણ માસ સુધીનાં સખત કે આસન કેદ અથવા રૂા૦ ૧૦૦ સુધી દંડ અથવા બંને પ્રકારની સજાને પાત્ર થશે,

૬. કલમ ન૦ ૪ અને ૫ માં જણાવેલા કૃત્યનો તપાસ બીજા વર્ગનાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા હરકોઇ માજીસ્ટ્રેટ કરી શકશે.

૭. એકનો એક શખસ ઉપર લખેલી બાબતોના ગુનાહ માટે ફરીવાર ગુનાહમાં આવ્યાથી તે એક વરસ સુધીની સખત કેદની શિક્ષા તથા રા. ૫૦૦ સુધી દંડની અથવા એમાંથી ગમે તે પ્રકારની સજાને પાત્ર થશે અને તે વખતે તેની તપાસ ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટથી થઇ શકશે.

૮. આવી તરેહનાં કૃત્યની કોઇ ખરી બાતમી આપશે તો તેને જે સખસને સજા થશે તેના દંડમાંથી રા. ૫ સુધી ઇનામ માજીસ્ટ્રેટ આપી શકશે.

નોંધ લેશો કે "અત્રેના દેશમુખ" લોકો કે જેઓ અત્રે ચાલની આવેલી રૂઢી મુજબ દશેરાના દીવસે પાડાનો વધ કરતા હતા અને જેઓ અમારા પ્રયાસથી સમજતા નહોતા તેઓએ અત્રેના જૈનોના પ્રયાસથી પાડાનો વધ કરવાનું આ વર્ષથી બધ કર્યું છે. એટલુંજ નહિ પણ એવો પણ ઠરાવ કરવામાં આવ્યો છે કે બીજા કોઇપણ પ્રસંગે પણ પાડાનો વધ કરવો નહિ. આ ઠરાવની અસર આજુબાજુના બીજા ગામોપર પણ થઇ છે અને તેની રીતે બીજા પંદર ગામોનાં લોકોએ પણ પાડાનો વધ નહિ કરવાનો ઠરાવ કર્યો છે. * * *

(૪)

સૌ૦ ભાગીરથી ભાભીઃ—

ભાભી, તમારા બન્ને પત્રો મળ્યા છે. તમારા પત્ર એટલે તમારા હૃદયનું પ્રતિબિમ્બ. તમારા પત્રમાં એક અક્ષર પણ બોટો નથી.

ભાભી! હું તમારી સ્તુતિ કરતી નથી પણ ખરેજ કહું છું કે તમારા સરખી વિચાર શીલ, સમજદાર, અને સુશીલ પત્ની મારા અરવિન્દભાઇને પ્રાપ્ત થઇ છે તેથી તેનું સુભાગ્યજ સમજવું. ખરેખર તમારા સરખી સુશિક્ષિત ગૃહિણી જેને પ્રાપ્ત થઈ છે તેના ગૃહસુખની સીમાજ નથી. તમારા પત્રો અત્રે સર્વે મંડળે વાંચ્યા છે તેમાંની સાંસારિક કરૂણાજનક કહાણી વાંચી કોના મનમાં દયાનાં અંકુરો ફુટ્યા વિના રહે? તેમાંનું અલ્પવયિત સંસારનું ચિત્ર જોઇ કોનું અંતઃકરણ દુઃખથી ભરાઇ આવ્યા વિના રહે? ભાભી, તમારા બન્ને પત્રોથી મને ભારી ભૂલ જણાઇ આવી છે, અને મારા મનને એક પ્રકારનું આશ્વાસન મળ્યું છે. ભાભી, તમારા પત્રની અત્રે ઘણીજ-તારીફ થઇ છે. અને સર્વે એકદમ કહેવા લાગ્યા કે, "બસ! અરવિન્દે પોતાની પત્નિને આપેલા શિક્ષણનું તેણે સાર્થક કર્યું છે. શિક્ષણથી મન સુશિક્ષિત થાય છે; અને આવેલું સંકટ ધૈર્યથી વિમોરી નાંખવા પુરતો વિચાર કરનારી અંગમાં એક દિવ્ય શક્તિ ઉત્પન્ન કરે છે. શિક્ષણના પણ પુષ્કળ પ્રકાર છે. શિક્ષણ આપવાના પણ પુષ્કળ માર્ગ છે. ઉત્તમ પ્રકારનાં આપેલાં ઉત્તમ શિક્ષણનું પરિણામ હમ્મેશાં ઉત્તમજ આવે છે." આવા પ્રકારનું બોલવું

સર્વ લોકોનું થયું. ભાભી, મારા મનમાં પણ શિક્ષણ લેવાની પૂર્ણ ઉત્કંઠા છે. પણ હું શું કરું? એક તો અહીં શિક્ષણ લેવાનો પુરતો વખતજ ગળતો નથી. કદાચને વખત હોતું તો તેવા પ્રકારની અમારા ઘરમાં પરિસ્થિતિ નથી. રાત્રે ઘરનું સર્વે કામકાજ પૂર્ણ કરતાં સાડાદશ વાગે છે. અને પછી શિક્ષણ લેવાનું તો શું પણ સર્વસ્વ ત્રાસદાયક લાગે છે. પ્રાતઃકાળે મળસકામાં પાંચ વાગ્યામાં ઉઠવું પડે છે. અસ્તુ. ભાભી, તમારા બન્ને પત્રનો પ્રત્યુત્તર આપતાં આટલો વિલંબ થયો છે. તે બદલ તમો ગુસ્સામાં હશો. પણ વિલંબ લાગવાનું કારણ લખવાથી તમારો ગુસ્સો ઉતરશે એવી આશા છે. ભાભી, તમો સર્વે ઘરમાં એકઠાં રહેવાના કારણે તમારા મનમાં આવી વાત આવી છે. દૂર શું કામ? પત્ર લખવાનુંજ ઉદાહરણ લ્યો. તમને પત્ર લખવાનો વિચાર આવતાંજ તે તમો ક્ષણમાંજ લખી શકો છો. પણ ભાભી! મારે પત્ર લખવામાં કેટલાક પ્રકારની અડચણો આવીને ઉભી રહે છે. મને હમ્મેશ લખવાની ટેવ ન હોવાથી મારાથી જલ્દી લખી શકાતું નથી. તે સિવાય સાસુજી, દેરાણી, જેઠાણી, વગેરેને હું નકામાંજ પત્રો લખું છું એમ તેઓને લાગે છે. સસરાજી ઘણે ખરે ભાગે ઘરમાં હોતા નથી, પણ તેને કોઇની મારફત પત્ર લખવાની ખબર પડી તો આકાશ પાતાળ એક કર્યા સિવાય રહે નહીં. હમારા ઘરમાં હજી જુના વિચારોજ ચાલે છે. સસરાજીને સ્ત્રીઓ લખે વાંચે તે તરફ અત્યન્ત તિરસ્કાર છે. હમારા ઘરમાં હજી જુના જુના ઘણા રીવાજો છે. અને આગળ ઉપર પણ તેજ પ્રમાણે ચાલવું એવો સસરાજીને હજી દ્રઢ નિશ્ચય છે. પરમ દિવસે બંબારમાંથી ખાંડ ખરીદી આણી હતી. કાગળની કોથળીમાં ભરેલી તે મેં એક વાસણમાં મુકી હતી. કોથળીના કાગળ ઉપર કંઇ જાહેર ખબર હતી; તેના ઉપર માત્ર મારી દ્રષ્ટિ પડતાંજ "કામ ધન્ધો છોડી વાંચવાનું શરૂ થયું કે?" એવો ધ્વનિ સસરાજી સન્ધ્યા કરતા હતા તે ઓરડામાંથી આવતો મારા કાને પડ્યો. એકતો મારા સસરાજીનો સ્વભાવ કડક તેવામાં આવું કંઇ દ્રષ્ટિએ પડયું કે પછી તો પુછવુંજ શું! મારાં સાસુજીની ચાલીસ વર્ષની ઉમ્મર થઇ છે. તો પણ હજી તે એક નાનાં બાળક માફક સસરાજી આગળ થરથર કંપે છે. સસરાજી હમ્મેશાં બહારજ ફર્યા કરે છે, પણ એકાદ વખત ઘેર આવે ત્યારે પોતાની બરોબરના પુત્રો સાથે પણ પ્રેમથી બોલી બે ઘડી વાત કરી હોય એવું અદ્યાપિ સુધી મારા સમરણમાં નથી. કોઇ વખત સંસારી બાબતમાં બોલવું પડે તો પણ ફકત એક બે શબ્દોજ. મારા દીયરો તો સસરાજીની સામે ઉભાજ રહી શકતા નથી, તેઓ હાલ મુંબઇની કૉલેજમાં અભ્યાસ કરે છે; પરમ દિવસેજ દિવાળીની રજામાં તેઓ ઘેર આવ્યા છે. આવતાંની સાથેજ માથા ઉપર રાખેલા વાળ જોઇ સસરાજીએ મનસ્વી હુકમ કર્યો, કે માથા ઉપરના રાખેલા વાળ કાઢી નાંખ્યા શિવાય બારી પંક્તિમાં ભોજન કરવા બેસવું નહીં. દીયરજી પણ અંતઃકરણમાં અતિશય ક્રોધાતુર થયા. તેમને જેમ તેમ સમજાવીને મનાવ્યા. તેમાં ગુણવંતરાય હવે મુંબઇમાં વસવાટ કરશે એમ લાગે છે. આનંદરાય પરીક્ષામાં નિષ્ફળ નીવડ્યા જાણી સસરાજી પુષ્કળ રીતે ભરાયા છે. અને તેને ઘેર રહેવાની બંધી કરીછે. આનંદરાવનો સ્વભાવ પણ વડીલ પ્રમાણે સંતાપીજ છે. તેઓ અત્રેથી જઇ મુંબઇમાં કોઇ નાટક મંડળીમાં જઇ રહ્યા છે. પણ ગુણવન્તરાયે તેમને સમજાવી પાછા આણ્યા છે. વડીલનું મુખ જોવાને પણ આનંદરામ રાજી નથી. અસ્તુ. આ દોઢ મહિનામાં આવી ચમત્કારિક સ્થિતિ હોવાથી ભાભી! તમને પત્ર લખવાનો અવકાશ મળ્યો નહીં. સર્વ હકીકત તમને જણાવી છે. હવે તમારો ગુસ્સા ઉતરશે એવી મને સમ્પૂર્ણ ખાત્રી છે. વધુ શું લખું? તમારો તો મારા ઉપર પૂર્ણ પ્રેમ છે. ભાઇશ્રી અરવિન્દભાઇને પ્રણામ. ચી૦ બાલુને આશીષ.

લી૦ તમારી
પ્રેમાળ નણંદ સવિતા.

પારડી) ઝમ્મેલાલ સવરામભાઇ દેશાઇ.

'કરકસર અને કલ્પિત જરૂરીઆતો.

ા. હસાઇ મોતીલાલ મથુરભાઈ મહુધાવાળા

ફ્રેન્ચ લોકો સ્વતંત્રતાનુ મોટું મૂળ બણ શબ્દોની ટુંકી કહેવતમાં બતાવે છે "Vivre de peu" આ ફ્રેન્ચ વાક્યનો ભાવાર્થ "કરકસરથી રહેવું" એવો થાય છે. "to live upon little" એ એના જેવુંજ અર્થ સૂચક ઇંગ્રેજી પદ છે.

(વિલિયમ કૉબેટ)

ડોક્ટર જૅન્સને જ્યારે પોતાનો કોષ લખ્યો ત્યારે તેણે—'Pensioner' પેનશનર શબ્દનો અર્થ 'A slave of state' રાજ્ય નો દાસ એવો લખ્યો. આ કોષ લખ્યા પછી પોતે પેનશનર થયો એટલે પોતાનીજ વ્યાખ્યા પ્રમાણે પોતેજ રાજ્યનો દાસ થયો આ પ્રમાણે તેને રહેવાનું માઠું લાગેલું પણ તેની કલ્પિત તંગીઓએ તથા કરકસરથી રહેવાની આવડત ન હોવાને લીધે તે પદ તેને નાછુટકે સ્વીકારવું પડયું હતું. જ્યારે આ નામાંકિત ગ્રન્થકારે પોતાનો કોષ લખ્યો ત્યારે મોજમજાહમાં પડી પતિત થયો નહોતો. સમૃદ્ધિવાન અને સત્તાવાન લોકોએ તેને દાસ સરખો દીન ગણ્યો નહોતો. તેના લેખોએ તેને તે સમયે સત્યતા અને સ્વતંત્રતાની છાપ મેળવી આપી હતી. સાદા ભોજનથી તે સંતુષ્ટ રહેતો હતો, ત્યાં સુધી અમેરીકાનાં સ્વતંત્ર સંસ્થાનો માટે ત્યાંના લોકો માટે અને તેમના હક માટે તેણે હિંમતથી હિમાયત કરી હતી. તેજ માણસ જ્યારે મિષ્ટાન્ન પાનપાનની અને કલ્પિત જરૂરીયાતોની મોજ મજાહ અને આશામાં પડયો, ત્યારે લોકોના મત લીધા વિના તેણે કર નાંખવાની દરખાસ્તની વકીલાત કરી અને તેજ લોકો જે હમણાં (તેવખતે) એ લોકોના મોટામાં મોટા બળવાન પ્રતિસ્પર્ધી થઇ પડયા છે, તેમના સામે ઇગલાંડે ઉઠાવેલા વિગ્રહનો—"કર એ કાંઇ જુલમ નથી" એ નામના પોતાના પુસ્તકમાં તેણે બચાવ કર્યો અને મોટા માણસ ગણાવાની તૃષ્ણામાં તે તણાયો, અને સાદી જીંદગી-કલ્પિત મોજમજાહ માટે તેણે પોતાના વિચાર ફેરવ્યા. અલબત તે મોટો માણસ ગણાયો—પણ સદ્‌ગુણના દરજ્જામાં તેને ઓછ લાગી એ સઘળું કારણ તેની કલ્પિત જરૂરીઆતોની બાયસનું હતું—

(વિલિયમ કૉબેટ)

'ચાર્લ્સ ફોક્સ'(ઇગલાંડનો પ્રધાન અને વકતા સને ૧૭૪૯-૧૮૦૬) બુદ્ધિશાળી અને મહાત્મા માણસો પણ કૃત્રિમ તંગીઓથી ધીમે ધીમે શક્તિ હીન અને અધમ થયા છે. તેનાં ઘણાં દૃષ્ટાંતો છે મહદભિલાષાઓ-પારપાડવાની અને અક્ષય કીર્તિ સંપાદન કરવાની 'ચાર્લ્સ ફોક્સ'ને જેવી સારી તક મળી હતી, તેવી બીજાઓને ભાગ્યેજ મળી હશે. લોક પ્રિય થવાની તેનામાં વિશાળ બુદ્ધિ હતી. એવી ઉમદા અકકલનો ઉપયોગ વિજયની સાથે થંધ શકે એવો તેને બરોબરો અનુકુળ સમય હતો. પ્રજાનો મોટો ભાગ તેની સ્તુતિ 'કરનારો' તથા તેના પક્ષમાં હતો. પોતાની પ્રતિસ્પર્ધિ "મી. * પિટ્ટની" સામે ચાલતા મોટા વાંધાના સંબંધમાં દલિલ અને ધન્સાફ સ્પષ્ટપણે તેની તરફેણમાં હતાં. આટલી બધી અનુકુળતા છતાં રખડવાની, કલ્પીત જરૂરીઆતોની મોજ મજાહની કુટેવમાં અને તેના છંદમાં તેને વશ રહી પોતાના પૈસાદાર પક્ષકારોની ઇચ્છાને આધીન થવું પડયું અને આખરે તેનું ડહાપણ ધનવાનોની મર્કાઇ અથવા સ્વાર્થને સ્વાધીન થયું જે લોકો તેને માટે અતિમાન ધરાવતા હતા તેમણે આખરે તેના મૃત્યુથી એક નિશ્વાસ સરખો નાંખ્યો નહી. આ સર્વનું પરિણામ **તેની કલ્પિત જરૂરીઆતોની અપેક્ષા હતું**

(વિલિયમ કૉબેટ)

---

* ઇગલાંડનો પ્રધાન.

"કલ્પિત જરૂરીયાતો" આછી કરી શકાય છે. જીંદગી જોગવવાનું સાદુ સૂત્ર સ્મરણમાં રાખવા જેવું છે "High thinking and plain living" અમીર લોકોના ઉડાઉ ખર્ચથી ગરીબ અને અનાથ લોકોને કેટલો બધો અન્યાય મળે છે. આ વાત તરફ ધ્યાન આપવા જેવું છે. શ્રીમંત લોકોને મન નાની નાની નજીવી (ભોજ મજલના ખર્ચની) રકમનું કાંઇ લેખું નથી પણ તેવી નજીવી રકમોમાં ગરીબ લોકોનું પોષણ થઇ શકે. કહ્યું છે કેઃ—

કુંજર મુખસેં કણ ગીરા, ખુટા ન વાકા આહાર,
કીડી કણકા લે ચલી, પોષણ નિજ પરિવાર.

શ્રી વિશ્વબંધ છોટાલાલ જીવનલાલ કહેતા કે "કેટલાક સારી કમાણી વાળા માણસો પોતાની સ્થિતિ પરોપકાર કરવાની નથી તેવી કરી શકતા નથી એવી ફરીયાદ કરે છે. તેમને ઓટલીજ વિનંતિ છે કે દિવસની ત્રણ વખતની ચાહ, સેંકડો વખતના છીંકણીના ચપટા, અને સંખ્યાબંધ બીડીઓના બોરને જો તેઓ તિલાંજલિ આપી તેટલીજ રકમ બચાવી પરમાર્થ કરી શકે" આ તેમના ભાવથી સૂચક શબ્દો, સત્યતાથી ભરેલા છે અને અનુકરણીય છે.

"ઘણું બીન જરૂરીયાતી ખર્ચો ઉડાઉપણું નાંજ ખર્ચો ગણાય છે. અર્થાત ઉડાઉપણું એટલે બીનજરૂરી (કલ્પિત જરૂરીયાતોનુ ખર્ચ) ખરે જે વિના ચાલી શકે તેવું ખર્ચ કરવું એ ઉડાઉપણાની નીશાની છે. "લોર્ડ ચેસ્ટર ફીલ્ડ" નામના ઇગ્લાંડના એક રાજ્ય નિપુણ અને મહાપ્રતાપી પુરૂષે પોતાના પુત્રને આપેલા ઉપદેશમાં નિચેના શબ્દો લખ્યા છેઃ—*

"ડાહ્યો માણસ ફાયદો તથા માન મેળવીને જેટલું ખર્ચ કરે છે તેનાં કરતાં મૂર્ખ અને અવિચારી માણસ એમાંનું એકે મેળવ્યા વિના વધારે ઉડાવી દે છે, ડાહ્યો માણસ વખતની પેઠે સારો ઉપયોગ કરે છે, તથા પોતાને કે બારકાને ઉપયોગનાં કે આબરૂ ની ગમ્મત આપે એવાં કામ સીવાય બીજા કશા નકામાં કામમાં એક પાઇ પણ ખરચતો નથી," કલ્પીત જરૂરીયાતો અને કૃત્રિમ તંગીઓને વાસે થવાથી કેટલી હાનિ થાય છે તેનો એક વિશેષ દાખલો અસ્થાને નહી ગણાય.

ઇગ્લાંડના રેવનશાયર પરગણાના એશ્ગર્ટન ગામના એક મોચીનો દીકરો મી. વી. જીફ્રેર્ડ. એક ખરેખરો બુદ્ધિશાળી માણસ હતો. તેને એક પાદરીની સખાવતથી ઉંચી કેળવણી મળી હતી. અને આખરે "કવાર્ટર લિરિસ્ટ્સ" નો અધિપતિ થયો હતો. મી. જીફ્રેર્ડ કાગળથી નાણા ચલાવવાની રસમને તથા તે રસમની હિમાયત કરનારાઓને અત્યંત ધિક્કારતો હતો પણ પછીથી તેને કૃત્રિમ તંગીઓ કલ્પિત જરૂરીયાતોને તાબે થવાની ટેવ પડવાથી તથા પૈસાદાર અને ઉડાઉ લોકોની સોબત વધવાથી તથા મોટાઇના બોટા આડમ્બરનો દાસ થવાથી બોટાં બીનજરૂરીયાતી ખર્ચને અગત્યનાં માનવા લાગ્યો, અને ૧૭૯૮ માં અગર તે અરસામાં જ્યારે પ્રભુએ તેની કસોટીનો પ્રસંગ એટલે "સાદો બોરાક, સાદાઈ યુક્ત પોષાક અને સામાન્ય ભાડાનું મકાન," અથવા બીજી તરફથી કિમતી રકાબીઓ, સુંદર દાર, ઘર અને સુંદર ફરનીચર તથા ચાકર નફર" એ બેમાંની એક સ્થિતિ પસંદ કરવાનો સમય આવ્યો, ત્યારે તેણે દમામ વાળી સ્થિતિ પસંદ કરી. અને દિન પ્રતિદિન તેની તંગીઓ વધતી ચાલી. તેને પડોંચી વળવાને માટે જે વિચારનો પોતે પ્રથમ હતો તે વિચારો ફરજ્યાત બદલીને જે કાગળનાં ચલણને તે ધિક્કારતો હતો, તેને બદલે હવે તેના ધિક્કારનારાને તે ધિક્કારવા લાગ્યો. અને કાગળનાં નાણાની ચલણની તરફદારી કરનાર થયો. સંજોગોને

*નીરાણું પુસ્તકને જેનો તરજુમો મહુવા રાજનિતજ્ઞ દેશાઇ હરિદાસ વિઠ્ઠલદાસે કર્યાનું જાણવામાં છે.

લાયે તેની સત્તાએ કદર કરી. તેની મોટી ચાકરીના બદલો દર વરસે ત્રણસો ઓગણત્રીસ પાઉંડ મળવા લાગ્યા. તદુપરાંત સોરટીના ધંધાનું કમીશન તથા કવોટેલી રીબ્બુની ઉપજ મળવા લાગી. ગાડી ઘોડા રાખ્યા. ખુબ અમન ચમન કર્યું અને આખરે "વેસ્ટ મીનીસ્ટર એબ્બી"માં દટાયો. પણ તેના મરણ પછી તેની કોઇએ કદર કરી નથી. કોઇએ તેને યાદ કર્યો નથી. જો તે કૃત્રિમ તંગીઓને તાબે ન થયો હોત તો તેના પોતાના જન હિતકારી વિચારો બદલવાનો પ્રસંગ ન આવત અને જનસમાજનું હિત કરવા બદલ તેનું નામ વેસ્ટ મીનીસ્ટર એબ્બીમાં દટાયેલ જેટલી ખ્યાતિ પામ્યું તેના કરતાં દસહજાર ઘણી ખ્યાતિ તે પામ્યું હોત. અને દેશસેવા લોકસેવા માટે તેનું નામ અજર અમર રહેત

મોટા માણસ ગણાવાના પવનમાં ધસડાઇ અનેક મનુષ્યો કયાંના કયાં ઉડી ગયા. તેનો પત્તો નથી. તેમની પછાતના કુટુંબની દુઃખદાયક અને ભયંકર સ્થિતિ માટે ઇશ્વરને ત્યાં અને જગતની દૃષ્ટિમાં તે જરાએ ગુનેગાર નથી.

સાદા જીવનથી મોટાઇ મેળવી જગત ઉપર અગણીત ઉપકાર કરનારા મહાત્મા ગોખલે, મી. ગાંધીનું નામ કોનાથી અજાણ્યું છે.

મોટામાં ખપવાની કલ્પિત જરૂરીયાતોને તેમણે સદાને માટે તિલાંજલિ આપી હતી, સાદો પોષાક સાદું જીવન ગુજારવાથી તેમનેજ મહત્તા મળી છે અને જે બચત દ્રવ્યનો સદ્ વ્યય તેઓ લોકહિતમાં કરવી શકયા છે તે વાત કોનાથી અજાણી છે.

ફુંકામાં કલ્પિત જરૂરીયાતના ફંદામાં ન ફસાતા કરકસરથી સાદુ જીવન ગાળવાની જરૂરનો બુદ્ધિમાને નિશ્ચય કરવાની જરૂર છે. એટલુ દર્શાવી આ મોટા વિષયને ફુંકામાં પૂર્ણ કર્યો છે.



॥ अहिंसा परमो धर्मः ॥

બ્રહ્મદત્ત કરીને એક રાજા પૂર્વે કાશી નગરીમાં રાજ્ય કરતો હતો, તે રાજાએ પોતાના રાજ્યની અંદર એક વન રાખ્યું હતું તેની અંદર શિમ, સાગ, વડ, તાડાદિ ગગન ચુમ્બી મોટા મોટાં પુષ્કળ ઝાડોની ઝાડી આવેલી હતી. હરનીશ તે અરણ્ય પશુ પક્ષ્યાદિના શોરબકોરથી, તેમજ વાયુના જોષ ભર્યા સુસવાડાથી વૃક્ષોના ડાળી ડાખલાં તેમજ પાંદડાના અથડાયાથી મેઘ ગર્જના માફક ગાજી ઉઠતું હતું. આ અરણ્યની અંદર મૃગોની બે ટોળીઓ હતી. તેમાંની એક ટોળીના રાજાનું નામ "શાખામૃગ." તે બાબપીને શરીરે રાતો માતો (હષ્ટપુષ્ટ) બન્યો હતો બીજી ટોળીનો રાજા વૃદ્ધ અને શરીરે પાતળો તથા કદે ઉંચો હતો. તેની ચાલ વાયુ માફક હતી તેનાં મસ્તક ઉપર હિરાથી જડેલા શિંગડાં હોય તેમ જોનારને લાગતુ હતું. એક ઝાડના પાંદડાને કર્ણાકારની કૃતિ કરી તેના કર્ણ બદલે ચોટી હોય તેવા તેના કર્ણ દેખાતા હતા. ઇન્દ્રના ઘરની અપ્સરાની મદનાવશ અવસ્થાએ કટાક્ષરૂપી બાણ ફેંકવા સારૂ જાણે ધનુષ્ય ચઢાવેલું હોય તેવા તેના નેત્ર અત્યારે દેખાતાં હતાં તેનુ નામ 'અશ્વત્થ' મૃગ હતુ.

હરનીશ બ્રહ્મદત્ત રાજા પોતાના સૈન્ય સાથે આ અરણ્યમાં શિકાર ખેલવા સારૂ આવતો હતો. તેને હરણનો શિકાર બહુ ગમતો હતો. હરણના માસ સિવાય રાજાનું બાણ થતું નહિ. નિત્યનિયમાનુસાર આજે પણ બ્રહ્મદત્ત રાજા પોતાના સૈન્ય સાથે આ અરણ્યમાં શિકાર ખેલવા આવી ચઢયો. અત્યારે

હજુ પશુઓ જાગૃત થયા ન હોતાં. તેમજ પક્ષીઓનો કોલાહલ હજુ શરૂ થયો ન હોતો. અરણ્યોદયને હજુ વાર હતી. બ્રહ્મદત્ત રાજાએ આ વખતે આ અરણ્યનાં કેટલાંક ઝાડ વેલાદિ કાપી નંખાવી ભારે શોર મચાવી મૂકયો. જેથી પશુઓ પોતાના સ્થાનમાંથી જાગૃત થઇ ભય પામી ચોતરફ નાસવા લાગ્યાં. આખરે દશબાર પશુઓનો નાસ થયાબાદ તેના હાથમાં એકાદ હરણ સપડાતું હતું. આવી રીતે બ્રહ્મદત્ત રાજા એક હરણના શિકાર ખાતર દશબાર પશુઓનો જીવ લેતો તથા દશપંદર પશુપક્ષ્યાદિને જખમી કરતો ત્યારે માંડમાંડ એકાદ હરણ તેના શિકારમાં સપડાતું હતું

બ્રહ્મદત્તના આવા નીચ કૃત્યોનો વિચાર સોનેરી રંગના અશ્વત્થ મૃગના મનમાં નિરંતર ડંખતો હતો. આ રાજા આપણા શત્રુરૂપે પેદા થયો છે. તેને એકાદ હરણની જરૂર હોવાને લીધે વિના કારણ દશબાર પશુઓનો વધ કરે છે, અને દશબાર પશુઓને જખમી કરે છે. આ સિવાય અરણ્યનો નાશ થાયછે તે તો જુદોજ. આ રીતિ બીલકુલ સારી નથી. આવો વિચાર કરી આ સર્વ હકીકત તેણે શાખામૃગને કહેવડાવી, અને તે વાતનો બંદોબસ્ત કરવાની ખાતર મૃગોની એક સભા ભરી. આ વખતે સભાસદોને બેસવાને માટે કુદરતીજ રીતે લીલા રંગની જાજમ જમીનપર બીછાવેલી હતી. તેના ઉપર તે સભાની બેઠક રાખવામાં આવી. આ સભામાં સભાસદો (મૃગ) સિવાય અન્ય તિર્યંતીય પશુપક્ષ્યાદિ જનવરો પણ ભરાયાં હતાં. જગાની સંકડાશને લીધે નાનાં હરણો ઉપર ચઢી બેઠાં હતાં. પક્ષીઓને બેસવાની જગા નહિ મળવાથી તેઓ તેમના શિંગડા ઉપર બેઠા હતાં. અહાહા ! તે પક્ષીઓ ચિત્રવિચિત્ર રંગના અત્યારે કેવાં સુંદર લાગતા હતા ! તે પક્ષીઓમાં કોઇનો રંગ પીળો, તો કોઇનો જુરો આકાશ સરીખો, કોઇનો લાલ તો કોઇનો નવા પાકેલા અનાજના કણ સરીખો, કોઇનો વસંત ઋતુમાં નવાં આવેલા ઝાડના પાન સરીખો તો કોઇનો ચંદન વૃક્ષની છાલ સરીખો રંગ દીસતો હતો. આ રીતે ત્યાં રંગબેરંગનો જમાવ થઇ રહ્યો હતો. ગજ રકતથી આરકત થએલા સિંહના નખ સરીખી તેઓની ચંચુઓ દેખાતી હતી ! અહાહા ! કેટલી સુંદર ! આ કેવી ચિત્ર-વિચિત્ર રંગબેરંગી પશુ પક્ષ્યાદિ જનવરોની સભા ! અસ્તુ !!!

ઉપરોકત તે સભાનો ઠાઠ હતો. ત્યાં ચુપકી પથરાઇ ગઇ હતી. અશ્વત્થ મૃગે પ્રથમ સભા ભરવાનું વસ્તુ સૂચન કરી બતાવી. આપણા ઉપર આપણો રાજા કેવા દુઃખો ગુજારે છે તેનો ખ્યાલ કરાવ્યો. છતાં પોતાને જે દુઃખો ભોગવવાં પડે છે તેનો પ્રતિકાર કરવાને એક પણ સભાસદે કબજ્યું નહિ. આજ પર્યંત જેમ ચાલતું આવેલું છે તેમ ચાલવા દેવું. આ બાબતની ચર્ચા કરવાથી રાજા રીસે ભરાશે અને તેનું નિર્માણ એજ આવશે કે, તે એક દિવસમાં આ અરણ્યનો નાશ કરી દેશે. આવી રીતે કેટલાક સભાસદોમાં ચર્ચા ચાલી ત્યારે બાકીના અન્ય સભાસદોનું કહેવું એવું થયું કે, " નાહ, આ સભા બરાસ કરો ! આ સભા બરાસ કરો ! " આવી રીતે એકજ તરેહનો ઘોંઘાટ બધાએ મચાવી મૂકયો.

આવી રીતે બધા સભાસદોના મુખમાંથી નિરાશાજનક શબ્દો સંભળાવા લાગ્યા, જેથી અશ્વત્થમૃગે એક વખત પોતાનો પ્રયત્ન સફળ નિવડે તો બધાને લાભ છે, એમ ધારી મહા-દુઃખી હૃદયે સભા વચ્ચે આવી પ્રથમ કરૂણામય નયનથી શાખામૃગની સામે નિહાળી, પછી વિચાર કરીને બોલ્યોઃ— "જુઓ બન્ધુઓ આમાં રાજાને રીસ ચઢે તેવી વાત કંઇ નથી. મારૂ શું કહેવું છે તે તમો એક વખત બરાબર સાંભળી લ્યો. હું ત્યા શાખામૃગ બન્ને જણ એક વખત રાજા પાસે જઇ અને રાજાને સમજાવીએ કે " રાજા! તમારે નિત્ય એક હરણની જરૂર હોવાને લીધે વિના કારણે અન્ય પશુપક્ષ્યાદિનો

સંહાર શા માટે કરો છો ? તમારે હરણ માટે બીલકુલ તરદી ઉઠાવવી નહિ. અમો હરનીશ એક હરણ તમારી પાસે મોકલી આપવા બંધાઇએ છીએ." આ રીતે રાજાને કહેવાથી તે માનશે કે નહિ તેનો વિચાર સભાસદે કરી લેવો જોઇએ. આ વાતો તમો દરેક ભાઇઓને ગમી કે નહિ?" વાહવા! વાહવા! મરવા માટે કોણ તૈયાર થનાર હતું ? મરવા માટે કોણ જાય ! વળી પાછો આ સભામાં આ એકજ કોલાહલ થઇ રહ્યો.

અશ્વત્થમૃગે મોરલી સરખા મનોહર પરન્તુ ગંભીર સ્વરથી તેઓને ઉદ્દેશીને કહ્યું કે, " જુઓ બન્ધુઓ ! સ્વાર્થમાં આંધળા બનો નહિ. જીવવા માટે તમે જેટલી જાસ્તી ઇચ્છા રાખશો તે સઘળી તમને તમારી કોમનેજ હાનિકારક છે. તમારામાંથી આજ કોઇપણ મરવા તૈયાર નથી એ ખરૂં પરન્તુ યાદ રાખજો કે વહેલા મોડા મરવાના તો છોજ. જ્યારે આ વાત તો નક્કીજ છે, તો પ્રિય બન્ધુઓ તમે વિચાર કરી જુઓ કે, આપણી સાથે બીજાં દશ બાર જાનવરોના જીવને શા માટે હાનિ કરાવવી જોઇએ.? આ માટે આપણે એક એવો નિયમ કરવો જોઇએ કે, હરનીશ આપણે આપણી ભાગ્ય પરીક્ષા કરાવવી. સમજ્યા ? સવારના પહોરમાં આપણે બધાએ વડતું એકેક પાન દાંતવતી તોડવું અને તે આપણી સભામાં બેઠેલાં દરેક પક્ષીઓના મોંઢામાં એકેક આપવું. તે પક્ષીઓ ઉંચે આકાશમાં ઉડી એક ગોળાકારે થઇ બધા પાન નીચે નાખે. જેનું પાન પ્રથમ નીચે આવે તેણે રાજાના રસોડે જઇને હાજર થવું.!

અજબ–ચમત્કાર ! આ વાતો સાંભળતાં સભામાં પણ "વાહવા! વાહવા!" એવા શબ્દો સંભળાવવા લાગ્યા "પરન્તુ પક્ષીઓ આપણા માટે આટલું કષ્ટ વેઠશે ?" શાખામૃગે પોતાની શંકા જાહેર કરી.

" હા અમે ખુશીથી તે કામ અમારા નિત્ય નિયમ પ્રમાણે હરનીશ કરીશું. આફતના વખતમાં અમારા મિત્રનું કામ શું અમો નહિ કરીએ !" પક્ષીઓએ શાખામૃગની શંકાનું નિવારણ કરવા ઉત્તર આપ્યો.

"હવે ! અત્યારે શું કરવાનું બાકી રહ્યું ! અશ્વત્થમૃગ તથા શાખામૃગ બન્ને મળીને રાજા પાસે ગયા. અને પોતાની સઘળી વાર્તા નમ્રપણે રાજાને કહી સંભળાવી અને કુદરત સાનુકૂળ કે રાજાએ તે તરત કબુલ પણ કરી !

જે દિવસ જેનો આવ્યો તેનો તે દિવસ જાય છે. મનુષ્યોનો ગયો, પ્રજાનો ગયો, અને તેવી રીતે હરણનો પણ ગયો. દિવસ કોઇનો પણ રોકાતો નથી. નિત્ય સવારના પહોરમાં હરણોના ઠરાવેલા નિયમનુસાર દરેક હરણોની ભાગ્ય પરીક્ષા થતી હતી. સાતસો હરણો પોતાના દાંતથી પાન તોડી પક્ષીની ચાંચમાં એકેક પાન આપતાં હતાં. તે લઇ પક્ષીઓ ઉંચે વ્યોમ મંડળમાં ઉડી જતાં હતાં અને તે એક કુંડાળારૂપે આકાશમાં જ્યારે થતાં ત્યારે જાણે આકાશમાં મેઘધનુષ્યની કક્ષા બંધાઇ હોય તેવું જણાતું હતું. આ કુંડાળું બન્યા પછી દરેક પક્ષીઓ એકી સાથે પોતાના મુખમાંથી પાન, નીચે જમીન તરફ નાખતાં હતાં. જે હરણનો કાળ આવી પહોંચ્યો હોય તેનું પાન જમીન પર પ્રથમ આવી પડતું હતું. તે હતભાગ્ય હરણ ધ્રુજતું ધ્રુજતું, ભયથી અર્ધમરણ તુલ્ય બની રાજાના રસોડે જતું. એકાદ પાષાણ હૃદયનો જે કર્મ ન કરે તેવું કર્મ ત્યાં થતું હતું.

આવી રીતે ઘણા દિવસો નિકળી ગયા. એક વરસમાં તો હરણની અડધી વસ્તી ઘટી ગઇ. જેમ જેમ વસ્તી કમતી થવા માંડી તેમ તેમ હરણોની ચિન્તા વધવા લાગી. એ હરણોની શાન્તિ નાશ પામી ગઇ હતી. તે હરણો પરસ્પર પોતાનાં શિંગ ઘસતાં ઘસતાં હજારો તર્ક કરતાં હતાં. હરિણીયો બચ્ચાંને ધવરાવતાં આનંદિત બનવાને બદલે આંખમાંથી ક્રૂર અશ્રુઓ તેમજ હૃદયમાંથી ધગધગતા અંગારના શ્વાસો વરસાવતી હતી. તેમજ બચ્ચાં આનંદ-

થી ધાવકાને બદલે શોકમગ્ન રૂદન કરતાં હતાં. બંને નિશ્વાસપર નિશ્વાસ કહાડતાં હતાં. આ વખતનો ચિતાર ગમે તેવા પાષાણહૃદયને પીગળાવવાને બસ હતો. તે અરણ્યની પૂર્વની શોભા આજ તદ્દન નષ્ટ થઇ ગઇ હતી. તે અરણ્ય અત્યારે સ્મશાન જેવું ભયાનક લાગતું હતું. આનંદનો એક પણ છાંટો રહ્યો નહોતો તેમજ તે વનનો ઉત્સાહ તો કયારનો મરણશરણ થઇ ગયો હતો.

શાખામૃગ તદ્દન નિશ્ચિંત હતો. કારણકે બ્રહ્મદત્ત રાજાએ તે બન્નેને અભયવચન આપેલાં હતાં અને તેથી તે તો વધારે વધારે મરત બનવા લાગ્યો. તેના શરીરમાં નવું બળ આવવા લાગ્યું. પરન્તુ ગરીબ સ્વભાવનો તેમજ પરોપકારી દૃષ્ટિને અનુસરનારો તથા અહિંસા પરમો ધર્મઃ એ સૂત્રને નજરમાં હરહમેશ રાખનારો હોવાથી અશ્વત્થના અંતઃકરણમાં લવલેશ પણ શાન્તિ દીસતી ન હોતી. તે પારકા દુઃખ માટે ઘણોજ દુઃખી થતો હતો. જાતિ બન્ધુઓની તેમજ વિશ્વ-કુટુંબના બન્ધુઓની વિપત્તિથી તેના મનમાં મોટો ઉદ્વેગ ઉત્પન્ન થઇ તે હરહમેશ દુઃખમાં ગળતો જતો હતો. "રે વિધાતા આ દુઃખના દિવસો કેવા? હાય! હાય! અમારો મૂળ પર્વત હતો ત્યાં અમો કેવા આનંદમાં રહેતા હતા!! તેમજ કેવા હર્ષભેર ત્યાં નાચતા કુદતા હતા! ત્યાં હરિણીઓ કેવા પ્રેમથી દર્ભકવલો મુખમાં લઇ બચ્ચાંને ખવડાવતી હતી! બચ્ચાં ઘણાજ પ્રેમથી તેમની પાસે ધેકડા મારતાં હતાં! ત્યાં અહિંના કરતાં પાણી પણ અમૃત સરખું મીઠું તેમજ સ્ફટિક વત ચોખ્ખું પીવા માટે મળતું હતું! તેમજ દુર્વાંકુર કેટલા સ્વાદિષ્ટ લાગતાં હતાં પક્ષીઓ અમારા શિંગડા ઉપર બેસી મધુર શબ્દથી પ્રભુના પ્રેમમય પાઠો ગાતાં હતાં! તેમનાં કેવી રીતનાં નિસ્વાર્થ ગીતો બજતો! તે સાંભળતાં તૃપ્તિ તન્મય બની જતી! અરે! તે આનંદ અત્યારે કયાં ગયો!! અમે સૌંદર્યની લાલચમાં (મોહમાં) વ્યર્થ તે પર્વતને (જન્મભૂમિને) છોડી આ અરણ્યમાં આવી હાયે કરીને આ સંકટો માથા ઉપર બ્હોરી લીધાં, અને હાયે કરીને દુઃખમાં ડુબ્યાં!"—આવા વિચારો કરી કરીને અશ્વત્થ મૃગનું હૃદય પરદુઃખમાં વ્યાકુળ બનતું અને તેની ચક્ષુમાં અશ્રુપ્રવાહ નિરંકુશ વહન કરતો હતો. આવી દશામાં તેના કંઇક દિવસો નીકળી ગયા!

છેવટે ઇશ્વરને કંઇક દયા આવીને તેનું કંઇક સાંભળ્યું હોય તેમ લાગ્યું. એકાદ કોમલ હૃદયની ગર્ભવાળી હરિણીનો વખત આવી લાગ્યો. તે હરિણી શાખા મૃગના ટોળાંની હતી. તેણે પોતાનું દુઃખ પોતાના રાજા શાખામૃગને નિવેદન કર્યું. શાખામૃગે કહ્યું કે, "હું તેમાં શું કરું? ઇશ્વરેજ તારો કાળ નિર્માણ કર્યો છે તો પછી તારું રક્ષણ કરવું તે અમારી સત્તામાં છે કયાં?"

હરિણી આંખમાં અશ્રુ આણી બોલી કે "રાજા! તારામાં દયાનો કંઇ પણ અંશ નથી શું? જો! આ ગર્ભિણી ઉપર જરા દયા કર! મારા કમનસિબે કરી મારી ભાગ્ય પરીક્ષામાં આજ હું બધી તરીકે સપડાઇ છું! પ્રથમ મારા પેટમાં જે ગર્ભ છે તેને છુટો થવા દે! કારણ ભાગ્ય પરીક્ષામાં હું એકલી સપડાઇ છું! મારી દુર્ભાગ્ય પરીક્ષામાં મારો ગર્ભ ગાયો જાય છે! મારો ગર્ભ છુટો થયા પછી મને આ સંસાર ઝેર જેવો છે! હું જે કહીશ તે તું અત્યારે નહિ માનનાર નથી. રાજા! મેં મારા હૃદયમાં અંતકાળ સમયનો નકી સમાલેખ કરેલો છે! તારે પણ આ છે! અને મારું દુઃખ અવશ્ય તારે સમજવું જોઇએ! આજ દશ મહીનાથી મેં કેટલા કષ્ટ સાથે મારી જીવનશેષ સાફલ્યનાં તંતુઓને મારા પેટમાં મેં ધારણ કર્યા હશે? અને તે આશાએજ આ દેહ ટકાવી રાખ્યો છે. નહિતો આટલા દિવસોમાં મેં કયારનાએ મારા દુઃખદાયક પ્રાણ વિસર્જન કર્યા હોત! મારા કાગળમાં

કેવા દુઃખદાયક થા પડેલા છે. થોડા દિવસમાંજ હું ગર્ભથી છુટી થઇશ. જેથી તારી ઇચ્છા પ્રમાણે મારી વ્યવસ્થા કરજે !પરન્તુ આજ મને જીવિત દાન આપ ! રાજા ! હું મરવાથી બ્હીતી નથી આટલું બોલી તે હરિણી રડવા લાગી.

આટલું સાંભળતાં કોઇપણ વજ્રહૃદયને દયા આવ્યા સિવાય રહે નહિ. પરન્તુ તે પાષાણ હૃદયના શાખામૃગને બીલકુલ દયાઆવી નહિ. તે દુષ્ટે તેને ઉત્તર આપ્યો કે, (ચાલ) ચાલી જા અહિંથી ! અહિંયા રડતા બેસવાનું કામ નથી ! ચાલ ! અહિંથી નીકળી જા ! તારા માટે બીજા કોણ થાણુ આપે ?" હાય ! હાય ! જ્યારે ભાગ્ય રૂઠે છે ત્યારે તૃષાતુરને પાણી સરખું પીવાને મળતું નથી.

હરિણીનો બીજો કોઇ પણ માર્ગ નહિ હોવાથી તે અશ્વત્થ મૃગ પાસે ગઇ, અને તેને ગરીબાઇથી પ્રાર્થના કરી કહ્યું કે, "હે ! સુવર્ણકાયના રાજા ! તમે મારા ઉપર દયા કરશો ? અગાઉ મારો સ્વામી મરણ પામ્યો છે ! તમારી કરાવેલી ભાગ્ય પરીક્ષામાં મારાં અંગત ત્રણ બળી અપાઇ ચુકયાં છે ! આજ મારૂં આ જગતમાં કોઇ નથી !" આટલું બોલતાં બોલતાં તે હરિણી રડવા લાગી.

અશ્વત્થમૃગને તુરત દયા આવી અને તે દયાથી બોલ્યો કે, 'બાના ! તારા ઉપર એવો કયો દુષ્કર પ્રસંગ આવી પડયો છે ?"

"રાજા ! આજ મારા દુર્ભાગ્યની પરીક્ષાનો પાળો મારા ઉપર આવેલી છે ! આ દુઃખી ગર્ભિણીએ આજ દશ મહિના થયાં ગર્ભ ધારણ કર્યો છે તે આજ પર્યન્ત પણ મારા પેટમાંજ છે !"

"આટલા માટે તું રડે છો તો હે માતા ! જા રડીશ નહિ ! ખા, પી અને નિશ્ચિંત રહે. હું તારા બદલે બીજા કોઇને રાજાની રસોઇ માટે મોકલીશ." આવી રીતે અશ્વત્થમૃગે તે હરિણીનું સાંત્વન કર્યું.

હરિણીના આનંદનો પાર રહ્યો નહિ ! તેણે વિસ્મયતાથી ઉપકાર તળે દબાઇને, અશ્વત્થમૃગ સામું જોયું તો શું તે હરણોનો રાજા ? કે તેજઃપુંજ, દેદીપ્યમાન, સ્નેહમયી દેવમૂર્તિ ?

નિત્યનિયમાનુસાર રાજાનો રસોઇઓ હાથમાં છરો લઇ, બળિદાનની જગાએ જઇ પહોંચ્યો, અને જુએ છે તો હરણનો રાજા સુવર્ણ મૃગ (અશ્વત્થ) બળિની જગાએ પડેલો જોયો. અત્યારે તેનો દેહ કમળના ફુલ જેવા રંગનો દેખાતો હતો. રસોઇઓ તે જોઇને આશ્ચર્યયુક્ત બની ગયો ! આનું કારણ શું હશે ? તે તેની સમજ શક્તિમાં આવી શકયું નહિ. તેને લાગ્યું કે, આ શું ? આ બળિદાનની જગાએ આ કમળ પુષ્પોનો ઢગલો કોણે કર્યો હશે ? પરન્તુ પાસે જતાંની સાથેજ તેનો ભ્રમ દૂર થયો. આતો કમળ પુષ્પનો ઢગલો નથી. પરન્તુ કમળ પુષ્પ સરખો અશ્વત્થમૃગ પડેલો છે. રસોઇઆએ તેને જોઇ પૂછ્યું, "રાજા તું અહિંયા કયાંથી ? ચાલ ઉભો થા, રાજાએ તો તને અભયદાન આપેલું છે !"

" નહિ ! નહિ ! દાદા ! મ્હને અભયદાન નહિ જોઇએ ! મહારાજાએ ગઇકાલ એકાદશીનો ઉપવાસ કરેલો છે. તો આજ મારા માંસથી તેને દ્વાદશીનું પારણું કરાવવું જોઇએ. રાજાના માંસને રાજા વધારે પસંદ કરે છે !" અશ્વત્થ મૃગે જવાબ આપ્યો.

પરન્તુ નોકરથી તેનો ઘાત થયો નહિ. મહારાજાએ જેને અભયદાન આપેલું છે, તેને મહારાજાની અનુમતિ સિવાય કેવી રીતે મરાય ! આવો વિચાર કરી રસોઇઆએ કહ્યું, " સબુર કર, હું મહારાજાનો હુકમ લઇ આવું. ".

તે રસોઇઓ ધીમે ધીમે બ્રહ્મદત્ત રાજા પાસે જઇને કહેવા લાગ્યો, " મહારાજ ! આજ બળીની જગાએ અશ્વત્થમૃગ આવીને બેઠેલો છે !"

" કેમ ? મેં તો તેને અભયદાન આપેલું છે ! " રાજાએ કહ્યું.

" પણ, તે તો આજે જ મરવાનું કહે છે ! આજ શુભ મહૂર્તે મારાજ માંસથી મહારાજાને પારણાં કરાવવાંછે ! "

"તેવું કદાપિ પણ બનશે નહિ! બીજા કોઇને મોકલે! તેવું તેને કહે!"

"મહારાજ! મેં તેને અનેક રીતે સમજાવી કહ્યું પરન્તુ તે મારો એક પણ શબ્દ સાંભળતો નથી.

"તો પછી તેનો શો ઉપાય! ઠીક, ચાલ એક વખત તે શું કહે છે તે તો સાંભળું." આટલું બોલી રાજાએ અશ્વત્થમૃગ પાસે જવાની તૈયારી કરી.

પ્રસન્નદત્ત રાજા પોતાના સુવર્ણના સિંહાસન ઉપરથી નિચે ઉતર્યો અને પોતાના હાથ પ્રતિહાર ખભા ઉપર મૂકી ઉભો રહ્યો આ વખતે તે ચિત્રા નક્ષત્રમાં ચંદ્રોદયના જેવો શોભતો હતો! તેના માથાના મુગટને જડેલા હીરાની લટોથી તેના કપાળ ઉપરતારામંડલ ઝગમગી રહ્યું હોય તેવી શોભા દેખાતી હતી! છાતીના ઉપર મણિની માળા તેજોમય તેજ પ્રસારતી હતી! રાજાએ તીરછી નજરથી પ્રતિહારનું મુખ જોયું. અરણ્યોદય સમયે શુક્રના તારા સમાન તેજસ્વી અને સંધ્યાકાળના આકાશ સમાન ગુલાબી રંગની છટા તે પ્રતિહારીના મુખ ઉપર દેખાતી હતી. મંદ મંદ ગતિએ ચાલતાં ચાલતાં તે પ્રતિહારી જાણે રાજાને રસ્તો દેખાડતી હોય તેમ તે રાજાની આગળ ચાલવા લાગી.

રાજાને ચમર કરનાર સુંદર તરૂણી સુવર્ણ દંડનો ચમર પકડી ચમર ઢોળવા લાગી. છત્ર ધરનારે છત્ર ધર્યું કે રાજાની સ્વારી અશ્વત્થમૃગ પાસે જવા નીકળી.

રાજા અશ્વત્થમૃગ પાસે આવીને કહેવા લાગ્યો:—"નહિ! નહિ સુવર્ણ રંગના રાજા, તું ઊઠ, ઊઠ, અને બીજા કોઇને મોકલ. મેં તને અભયદાન આપેલું છે તે માટે તું બીજાને મોકલ."

તો પણ અશ્વત્થમૃગ ઝાડીદાનની જગાએથી બીલકુલ ઊભો નહિ અને પ્રસન્નદત્તરાજાના મોં આગળ મણિખુરી હરિણીની હૃદયદ્રાવક કથા તેણે નિવેદન કરી, અને છેવટે બોલ્યો, "મહારાજ! આજ હું જ મરનાર છું.? બીજો કોઇ આજ પરોપકારાર્થે મરણ પામી પુણ્ય સંચય કરનાર નથી?"

આવાં વચન મૃગનાં સાંભળી રાજા વિચારમાં ગરક બની ગયો. "અરેરે! આ અજ્ઞાન પશુમાં જેટલી દયા છે તેટલી હું મનુષ્ય હોવાછતાં મારામાં તે દયાનો કન્દરમો હિસ્સો પણ કયાં છે!" આવો વિચાર આવતાંની સાથેજ તે અશ્વત્થ મૃગને કહેવા લાગ્યો, "ઉઠ, અશ્વત્થમૃગ, અત્યારે તું ઉઠ! હું તને નાશ કરનાર નથી, તેમજ તારું અનિષ્ટ પણ કરનાર નથી, હું તને વચન આપું છું! તારી શાન્તિ દયાથી ઓતપ્રોત ભરેલી જોઇ અને મારી થાય છે કે, એ દયા ના યોગે કરીને જરૂર તું આજ મરવા સુધાં તૈયાર છે! ઉઠ, તારો પ્રાણ આજ મેં તને બક્ષિસ કર્યો છે! અને મારી એક સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરવા સારૂં હું જે પાપ કરું છું. અને તમારી પાસેથી જે નિત્ય બળી લઉં છું તે આજથી હું પ્રતિજ્ઞા કરી કહું છું કે, મારા રાજ્યમાં હું એક પશુ જનની હિંસા નહિ થવા દઉં!"

અશ્વત્થમૃગ ઉભો થયો, રાજા સામું પ્રેમ ભરી દૃષ્ટિથી નિહાળી બોલ્યો, "નરરાજ! તમારામાં આટલી દયા જોઇ, આવો મારા તરફનો પ્રેમ જોઇ, મારા હૃદયની આજ દિન સુધી જે વાત હૃદયમાં છુપાવેલી છે, તે તમા મોં આગળ આજ કબુલી કરું છું:—प्राणत्यया त्मनोऽनीष्टा भूतानामर्त्ति तत्त्व ! आर्यो धर्मे न मुञ्चन्ति सतां कुर्वन्तिमादरः ॥ આ શ્લોકના અર્થમંત્રને હરનીતા ધ્યાનમાં રાખી સ્વર્ગની પ્રાપ્તિ કરવા તરફ લક્ષ રાખવું. વળી યાદ રાખવું કે ખરો ધર્મ તે અહિંસા જ છે. ૭

સ્નેહયોગી.

---

૭ 'પ્રયાસો' પ્રસિદ્ધમાંની એક ચાર્યાનો અનુવાદ મરાઠીમાં થએલો તેનો અનુવાદ.

રૂા. ૧,૦૦,૦૦૦ રોકડાનાં ઈનામો !!!

ધી હેર ટોનીક ઑઈલ.

☞ સ્ત્રી, પુરૂષ, વૃદ્ધ અને બાળક દરેકને બાલ વાપરવા લાયક અત્યંત સુગંધીદાર તેલ. દરેક શીશીની કિં રૂા. ૧) આજકાલનાં તેલો કરતાં ઘણુંજ ચઢીયાતું અને છેલ્લામાં છેલ્લી શોધ પ્રમાણે બહુજ સારી રીતે તૈયાર કરેલું છે. આ તેલ માથે લગાવતાં વાળ ખરી જતા અટકાવી ખોડો તદ્દન નાબુદ કરે છે તથા માથામાં ઠંડક થઇ વાળ સુંવાળા, કાળા, તેમજ ચમકદાર થાય છે. વળી આંખનું તેજ યાદશક્તિ અને આયુષ્ય વધારે છે. આવું ઉત્તમ તેલ ઉપરાંત વળી ઈનામનો સાથોસાથ બેહોળો લાભ !! ટુંક મુદતમાં ઘણીજ શીશીઓ ઉપડી ગઇ છે ને રોજ સંખ્યાબધ ઓર્ડરો આવેછે. માટે જલદી કરો. ૪,૦૦,૦૦૦ શીશીઓ વેચાણ થયે ભાગ્યશીઓ તરતજ બંધ કરવામાં આવશે. માટે Try your chance, you may will be one of the Fortunate ones !

પેહેલું ઇનામ	૨૪	શીશીઓ	એક ઓર્ડરે ખરીદનારા માટે	રૂા. ૩૨,૦૦૦
બીજું ઇનામ	૧૨	,,	,, ,,	રૂા. ૨૪,૦૦૦
ત્રીજું ઇનામ	૬	,,	,, ,,	રૂા. ૨૦,૦૦૦
ચોથું ઇનામ	૩	,,	,, ,,	રૂા. ૧૪,૦૦૦
પાંચમું ઇનામ	૨	,,	,, ,,	રૂા. ૬,૦૦૦
છઠું ઇનામ	૧	,,	,, ,,	રૂા. ૪,૦૦૦

જવાબ માટે ટીકીટ મોકલવી. શીશીઓ વી. પી. થી પ્રથમ ટીકીટ સાથે મોકલવામાં આવે છે. Wait not for the morrow but make haste and secure a supply and one of the above Prizes To-Day, Fortune at your Door !

ધી હેર ટૉનીક ઑઈલ મેન્યુફેકચરીંગ કું૦

ફોર્ટ—મુંબઇ.

સહરહુ જાહેરાત દરેક માસિક અને અઠવાડિક તથા રોજીંદામાં છપાવવી છે પોતાના પત્રની કોપી સાથે છેવટનો ચાર્જ લખી જણાવવો.

રૂા૦ ૫૦,૦૦૦ રોકડાનાં ઈનામો !!

"અમૃત જીવનરસ"

સ્ત્રી અથવા પુરૂષ, છોકરો અથવા છોકરી, ઘરડાં અથવા જુવાન કોઈને કાંઈ પણ દરદ હોા કે ના હોા–પરંતુ દરેકને તન્દુરસ્ત બનાવી, સર્વ રોગનાશક–"અમૃતજીવનરસ" સુખી જીંદગી બક્ષે છે. આ દવા પ્રત્યેકને હરહંમેશ ઉપયોગ કરવા લાયક અમૃત સમાન છે. એવી અત્યુત્તમ કીંમતી દવા મળવા ઉપરાંત મોટાં ઈનામોનો અલભ્ય લાભ !! ટૂંક મુદતમાં ઘણો ઉઠાવ થઈ ગયો છે ને રોજ ગંજ્યા બંધ ઑર્ડરો આવે છે માટે વહેલો તે પહેલો–૨,૦૦,૦૦૦ ઑર્ડરો પુરા થયે માગણી એકદમ બંધ કરવામાં આવશે. માટે Try your chance. You may will be one of the fortunate ones!

૧લું ઈનામ	રૂા. ૧૨)	ની દવા	એક ઓર્ડરે ખરીદનારાઓ	વાસ્તે	રૂા. ૧૬,૦૦૦
૨જું ,,	રૂા. ૬)	,,	,,	,,	રૂા. ૧૨,૦૦૦
૩જું ,,	રૂા. ૩)	,,	,,	,,	રૂા. ૧૦,૦૦૦
૪થું ,,	રૂા. ૨)	,,	,,	,,	રૂા. ૭,૦૦૦
૫મું ,,	રૂા. ૧)	,,	,,	,,	રૂા. ૫,૦૦૦

દવા વી. પી.થી પ્રાઈઝ ટીકીટ સાથે મોકલવામાં આવે જે. જવાબ માટે ટીકીટ બીડવી. Wait not for the morrow but make haste and secure a supply and one of the above Prizes To-Day, Fortunate at your Door!

"અમૃત જીવનરસ" ઓફીસ.

ફોર્ટ–૧૧૫, મુંબઇ.

સદરહુ જાહેરાત દરેક માસિક અને અઠવાડિક તથા રોજીંદામાં છપાવવી છે પોતાના પત્રની કોપી સાથે ઉપરનો ચાર્જ લખી જણાવવો.

ઘેર બેઠાં મુંબઈ !!!

મુંબઈમાં મળતો દરેક જાતનો માલ બજાર ભાવ કરતાં કસીને ખરીદી કરી રૂપીએ ફકત અરધો આનોજ કમીશન લેઇ મંગાવનાર ગૃહસ્થને ઓર્ડર પ્રમાણે વાયદાસર મોકલી આપવામાં આવે છે. તેમજ જેઓને પોતાના ધંધાની એજન્સી મુંબાઇ ખાતે આપવી હોય અગર જેઓને પોતાનો માલ મુંબઈ ખાતે વેચાવવો હોય તેમની પાસેથી વ્યાજબી હુકસાઇ લેઇ માલધણીના ઓર્ડર પ્રમાણે વેચાણ કરી આપવામાં આવે છે. વધુ ખુલાસો રૂબરૂ યા પત્ર દ્વારા જવાબ માટે ટીકીટ મોકલવી.

ધી બોમ્બે જનરલ એજન્સી.

નં. ૧૧૫, કોટ–મુંબઇ

ધી સર્વીસ એન્ડ સર્વન્ટ સપ્લાય જનરલ એજન્સી

ઉમેદવારોને જોઇએ તેવી નોકરીઓ અને ગૃહસ્થોને જોઈએ તેવા નોકરો, સંતોષ કારક રીતે મેળવી આપવામાં આવે છે. એડમીશન ફી ફકત રૂ. ૧) તાકીદે નામો નોંધાવો જવાબ માટે ટીકીટ મોકલવી.

નંબર ૧૧૫, કોટ—મુંબઈ.

મફત?—લવાજમ કાંઇજ નહીં—મફત?
શ્રી એડીટરના હાથે પહેલ વહેલું પત્ર

સ્ત્રી સુધારક.

સ્ત્રી પુરૂષો-માટે અત્યુપયોગી ઉત્તમોત્તમ વિષયોથી ભરપુર ફકત ટપાલ ખર્ચનો રૂ. ૧) મોકલી તાકીદે નામ નોંધાવો. નમુનાની નકલ માટે ૦-૮-૦ મોકલાવવા. જવાબ માટે ટીકીટ મોકલવી જલદી લખો. પત્ર પ્રગટ થયે રૂ. ૫) લવાજમ લેવામાં આવશે.

તંત્રી–સ્ત્રી સુધારક, મુંબઇ.

મફત? — વગર લવાજમે — મફત?
પહેલ વહેલું "સ્વામીનારાયણ" પત્ર

સત્સંગી ભકતો માટે અત્યુપયોગી બાબતોથી ભરપુર. ફકત પોસ્ટેજનો રૂ. ૧) મોકલી તાકીદે નામ નોંધાવો. નમુનાના અંક માટે ૦-૮-૦ મોકલવા. જવાબ માટે ટીકીટ મોકલવી. ત્વરા કરો:—

તંત્રી—"સ્વામીનારાયણ,"

નં૦ ૧૧૫, કોટ, મુંબઈ.

પુસ્તક ૮મું. અંક ૫ મો.

सत्संग.

માર્ગશિર્ષ. સં. ૧૯૭૩

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

ૐકાર બસ રટનાર છું.

માલેક ! હું મિસ્કીન તારી બંદગી કરનાર છું.
કરવા કદમ બોસી પ્રભો ! તુજ પાયમાં પડનાર છું.
ગાફિલ છું. જાહિલ છું. ગુમદિલ ને લાચાર છું.
હેવાન છું. નાદાન છું. બેઈમાન ગુન્હેગાર છું.
વળી ખલ્કના સૌ બેલમાં ભટકેલ થઈ ભમનાર છું.
રસબસ બની રતિ રંગમાં રણડેલ થઈ રમનાર છું.
નાપાક, નાફરમાન પણ તુજ મહેરનો હકદાર છું.
આખિર થા. હરદમ હરિ ! તુજ વસ્લનો ચહાનાર છું.
જૂઠી જહાંની સહુ બલાથી દાસ હું બેઝાર છું.
કરવા અગમ ઝાંખી સદા બેસબ્ર ઈન્તેઝાર છું.
ઈન્સાફ ના માગી શકું ! કિન્તુ અરજ કરનાર છું.
બૂસાઈમાં બૂડેલ પણ તુજ મહેર પર જીવનાર છું.
પ્રભુ ! શું કહું વધુ આજ ? અવળા પંથમાં પળનાર છું.
અફસોસ ! અંતરમાં સદા પસ્ત.ઈને બળનાર છું.
બેગિન્તી ગલતી માફ કર ! પ્રભુ ! છેક હું ગમખ્વાર છું.
સંસારથી હાર્યો હવે ! .મળવા તને તૈયાર છું.
તુજ રોષ નો પરમેશ ! તો દિલગીર પારાવાર છું.
ભૂંડો, ભલો પણ નાથ ! હું અતિ દીન તાબેદાર છું.
તારી કૃપાને પ્રેમ પર ઈતબાર હું ધરનાર છું.
ઈકબાલના સૌ અવનવા પછી બેલ બસ જોનાર છું.

દિલકશ ! દહરમાં હું હવે પળવાર નહિ વસનાર છું.
તુજ હિજરના મર્જે પ્રભુ ! મમ ઝીંદગી હણનાર છું.
મુજ અશ્કની ધારા વડે વળી અર્ઘ્ય બહુ દેનાર છું.
સહુ બેતમાં ગુણ રોજ તારા હું હવે ગાનાર છું.
ભટક્યો ભવે પણ હરિ ! હવે તુજ આશરે ઠરનાર છું.
તજી સહુ ખિલાફી બલ્કની, ૐકાર બસ રટનાર છું.

ભારતી મંદિર
બરવાળા (ધંધુકા)

ધીરજ.

ઈશ્વર સ્તુતિ.

અકળ કળા વિભુની ન કળાય,
નીર નેવના મોભ પળાય.
અપૂર્વ પૂર્વ તણા વર્તનનું આજ અહા પરિવર્તન થાય,—નીર.
આદિ અનાદિથી સુધરેલા,
દેશ વિદેશ વિષે ઉભરેલા.
આર્યાવર્ત તણા વતની સહુ અનાર્યવત્ સહુ સ્થાન ગણાય—નીર.
તત્ત્વ જ્ઞાન વિજ્ઞાને નિપુણા,
નીતિ રીતિ પ્રીતિ પરિ પૂર્ણા;
પતંજલિ મનુ કપિલ સ્થાને આજે સ્પેન્સર મીલ ભણાય—નીર.
મહાન મોગલ અકબર સામે,
હલ્દીઘાટ દારૂણ સંગ્રામે,
ઘૂમેલ નર વીરને વીસારી નેલ્સન ગુણ ગવાય—નીર.
ગ્રામોદ્ધાર તણા અનિવાર્યે
અત્ર એકત્ર થયા શુભ કાર્યે,
આ સાહિત્ય સમિતિ નહિ પણ લીટરરી ક્લબ નીમાય—નીર.
પાશ્ચિમના પવને ખેંચાતા,
ગરીબ મમબંધુ વેચાતા,
પ્રભુ કર જોડી યાચું યાચું કર કરૂણા જગરાય.—અકળ.

કાલીયાવાડી)

મણિભાઈ બંડુભાઈ દેશાઇ.

સદ્વર્તન

(માલિની છંદ)

અસત વચન કોદી, મુખ કોને ન કે'વું,
સદય હૃદયી સર્વે કાર્યમાં નિત્ય રે'વું,
અહિત કવચિત કોનું, ઉરમાં લેશ નાણે,
ભૂતલજન સહુને, આપણા ભાઇડુ જાણે, ૧
દુરબળ જન દેખી, ના દિલે દોષ લેવો,
પીડિત જીવ નિચારા, સૂચવે મર્મ કેવો.
નીરખી સ્થિતિ અમારી જગત ઉર લાવો,
ભવિષ સણળ સાધો, જન્મ પામો ન આવો, ૨
દુખદ સમય દેખી, ધારવું 'હોય છોને;'
મન વચનજ કર્મે, દુભવાં નાહિ કોને;
મધુર મુદિત શબ્દે, લોકમાં માન લેવું;
પ્રભુપદ પર પ્રેમી, રાત ને દિન રે'વું. ૩.
સુખ સમય નિહાળી, છેક જાવું ના છાકી,
સુખ તણું મૂળ શોધી, ધારવી બુદ્ધિ પાકી;
સુકૃતનું ફળ માની, સદા સત્કાર્ય સાધો,
ગણી પ્રભુ ફળદાતા, પ્રેમમાં પૂર્ણ વાધો. ૪
નહિ નવનવી શંકા-થી બની મૂઢ મોહાવું,
બની દૃઢ નિજ ટેકે, આત્મ વત્ જગત જોવું;
પ્રભુજી સમિપ પેખો, નિત્ય વર્તન વિષે;
હૃદય જરી ન દેખો, તેહમાં વ્યર્થ મિષે; ૫
પરમપ્રિય પ્રભુના, થૈ પ્રભુપ્રેમ માણો;
સકલ જન તણું હાં, સાર્થ કર્તવ્ય જાણો;
નહિ નિજપદ જાશે, જગતમાં નામ જેનું;
ભવિષ ભગુ ભણાશે, ભાગ્યશાળીજ એનું. ૬

ભગવાન શિવશંકર

—પ્રેમની યાદ—

એક સ્મિત ભીનું આપનું,
એક પ્રેમ દૃષ્ટિ આપની;
ક્ષણ ના વિસારું દૃષ્ટિથી,
મૂર્તિ ઉરે વસી આપની.
એક મિષ્ટ શબ્દે દ્રવિત મન,
ના સ્મૃતિ ભૂલે આપની,
કોમળ પ્રસાર્યો હસ્ત હસ્તે,
યાદ દે નિત આપની.

દેસાઈ મોતીલાલ મથુરાભાઈ મહુધાવાળા—

આત્મને અર્પણ!

ઓ! નાથ!! હું કણુલ્લાત આપું વિનંતિ મુજ ઊર લ્યો,
ગર્લે! કરેલો કોલ તે સાચો ખરેખર! માનજો!
કર્તવ્ય-દિશા સૂચવો તે આત્મ-સિદ્ધી હું કરું!
હે! આત્મ! આ-તન! આજથી હું આપને અર્પણ કરું!

હોયે હુકમ યદિ આપનો! દીન-દાસને ઈન્કાર નહિ,
સેવા કરું હું રાત-દિન-ઘરનો ઉપાડી ભાર સહી!
પરબ્રહ્મ! રક્ષક! જાણીને હું આપ આશ્રયમાં રહું!
હે! આત્મ! આ તન! આજથી હું આપને અર્પણ કરું!

અગ્નિ જળ વાયુ વિષે આકાશને પૃથ્વી વિષે,
જે વ્યક્તને અવ્યક્ત એવા બ્રહ્મના ગર્ભે વસે;
આ વિશ્વની રચના વિષે જે જ્યોતિ રૂપે ઝળહળે,
જગદંબ એ નવ વર્ષમાં સૌ લોકને સુખીઆં કરે;
સહુ કોઈના મનની મુરાદો પ્રેમથી પુરી કરે,
સંતપ્તના હૃદયે સદા શાન્તિ સુધારસને ઝરે;
ભરે ભાવથી સહુ ભૂતમાં કંઈ ભવ્ય ચેતન અવનવું
ઉમંગને આનંદમાં વહે વર્ષ વિક્રમનું નવું;

સ્નેહયોગ

પુત્રઃ–"બાપુ, ક્યાં જઇ આવ્યા ?"

બાપઃ–પુત્ર, બજાર જઇ આવ્યો.

પુત્રઃ–"હાથમાં કંઇ વસ્તુઓ તો દેખાતી નથી?"

બાપઃ–"તે ગુપ્ત છે."

પુત્રઃ–"તે મને દેખાડો."

બાપઃ–તે દેખાડવા જેવો પદાર્થ નથી." ારે જોઇએ તો તેનું માત્ર વર્ણન કરું તે સાંભળ."

પુત્રઃ–કહો, કહો બાપુ સાંભળું તો ખરો !

બાપઃ–૧ "કુલાચાર આ ચીજની બજારમાં બહુજ અછત છે, અને તે બહુજ મોંઘો થઇ ગયો છે, જુનો સંચય કરેલો માલ સઘળો ખપી ગયો છે, અને નવીન ઝાઝો કંઇ ફળરૂપ થાય એમ જણાતું નથી."

૨ "કર્તવ્ય કર્મઃ–ઘણોજ ખરાબ પદાર્થ થઈ ગયોછે. કવચિતજ કોઇ કોઇ જગાએ દૃષ્ટિએ પડે છે."

૩ "સત્યાચરણઃ–બજારમાં બીલકુલ દૃષ્ટિ એજ પડતું નથી."

૪ "નીતિ નિષ્ઠાઃ–ખરો અને અસલ માલ ક્યાંઇ નહીં. ટોંગ સોંગ ઘણોજ માલુમ પડે છે."

૫ "નિષ્ઠાઃ–આનાથી બજાર સમ્પૂર્ણ ભરેલું છે, જ્યાં જ્યાં જોઇએ ત્યાં ત્યાં એનાંજ વખાણ."

૬ "ગર્વઃ–બજારમાં પુષ્કળ છે. દેવાલયોમાં પણ પુષ્કળ છે. અને નવીન ઢગનોજ માલુમ પડે છે."

૭ "સત્યતાઃ–બજારમાં લેશ પણ નથી. થોડી ઘણી કોઇ પાસે હશે, ત્યારે તે ઉધાર મળતી નથી."

૮ "દુર્ગુણઃ–પહેલેનોજ પુષ્કળ શિલ્પકર્મ છે. તેમજ બહારનાં ગાડે ગાડાં હજી આવ્યાજ કરે છે. એના ગ્રાહકો ઘણાં છે."

૯ "અક્કલઃ–બહારની પુષ્કળ આવી છે, પણ થોડી છે. ઘણીજ મોંઘી વેચાય છે. ગ્રાહકો થોડાં છે."

૧૦ "સ્વદેશભક્તિ–તદ્દન નહીં જેવી છે. થોડી ઘણી કોઇ કોઇ ઠેકાણે ઝળકે છે, પરંતુ તેની ખરીદી થતી નથી. દેખાવ ઉપરનો ઘણો છે અસલ કર્મ છે."

પુત્રઃ–"આજ તે વસ્તુઓ કે?" આ તો બહુમૂલ્ય જણાય છે."

બાપઃ–"બહુમૂલ્ય છે. શાણા હશે તે આમાંની જરૂર જેટલી ખરીદ કરી ખુશી થશે." ×

પારડી) અમ્બેલાલ સવરામભાઇ દેસાઇ.

સ્વાર્થ સાથે પરમાર્થ, ઘેર બેઠાં ગુજરાન.

જોઇએ છે.

માંસાહાર તથા દુર્વ્યસન કે જેનાથી આપણી દુર્દશા થએલી છે, તે આસુરી વ્યસનોથી લોકોને દૂર રાખવા માટેના અમારા પ્રયત્નમાં મદદ કરવા ઇચ્છતા પ્રામાણિક અને મહેનતુ કામ કરનારાઓ. ઘેર બેઠાં તેમને અમે સારો લાભ આપી શકીશું.

વધુ માટે લખોઃ—સત્સંગ ઑફિસ–સુરત.

× મરાઠી ઉપરથી.



ચોવીશમું પરિચ્છેદ

આ તરફ મીરજાંના કમરામાંથી નિકળી ગયા પછી થોડીવારે ... જેમકે સૌ જગ્યાએ થાય છે-અમીનાને ભાન થયું. આટલી વખત પછી સમજી, પોતાનાથી ભારે ભૂલ થઇ ગઇ છે. તે કંઇ વખત સુધી મીરજાં આવશે તેવી આશાએ બેસી રહી, પરંતુ આશા નિષ્ફળ થઇ. અમીના જાણતી હતી કે તે ઘરમાંથી બહાર નથી ગયા, મકાનમાંજ છે, તો ક્યાં સુધી રહેશે, દાસ આવતાજ હશે. ઠીક, હાથમાં ભલે ન આવે, પણ તેમના પગનો અવાજ સાંભળતાંજ અમીના દોડીને તેમના પગે બાજી પડશે. હાય-કોઇ પ્રકારનો અવાજ પણ નથી થતો. પણ છે તે મકાનમાંજ. કંઇપણ થાય અમીનાથી બેસી રહેવાયું નહિ. ઉઠી ઉભી થઇ અને દીવો ચેતાવ્યો, કમાડ ઉઘાડી બહાર ગઇ. પરંતુ મીરજાં બહાર ન મળ્યા. ત્યારે તે ગયાં ક્યાં ?

અમીના પહેલાં માળ પર જઇને શોધવા લાગી, પણ મીરજાં ત્યાં હતા નહિ. કંઇ ગભરાઇને તે નીચે ઉતરી આવી. આવતાં આવતાં તે પોતાને હજારો ગાળો દેવા લાગી, દેવતાઓને સેંકડોવાર સંભરી જવાની પ્રાર્થના કરવા લાગી. આટલા સમય પછી મીરજાં માટે તેનું હૃદય દુઃખી થઇ ઉઠયું. ત્યારે તેનું દારૂણ ભાન કોણ જાણે ક્યાં વહી ગયું. નાગ જેમ પોતાના માથાની મણિ ગુમાવી ભમતો તરફડતો ફરે છે. તેમ અમીના પણ આખા મકાનમાં દોડવા લાગી પણ તેના હૃદયમણિનો કંઇ પત્તો લાગ્યો નહિ. તે પોતેજ પોતાને કહેવા લાગી-"વહાલા ! તમો ક્યાં ગયા ? એકવાર મને દર્શન દો, હું આ વખતે જરૂર મારા પાપોનું પ્રાયશ્ચિત કરીશ. એકવાર આવીને મારા આ પત્થરના હૃદયપર લાત મારો.....પોતાના હાથોથી મારા અપરાધોનો દંડ આપો."

અમીના ગાંડીની પેઠે ચારે તરફ જોવા લાગી, પણ મીરજાં જણાયા નહિ. ત્યારે મીરજાંનું અદર્શનજ તેને એક કઠોર દંડ જેવું જણાવા લાગ્યું. તેના દંડના બદલે તે પ્રાણ સુદ્ધાં આપવા તૈયાર હતી. હાય ! અમીના તારો સ્વભાવ હમો નથી જાણી શકતા.

અમીના એક કોટડીના દ્વાર પાસે આવી બોલાવવા લાગી-"બ્હેન ? બ્હેન !"

શબ્દ સાંભળતાંજ હસીના નિકળી આવી. પૂછ્યું, "શું થયું છે ભાભી ?"

અમીનાથી બોલી શકાયું નહિ, શું કહેવું, તે વિચારી શકી નહિ. હસીનાનો હાથ પકડી પોતાના કમરામાં લઇ ગઇ. બીજાના દુઃખ પર પ્રાણ આપી દેનારી હસીના સઘળા વખત પરોપકાર કરવા માટે તૈયાર રહેતી હતી. તે કંઇ ન કહેતાં શંકીત હૃદયથી અમીના સાથે ચાલી આવી. અમીના તેને પોતાના કમરામાં લઇ આવી. ત્યાં પહોંચતાંજ હસીના ગભરાઇ બોલી ઉઠી-"ભાઇ નથી ?"

ભાઇને માટે તેના પ્રાણ વ્યાકુલ થવા લાગ્યા. તે એક દૃષ્ટિએ પોતાની ભાભીનું મુખ જોવા લાગી. અમીના બોલી-"તે નથી, તેથી તો તમને બોલાવી લાવી."

હસીનાનું હૃદય ધડ ધડ ચાલવા લાગ્યું. ધ્રૂજતી ધ્રૂજતી બોલી,-"ભાઇ ક્યાં ગયા ?"

અમીના હવે પોતાના મનની વાત સંતાડીને બોલી-"જુવો કંઇ બે ભાન થઇને પડી જતાં ના. ભાઇને જોતાં નથી તો નેત્રો આગળ અંધારૂં જુવો છો."

હસીનાના શરીરમાં પ્રાણ આવ્યો. પહેલાં અમીનાની બોલી સાંભળી તેને ઘણી ખીજ લાગી હતી. પણ હવે તેની બોલી તેવી ન

હોતી. ત્યારે હોય ન હોય, હસીનાએ બોલું સમજ્યું હતું. નિદ્રામાંથી અકસ્માત્ જાગી ઉઠી હતી, તેથી ભૂલ સમજી હશે. પણ ન જાણે કેમ, હજુ પણ તેનું મન ગભરાઇ કેમ રહ્યું છે. ભાઇ માટે તેનો આત્મા આટલો વ્યાકુલ કેમ થઇ રહ્યો છે? તેણે ફરી પૂછ્યું, "ભાભી! મારા ભાઇ ક્યાં ગયા છે?"

ભાભીએ ઉત્તર આપ્યો,—"ચૂલામાં ગયા છે. કયાં જાય છે" તે મને કહિને ચોડાકજ જાય છે?

અમીનાની તે આત્મગ્લાની, તેનો તે હૃદય ભેદી પસ્તાવો આટલામાં ક્યાં ગયો. હસીના સાથે આવી વાતો કેમ બોલી રહી છે? હમો તો પહેલાંથીજ કહી ચૂકયા છીએ; આપ લોક અમીનાનો સ્વભાવ સહજમાં સમજી શકો તેમ નથી.

અમીનાએ ત્યારે કહ્યું—"તારા ભાઇ માટે આટલા અધિર થઇ રહ્યાં છો તો તેમને શોધો. કહોતો હું પણ સાથે આવું. તમારા ભાઇ ઘરમાંજ કંઇ સંતાયા હશે.

એમ કહીને અમીના પોતાની નણંદનો હાથ પકડીને તાણવા લાગી. એટલા જોરથી તાણ્યો કે હસીનાને આચકો વાગ્યો. પરંતુ તે સમય ભાઇ માટે એટલી વ્યાકુલ થઇ રહી હતી કે પોતાના શરીરની સ્થિતિનું તેને કંઇ ભાન થયું નહિં. અમીનાએ કહ્યું, "જુવો, અહિં કહિં હશે, જલદી શોધી કાઢો, નહિ તો તમને પકડી અહિંથી ફેંકી દઇશ."

અમીનાની અધિરતા ધીરે ધીરે વધતી જતી હતી તેની બોલીથી અધીરતાનાં ચિહનો જણાતાં હતાં. તે સૌની સામે પોતાનો અહંકાર અડગ રાખી શકતી હતી. પરંતુ તે સમય પોતાના મનનો ભાવ તેનાથી છુપાવી શકાયો નહિં. હસીના પોતાની ભાભીને કંઇ કંઇ ઓળખતી હતી. તેથી તેણે કંઇ વિચાર કરી કહ્યું, "ભાભી! હું મારા કમરામાં સઘળ જાઉં. મ્હારા ભાઇ પોતેજ આવશે. સામે તે નિકળશે નહિં."

ત્યારે અમીનાએ ગુસ્સે થઇ કહ્યું—"મોએ તેમને કંઇ કરી દીધું છે. તમો ન પણ તમને જોશે ત્યારેજ આવશે, મારા સામે નહિં આવે જલદી શોધી લાવ? સત્વર કે લાવ! બસ વાર ના કરો."

હસીનાના હાથમાં દીવો હતો દીપકના અજવાળામાં અમીનાનું મુખ તેનાં નેત્રોમાં દ્વેષનો અગ્નિ બળી રહ્યો છે. નેત્રોમાં બે દીપાં આંસુ પણ જણાય અગ્નિ અને જળ તે બન્નેનો એક સાથે સંગ થયો છે. હમો ફરી પણ કહીએ છીએ, નાને કેમ ઓળખી શકીએ?

અગત્યની જાહેર ખબર.

શરમ અને ફેશન—ફાટેલાં કપડાં શી અને મેલાં કપડાં ધોઇને પહેરવામાં જરા શરમાશો નહિ. વળી ફેશનની બિલકુલ ન કરતાં તમારાં પગરખાં તથા કપડાં બદલે ચોકાક દીલાં બનાવો.

શરદી અને ગરમી—ઋતુઓને માલૂમ પડતી બહારની શરદી કે ગરમીને ન ખમી શકો તો નાડી સમજજો કે નાજુક નહિ પણ મુરદાલ છો; અથવા સામે સાદા ઉપચારોથી રક્ષણ કરવા સામાન્ય અકકલ પણ તમારામાં નથી.

દુઃખ્યાથી મુવા ભલા—તમે દિવસે એવા બનતા જાઓ કે જેથી તાપૂર્વક તમારા દેશને કાંઇ પણ લાભ ચાડી શકે. જેઓ એવા બનવાને ન તેમણે જીવવા કરતાં મરી જવું એ સારૂ છે.

જુવાનનો ધૂર્ત—ઇવનચરિત્રો ધનિકાસના વાંચનથી મનુષ્ય જુવાનનો બની જાય છે ખરો; પણ તેથી કાંઇ ચોક્કસ પૈસે તેના વાળ સફેદ બની જતા નથી કે ન તેનાં હાડ્યાં બોખી બનીને ગાલપર કરચલીઓ પાની. હા, તે દૂર મનુષ્યના જેવો અનુભ —યો બને છે ખરો; પણ કાંઇ ઉંમરાજી જે બાબા બાંધમ (ગમિંદીન) બની જતો નથી

નિર્દોષોની કતલ.

દયાળુ રાજ્યકર્તાઓને વિનંતિ.

ડાહી નીતિને નામે ગરિબ પ્રાણીઓની કતલ જગતમાં કરવા દેવામાં આવે છે. તેથી દયાળુ રાજ્યકર્તાઓનું ધ્યાન હું નીચેની સત્ય બાબતો ઉપર ખેંચવા રજા લઉં છું.

૧ ડાહી નીતિએ વિધવાઓને જીવતી બાળી હતી.

સતિને નામે હજારો હિંદુ વિધવાઓને હિંદુસ્તાનમાં જીવતી બાળી મુકવી એ ફેશન હતી

ગવર્નર જનરલો પછી ગવર્નર જનરલોએ આ નીતિનો ડાહી નીતિ ગણી અને આવા ભયાનક ગુન્હાઓ ચાલવા દીધા હતા.

લોર્ડ વિલિયમ બેન્ટિંકે આ ડાહી નીતિને લાત મારી અને સતી ન થવાના રિવાજને બંધ કરી આશીર્વાદિત થયો.

૨ ડાહી નીતિએ ભયંકર ગુલામી ધંધાને ચાલવા દીધો હતો.

ઇતિહાસના અભ્યાસીઓ જાણે છે કે ગુલામોનો વેપાર મનુષ્યને દુઃખી કરવામાં કેટલો બધો જવાબદાર છે.

ગવર્નમેંટો પછી ગવર્નમેંટો પૃથ્વી ઉપર થઇ ગઈ અને તેઓએ એ ગુલામી ધંધાને ચાલવા દેવામાં ડાહી નીતિ માની.

ઇંગ્લાંડના રાજા ચોથા વિલિયમે આ ડાહી નીતિને લાત મારી અને ગુલામી કાયદો રદ કરી આશીર્વાદિત થયો.

૩ ડાહી નીતિએ પ્રાણીઓ પ્રત્યે ક્રુરતા ચલાવા દીધી.

લાખો ગરીબ પ્રાણીઓ તરફ માણસો બહુજ ક્રૂર રીતે વર્તે છે.

ગવર્નમેંટો પછી ગવર્નમેંટ વિશ્વમાં મનુષ્યોને આવી ખરાબ રીતે વર્તવા દેવામાં ડાહી નીતિ માની.

ઇંગ્લાંડના રાજા ચોથા જ્યોર્જે આ ડાહી નીતિને લાત મારી, અને દુનિઆમાં પહેલ વહેલો પ્રાણી રક્ષણનો કાયદો પ્રસાર કર્યો.

૪ ડાહી નીતિએ ધર્મમાં પણ દુષ્ટતા ચાલવા દીધી

સ્વર્ગના ઉમેદવારો ધર્મને નામે હિંદુસ્થાનમાં હજારો ગરીબ પ્રાણીઓનો દુષ્ટતાથી વધ કરતા હતા

હિંદુસ્થાનના સેક્રેટરીઓ પછી સેક્રેટરી આવી ગયા અને આવા સ્વર્ગના ઉમેદવારોને ધર્મને નામે ઘાતકી થવા દેવામાં તેઓએ ડાહી નીતિ માની.

જ્યારે લોર્ડ મોર્લી હિંદુસ્થાનના સ્ટેટ સક્રેટરી નીમાયા, ત્યારે તેણે એ ડાહી નીતિને લાત મારી –અને આવી ધાર્મિક દુષ્ટતા બંધ કરવાનું પુણ્ય વહોર્યું.

અંતિમ પ્રાર્થના.

દરેક રાજ્યકર્તાઓને એક દિવસ તેઓએ આ વિશ્વમાં કરેલાં કામોનો હિસાબ આપવા પરમાત્મા પાસે ઉભું રહેવું પડશે.

આથી હું આ પૃથ્વીપરના દરેક રાજ્યો અને સ્ટેટોમાંના રાજ્યકર્તાઓને પ્રાર્થના કરૂં છું કે ગરીબ અને નિર્દોષ પ્રાણીઓની કતલ જેમ મહારાજા અશોકે બંધ કરી હતી તેમ બંધ કરવાની પ્રાર્થના કરૂં છું.

અશક્ત મુંગા અને નિર્દોષ પ્રાણીઓને આટકીઓની દુઃખદાયક છરીથી બચાવવાના પરોપકારપણાની બરોબરી બીજા કયા પરોપકારથી થઇ શકે એમ છે.

દરેક માણસો ગરીબ પ્રાણીઓની જે વખતે ગરદન કપાય તે વખતે પોતાનીજ તે સ્થળે હોવાની અટકળ કરો જેથી ઉપરના વચનોનો સાક્ષાત્કાર તેઓને થાઓ.

જુનાગઢ) લાભશંકર લક્ષ્મીદાસ.

* એક વેજીટેરીઅનની અદ્‌ભુત શક્તિ.

(રા. નારણજી બાપુભાઈ દેસાઇ.)

મી. સદાશિવ વિષ્ણનાથ દાતાર નામના એક ગૃહસ્થે ૧૯૧૫ માં દોડવાની શરતમાં ત્રણ કલાકમાં ૨૭ માઇલ દોડી દુનીઆના એક ઉત્તમ દોડનાર તરીકે પોતાને સાબેત કીધા છે. તેઓ એક વેજીટેરીઅન હોવાથી અમો તેની જીંદગીનો કેટલોક હેવાલ અત્રે આપીએ છીએ. જો એમનો જન્મ કોઇ બીજા દેશમાં થયો હોત તો તેઓ આજ સ્થળે સ્થળે અને ખૂણે ખૂણે જાણીતા થયા હોત અને એમને આશરો આપનારની સંખ્યા હજારોની થાત.

મી. સદાશિવનો જન્મ ૧૮૮૭ માં દક્ષિણની અંદર આવેલાં સાંગલી નામે દેશી રાજ્યમાં એક ગરીબ પણ પ્રામાણિક અને ઉંચા બ્રાહ્મણને ત્યાં થયો હતો. એના પિતાએ એક નાની પ્રાથમિક શાળા સ્થાપી હતી અને તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. સદાશિવ જે એના પિતાનો બીજો છોકરો હતો તે નાનપણથી એક ચાલાક તોફાની છોકરા તરીકે જાણીતો હતો. સદાશિવને માંડ દશ વર્ષ નહિ થયા હશે એટલે પ્લેગથી એના પિતા તથા મોટા-ભાઇ ગુજરી ગયા. આ પ્રમાણે એણે હજી ત્રણ ચાર ચોપડી તો પુરી કરી નહિ એટલામાં એને માથે દુનીઆદારીનો તથા ભરણ પોષણનો બોજો માથે આવી પડયો. આ રીતે તેણે ભણવાનું મુકી દઇ એક તાંબા પિત્તળનાં વાસણ બનાવવાની દુકાન કાઢી, જે હજી પણ તે ચલાવે છે. આની આવક પર તેઓ જેમ તેમ કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

નાની ઉમરથીજ એને શારીરિક કસરતનો બારે શોખ હતો. પહેલાં એણે બકુસ્તી શીખવાનો વિચાર કીધો. પણ દોડવા તરફ એનું લક્ષ વધારે ખેંચાયું અને ત્યારથીજ તેણે એ કામ શરૂ કીધું. એણે પોતાની પ્રથમ કારકીર્દી પંદરમા વરસથી શરૂ કીધી, અને ૧૫-૨૦ મીનીટમાં બે માઇલ સહેલાઇથી દોડાય છે એમ એને લાગ્યું. એક વરસ પછી પોતાની તાલીમ જારી રાખવાનો એણે એક નવેા ઉપાય શોધી કાઢયેા. સાંગલીથી સવા બે માઇલને છેટે બે નદીના સંગમ ઉપર એક મહાદેવનું શિવાલય આવેલું છે જે બહુજ પવિત્ર મનાય છે. હવે મી. દાતારે એવું પણ લીધું કે ભળસકામાં ઉઠી દરરોજ સંગમેશ્વરે જઇ મહાદેવના દર્શન કરી ત્યાંથી પાછા ફર્યા બાદ ઘેર આવી ખાવું. જ્યાં સુધી દર્શન કરી આવ્યા નહિ ત્યાંસુધી કંઇ પણ અન્ન ફળ લેવું નહિં. આથી બે કામ એકી વખતે સાધવાનું તેણે મનમાં લીધું. એ પ્રમાણે આજ દશ વરસ થયાં તે દરરોજ જતાં આવતાં બળી પાંચ માઇલની મજલ ૨૫ મીનીટમાં દોડે છે. આ તેની એક ધાર્મિક ફરજ હોવાથી તેમાં તે કોઇ દિવસ ચુકયેા નથી. અને ત્યાં જઇ આવ્યા વિના અન્ન અગર ફળનેા એક કોળીઓ લેતેા નથી. પોતાનામાં આવી દોડવાની ઉત્તમ શક્તિ છે એવું ભાન એને ત્રણેક વરસ પર થયું. તે શક્તિ સાબીત કરી જોવા તેણે સાત માઇલ પર આવેલાં બીજાં મંદિરે દોડી દર્શન કરી પાછા આવવાનું માથે લીધું. આ પ્રમાણે તે ૧૪ માઇલ સવા કલાકની અંદર જઇ આવ્યેા. પહેલી વખત તેા આ તેને અજાયબ જેવું લાગ્યું, પણ હરી બીજી વાર એક સાઇકલીસ્ટ સાથે દોડતેા ગયેા અને મારેલા વખતે પાછા આવ્યેા. આથી એને પાકી ખાત્રી થઇ કે એ શક્તિ હજી વધારે ખીલવવાથી વધુ સારા પરિણામેા આણી શકશે. ત્યાર પછી ૧૯૧૫ ના માર્ચમાં દખણ ક્રીકેટખાનાના રમત રમતના વાર્ષિક મેળાવડા વખતે તે ૩ કલાક ૮ મીનીટમાં ૨૭½ માઇલ દોડી શકયેા હતેા, અને સપ્ટેંબર ૧૯૧૫માં તે ૨ કલાક ૫૯ મીનીટમાં ૨૬ માઇલ દોડયેા હતેા.

* અગાઉ ઉપરથી—

તેને દોડતી વખતનો પોશાક ઘણો સાદો હોય છે. ત્યારે તે એક પહેરણ, ટુંકી ધોતી અને માથે ટોપી પહેરે છે. તે પોતાના પગ ઉઘાડા રાખે છે અને હાથમાં એક દંડુકી પકડે છે.

તેનો ખોરાક ઘણોજ સાદો છે. અને તે માંજ તેની કુનેહ સમાયલી છે. બ્રાહ્મણ હોવાથી તે એક પકકો વેજીટેરીઅન છે. અને દારૂ અગર એવા બીજા કોઇ કેફી પીણાં લેતો નથી. દરેક ખોરાક વખતે બાજરીની રોટલી, ચોખા, કઢી અને શાક ભાજી લે છે. તેને કદી પણ ઘઉંની રોટલી, ફળ અગર એવાં બીજા પૌષ્ટિક ખોરાકો લેવાની ટેવ નથી. અડધા શેરથી વધારે દુધ એકી વખતે તે કદી પણ લેતો નથી. તે કદી પણ નિયમ ઉપરાંત વધારે ખોરાક ખાતો નથી. અને તેથી તે છેલ્લાં પંદર વરસમાં કોઇ દીવસ માંદો પડયો નથી. તેને વળી ચા કાફી લેવાની પણ ટેવ નથી. પણ કોઇ કોઇ વાર તે બીડી પીએ છે પણ તેની તેને ટેવ નથી. હજી તે કુંવારો છે.

અજબમાં જેવી વાત છે કે દોડવામાં આટલો કુશળ નીવડયો પહેલાં તે ઉરતાદ તરનારો ગણાતો હતો. ચોમાસામાં તે કૃષ્ણા નદી જ્યારે ભરપુર હોય છે ત્યારે કલાકો સુધી તર્યા કરે છે. તે વધુ વખત પાણીમાં તરી શકે છે અને તરવાની ઘણી યુક્તિઓ જાણે છે.

તેને તરતો જોવો એ પણ એક મોજ છે. તરતી વખતે તેમજ દોડતી વખતે તે હમેશ શાંત રહે છે અને હાંફી જતો નથી.

એનું માપ નીચે મુજબ છે.

	ફુટ-ઇંચ
ઉંચાઇ	૫-૩½
છાતી	૩૩½
,, (પહોળી કર્યા પછી)	૩૫½
ગરદન	૧૩,,
કમર	૨૮½
જાંઘ	૧૯½

દોડવામાં અગર તરવામાં એને કોઈ પણ ઉસ્તાદ કેળવ્યો નથી. જે કાંઇ શીખ્યો તે પોતાની મેળેજ.

કવિ નજીર અકબરાબાદી.

ઉર્દુ સાહિત્યના બાગમાં અનેક કવિકોકિલાઓએ પોતાનાં મધુર કૂજનો રેલાવ્યાં છે પરન્તુ જે ગાન કવિનજીરે ગાયું છે તે કોઇથી ગવાયું નથી. જુલ્ફ, નાજ, ખેવફાઇ, ફુલ વગેરે વિષયોથી આગળ વધી બહુજ થોડા કવિઓએ પગ મૂકયા છે. પણ નજીરે તો ઇશ્વરની પ્રત્યેક પ્રકારની સૃષ્ટિમાં સૌંદર્યની ઝલક જોઇ છે. તેણે જે વિષય ઉપર કલમ ચલાવી છે તે વિષયનું બરાબર નિરૂપણ કર્યું છે. કવિનું કળાવિધાન એવું તો અદ્વિતીય છે કે તેની બરાબરી કોઇ કરી શક્યું નથી.

નજીરનું નામ શેખવલી મહમ્મદ હતું તે અકબરબાદ (આગ્રા) નો રહેવાસી હતો. એનો જન્મ કયાં થયો, કયારે થયો ને કઇ માતાના પેટથી થયો એની બરાબર માહિતી મળતી નથી. 'જીન્દગાની–એનજીર' ના લેખકના મત પ્રમાણે એના પિતાનું નામ મહમ્મદ ફરૂખ જણાયું છે. નજીર બહુ કુશળ આદમી હતો. તેણે કદી કોઇ અમીર-ઉમરાવના દરબારમાં જઇ હજુરીયાનું કામ કર્યું નથી. કારણ કે કિતાબો લખવાના વ્યવસાયને લીધે તેને બીજું કશું રૂચ્યું જ નહોતું. નજીરને આ દુનિયામાંથી ગયાને બહુ વખત થયો નથી. તેને નજરે જોનારા વૃદ્ધ માણસો પણ હજુ કેટલેક ઠેકાણે મળી આવે છે. લોકકથા એમ છે કે નજીર મહિને ત્રણ રૂપિયા લઇને એક વિદ્યાર્થીને ભણાવતો હતો. એવી અવસ્થામાં એક શ્રીમાનને ત્યાં મહિને ૮૦) રૂપિયાની જગા આપવાનો સંદેશો આવ્યો. નજીરે તેનો જવાબ આપ્યો કે વર્તમાન માલિકની મંજુરી વિના હું બીજે નોકરી કરી શકતો નથી; જ્યારે નજીરે માલિકને પૂછયું ત્યારે તેણે પણ રૂપિયા સાથે જગા લેવાનો પણ પ્રબંધ કરાવી આપ્યો.

સંભવ છે કે નજીરને પોતાની પાઠશાળા હોવી જોઇએ. તેમાં ઘણા વિદ્યાર્થીઓ ભણતા

હોવા જોઇએ. અને ભક્તિ તથા શ્રદ્ધાથી નજીરની સેવા તેઓ કરતા હોવા જોઇએ, કારણ કે તેને બીજાના તાબામાં રહેવાનો કંટાળો હતો.

કવિતાના વિષયમાં નજીર કોઇનો શિષ્ય થયો નહોતો અને થયો હોય તો તે વિષે કાંઇ જાણવામાં આવ્યું નથી. કલ્પના થઇ શકે કે તે શિષ્ય હોય તો મીરનો થઇ શકે. નજીર એક એવો કવિ સમાજમાં થઇ ગયો કે તેણે માત્ર મીરનીજ એક શેરને પસંદ કરી હતી, આથી એમ સિદ્ધ નથી થતું કે તે મીરનો શિષ્ય હતો! અમે તો ખાસ આગ્રહ પૂર્વક કહીએ છીએ કે તે મીરથી ચડી જાય એવો હોવાથી તેનો શિષ્ય થઇ શકે નહિજ. ક્યાં મીરનો રંગ અને ક્યાં ઉર્દુ-કવિતાને નવો શણગાર સજાવનાર નજીરની સૌંદર્ય સૃષ્ટિ! ઉંચી કોટીના કવિઓમાં સૌંદર્યોપાસના સ્વાભાવિક હોય છે. તેઓ બાહ્ય તેમજ અભ્યન્તર સૌંદર્યના ઉપાસક હોય છે. તે એકવાર નજીર કોઇ બાગમાં ફરતો હતો, એટલામાં ત્યાં એક અત્યંત રૂપવતી સુંદરી આવી. તેને જોઇને કવિએ નીચે પ્રમાણે કહ્યું–

કરમ કરદન બ હવાસે ગરીબાં
જ દિલદારાં જ દિલદારી તવાં ગુફ્ત.

થોડીવાર પછી એ સ્ત્રીએ જવાની રજા માંગી, ત્યારે તેનો હાથ પકડીને તેને રોકી. જ્યારે તે સ્ત્રીએ કહ્યું કે "જનાબ! મને એમ થાય છે કે હું હવે ઉઠીને ચાલી જાઉં" ત્યારે નજીરે કહ્યું કે "હું તમને ન જવા દઉં એમ મને થાય છે."

"શું આપ મારા ઉપર મોહિત થયા છો!" તે સ્ત્રીએ પૂછ્યું.

"હું તો પવિત્ર ભક્ત છું', નજીરે જવાબ આપ્યો.

"તો રિન્દ (મસ્ત, બેપરવા, ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનાર, મનથી પવિત્ર ને ઉપરથી સ્વચ્છંદી) બની જાવો."

"હજુ સુધી તો એવો નથી થયો."

"હવે થઇ જાઓ."

"હવેની હકીકત ખુદા જાણે!"

એટલું સાંભળી સુન્દરી ચાલી ગઇ. નજીર સૌંદર્યનો ઉપાસક હતો, કિન્તુ તે પવિત્ર ભાવોથી, ભરેલો હતો. તેની ઉપાસના કામજન્ય નહોતી એના ચિત્ત ઉપર તે સુન્દરીની વાતોથી કાંઇપણ નઠારી અસર થઇ નહિ!

નજીરે ઋતુવર્ણન, સંસારીને નશ્વરતા, ધ્યેયની મહત્તા, બ્રહ્મત્વ, વગેરે અનેક વિષયો ઉપર કવિતાઓ લખી છે. અને પ્રાયઃ બધુંજ નૈસર્ગિક વર્ણન કરેલું છે. એનું નૈસર્ગિક વર્ણન જોઇને સહસા મોંઢામાંથી ઉદ્‌ગાર નીકળે છે કે ધન્ય ઉર્દુ સાહિત્યના શેકસપિયર! શેકસપિયરનાં કાવ્યો વાંચતાં પ્રતીત થાય છે કે તેના હૃદયમાં વિજાતીય મનુષ્યો તરફ ઘૃણા હતી. તેના મર્ચન્ટ ઑફ વેનિસમાં યાહુદીનું કેવું ચિત્ર ઉતાર્યું છે! પરન્તુ નજીરના મુખથી "કૃષ્ણ કન્હૈયાં-કા બાલપન" સાંભળીને કોણ એવો લાગણી-હીન માણસ હોય કે જેનું હૃદય દ્રવીભાવમાન ન થાય!

નજીર અરબ્બીનો મૌલવી અને ફારસીનો ફાજિલ હતો, પરન્તુ તેણે ઉર્દુ એટલી સરસ લખી છે કે વારંવાર વાંચવાનું મન થાય છે. નજીરનાં કાવ્યોમાં કાંઇક એવું માધુર્ય છે કે જે શબ્દોમાં આવી શકતું નથી! (મોંઢે કહી શકાતું નથી.) વાચકના ચિત્ત વિનોદાર્થે તેમાંની થોડી કવિતાઓ આ નીચે આપેલી છે અને અમે આશા રાખીએ છીએ કે વાચક નજીરના દિવ્ય રૂપમાં અથવા એક સાચા કવિના શુદ્ધ સ્વ-રૂપમાં લીન થાય! લક્ષ્મીને કોઇ માથા ઉપર બાંધીને સધ નથી શકતું? તેની ગતિ ત્રણ પ્રકારની છે "દાનં ભોગો નાશસ્તિસ્રો ગતયો ભવન્તિ વિત્તસ્ય" નજીર તેની 'બાબા' નામક કવિતામાં લખે છે. કે:—

૧. જરકી જો મુહબ્બત તુઝે પડ જાયગી બાબા
દુઃખ ઉસમેં તેરી રૂહ બહુત પાયગી બાબા
હર ખાને કો હર પીને કો તરસાયગી બાબા

દોલત જો તેરી યૉં હૈ ન કામ આયગી બાબા
ફિર ક્યા તુઝે અલ્લાહ સે મિલવાયગી બાબા.
૨. દોલત જો તેરે પાસ હૈ રખ યાદ તૂયે બાબા યા તૂભી ઔર કર ખુદાકી રાહમેં ખેરાત
દેનેસે ઇસીકે તેરા ઊંચા રહેગા હાત ઔર માંભી તેરી ગુજરેગી સૌ ઐશસે ઔકાત
ઔર વાંભી તુઝે સૈર યે દિખાયગી બાબા.
૩. યહ તો ન કિસી પાસ રહી હૈ ન રહેગી જો ઔરસે કરતી રહી તુજસે ભી કરેગી
કુછ શક નહીં ઇસમેં જો બદી હૈ વહ ઘટેગી જબ તક તૂ જિયેગા તુઝે વહ ચૈન ન દેગી
ઔર મરતે હુએ ફિર યે ગનમ લાંયગી બાબા.

સર્વં ખલ્વિદં બ્રહ્મ—ના વિચારોને પણ નજરે પોતાની કવિતામાં ગુંથ્યા છે. એનું ઉદાહરણ આ પ્રમાણેઃ—

તનહા ન ઉસે અપને દિલે તંગ મેં પહચાન
હર બાગ મેં હર દશ્ત મેં હર સંગ મેં પહચાન
બે રંગ મેં બારંગ મેં ને રંગ મે પહચાન
મંજિલ મેં મકામાત મેં ફર સંગ મેં પહચાન
હર આન મેં હર બાન મેં હર ઢંગ મેં પહચાન
આશિક હૈ તો દિલબરકો હર ઇક રંગ મેં પહચાન

નજરે એક બેનજીર કવિતા પ્યારા કૃષ્ણના બાળપણ ઉપર લખી છે વાચક! જુઓ કેવી અમૃતમયી કવિતા છે ?:—

૧. જહિરમેં સુત વો નન્દ જસોધાકે આપ યે
વરના વો આપ હી માધ ઔર આપહી બાપ યે
પર્દેમેં બાલપન કહિયે જિન્હે સો વો આપ યે
જોતી સરૂપ કહિયે જિન્હેં સો વો આપ યે
ઐસા થા બાંસુરી કે બજૈયાકા બાલપન
ક્યા ક્યા કહું મૈં કૃષ્ણ કન્હૈયાકા બાલપન
ઉનકો તો બાલપનસે ન થા કામ કુછ જરા
સંસારકી જો રીતયી ઉસકો રખા બજા
માલિક યે વો તો આપ ઉન્હેં બાલપનસે ક્યા
વહાં બાલપન જવાની બુઢાપા સબ એક થા
ઐસા થા બાંસુરીકે બજૈયાકા બાલપન
ક્યા ક્યા કહું મૈં કૃષ્ણ કન્હૈયાકા બાલપન
બાસે હો બિરજરાજ જો દુનિયામેં આ ગયે.
મેલી કે લાખ રંગ તમાશે દિખા ગયે.
ઇસ બાલપન કે રૂપ મેં. કિતનોં કો ભા ગયે
ઇક રેલી લહર થા કિ જહાં કો જતા ગયે.
ઐસા થા૦
ક્યા કહૈ૦

યોં બાલપન તો હોતા હૈ હર તિફલ કા ભલા
પર ઉનકે બાલપન મેં કુછ ઔર ભેદ થા.
ઇસ ભેદ કી ભલાજી કિસીકો ખબર હૈ ક્યા
ક્યા જાને અપને ખેલને આયે યે કૃષ્ણ ભલા
ઐસા થા૦
ક્યા કહૈ૦

આવાં રસભરિત કાવ્યો વાંચતાં સહજ મુખમાંથી નીકળી પડતા શબ્દો એટલાજ હોય કે ધન્ય! ભક્તશિરોમણિ કવિ નજર! નજર!! વળી આંખો પ્રેમાશ્રુથી ભરાઇ આવે તો એમાં પણ આશ્ચર્ય નથી! નજરની એ પ્રેમોન્માદમયી મૂર્તિ આંખો સામે આવીને હૃદયને વિહ્વળ બનાવી દે છે. કવિતા તેનુંજ નામ છે કે જે હૃદયમાં ઉન્માદ પેદા કરે!

નજરે 'બરસાતકી બહારે' 'મુફલસી' 'બનજારે નામા' આદિ અન્ય પણ ઘણી કવિતાઓ લખી છે. અમે કેટલુંક વર્ણન કરી બતાવીએ? છેવટે એ ભક્ત કવિના સ્વરમાં સ્વર મિલાવી કહીએ છીએ કેઃ—

સબમિલ કે મારો કૃષ્ણ મુરારી કી બોલો જય
ગોવિન્દ ઉમ્ર કુંજબિહારી કી બોલો જય
દધચોર કાલીનાથ, બિહારીકી બોલો જય
તુમભી નજર કૃષ્ણ મુરારીકી બોલો જય.+
બરવાળા.) ધીરજ.

+ હિન્દી-સરસ્વતી ઉપરથી નોટ-મીયાં નજરની કાવ્યકૃતિ ઉપર એક વિસ્તૃત નોંધ 'વીસમી સદી' માસિકનાં એપ્રિલ ૧૯૧૬ ના અંકમાં જાણીતા લેખક રા. રમણિક અ. મેતાએ લખી છે. તેમાં તેનાં કુદરતનાં કાવ્યો કે જે અંગ્રેજ કવિ બાયરનનાં કાવ્યોને પણ ઘડીવાર ભૂલાવી દે તેવાં છે. તેનો તેમજ ભક્તિ રસમાં અને અન્ય વ્યવહારિક કાવ્યોનો પણ ઘણો ઉત્તમ આસ્વાદ ગુજરાતી બાલમને ચખાડ્યો છે. પ્રસ્તુત લેખમાં રા. મહેતાના સંચય કરતાં અન્ય કાવ્યોજ દર્શાવ્યાં છે અને તેથી મળતા લેખમાં કેટલોક ઘટતો ફેરફાર કર્યો છે.



(૧)

સમય મધ્ય રાત્રિનો હતો. ચંદ્રાવતીના પાણી ધીમે ધીમે વહેતાં હતાં. આ સમય કોઇ રૂદન કરતું હોય એવો અવાજ આવ્યો. ત્રીસેક વર્ષનો એક યુવક સરિતા તટે ચંદ્ર તરફ જોઇ રહ્યો હતો. આ અવાજ શ્રવણે પડતાંજ તરત ઉઠ્યો. જે દિશામાંથી રૂદન સ્વર આવતો હતો ત્યાં ગયો. તેણે શું જોયું! મનોહર આકૃતિની એક સુન્દર નિર્દોષ બાલિકા રૂદન કરતી હતી. જોઇ કે દેખાતી હતી દુઃખી –પરંતુ તેના ચહેરામાં એવું હતું કંઇ અલૈકિક તેજ કે યુવક એકદમ સ્તબ્ધ થઈ ગયો. અંધારી રાત્રી ન હોવાથી ચંદ્ર પૂર્ણ કલાથી પ્રકાશતો હતો. જોયું–જોતો તૃપ્ત ન થયાં, ચોથી વખત જોયું "હા. આવી સુન્દર બાલિકા આવા સમયે શા માટે દુર્ગ બહાર નીકળી હશે. કેવી સુન્દર; બ્રહ્માનીકૃતિનો ઉત્તમોત્તમ નમુનો" યુવક બબડ્યો. યુવક બાલિકા પાસે ગયો. તે બાલિકાના નેત્રમાંથી મોતીના હારની માફક અશ્રુ દેખાતાં હતાં. તેના હોશ કોશ ઉડી ગયા હોય એવું લાગતું હતું. અત્યારે જાણે સ્વર્ગ-સંપત્તિ ઉતરી આવી હોય એવી સુન્દર લાગતી હતી.

યુવક–તું કોણ છે.

બાલિકા બોલી–પિતાજી આવ્યા?

યુવક ચુપ થઇ ગયો.

બાલિકા બોલી–કેમ બોલતા નથી પિતાજી! પાછા શું આવ્યા જશો?

આવો પિતાજી પાછા આવો. નિર્દોષ બાલિકા મૂર્છા ખાઇ હેઠે પડી.

અહાહા, કેવી નિર્દોષ! બાળા શું આવી સુન્દર બાળાનો પિતા એવો નિષ્ઠુર કે એકલી મુકી તે ચાલ્યો ગયો હશે.

"ના, તે નિષ્ઠુર ન હતો, પરંતુ તેના મને તેને એવી શિખામણ આપી કે રાજસેવા ઉત્તમ છે. તેણે પોતાનું કર્ત્તવ્ય સારી રીતે બજાવ્યું છે. હાલ તે સ્વર્ગમાં છે" કોઇએ જવાબ આપ્યો.

આજે પરમાત્માએ આ નિર્દોષ બાલિકાનું રક્ષણ કરવા મને મોકલ્યો હશે. યુવક બોલ્યો. તરતજ તેણે બાલિકાને ઉંચકી લીધી.

× × ×

જ્યારે તે બાલિકા જાગી ત્યારે પોતાને એક મોટા મહેલમાં જોઇ. મહેલ જાત જાતની સુન્દર ચીજોથી શણગારાયલો હતો. હજારો દાસ દાસીઓ આમ તેમ ફરતા હતા. બાલિકા બેઠી થઇ. આ વખતે એક શહેનશાહ જેવા મનુષ્યે પ્રવેશ કર્યો. આ મનુષ્ય તે મહાન શહેનશાહ અકબરજ હતો. અકબર પેલી બાલિકાને પૂછવા લાગ્યો.

અકબર–તારૂં નામ શું?

બાલિકા–મારા પિતા મ્હને "આશા કુમારી" એ નામથી બોલાવતા.

અકબર–તારા પિતા ક્યાં છે?

બાલિકા–મને કહી ગયા કે હું ત્રણચાર દિવસમાં આવીશ.

અકબર–શું તને એકલી મુકી ગયા હતા? બાલિકા રડતી રડતી બોલી. ના મારી મોટા મા હતાં ને તેની પાસે મુકીને ગયા હતા પણ મારા પિતા ગયા પછી બીજે દિવસે બધા પુષ્કળ દાઢીવાળા આવ્યા હતા અને તેમણે મારી માને મારી નાંખી.

અકબરને પોતાને ભાન આવ્યું કે તેનાજ સૈન્યે ચંદ્રાવતીને પેશેપાર જતી વખતે આ નિર્દોષ બાલાની માને હેરાન કરી હતી.

બાલિકાએ આગળ ચલાવ્યું.

એ જણે કહ્યું–તમારી પાસે પૈસા હોય તે આપી દો?

ઓ પિતા! તેણીએ અકબરને ઉદ્દેશી કહ્યું.

પૈસા એટલે શું ? પૈસા કેવા હોય ?

અકબર–શું તેં પૈસાનું નામ પણ સાંભળ્યું નથી ! તેં કદી પણ પૈસા જોયા નથી !

બાલા–ના પિતાજી, મારા પિતાજી ગયા છે માટે હું તમને પિતાજી કહીશ. મારા પિતા આવે ત્યાં સુધી તમે મને તમારી પાસે રાખશો?

અકબર–હા. જો આનું નામ પૈસા. એમ કહી અકબરે તેને કેટલા સોના ચાંદીના સિક્કા બતાવ્યા.

(૨)

ઉપરોકત બનાવને છ વર્ષ વીતી ગયાં છે. આશા કુમારી આખા જનાનાખાનામાં સર્વ સાથે હળી ગઇ છે.

અકબર તેનાપર ઘણી મમતા રાખતો હતો. શાહજાદો સલીમ પણ આ સુસ્વરૂપા આશાને જોઇ ખુશી થતો હતો. વારેવારે સભા ગમમાં આવતા સલીમ આશાકુમારીપર મોહિત થયો.

સાંજના સમયે આશા બગિચામાં ફરતી હતી. સૂર્યનારાયણના પ્રકાશમાં અત્યંત સુન્દર દેખાતી હતી. ફરતી ફરતી મધ્યમાં આવી. કોઇ પાછળ આવતું હોય એવો ભાસ થયો. બાલિકા એકદમ ચમકી પાછું જોયું.

આવનાર વ્યક્તિ એક ઝાડમાં ભરાઇ ગયી તેનું વય આસરે વીસેક વર્ષનું હતું. ઉત્તમ પોષાકથી તેણે પોતાનું અંગ વિભૂષિત કર્યું હતું.

બાલાની આંખો કોઇએ જોયથી દાખી.

કોણ સલીમ સાહેબ કે ! આશા–કુમારી બોલી.

બ્હાલી આશા તારે પગે પડું છું હે સુન્દર આશા બ્હારામાંજ મારા સુખની આશા છે. સલીમ પગે પડતો બોલ્યો.

" હાંહાં સાહેબ આ શું કરો છો " આશા બોલી ઉઠી " મ્હને શા માટે પગે લાગો છો "

બ્હાલી તું મને અત્યંત બ્હાલી લાગે છે હું મ્હને ચાહું છું. આશા ! મ્હારી આશા ! એક વાર કહે કે " હું તમને ચાહું છું. પછી હું તારી સાથે લગ્ન કરીશ.

" શું શાહજાદા સાહેબ મને બનાવો છો! હું તો તમારી ગુલામડી ચાકરડી છું " આશા બોલી.

બેસે, આશા ! ખાત્રીથી માનજે કે જો હું તારો પ્રેમ સંપાદન નહીં કરી શકું તો હે આશા ! હું નકકી મરી જઇશ. હું તારા સ્વરૂપમાં દિવાનો થયો છું ! સલીમ બોલ્યો.

" સાહેબ, હજુર, આપના પિતા હિંદના શહેનશાહ છે અને હું તો એક નવારસ અજ્ઞાન અનાથ બાલા છું. તમારા પિતા તમારા પર ગુસ્સે નહીં થાય." મધુરી બાલાએ કહ્યું.

પિતાનો ગુસ્સો—પિતા રાજ્ય નહીં આપે તો આશા ! પિતાની પરવા નહીં કરતા આપણે ગમે ત્યાં રહીશું. મને રાજ્યની દરકાર નથી.

તું મળશે તો હું એમ ધારીશ કે મને આલમની શહેનશાહત મળી છે.

તે વખતે સલીમ બહુ નમ્ર બની ગયો. આશાને પગે પડયો. બહુ વિનંતિ કરી પણ આશા કાંઇ બોલી નહીં. એક બોજા સરખો આવતો જણાયો. "શાહજાદા સાહેબ, શહેનશાહ હજુર આવે છે એમ કહી ચાલ્યો ગયો.

"આશા કેમ જવાબ નહીં આપે" !

યા અલ્લાહ ! સલીમે કટાર કાઢી ઉપરનું વસ્ત્ર કાઢી નાંખ્યું અને બોલ્યો. " આશા સલામ ! હે પરિ હવે હું જીન્નતમાં જાઉં છું." સલીમની કટાર તેની છાતી માત્ર ચાર આંગળ દુર રહી. "ના ના શાહજાદા સાહેબ એમ ન કરો" આશા બોલી.

"ત્યારે શું મને ચાહે છે" સલીમે પુછયું.

આશાના નેત્રો જવાબ આપી રહ્યાં હતાં. સલીમે વધુ ન પુછયું. આશાને એક ચુંબન કરી ચાલ્યો ગયો.

\+ \+ \+

આશા એક બાંકડા પર બેઠી હતી ત્યાં મહેલમાંથી એક દાસી આવી ચઢી.

"કેમ નન્ની બેના આમ." આશાએ પુછ્યું. આશાબેન આજે તો બેગમ સાહેબના મહેલમાં મઝા થવાની છે ?

હેં ?

હા અને તમારે તો ખાસ કરી આવાનું છે. બેનની ચાલી ગઇ. બીજીવારે સલીમ પાછો આવ્યો.

"પ્રિયઆશા" સલીમે કહ્યું "આપણે સાંજે પાછા મલીશું, પણ સુન્દર ! હું તને એક બીંટી આપવા ઇચ્છું છું. આપણા પ્રેમની નીશાની તરીકે."

(૩)

આજે વડી બેગમના મહેલમાં સર્વ દાસીઓ મહેલ શણગારે છે.

થોડા વખતમાં મહેલ ભરાઇ ગયો. શહેનશાહ અકબર પણ આવી ચઢયા. વખણાયેલી ગાનારીઓએ ગાવાનું શરૂ કર્યું.

આશા આજે ઉત્તમ પોષાકમાં સજ્જ થઇ હતી. અત્યાર આગમજ આવી રીતે ઘણી વાર ગાવાનો વખત આવ્યો હતો અને બધી વખતે શહેનશાહે તેણીના સંગિતને વખાણ્યું હતું. પરંતુ ન જાને જાનકી નાથ પ્રાતઃકાલે કિ ભવિષ્યતિમ આશા આવીથી માનતી હતી. આજ પણ તેમ થશે એમધારતી હતી. સર્વ સ્થળે આશાની નજર ફરતી હતી.

શાહજાદો સલીમ બખકાદાર પોશાકમાં બેઠો હતો. આશા અને શાહજાદાના નેત્રો મળ્યાં. મોંપર સ્મિત ફરકયું, બીજીવાર દૃષ્ટિ એક થઇ. આશા ભાન ભુલી ગઇ. જાણે એક બગીચો હોય તેમાં તે અને સલીમ બેઠાં હોય એવો પ્રસંગ લાગ્યો. પોતે કયાં બેઠી છે તે ભાન પણ ભૂલી ગઇ–અંધ થઇ ગઇ, તેણી માત્ર સલીમ સિવાય કોઇને જોતી ન હતી. સલીમની પણ તેવીજ સ્થિતિ થઇ.

અકબરે પણ એકવાર જોયું. બીજી વાર જોયું. આખરે આશાને ગાવાનો હુકમ થયો. આશાએ ગાવા માંડયું પણ પાછું સલીમ સાથે નેત્ર એકમ થવાથી ભાન ભુલી ગઇ. બગાડી ગવાયું નહીં, તે એક પ્રેમનું સંગિત ગાતી હતી. એકદમ કંઇક અજ્ઞાત આકર્ષણથી મૂર્છા ખાઇ પડી, અને "પ્રિયતમ સલીમ" એ ઉદ્‌ગારો નીકળી પડયા. સલીમ એકદમ ઉઠયો.

અકબર ક્રોધિત થઇ ગયો. પોતાનો પુત્ર હલકી દાસી જેવી કુમારિકા સાથે પ્રેમમાં પડે એ તેને યોગ્ય ન લાગ્યું. સર્વ ચાલ્યા ગયા. હજી આશા જાગૃત થઇ નહતી. "અબદુલ્લા" અકબર એક બોન્દસરાને ઉદ્દેશી બોલ્યો.

"આ હરામખોર સ્ત્રીને એકદમ બોંયરામાં પૂરી દે અને સવારે એને જલ્લાદને સોંપી દેજે.

* * *

રાત્રિના બાર વાગ્યાનો સમય છે. આ વખતે કૃષ્ણ વસ્ત્રધારિન્ વ્યક્તિ દીલ્હીમાં જેલખાના આગળ આવી ઉભી. ચારેય સીસોટી વગાડી એક વ્યકિત બહાર આવી ઉભી.

તું કોણ છે ?

"અબદુલ્લા, તને શું ગમશે? કટાર કે એક હજાર સોનાના સિક્કા."

"શાહજાદા સાહેબ આપ શું કરવા માંગો"

"બીજું કંઇ નહીં, આશાકુમારીને મળવા માગું છું."

"ના સાહેબ માફ કરો, તેં નહી બને. શહેનશાહને ખબર પડે તો મારી ચામડી ઉતારી નાખે"

"વારૂં હું તને હજાર સોનાના સિક્કા આપું તો મને અન્દર જવા દેશો."

"સાહેબ તમને ના પાડી શકતો નથી. પણ એમાં જાન જાય."

કારાગૃહનું દ્વાર ઉઘડયું. સલીમ અંદર ગયો. પેલો બહાર ઉભો ઉભો વાત સાંભળવા લાગ્યો.

આશા જેને પોતાના જીવનની પણ આશા ન હતી, તે બીચારી રંક આશાને પ્રેમનું સંપૂર્ણ પ્રાયશ્ચિત મળ્યું હતું. હવે જીવવાની આશા રાખતીજ ન હતી. ગઇ કાલની મધુરી સુન્દર અને આનંદી આશા આજ નિરાશ થઇ ગઇ હતી. એક નાના ઓરડામાં એક ચટાઇ પર બેઠી હતી.

વ્હાલી, પ્રિયે તને મારે લીધે શોષવું પડયું માટે હું તારી ક્ષમા માગીશ.

મારો પિતા આટલો બધો ક્રૂર હશે એમ મેં ધાર્યું નહતું. કંઇ નહીં ચાલ વ્હાલી આશા ! હજી આપણે નાશી શકીએ એમ છીએ. સલીમે કહ્યું.

પ્રિય સલીમ ? હવે આ બેવકૂફ નાદાન આશાને ભુલી જાઓ. તમારા ભવિષ્યના સુખનો ભોગ ન આપો. જે આશા આ સૃષ્ટિમાં રડતી કકલતી અકબરશાહના હાથમાં આવી હતી, તેજ આશા તેનાજ હુકમથી સ્વર્ગમાં જશે. જાઓ, ચાલ્યા જાઓ' એવી બેવકુફાઇ ન કરો.

વ્હાલી આશા ! વખત જાય છે તે અમુલ્ય છે. હમણા કોઇ આવશે તો પાછો વિક્ષેપ પડશે.

નાના સલીમ, મારે માટે એટલું બધું કરવાની જરૂર નથી.

"માન, આશા, શું હું તને ચાહતો નથી? તું એટલી બધી નિષ્ઠુર થશે એવું મેં સ્વપ્નામાં પણ ધાર્યું ન હતું. વ્હાલા સલીમ ? જા, છેલ્લી સલામ. કાલે સવારે આ આશા સ્વર્ગમાં હશે. દુઃખી તો છુંજ તો પછી મને દુઃખમાં મરવા દે. મારે માટે કંઇ ફીકર ન કર. સલીમ તારે તો હજુ રાજ્યપાટ ભોગવવાનું છે. મારે તો મારી દુઃખી જીંદગીનો જેમ વહેલો અંત આવે તો સારૂં. મરીશ,પ્રેમને ખાતર પ્રાણ આપીશ. મરતી વખતે વ્હાલા સલીમ ! તને યાદ કરી સ્વર્ગમાં જઇશ. હું જાણું છું કે તારો પ્રેમ મારાપર છે. પણ મોહબ્બત તો મુસ્કેલીઓનું બ્હાનું છે. હવે મ્હારો અન્ત આવશે. સલીમ ! દીલગીર ન થતો. પરમાત્મા કરશે તો આપણે આવતે જન્મે જરૂર મળીશું.

"આશા ! એક શબ્દ ! વ્હાલી ! જો એક વાગ્યોછે. ઘોડા તૈયાર છે. હવે ચાલ આશા ! તું જો નહીં આવશે તો હું પણ તારી સાથેજ મરીશ"

પ્રિયતમ, હું તો કહું છું કે હજુ પણ મને ભુલીને જાઓ.

"આશા, ચાલ."

"ઠીક છે જો આપનો એવોજ વિચાર હોય તો ચાલો."

× + × ×

અબદુલ્લા આ વાતચીત સાંભળતો હતો. તેણે ધાર્યું કે જો શાહજાદા સલીમ આ નાજનીન સાથે નાશી જશે તો મ્હારે માથે આવશે, કદાપિ સલીમ પકડાશે તો બાદશાહ પોતાના પુત્રને શિક્ષા નહીં કરે. તે ઉપરાંત આ છોકરી પણ સલીમનું પ્રેમપાત્ર હોવાથી બચી જાય. માત્ર તેમને નસાડવામાં હું સહાયક થયો તે માટે હુંજ અપરાધી થાઉં, અને શિક્ષાને પાત્ર થાઉં. જ્યાં સુધી આશાએ નાશી આવવાની ના કહી ત્યાં સુધી તો અબદુલ્લા ખુશ થયો. પણ પાછળથી જ્યારે બંને નાશી જવાના ઠરાવપર આવ્યા ત્યારે તે સાવધ થયો અને અંદર ગયો.

"શાહજાદા સાહેબ, હજુર પધારે છે."

"હેં શું કહે છે"

"હા માત્ર થોડે છેટેજ છે"

ઠીક વ્હાલી આશા ! થોભજો, હું માત્ર અડધાજ કલાકમાં આવું છું, અબદુલ્લા ચાલ સાથે" સલીમે કહ્યું.

અબદુલ્લા, શહેનશાહ કેટલોક વખત ત્યાં ફરશે."

"હજુર કંઇ નક્કી નહી."

"ચાલ ઠીક પેલા ઓરડામાંથી ઉંચો શીરાઝી ગઢી દારૂ લાવ."

અબદુલ્લો દારૂ લેવા ગયો અને જતાં જતાં વિચાર્યું કે અડધા કલાકમાં ' આ શાહજાદો

પેલી છોકરીને લઇ નાશી જશે. માટે શાહ-જાદાને જો ઉંઘવાની દવા આપું તો કંઇ થશે નહીં. એક બુકી કાદી પોડી પ્યાલામાં નાંખી. તેમાં દારૂ ભરી શાહજાદાને આપી. શાહજાદો પી ગયો. પાંચ મીનીટ સુધી વાતચીત થઇ. શાહજાદો એકદમ સૂઇ ગયો અને પા કલાકમાં તો નિદ્રાવશ થયો. અબદુલ્લાએ મુગે મોઢે ચાલતી પકડી.

× × × ×

આશાએ સલીમની રાહ જોયા કીધી. બે વાગ્યા, ત્રણ વાગ્યા, ચાર થયા પણ કોઇ આવ્યું નહીં.

"હજારો દાસ દાસીઓ જેની સેવામાં છે. અને જહારા જેવી હજારો સુન્દરીઓ જેની તહેનાતમાં છે એવો રાજકુંવર મારી કેમ દરકાર કરે ?

અરે રામ ! રાજાઓ બહુ ધાતકી શિક્ષા કરે છે. હવે અંતે સવારે તો મરવું જ છે. તો બે ઘડી વહેલાં મરવું શું ખોટું ! વાહ, પણ મરવું શી રીતે ? ફાંસો કરી ગળામાં ઘાલ્યો શી રીતે બેચાશે સલીમ, સલીમ, આ વીંટી તેં મને પ્રેમની નીશાની તરીકે આપી હતી તેજ વીંટી ચુસી આજ મરવા વખત આવ્યો. આશાએ હીરો ચુસ્યો. એ મીનીટમાં સલીમની પ્રિયતમા દેવ-લોક પામી. પ્રાતઃ કાળે સર્વને ખબર પડી. અકબરને પોતાની નિષ્ઠુરતા માટે પસ્તાવો થયો. સલીમ ગાંડા જેવો બની ગયો.

આશાના શબ આગળ ઘુંટણીએ પડી બોલ્યો જીનતવાસી આશા ! હું જ તારો જીવ લેનાર છું. હે કમબખ્ત શરાબ ! બધુ દેનીયતનો ભોગ લઇ ન ધરાયો કે મારી આશાનો ભોગ લીધો.

હવે બધું મિથ્યા હતું. બિચારી આશાએ પ્રેમનું પ્રાયશ્ચિત કર્યું હતું. તે ગઇ, સલીમ પણ ભવિષ્યમાં આ વીસરી ગયો. રાજ અને ભોજભલામાં જેને પોતા માટે ભોગ આપ્યો તેનું વિસ્મરણ થયું, આ રીતે બિચારી આશાના અંત આવ્યો.

સુરત) બાળમુકુન્દ ગિરધરલાલ મોદી.

વિવિધ વિષય.

પહેલી જીવન રક્ષક હોડી.

સમુદ્રમાં જીવન રક્ષણને લગતી સઘળી શોધોને માટે આપણે ફ્રાંસનાં ઘણાં આભારી છીએ. પહેલી જીવન રક્ષક હોડી કે જે મનુ-ષ્યનાં જીવન રક્ષણનાં વિચાર ઉપર બંધાયલી હતી, તેની શોધ સને ૧૭૬૫માં મૉન્સ્મર બર્નિયરે કરી હતી. ડુબતા માણસને પહેર-વાનો પટો કે જે પહેરવાથી મનુષ્ય પાણીમાં ડુબતો નથી તેની શોધ એક ગેલેડઝ નામના બીજા ફ્રેંચે કરી હતી. એમ છતાં પણ ફ્રાંસ આ દિશામાં વધુ સારી યોજનાઓ કરે તે પહેલાં પાણીમાં ઘણી મારી સેવા કરે એવી રચનાવાળી પ્રાણરક્ષક હોડી બનાવવાનું બીજા દેશોને કર્મે લખાયું હતું.

ડાકટરો માટે "નન્ના"

ગ્રેડીનબરો યુનીવરસીટીનાં એક ઉત્સવને ટાંકણે પ્રોફેસર એલેકઝીસ થોમસને ડૉકટરો માટે નીચેનાં નન્ના ટાંકી બતાવ્યા હતા:—

તમારી કામ કરવાની દિશાનો નિર્ણય કરવામાં ઉતાવળા થતા ના. જો કે નોકરીને અંગે પગાર લાગેલો હોય તોપણ નઇ આવતી જોગ નોકરીનો સ્વીકાર કરતા ના. ડાકટરોએ હમેશ પગારથી સાવધ રહેવું જોઇએ, કારણકે તે ઘણું કરી ઓછાજ હોય છે.

કોઇપણ દિશામાં ચોકસ રીતે પગ દર્યા વિના પરણતા ના, કારણકે વહેલું લગ્ન કામ કરવાની દિશાની પસંદગીની હદ ટુંકાવે છે.

વળી તેમણે કહ્યું હતું કે ગાંડી ઝનુન-અથવા અતિશય ધર્મોન્ધપણું ડાકટરમાં હોવું જોઇએ નહિં. વિવાદી બાબતો માટે છેક છેલ્લી હદના વિચાર મતજ્ઞ કરવામાં તેણે સાવધ રહેવું જોઇએ. વગેરે.

રાક્ષસી નામ.

વાતચિતમાં કોઇ પ્રસિદ્ધ માણસનાં સમ્બન્ધમાં કહિયે છીએ કે એનું તો મોટું

નામ છે. પરંતુ યુદ્ધ સમાચારો ઉપરથી વાંચકો જોઇ શકશે કે આ નામ ખરેખરજ ઘણું મોટું છે. એ નામ એક જર્મન જનરલનું છે એ નામ અંગ્રેજી અક્ષરોમાં એમ લખાય છે — "General Von Tschepenndweidenbasch. કહોતો આવું નામ છે! બરાબર ૨૧ અક્ષર ! પરમેશ્વર જાણે કે જર્મનો એ નામનો કેમ ઉચ્ચાર કરતા હશે, પણ આપણે નામ જોઠવવાની મહેનત લઇએ તો આનો ઉચ્ચાર "જનરલ વોંશેપુણ્ડવીડનબ્રાસ" થઇ શકે. પરન્તુ કોઇ ખાસ અગત્યનું કામ હોય અને એને બોલાવવો હોય તો બહુ ભારી થઇ પડે. એ કાંઇક એવુંજ પણ એથીયે મોટું નામ એક નાનાં સ્ટેશનનું પણ કહે છે. એ સ્ટેશન રશિયાનાં પ્રદેશમાં છે. ત્યાં રેલ ગાડી એકાદ મીનીટ ઉભી રહે છે. કહે છે કે પોર્ટરો સ્ટેશનનું નામ પુરૂં બોલી ન રહે કે ગાડી ઉપડી જાય છે.

વિચારણીય વિષય.

ઘણા વખત જાપાની ભાષા લખવામાં ચીન દેશની લિપિનો ઉપયોગ થતો હતો. પરન્તુ હવે જાપાનીઓએ ચીની અક્ષરો છોડી જાતિનીલિપિ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો છે. જાતિની લિપિ એ અંગ્રેજી લિપિ છે. હવે જાપાની ભાષા અંગ્રેજી લિપિમાં લખાશે. આથી જાપાનનો સંબંધ પ્રાશ્ચાત્ય દેશો સાથે થશે અને આગળ ચાલતાં આ બાબત જાપાનની ઉન્નતિપર કેટલો પ્રભાવ પડે છે તે વિચારવા જેવો વિષય છે.

વિચિત્ર નગર.

શ્યામ રાજ્ય બ્રહ્મદેશની પૂર્વે અને ચીનની દક્ષિણે છે. કેટલોક સમય આ દેશ હિન્દુ નૃપતિઓના તાબામાં હતો, તેનાં પ્રમાણો મોજુદ છે. ત્યાંની ભાષામાં સંસ્કૃત શબ્દોનો પણ મેળછે. રાજધાની પાસે "તગ હરમ" નામનું એક શાહી નગર છે. તેમાં આજ સુધી શ્યામ નરેશ સિવાય કોઇ અન્ય પુરૂષનો પ્રવેશ થયો નથી. એમાં રાણીઓ અને દાસીઓના મકાનો છે. રાણીઓને માટે ત્યાં બાગ, બગીચા, સરોવર આદિ સર્વ સુખનાં સાધનો છે. નગરના દક્ષિણ ભાગમાં બાંદીઓ તથા કોંડીઓ રહે છે. નગરનાં દરેક કર્મચારી જેવા કે જડજ, વકીલ, વેપારી પોલીસ આદિ સર્વે સ્ત્રીઓજ છે.

લેને ગઇ પુત અને ખોઇ આવી ખસમ.

કેટલાક વર્ષોથી આફ્રીકામાં ઉછરેલા ચીનાઓ બળાત્કારની વિધિથી અફીણ છોડતા જાય છે. આ સમ્બન્ધમાં વિલાયતે ઉપરનાં ૧૯૧૧ ના રીપોર્ટમાં નીચેનો ફકરો વાંચવા જેવો છે.

૧૯૧૦ના રિપોર્ટમાં મધના વધતા જતા ઉપયોગ વિષે કહેવામાં આવ્યું હતું અને તે હજુ પણ વધતોજ જાય છે. આ પ્રદેશના ચીનાઓમાં પીવાનાં દાખલા ભાગ્યેજ થતા હતા, તે હવે સંભળાય છે, અને ચીનાઓ એનું કારણ–અફીણ ત્યાગ જણાવે છે ચીનાઓ અફીણ છોડવાને અગર જો પીવાની લતમાં પડતાં હોય તો તે અતિશય હાનીકર્તા થઇ પડશે.

વીહેલીમાં જેઓને અફીણ ખાવું હોય તે ઓને લાઇસન્સ લેંક પડે છે અને રીપોર્ટમાં આપ સ્થિતિ ઉપર વિચિત્ર ટીકાઓ થાય છે. ૧૯૧૦માં અફીણ ખાવાના લાઇસન્સદારો સાથે સરખાવતાં ૧૯૧૧માં થોડી હતી આ આ લાઇસન્સદારો ૫૦ વરસની ઉમ્મર ઉપરનાં છે અને જેઓનામાં રોગે ઘર ઘાલ્યું હોય તેવા રોગીઓ છે.

રૂમાની રમણિઓ.

રૂમાની રમણિઓ અતિશય રૂપવંતી હોય છે. ધનાઢયોની સ્ત્રીયો સિવાય દરેક સ્ત્રીઓ પોતાનાંજ સીવેલાં વસ્ત્રો પહેરે છે અને તેમાં બહુ ગૈરવ માને છે. સ્ત્રી ઉપર મહરથનો ઘણો સારો બોજ હોય છે. ખેતીનું કાર્ય પણ ઘણું ખરૂં સ્ત્રીઓજ કરે છે. રૂમાની સ્ત્રીઓની મનોરંજનની સામગ્રી સોમદોરો છે. કયાંય મેળા અગર તમાસોમાં જવું હોય તો સીવવા

ભરવાનું કામ સાચે જેતી જાય છે. પુત્ર ઉપર રૂમાનીયન સ્ત્રી પુરૂષથી અતિશય પ્રીતિ રાખે છે જે ઘરમાં પુત્ર ન હોય તેને અભાગીઉ ગણવામાં આવે છે. ગૃહવ્યવસ્થાની શિક્ષા છોકરીઓને નાનપણથીજ આપવામાં આવે છે. કોઇ પણ રૂમાનીયન સ્ત્રી પોતાની પુત્રીનાં વિવાહ પરગામ કરતી નથી, પણ જો કંઇ કારણવશાત્ કોઇ કરે તો તે સમાજમાં નીચી પડે છે જો કોઇ રૂમાની પોતાની પુત્રીનાં લગ્ન કોઇ બીજી જાતનાં પુરૂષ સાથે કરે તો તેનાં દેવતા પાણી બન્ધ થાય છે. રૂમાનીયનોમાં પુત્રીની સગાઇ કરવાનો ઢંગ અજબ છે. જ્યારે પુત્રી વિવાહને યોગ્ય થાય છે ત્યારે તેનો પિતા એક ઓરડામાં કે જે ઘણું કરી બહારનાં ભાગમાં હોય છે તેમાં છોકરીનાં દાજ દહેજની સઘળી ચીજો સજી રાખે છે અને એક ખાસ ચિઠ્ઠી બારણા ઉપર કાઢી રાખે છે. ગામનાં યુવક અને તેઓનાં માતાપિતા એ ચિઠ્ઠીથી સમજી જાય છે કે એ ઘરમાં કોઇ છોકરી વિવાહને યોગ્ય થઇ છે. જેની ધ્યાનમાં એટલુંજ દાજ દહેજ યોગ્ય લાગે તે ચાલ્યા જાય છે, પરન્તુ જેને ઉચિત લાગે તે છોકરીના બાપને મળી પોતાના પુત્રની સાથે વિવાહની વાતચિત કરે છે.

પરદાની પ્રથા.

યુરોપીયન લેખકો કહે છે કે પરદાની પ્રથા મુસલમાનોમાંથી નિકળી છે, પણ કરાંચીમાં મિ. અબ્દુલ રહેમાને ભાષણમાં બતાવ્યું છે કે એ વાતજ ગલત છે. મુસલમાનોમાં પરદાનો રિવાજ પહેલો દાખલ થયો નથી. કુરાનમાં ફકત એટલુંજ લખ્યું છે કે તમે તમારી "જીનત" અર્થાત્ અલંકારોને વિદેશીઓથી બચાવો. અરબસ્તાન, મોરોક્કો તથા મિસરમાં સ્ત્રીઓ બુરખાઓ નાંખીને સર્વત્ર ફરે છે. પરન્તુ બાર તીસ સ્ત્રીઓએ પરદાનો ભારી આડમ્બર કર્યો છે. પશ્ચિમ ભારતમાં મુસલમાન સ્ત્રીઓ પોતાના બાપ, કાકા, મામા, ભાઇ આદિને મળી શકતી નથી, કે ડાકટરોને નાડી પણ બતાવી શકતી નથી. તુર્કીમાં કોઇ પણ સ્ત્રી એક પાતળો બુરખો પહેરી બજાર કરવા નીકળે છે. ૧૯૧૧ માં એ રિવાજ પણ કાઢી નાખવાની તજવિજ થઇ હતી. પણ તુર્કી આફતમાં આવી પડયું. પછી તો યુધ્ધનો આરમ્ભ થયો અને વાત વટોળાયે ચઢી. ગમે તેમ હો, પરન્તુ યુરોપીયન રમણીઓની પેઠે અમે અમારી કુલાંગનાઓને સ્વતંત્ર બનાવવા ઇચ્છતા નથી. ભારતનો એક મુસલમાન ઇંગ્લાંડ ગયો હતો તેણે ત્યાં કહ્યું હતું કે જો કોઇ કુરાનમાં પરદાની પ્રથા બતાવે તો રૂ. ૭૫૦૦) ઇનામ આપું. પરન્તુ કોઇ પણ પરદાની વાત બતાવી શકયો નહિ. કુરાનમાં એવી કોઇ પણ વાત લખી નથી કે જે સ્ત્રી શિક્ષણમાં બાધારૂપ થઇ પડે.

શેરને માથે સવાશેર.

સરકારી ઓફીસોમાં પુરાણી રૂઢીઓને વળગી રહેનારા કોઇ કોઇ વખત હદ કરે છે. આ મહાસમરની અસર પણ આવા જુદા અંગોને થઇ નથી. મહા યુધ્ધમાં સ્વદેશ પ્રેમીઓ સ્વરાજ્ય હિતાર્થે મરણ જીવનના સોદા કરી રહ્યા છે, પરન્તુ ઓફીસ કલાર્કો તથા ઓફીસરોએ દીલ કરવાના કાયદાની એડી ઢીલી કરી નથી. હમણાં વિલાયતનાં "ઇવનીંગ સ્ટાન્ડર્ડ" નામક અંગ્રેજી પત્રમાં કોઇએ એવું ઉદાહરણ પ્રકાશમાં મુકયું છે. કહે છે કે ફ્રાંસ યુદ્ધ સ્થળથી એક મુખ્ય અમલદારે સૈનિક ઓફીસને સૈનિકોને માટે અમુક સામગ્રી જલદીથી મોકલવાનું લખ્યું. કેટલાક દિવસ પછી એ પત્રનો ઉત્તરમાં જણાવ્યું કે "આપને સામગ્રી શા માટે જોઇએ છે? એની શી જરૂર છે! સૈનિક અમલદારે શાન્તિથી ઉત્તર દીધો કે "સાહેબ! આપે સાંભળ્યું હશે કે ફ્રાંસમાં એક નાનો સરખો વિગ્રહ ચાલે છે, તેનાં તેના સૈનિકોને માટે એ સામગ્રી જોઇએ છે.

માણસની કિંમત!

એક રસાયણ શાસ્ત્રીએ માણસની કિંમત રૂ. ૬૦ હજાર થાય છે, તેવો અટકળો કઢાડયો છે. તેમાં તેણે જણાવ્યું છે કે, માણસના શ-

રીરમાં ત્રણ રતલ અને બે આઉંસ જેટલો કેલશીયમ નામનો પદાર્થ છે. એક ઔંસ કેલશીયમની કિમત ઓછામાં ઓછી ૩૦૦ ડોલર થાય છે. એટલે તે હિસાબે માણસના શરીરમાં રહેલા કેલશીયમની કિંમત ૧૮,૩૦૦ ડોલર એટલે લગભગ ૬૦ હજાર રૂપીયા જેટલી થાય છે.

સાયન્સની નવી શોધ.

સાયન્ટીફીકને આધારે થતી શોધખોળ નવા નવા ચમત્કાર બતાવે છે તેમાં માણસનું જડબું ભાંગી જતાં નવું હાડકું મુકી તે સાજુ કરવા ની રૂઢી ફ્રાન્સમા ચાલે છે. માથાની ખોપરીના બાકી પણ પુરવામાં આવે છે. એક જણના હૃદયમાં પેઠેલો ટુકડો કાઢી તેને સાજો કરવામાં આવ્યો હતો આવી જાતની સારવાર સાયન્સના આધારે કરવા ઉપરાંત એવી પણ શોધ ઠારનેગી ઇન્સ્ટીટ્યુટમાં કરેલા અખતરાથી થઇ છે કે, એક એક સીધી અને ગોરા આશામી વચ્ચેના જોડાણથી થતાં બાળકોમાં પા ભાગ તદન ગોરા પા ભાગ કાળા અને બાકી પેકી અડધામાં મા જેવા અને અડધા બાપ સરખા છોકરા થાય છે. અને તેમ નહિ તો મિશ્ર બદુવર્ણ જાતના થાય છે.

પ્રકીર્ણ.

રપેનમાં ગોધાની રમતમાં દર વરસે ૨૩૭૫ ગોધાઓનો ભોગ લેવાય છે, જ્યારે ઘોડાની રમતોમાં ૪૬૫૧ ઘોડાઓ મારી નાંખવામાં આવે છે.

દુનીયામાં સીક્કાઓના ઘસાવવાથી જે ધાતુ નકામી જાય છે, તેમાં દર વરસે સવા ટન જેટલું સોનું અને અઠયાસી ટન જેટલું રૂપું હોય છે.

અમેરીકાના ન્યુયોર્ક શહેરમાં એક કારખાનું છે, જેમાં દુધમાંથી બટનો બનાવવાનો ઉદ્યોગ ચલાવવામાં આવે છે. આ દુધના બટનો આબાદ સીપના બટનોને મળતાં થાય છે.

જબ્બુસરના ગણેશચોક આગળ રહેતા કાછીયા જ્ઞાતની એક સ્ત્રીએ હનુમાનની મૂર્તિના આકારરૂપે એક બાળકને જન્મ આપ્યો હતો જે થોડો વખત જીવી મરણ પામ્યું: હનું

એક ટન કોલસામાંથી દર હજાર ઘનફુટ ગેસ તૈયાર થાય છે અને તે એક ટન કોલસો બળતાં ત્રણ લાખ ઘનફુટ હવા શ્વાસોચ્છ્વાસને માટે નિરૂપયોગી થાય છે.

દુનિયા ઉપરના સર્વ પોપટોમાં નાનામાં નાના પોપટની લંબાઇ અઢી ઇંચની છે એવો પોપટ ન્યુ ગાયેનાના બ્રીટીશ મ્યુઝીયમમાં આણવામાં આવ્યો છે.

અમેરિકાના સંયુક્ત સંસ્થાનમાં પ્રસિદ્ધ થનારાં વર્તમાનપત્રો પૈકી ૨૪૬૭ દૈનિક, ૫૯ અઠવાડીયામાં ત્રણ વખત પ્રસિદ્ધ થનારાં અને ૨૬૧૮૧ સાપ્તાહિક સમાચાર પત્રો છે.

કોલસાની થતી જતી ખેંચવારીથી, જેમ બને તેમ તે કમી વપરાય તેવી યોજના હવે ઉતરવા માંડી છે; કોલસો ઓછો બળે, અને તેમાં કરકસર થાય, તેમજ જોઇતો તાપ ઓછા કોલસાના વળતર મળી શકે તે વિષે તરેહવાર કિમતો થાય છે. તે પૈકી એક ખ્યાલ એ છે કે, નિમકનું પાણી કોલસાપર છાંટી, તેની ગરમી વધારવાની જોગવાઇ ઉતારવામાં આવેછે.

"ક્રોકડુ"માં પૈસાના ચલણના રથાને કાગળના "તા" તાવ ચાલેછે. કાગળના એક 'તા'ના એક "ક્વાર્ટર" ચોખા ત્યાં મળેછે,ને વીસ તા આપતાં એક શણનું કપડું ખરીદી શકાયછે.

એક નવો પ્રયોગ હમણા થયો હતો. તે ઉપરથી એવી કિમત સિદ્ધ કરવામાં આવે છે કે, બે પેન્સ જેટલું જુલાબનું ભીડું લઇને પાણીમાં તેનું સ્ટ્રોંગ સોલ્યુશન બનાવવું, એ માટે એક વહાણો પ્યાલો ભરી પાણી લેવા ફરમાવવામાં આવે છે. આ "પ્રવાહી" મોટર કાર્સની બત્તીઓના કાચના અંદરના ભાગો ઉપર ચોપડવાથી તેની રોશની ઘણી સરસ ઝાંખી પડશે. એ લગાડીને સુકવવા દેવું. આવી રીતે કાચોને લગાડેલો રંગ મહિનાઓ સુધી ઉડી જશે નહી.

તંત્રી.

આ પૃષ્ટ અવશ્ય વાંચો.

અમારૂં હૃદય.

અમારા માનવંત ગ્રાહકગણ સમક્ષ આજે થોડા વિલંબ પછી કાર્તિક માર્ગશીર્ષનો સંયુક્ત અંક મૂકાય છે, તે માટે ક્ષમા ચાહીએ છીએ.

આશ્વિનનો અંક નિયમસર પ્રકટ થયા બાદ અમારે કેટલીક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડયું છે, અને તેથી બે અંક એકત્ર પ્રકટ કરી માસિકને નિયમિત કરવા ધાર્યું છે. આવતો પોષ માસનો અંક તે માસની આખરે નિયમિત પ્રકટ થશે.

હાલના લડાઈના કપરા સંજોગમાં કાગળ શાહી વગેરે છાપણાનાને લગતા સાહિત્યોના ભાવોમાં ઘણોજ વધારો થઈ ગયો છે, અને તેથી અમારી મુશ્કેલી પણ વધી છે. આ માસિક પત્ર જીવદયા તથા દુર્વ્યસન નિષેધનો પ્રચાર કરવાના પવિત્ર ઉદ્દેશથી પ્રકટ થાય છે. તે એમાંથી કશો નફો ખેંચવા ઇચ્છતું નથી અને તેથીજ અમે અમારૂં લવાજમ તદન હલકું છતાં પણ વધારવા ઇચ્છયું નથી.

અમને આશા છે કે અમારા આશ્રય દાતા, ગ્રાહક વાચક-ગણ અમારો આ હેતુ ધ્યાનમાં લઈ અમારા કાર્યાલય પ્રતિપ્રીતિની નજરે જોશે અને અમારા કાર્યમાં મદદ કરી અમારા ઉત્સાહમાં વૃધ્ધ કરશે.

લિ૦ વિનીત સેવક—

D'Ray D. Desai

તંત્રી—સત્સંગ.

ગ્રાહકોને સૂચના.

૧ આ પત્રના પાછલા અંકો બીલકુલ સિલકમાં નથી છતાં પણ ઘણા ગ્રાહકો વારંવાર માંગણી કરેછે તેમને અમારી નમ્ર વિનંતિ છે કે પાછલાં અંકો અમે તેમને મોકલી શકવા દીલગીર છીએ.

૨ જે કોઇ ગ્રાહકને કોઇ અંક તે માસની આખર સુધીમાં ન મળે તો તો તેમણે તુરત ખબર આપવી, કે જેથી મોકલવા સગવડ થઇ શકે. ઘણુંજ મોડે અથવા પાછળથી લખનાર ને જે અંક સિલકમાં હશે તેજ મોકલી શકીશું.

૩ વર્ષની શરૂઆત ગ્રાહકને પ્રથમ અંક મોકલવો શરૂ થયો હોય ત્યારથી ગણાય છે.

૪ પોષ્ટેજના રૂ. ૦-૩-૦ લવાજમ ઉપરાંત લેવાય છે. અર્થાત્ આ પત્રનું પોષ્ટેજ સાથે લવાજમ રૂ ૧-૩-૦ છે.

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે ?

દેશી ઔષધાલય.

ઝાંપાબજારની ખરાદી શેરીન નાકે

તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમોને દરેક રોગની દેશી દવાઓ મળશે. તથા ખાત્રી પણ થશે માટે બહેનો નાશીપાશ ન થાઓ અને એક વખત દવાખાનામાં આવી મુલાકાત લ્યો તેથી તમારા મનની ખાત્રી થશે. માટે એકવાર જરૂર પધારશો.

ડૉ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

દામ્પત્ય–દંડ વિધાન.

(વિનોદી લેખ)

(Matrimonial Penal Code.)

(લેખકઃ—શ્રીયુત જયંતિલાલ મંગળજી ઓઝા. બી. એ.)

પ્રકરણ પહેલું.

પ્રસ્તાવના. (Introduction.)

સ્ત્રીઓની મરજી વિરૂદ્ધ વર્તનારા સ્વામીઓ અને સ્ત્રીનો પરમ અધિકાર નહીં સ્વીકારનારા પુરૂષોને સીધા કરવાને વાસ્તે આપણ Penal Code પીનલ કોડની આવશ્યકતા જણાવાથી તે નીચે પ્રમાણે બનાવવામાં આવે છે.

ક. ૧ આ કાયદાનું નામ દાંપત્ય–દંડ વિધાન રહેશે, અને ભારતવર્ષમાં પરણેલા દેશી પુરૂષ ઉપર તેનો અધિકાર ચાલશે.

પ્રકરણ બીજું.

વ્યાખ્યા. (Definitions.)

ક. ૨. હલનચલન કરવાની શક્તિવાળું જે જંગમ દ્રવ્ય સ્ત્રીઓના સંપૂર્ણ અધિકારમાં છે તેનું નામ પતિ.

ઉદાહરણ. (Illustrations)

અ. ટ્રંક, પેટી વગેરે પતિ થઇ શકતા નથી, કારણ જંગમ દ્રવ્ય હોવા છતાં તે સજીવ નથી.

બ. ગાય, ભેંસ, વાછરડા પતિ થઈ શકતા નથી કારણ સજીવ હોવા છતાં તેમનામાં પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરવાની શક્તિ છે. સ્ત્રીઓની સંપૂર્ણ સત્તામાં નહીં હોવાથી તેઓ પતિ થઇ શકતા નથી.

ક. વિવાહિત સ્થિતિમાં જે પુરૂષ સ્વતંત્રાપૂર્વક કંઇ કામ કરી શકતો નથી તેનું નામ પતિ.

ક. ૩. જે સ્ત્રી પોતાના પતિનો મિલ્કત તરીકે ઉપયોગ કરી શકે છે તેનું નામ તે પતિની સ્ત્રી અથવા પત્ની

વિવરણ (Explanation.)

મિલ્કતનો અધિકારી પોતાની મિલ્કતને મારી પીટી પણ શકે છે.

ક. ૪. પૂર્વજન્મમાં કરેલાં પાપોના પ્રાયશ્ચિતને માટે ભોગવવી પડતી સ્થિતિને વિવાહિત સ્થિતિ સમજવી.

પ્રકરણ ત્રીજું.

Of Punishments. શિક્ષા સંબંધી.

ક. ૫. આ કાયદા અનુસાર અપરાધીને નીચે પ્રમાણે શિક્ષા થઇ શકે છેઃ—

૧ શયનગૃહમાં અથવા બીજા કોઇ ઓરડા ની ચાર દિવાલો વચ્ચે કેદ.

કેદ બે જાતની છેઃ—

અ સખ્ત–એટલે કે તિરસ્કાર યુક્ત શબ્દના પ્રયોગ સાથેની.

બ સાદી.

૨ દેશ નિકાલની સજાઃ–એટલે કે બીજી રાજ્યા પર મોકલવાની શિક્ષા અથવા શયનગૃહની બ્હાર હાંકી કાઢવાની શિક્ષા.

૩ પત્નીના દાસત્વનો અંગીકાર.

૪ પોકેટ મની (Pocket Money) બંધ કરવાની શિક્ષા.

ક. ૬. આ કાયદામાં ફાંસીનો અર્થ એવો થાય છે કે સ્ત્રી પોતાના પિતાને અથવા કોઇ ઓળખીતાને ત્યાં ચાલી જશે અને થોડા વખતમાં પાછી આવવાની ઇચ્છા કરશે નહીં.

ક. ૭ નાના અપરાધોને માટે નીચે લખેલી શિક્ષાઓ ફરમાવવામાં આવે છે.

૧ મ્હોં ચડાવવું. (પત્નીમ્હોં ચડાવશે.)

૨ ભ્રુ–ભંગ.

૩ ચુપ ચાપ આંસુનો વર્ષાદ અથવા ઉંચે સ્વરે રૂદન.

૪ પતિનો તિરસ્કાર.

પ્રકરણ ચોથું.

અપવાદ (General. Exceptions.)

ક. ૮. સ્ત્રીએ કરેલું કોઇપણ કામ અપરાધ ગણાશે નહીં.

ક. ૯. સ્ત્રીની આજ્ઞાનુસાર પતિએ કરેલું કોઇપણ કામ અપરાધ ગણાશે નહીં.

૧૦ દાંપત્ય-દંડ વિધાનના કાયદાથી બચવાને વિવાહિત પુરૂષ બીજા કોઇ પણ કાયદાનો આશ્રય લઇ શકશે નહીં.

પ્રકરણ પાંચમું.

અપરાધ કરવામાં સહાયતા આપવા વિષે

(Abetment.)

ક. ૧૧.મે—માણસ.

૧ અપરાધ કરવાને પતિના કાન ભંભેરશે, અથવા તેને પ્રવૃત્ત કરશે, અથવા ઉત્સાહિત કરશે.

૨ જે માણસ અપરાધ કરવામાં સીધી મદદ કરશે, અથવા અપરાધ થતી વખતે પતિની સાથે રહેશે તે માણસ દામ્પત્ય અપરાધો કરવામાં સહાયતા આપનાર તરીકે અપરાધી ગણાશે.

વિવરણ.

સ્ત્રી અને અવિવાહિત પુરૂષ આવા અપરાધના ગુન્હેગાર થઇ શકે છે.

ઉદાહરણ.

અ. રામ શ્યામાનો પતિ છે. યદુનાથ અવિવાહિત પુરૂષ છે. બન્નેએ એક સાથે બેસીને મદ્યપાન કર્યું. મદ્યપાન દાંપત્ય અપરાધ છે. યદુનાથે એ ગુન્હો કરવામાં રામને સહાયતા આપી.

બ. સુશીલા રામની ભાતા છે. રામ શ્યામાનો પતિ છે. સુશીલાના કહેવાથી શ્યામાની ઇચ્છા વિરૂદ્ધ રામે અર્થ કર્યું સ્ત્રીની ઇચ્છા વિરૂદ્ધ અર્થ કરવું એ દાંપત્ય અપરાધ છે. સુશીલાએ આ અપરાધ કરવામાં સહાયતા આપી.

ક. ૧૨. જો કોઇ વિવાહિત પુરૂષ અન્ય વિવાહિત પુરૂષને દાંપત્ય અપરાધ કરવામાં સહાયતા આપશે તો તે પણ બીજા અપરાધીના જેટલીજ શિક્ષાને પાત્ર થશે; પણ તેનો ન્યાય યોગ્ય અદાલતમાં (Competent court) થશે.

વિવરણ.

યોગ્ય અદાલત એટલે કે અપરાધ કરવામાં સહાયતા કરનાર પતિની પત્ની.

ક. ૧૩ સ્ત્રી અથવા અવિવાહિત પુરૂષ દાંપત્ય અપરાધ કરવામાં સહાયતા આપશે તો કેવળ તિરસ્કાર, ભ્રુભંગ, અશ્રુપાત અને રૂદનદ્વારા દંડિત થશે.

પ્રકરણ ૬ ઠું.

Of Offences against the State.

રાજદ્રોહ સંબંધી.

ક. ૧૪. આ કાયદામાં 'રાજ્ય' શબ્દનો અર્થ 'સ્ત્રી સામ્રાજ્ય' એવો થશે.

ક. ૧૫. જે વ્યક્તિ પોતાની સ્ત્રી સાથે વાદવિવાદ કરશે, અથવા વિવાહ કરવાને પ્રવૃત્ત થશે અથવા વિવાદ કરવામાં સહાયતા આપશે તે વ્યક્તિને ફાંસીની શિક્ષા (Capital punishment.) કરમાવવામાં આવશે એટલે કે તેની સ્ત્રી તેનો ત્યાગ કરી દેશ અથવા તો શયનગૃહમાંથી હાંકી કાઢશે અને પોકેટ મની બંધ થશે.

ક. ૧૬. જે વ્યક્તિ પોતાનાં મિત્રોને સહાયક બનાવશે, અથવા સંતાનને ભોળવીને પોતાના પક્ષમાં લેશે અથવા બીજે કોઇપણ પ્રકારે સ્ત્રીની સાથે લડાઇ કરવાના પ્રરાદાથી વાદવિવાદ કરશે તેને દેશનિકાલની સજા ફરમાવવામાં આવશે, અને અશ્રુપાત, રૂદન, તિરસ્કાર વગેરે દ્વારા પણ શિક્ષાને પાત્ર થશે.

ક. ૧૭. જે પુરૂષ પોતાની સ્ત્રીને છોડી અન્ય યુવતી તરફ કોઇપણ પ્રકારની લાગણી પ્રદર્શિત કરશે તે લંપટતાનો (Incontinence) અપરાધી થશે.

વિવરણ (૧)

પોતાની સ્ત્રીને છોડીને કોઇ અન્ય યુવતિ તરફ કોઇ પણ પ્રકારની લાગણી—દયા કે સહાનુભૂતિ બતાવવાથી લંપટતાના અપરાધ સિદ્ધ થયેલો ગણાશે.

ઉદાહરણ.

રામ શ્યામનો પતિ છે. મોહિની એક બીજી સ્ત્રી છે. મોહિનીનો નહાનો છોકરો દેખાવમાં બહુ સુંદર હોવાથી રામ તેને પ્યારથી રમાડે છે, અને કેટલીક વાર આવાનું પણ લઇ આપે છે. આથી રામ મોહિની પર આસક્ત છે એમ સિદ્ધ થયેલું ગણાશે.

વિવરણ (૨).

વિના કારણ સ્ત્રીઓ પતિને આ ગુન્હાના અપરાધી ઠરાવી શકશે. મ્હેં અપરાધ કર્યો નથી એમ કહીને કોઇ પતિ છૂટી શકશે નહીં.

અપરાધની આશંકા માત્રજ અપરાધ પૂરવાર કરવાને બસ છે.

વિવરણ. (૩).

વિના કારણ પતિને અપરાધી ઠરાવવાની સત્તા મોટે ભાગે કુરૂપ સ્ત્રીઓની, અથવા ધરડી સ્ત્રીઓની, કે બુઢ્ઢા પતિની સ્ત્રીઓની રહેશે. જો કોઇ યુવતી આ અધિકારને માટે માગણી કરશે તે પ્હેલાં તેણે પૂરવાર કરવું પડશે કે તે બરાબ સ્વભાવની છે અથવા તો બાપની લાડકવાઇ છે, અથવા તો પોતે ધણીજ કદરૂપી છે.

ક. ૧૮. જે પુરૂષ લપટતાનો અપરાધી ઠરશે તે આ કાયદામાં લખેલા બધા દંડોનો પાત્ર થશે, એટલુંજ નહીં પરંતુ આ કાયદામાં નહીં લખેલ બીજી શિક્ષાઓને પણ પાત્ર થશે.

પ્રકરણ સાતમું.

Of Offences relating to the Army of Navy.

પલ્ટન અને નૈકા સંબંધી અપરાધ.

ક. ૧૯. આ કાયદામાં પલ્ટન અને નૌકાસૈન્યનો અર્થ પુત્ર, પુત્રી, અને પુત્રવધુ એવો થશે.

ક. ૨૦ ગૃહિણી સાથે વિદ્રોહ કરવામાં જે પતિ પુત્રને અથવા પુત્રીને અથવા પુત્રવધુને સહાયતા આપશે તે તિરસ્કાર યુક્ત શબ્દો અને રૂદન દ્વારા દંડિત થશે.

પ્રકરણ આઠમું.

Of Offences against the Domestic.

ઘરમાં શાંતિ ભંગ કરવાનો અપરાધ.

ક. ૨૧. બે અથવા એથી વધારે વિવાહિત પુરૂષો જે નીચે લખેલા કોઇપણ આશયથી ભેગા થશે તો તેમનું એકત્ર થવું કાયદા વિરૂદ્ધ ગણાશે.

૧ મદ્યપાન કરવાને માટે અથવા બીજા કોઇપણ પ્રકારના દાંપત્ય અપરાધો કરવા માટે.

૨ પોતાના અધિકાર બતાવીને સ્ત્રીઓને બ્હીવરાવવાનો પ્રયત્ન કરવો અને તેમને પોતાનું પ્રભુત્વ સંપૂર્ણ રીતે પ્રકાશિત ન કરવા દેવા માટે.

૩ કોઇ સ્ત્રીના આજ્ઞાનુસાર કામ થવા દેવામાં વિઘ્ન નાંખવા માટે.

ક ૨૨. જે પુરૂષ એ કાયદે ભેગી થયેલી મંડળીમાં સામેલ હશે તે કડવા શબ્દો સાંભળશે અને સખ્ત કેદને પાત્ર થશે.

મદ્યપાન સંબંધી.

ક ૨૩. બાટલીમાં રાખવામાં આવતી અને કાચના પ્યાલામાં નાંખી પીવામાં આવતી કોઇ પણ પ્રવાહી-વસ્તુ મદ્ય છે.

ક. ૨૪ ઉપર જણાવેલ મદ્ય જેની પાસે હોય તે મદ્ય પીનાર છે.

વિવરણ.

જો કે તે માણસ તો પ્રવાહી પદાર્થને અડયો પણ ન હોય છતાં પણ તે મદ્ય પીનાર ગણાશે.

ક ૨૫. મદ્ય પીનારને સંધ્યા સમયે શમનગૃહમાં સાદી અથવા સખ્ત કેદ ફરમાવવામાં આવશે.

બંડ મચાવવું (Of Rioting.)

ક. ૨૬. સ્ત્રીની સાથે ઉંચે સાદે વાત કરનારને બંડ મચાવનાર કહેવામાં આવશે.

ક. ૨૭. જે કોઇ પોતાના ઘરમાં બંડ મચાવશે તેને રૂદન કડવાં વચન અને અશ્રુપાત દ્વારા શિક્ષા ફરમાવવામાં આવશે. *

* હિંદી ઉપરથી અનુવાદ.

શ્રીમંતોનાં ઘરનો સુપ્રીન્ટેન્ડટ કોણ ?

મેસર્સ ટી. અમીચંદની કુંની

ફાયરપ્રુફ ત્રીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધારતીથી બચવું હોય, તેમજ દગાફટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીગરોના હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારે ત્યાં બીજા પણ ઘણી જાતના કામો બને છે. જેવાં કે નવી નવી ફેશનના જમાનાને અનુસરતા મન પ્રસન્ન તીજોરીના ડેશબોક્ષના, કબોના ત્યા તાળાઓના ડીઝાઈનો એવાં તો સુંદર અને મજબુત બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઈ જાય છે. હાલમાં લડાઈને લીધે લોખંડના ભાવો ઘણુંજ વધી ગયાં છે, છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી માટે આવી તક ન ગુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારી તીજોરી ફાયરપ્રુફ નથી એવું સાબિત કરનારને રૂા. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આવે છે.

મેસર્સ ટી. અમીચંદ એન્ડ કુાં૦
કપુપીડ બજાર—સુરત.

ELECTRIC POCKET LAMPS.

વીજળીના દીવા.

(૧) નાના ગજવામાં પણ રાખી શકાય છે.
(૨) અગ્નિની બીલકુલ ધાસ્તી નથી.
(૩) તેલ, દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
(૪) ફકત ચાંપ નીચે બસેડતાંજ ભપકાદાર રોશની થાય છે.
(૫) જરા પણ ધુણી કે ધુમાડો થતો નથી કે વાસ આવતો નથી.
(૬) રાત્રી વખતે ઓશીકા તલે રાખી જરૂર પ્રસંગે હાથમાં લેવાથી માંજરયા સવાર સુધી બીજા દીવા જગતા રાખવાનો ત્રાસમો બચે અટકે છે.
(૭) ખાસ કરીને ડીરેકટર કરતા ઓફીસરો, ખાતાવાળા તેમજ મુસાફર લોકો વાસ્તે બહુજ ઉપયોગી છે. કીં. રૂ. ૨, ૨॥, ૩, ૩॥ ૪, ૪॥ અને ૬. આના. રપેરમેટરી ૧૨ આના.

સી. ગોવિંદ એન્ડ કો૦ (બેસ) અમદાવાદ.

એકવાર ગ્રાહકને સંતોષ આપવો; એજ ગ્રાહકને સાચવી રાખવાનું મૂળ છે,
છપાવનારાઓને નવી સગવડ. એકવાર જરૂર પ્રસંગ પાડો.

શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.

જેમાં

અંગ્રેજી, ગુજરાતી અને બાળબોધ લિપિમાં

ચોપડી, ચોપાનીયાં, હુન્ડીલ, કાર્ડ કવર, કંકોતરી, બીલબુક, રસીદબુક વગેરે

વાયદાસર અને વાજબી ભાવે છપાવી આપવામાં આવશે.

એજન્સી મારફતે છપાવવાથી લાભ શો ?

બે ત્રણ વાર પ્રુફ વાંચવાની કડાકુટ મટશે.
કામ વાયદાસર તથા વાજબી ભાવે થશે.

સુંદર ઓપ્પો તથા બ્લોકોથી શણગારી કામ સારૂં અને સફાઇદાર બનશે.
લેખકની મરજી હશે, તો લખાણમાં યોગ્ય સુધારો વધારો પણ કરી આપવામાં આવશે.

વળી બહારગામના ઓર્ડરો ઉપર સંપૂર્ણ કાળજી રાખવામાં આવે છે.

મળો—દોલતરાય દાજીભાઈ દેશાઇ: પ્રોપ્રાયટર
શ્રી શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.
અંબાજીરોડ, સુરત.

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીય પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ, એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

મંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય. કબજીયત રહેતી હોય યાને Dyspepsiaનો અકસીર ઇલાજ.
૧ રતલની બાટલીની કી. રૂ. ૧

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમગ્ર હિંદમાં પ્રસિદ્ધ છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે.
૨ રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨॥

એક ઉત્તમ સલાહ.

પૈસાનો બચાવ, ખાત્રીલાયક માલ. અને તમાગ માલનો રક્ષણકર્તા ? જો તમે તમારી માલમીલકત, તદ્દન સહીસલામત રાખવા ઇચ્છતા હો, ચોર આગ, અને ધરફાડના ત્રાસથી બચવું હોય, તો લાંબા લચક ટાયલાં લખાણથી ન લોભાતાં દાવજી બિલ્ડીંગ સ્ટેશન રોડ પલસાણાવાળા મિ. મોરાર ઉકાની ફાયરપ્રુફ ત્રીજોરીઓ જ વાપરો જેના ઉત્તમ મજબુત કામો માટે સર્ટીફીકેટ અને પ્રદર્શનમાંથી સોનાના ચાંદ મળ્યા છે. દરેક રીતનું સંતોષકારક કામ તૈયાર તેમ ઓરડરથી મળશે. પ્રાઇસલીષ્ટ મફત મોકલીશું

મિ. મોરાર ઉકા.
ફાયરપ્રુફત્રીજોરી બનાવનાર.
દાવજીબિલ્ડીંગ સ્ટેશનરોડ સુરત.

એક નવીન સંદેશો.

આથી સર્વે સદગૃહસ્થો ને ખબર આપવામાં આવેછે કે હમો સોના તથા ચાંદીના પતરા મશીનરી ખેંચી આપીએ છીએ તથા સરવે જાતની ટીકીઓ પાડી આપીએ છીએ તથા પાટો ખેંચીને ટીકીઓ પાડી આપીએ છીએ જેવાં કે ફ્રેન્સી છેડાઓ, તરેહવાર બંગડીઓ, નેકલેસો, ચેનો, બુટ્ટીઓ, બટન તરેહવાર પત્રાની વીંટીઓ તથા મોતી પોરવવાના ચાંદીના ખોખા સરવે જાતના કાપી આપીએ છીએ વિગેરે સોનીનું કામ કરવામાં આવે છે. માટે હમારે ત્યાં એક વખત પધારી કામ જોવાથી ખાત્રી થશે તથા મોતી પોરવવાના ખોખા સરવે જાતના તૈયાર મળશે. બનાવનાર:—

સોનો ચુનીલાલ મોહનલાલ
કે. ગંધરપ કૃણીઆ-સુરત

દમ, હાંફ, અમુઝણના

પ્રખ્યાત વૈદ્ય

તરફથી જાહેર ખબર આપવામાં આવે છે કે-હમારા દવાખાનામાં આંખના તમામ રોગની દવા બંધથી જનાર પાસેથી પી લેવામાં આવતી નથી. સેકડોઅંધ આંખના દરદીઓ મારા થઈ ગયા છે, તેના હમારી પાસે ખાત્રી પુરાવા જોઇએ તેટલા મોજુદ છે. તેમજ દમ, હાંફ, અમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના હોય તો પણ દિવસ બારમાં આરામ કરીએ છીએ. હમારી પાસે ૫ થી ૨૫ વર્ષના જુનામાં જુના દમ હમોએ સારા કરેલા છે. તેના દાખલા તથા સરનામાં હમારી પાસે છે. જેથી આપને ખાત્રી થશે. (લોક અને પ્રજાના) ભલા વાસ્તે આ જાહેર ખબર છપાવવાની જરૂર પડી છે,

પી માટે યોગ્ય સગવડ કરી છે.

સુરત મહીધરપરાની કસાતાગેરીમાં તથા પાંજરાપોળ-ગોપીપુરા

આર્યદ્વિત વર્ધક ઔષધાલય
વૈદ્ય શીવશંકર
ભાઇશંકર જોશી

સ્ત્રીઓ માટે ટોનીક દવા.

રજોદર્શન
પ્રદર, (બળતાડ)
અનિયમિત ઋતુસ્રાવ.
ગર્ભાશયનો સોજો;

નં. ૩૬૦
પ્રદર વિનાશક
દવા વાપરો.

ઉપર બતાવેલા દરદો અને બીજા રોગો માટે જોવા કે, રક્તપ્રદર, કસુવાવડ, છોડ, હીસ્ટીરીઆ, પેડુનો દુઃખાવો, છાતીમાં દાહ હાથપગનું કળતર અને સુવારોગથી થતાં જુનાં હઠીલાં દુખો વગેરે મટાડવા માટે અમારી જગપ્રસિદ્ધ પ્રદર વિનાશક દવા એક અકસીરઇલાજ છે. ફકત આઠ દિવસમાં દવાનો ગુણ ચોક્કસ માલમ પડે છે આઠ દિવસની દવાના રૂ. ૧-૭-૦ પોસ્ટેજ સાથે આટલી ૧ની કીમત રૂ. ૨-૮-૦ પોસ્ટેજ ૦-૪-૦

સ્ત્રીરોગ ચિકિત્સાનું પુસ્તક મફત મંગાવો.

એજન્ટ—
મેસર્સ ટી. પી. ભાદ
નના કું. રે. કાપડીઆ
સુરત.

પ્રદર વિનાશક
ઓફીસ,
ખંભાત (૬૬)
(ગુજરાત)

દાન આપવાનું સુપાત્ર સ્થાન.

શ્રીકૃતેસિંહરાવ આર્ય અનાથાશ્રમ–વડોદરા.

આ અનાથાશ્રમને રૂ. ૨૫૧ આપનારના નામથી એક ઓરડી બાંધી તે ઉપર દાતાના નામની આરસની તખ્તી ચોડવામાં આવે છે. અત્યાર સુધીમાં આવી ૭ ઓરડીઓ મળી છે. ૧૫ ઓરડીઓ મેળવી મકાન બાંધવાનું શરૂ કરવામાં આવશે.

એક રૂપીઓ અને તેથી વધુ દાન આપનારનાં નામ વર્તમાનપત્રો તથા રિપોર્ટમાં પ્રગટ થાય છે.

મંત્રી–શ્રી કૃતેસિંહરાવ આર્ય અનાથાશ્રમ–વડોદરા.

બાટલિવાળાની અકસીર સ્વદેશી દવાઓ.

અસલ કવીનાઇનની ટીકડીઓ–એક ગ્રેનની દરેક બાટલીમાં ૧૦૦, બાટલીના આના ૧:
બે " " " " રૂ. ૧.
તાવની દવા અને ગોળીઓ–તાવ, મેલેરીયા, સન્નેપાત વગેરે માટે બાટલીનો રૂ. ૧.
કોવત આપનારી ગોળીઓ–શીક્ષાપડી ગયલા માણસો અને કમતાકાતી માટે બાટલીનો રૂ૧॥
દાંતનું મંજન–દાંતની જળવણી માટે દાંતનું મંજન દરેકના આના ૪.
ખસ અને દરાજનો મલમ–બાટલીવાળાનો ખસ અને દરાજનો ઉત્તમ મલમ
દરેકના આના ૪ દરેક દવાવાલા પાસેથી મળશે અથવા

Dr. H. L. Batliwala's sons & Co. Ltd.
280, Worli 18 BOMBAY.
તારનું સરનામું–ડોકટર બાટલીવાળા. દાદર, "

કયાં ગભરાયા ? અરે શું હીસ્ટિરિયા !

વાયુ મુકતા.

કીં. રૂ. ૪–૧૦–૦ પો૦ જુદું.

હીસ્ટ્રેરિયા–મૃગી–ફેફરૂં કે વાઇ; તેને લીધે મોઢામાં ફીણ કે લાળ આંકડી–તાણ–ખેંચ કે કાંપણી, દાંત બંધાવા, શ્વાસ રૂંધાવો, આંખો ચરડાવી શરીરે શીત, પેટમાં દુખાવો, અને બેશુધ્ધ, ઇત્યાદિ તેમજ કેટલાકને **ચિત્તભ્રમ ઉન્માદ** કે ઘેલેચ્છા થવાથી બકવું, રડવું, કુટવું, નાસવું, ધુણવું મુગાપણું જોવામાં ચિત્રતા, શ્યામતા, કૃશતા, લાલવું, ઇ૦ લક્ષણોવાળા નવા કે જુના હીસ્ટિરિયા ઉપર રામબાણ છે, દવા વનસ્પતિની, મહીનાની, પથ્ય નહી. ઉપયોગ કરેથી ખાત્રી,

બચ્ચાંની કાંકણી કે ફીટ અને આમળ તુર્ત બંધજ કીંમત રૂા૦ ૨) પો. જુદું. વ્યાયામ કળાશાસ્ત્ર (શરીર કેળવણી) માટે કસરતનાં ૩૫૩ ચિત્રનું કીંમત રૂ. ૨) પો. ૦)૯ **દેશીનામું**–નામું શિખવાનું, ઇલાકામાં ટેકસ્ટ બુક; કીં. ૦)૩ પો. ૦)–

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. ડભોઇ–વડોદરા.

શું તમારો ચહેરો ફીકો પડી ગયો છે. શરીરમાં કમજોરી રહે છે. પેટશુળ, સાંધા, કમર માથામાં દુખાવો આંખોએ અંધારા રહે છે તમારા ઘરની સ્ત્રીઓને માસીક (નબળાઇ) દુખાવો રહે છે.

તો વાપરો, કદી પણ નીષ્ફળ થશો નહી,

બાદશાહી ટૉનીક પીલ્સ.

બાદશાહી ટોનીક પીલ્સ—નામર્દને મરદ બનાવવા માટે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—વીર્યમાં બીજળી જાપે વધારો કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—સુસ્ત પડેલી નસોને સતેજ બનાવે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—ફીકા ચહેરાને ગુલાબી બનાવે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—સ્મરણ શક્તિમાં વધારો કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—મન્દાગ્ની તેજ કરી ભુખ ઉઘાડે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—મગજને શાંત રાખે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—બીજળીની જાપે કમજોરી દુર કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—આંખોને તાકાત આપે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—ગર્ભાશયમાં સુધારો કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—વાજીયાપણું કાયમી દે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—સ્ત્રી પુરૂષને એક સરખો ફાયદો આપે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—બુઢ્ઢાઓને જુવાનીની મજા દેખાડે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—પ્રેમી યુગલોને વારતે અમૃત છે.
બાદશાહી ટોનીક પીલ્સ—પુરૂષો માટે આનંદ બાગ છે.
બાદશાહી ટોનીક પીલ્સ—નામર્દની એકજ માત્ર દવા છે.
બાદશાહી ટોનીક પીલ્સ—જુવાનોને મસ્તાન બનાવે છે.

કીંમત માત્ર ૪૦ ગોળાની ડબ્બીના રૂ. ૨) પોસ્ટેજ જુદું.
નમુના માટે ૮ ગોળાની ડબ્બીના રૂ. ૧।) પોસ્ટેજ જુદું.

મહાજન એંડ કંપની,
મૂળજી જેઠાની મારકીટ સામે—મુંબઈ

વગર ઇજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે. કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—દીંદરયાનનાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીનાં તમામ દર્દ નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હજ્જામને વાપરવાથી નુકસાન થતું જ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ સારી રીતે કાઢે છે.

બાદશાહી સાબુ—બધુ સાબુના બોકસ એકનો રૂ. ૧) પો. ચાર આના દીંદરયાનમાં જગે વેચાવા માટે એજન્ટો જોઇએ છે.

સોલ એજંટ—મહાજન ચેન્ડ કું.
શેખ મેમન સ્ટ્રીટ-મુંબઇ.

રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાનો અભિપ્રાય—

"સ્ત્રી બોધ–એ માસિક એટલું ઉપયોગી ને લોકપ્રિય છે કે તેનાં હિંદુ ગ્રાહક ઘણુ છે. એની જોડમાં મૂકી શકાય એવું એક પણ માસિક ગુજરાતીઓને હાથ નિકળતું નથી."

'સાહિત્ય' માસિકનો અભિપ્રાય—

"સ્ત્રીસુબોધનો ઓગસ્ટનો અંક ઘણો સુંદર છે. ચાલુ વાતો 'શુભાસ્તાની મની તથા 'સ્નેહ ૧ મોહ' બે ઉંચી પ્રતિની નવલકથાઓ છે."

સ્ત્રી બોધનું વાર્ષિક લવાજમ ફકત રૂા. ૧।। છે.

૨સીક વાર્તાઓ. પ્રસિદ્ધ લેખક રા. ભોગીન્દ્રરાવ દીવેટીઆ કૃત.

ચમેલી—(આજ પુસ્તકમાં બીજી ૩૫ વાર્તા અને ૮૨ ચીત્રો પણ છે રૂ. ૧।।, ટપાલ ખર્ચ ચાર આના)

તરલા—બીજી ૩૭ વાર્તા અને ૧૧૧ ચિત્રો સહિત રૂા. ૨ ટપાલ ખર્ચ ચાર આના.)

સ્નેહ કે મોહ—(સ્ત્રીબોધમાં જુન ૧૯૧૫થી ચાલુ છે.)

લખો—સ્ત્રીબોધ ઓફીસ, સાન્ટાક્રુઝ, મુંબઈ

અતિ સસ્તું સાહિત્ય ! ઉત્તમ નવલકથાઓનો ભંડાર !

રૂા. બે ૧૫૦૦ પૃષ્ટ ! તુરતજ ગ્રાહક થાઓ !

પ્રત્યેક નવલકથા એક એક રત્ન સમાન છે ! વારસોને માટે ઉત્તમ ધનનો છે !

ચોથું વર્ષ

સસ્તી વાર્તામાળા.

અમુલ્ય લાભ !

(ચિકણા કાગળ, સ્વચ્છ છાપ, જાડા મજબુત સુંદર પૂઠાં) ચાલુ વર્ષમાં નીચલી નવલકથાઓ મળશે:—

૧. આનંદ મંદિર અથવા મોક્ષ પ્રાપ્તિનો મહામંત્ર, સામાજીક-ધાર્મિક, ૨, સૂર્યોદય અથવા શિવાજી મહારાજનો ઉદયકાલ ઉત્તમ આકર્ષક ઐતિહાસીક, ૩. સંસાર કથા-કુંજ–ધર્મ, નીતિ, ઉદારતા, પરોપકાર, સત્ય વગેરેનું જ્ઞાન આપે છે. ૪. જાપાનીસ જાપુસ જાપાનની હિંગણી સ્ત્રી ડિટેકટીવોના અદ્ભુત. પરાક્રમ, બુદ્ધિ ચાતુર્યનો ભંડાર. ૫. સતિ ત્રિવેણી–ત્રણ પ્રસિદ્ધ સતી દેવીઓનાં આકર્ષક ચરિત્ર. સર્વે પુસ્તકો બહુ ઉત્તમ છે. આજેજ ગ્રાહક થાઓ.

વાર્ષિક મુલ્ય-કાચા જાડા મજબુત પૂંઠાના રૂ. અઢી, પાકા સુંદર પુંઠાના રૂા. સાડાત્રણ આદિકા માટે કાચા પૂઠાના રૂ. ૩–૨–૦ પાકા પૂઠાના રૂ. ૪–૮–૦

સર્વત્ર એજંટો જોઇએ છે.

સુરત રા. રંગીલદાસ કાશીદાસ બરાનપુરી ભાગળ–સુરત.

ગલાભાઈ રામચંદ્ર મહેતા. મેનેજર–સસ્તી વાર્તામાળા–અમદાવાદ.

આ પત્રનો આ અંકનો વધારો.

અમદાવાદની માંતિક-સામાજીક-કેળવણી પરિષદો તથા

દીવાળીના શુભ પ્રસંગે

'જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ઑફિસ તરફથી અપાતો

પુસ્તકોમાં ખાસ લાભ.

સૂચનાઓઃ—

(૧) આ લાભ ૧૯૧૬ ના ડીસેંબર આખર સુધીજ ફક્ત અપાશે.

(૨) અ. આ યોજનાનો જેમને લાભ લેવો હોય તેમણે ઓરડર સાથે એક રૂપીઓ પ્રથમ મોકલવો. આ રૂપીઆમાંથી આઠ આના "કેળવણી પરિષદ ફંડ" ખાતે અને આઠ આના "લડાઈ ફંડ" ખાતે આપવામાં આવશે. પુસ્તકોમાં મજરે મળશે નહિ.

બ. "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ના જે હાલ ગ્રાહકો છે, કે નવા થાય તેમને આ રૂપીઓ મોકલવાની ફરજ નથી.

(૩) આ યાદીમાંનાં બધાંજ પુસ્તકો લેવાની કોઇને ફરજ નથી; પણ જેને જે જોઇએ તે જ લેવાનાં છે; અને તે આમાં દરાવેલી કિંમતે રોકડેથી ડીસેંબર આખર સુધી મળશે.

(૪) આ યોજના માટે દરેક પુસ્તકની કેટલી નકલો કાઢી છે તે યાદીના છેલ્લા ખાનામાં જણાવ્યું છે. જેમને આનો લાભ લેવો હોય તેમણે વિલંબ ન કરતાં તરતજ લખવું, કે જેથી નકલો ખલ રહેવાથી નિરાશ થવું ન પડે.

(૫) એક ગ્રાહકને દરેક પુસ્તકની એક કરતાં વધારે નકલ આ યોજનામાં અપાશે નહીં. લાઇબ્રેરીને બે સુધી અપાશે.

(૬) વિ. પી. પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચ જુદું પડશે.

નીચેના સરનામે ઓરડરો મોકલવાઃ—

જીવનલાલ અમરશી મહેતા

મેનેજર—"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા", અમદાવાદ.

છાપખાને શ્રી સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.—અમદાવાદ.

અમદાવાદની માંતિક-સામાજીક-કેળવણી-પરિષદો તથા દીવાળીના શુભ પ્રસંગે
" જ્ઞાનવર્ધક પુસ્તકમાળા " ઓફિસ તરફથી સાહિત્યપ્રેમીઓને
અપાતો પુસ્તકોમાં બાસ લાભ.

(આ લાભ સન ૧૯૧૬ ડીસેંબર આખર સુધી જ અપાશે-ત્યાર પછી પુરી કિંમત પડશે.)

નંબર.	પુસ્તકનું નામ.	વિષય.	કદ વગેરે.	મૂળ કિંમત.	લાભસર માટે કિંમત	લાભસર માટે નફલ.
૧	સતીમંડળ (ભાગ ૧-૨)	ભારતખંડની પ્રાચીન તથા અર્વાચીન સતી, શૂરી સેકડો સ્ત્રીઓનાં બોધક જીવનચરિત્રો તથા સ્ત્રી પુરૂષના સામાન્ય ધર્મ વિશે ઉત્તમ વિવેચન. રા કેટલ વજ્ર વિષયનું વિવેચીકૃત ઐતિહાસીક આવૃત્તિ. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર છે	ભા આઠ પેજી ૧૦ ૬૦૦ પુંઠાં પાકાં સેનેરી	બન્નેના. ૫-૦	૪-૪	૨૫
૨	બ્ય. રા. મહાદેવ ગોવિંદ રાનડે.	રા. રા. કર્નલ મેકેન્ઝર દેશાઇની કૃા વિસ્તારી જીવનચરિત્ર. ઘણા સુધારા વધારા નવી આવૃત્તિ. ઇનામ લા. માટે મંજુર.	ક્રાઉન રોા ૧૬ પૃ૦ ૬૮૦	૧-૮	૧-૩	૫૦
૩	વિદેહ ગુજરાતી અક્ષરો.	કર્તા-સુમનસ હરિલાલ ધ્રુવ. દરેક અક્ષરની ૭મી તથા જીવનચરિત્ર સાથે આખું પુસ્તક આર્ટપેપર ઉપર છાપેલું.	મધ્યમ રોા ૧૬ પૃ૦ ૧૫૦	૧-૮	૧-૪	૨૦
૪	ગુરૂદત્ત વિદ્યાર્થીનું જીવનચરિત્ર.	મૂળ લેખક લાલા લજપતરાય. અનુકરણીય પંજાબી મહાપુરૂષનું જીવનચરિત્ર. વડોદરામાં લાઇબ્રેરી માટે મંજુર	રોા. ૧૬ પેજી પૃ૦ ૨૫૦	૧-૪	૧-૦	૫૦
૫	પુરાણનાં જીવનચરિત્ર.	અંગ્રેજી ઉપરથી કર્તાઓ-સા. શ્રી બી. કે. ઠાકોર, બી. એ. તથા હરિલાલ માધવજી ભટ્ટ, એમ. એ. બીજા મહાપુરૂષોનાં જીવનચરિત્રો.	રોા ૮ પેજી પૃ૦ ૩૪૦	૨-૦	૧-૧૦	૨૫
૬	કાદંબરી (પૂર્વખંડ).	કવિ બાણકૃત પ્રાચીનકાવ્ય. ટીકા, અર્થ તથા લખાણ સમજુતી સાથે સંશોધક સા. શ્રી કેશવલાલ હર્ષરાય ધ્રુવ.	ડેમી ૮ પેજી પૃ૦ ૩૬૦	૩-૦	૨-૮	૧૦
૭	વૈતાલ પચ્ચીસી.	પ્રાચીન ગુજરાતી પદ્ય તથા ગદ્યમય. ટીકા-સમજુતી સાથે. પ્રાચીન ગુજરાતી ગદ્યનું આ પહેલું જ પુસ્તક છે.	ડેમી ૮ પેજી પૃ૦ ૧૮૪	૧-૮	૧-૨	૫૦
૮	વિમળપ્રબંધ.	જૂનું પ્રાચીન કાવ્ય. ટીકા સાથે. સંશોધક રા. મણિલાલ બકોરભાઇ.	રોા ૧૬ પેજી	૧-૪	૧-૦	૧૦
૯	આપણો ધર્મ.	પ્રોફેસર આનંદશંકર બાપુભાઇ ધ્રુવના હિન્દુ ધર્મ સંબંધી લેખો, વ્યાખ્યાનો વગેરેનો સંગ્રહ.	ડેમી ૮ પેજી પૃ૦ ૫૦૦	૨-૮	૨-૪	૫૦
૧૦	સંક્ષેપ શંકર જય	માધવાચાર્ય રચિત શ્લોક સહિત ગુજરાતી ભાષાન્તર. કૃષ્ણલાલ ગો. દેવાશ્રયીકૃત.	રોા૮પેજીપૃ.૪૦૦.	૪-૦	૩-૪	૧૦

૧૧	કુમારસમ્ભવ.	મહાકવિ કાળીદાસ કૃત મૂળ મહાકાવ્ય તથા તેનું ગદ્ય સરળ ભાષાન્તર. અદ્‌ભૂત,વીર, શૃંગાર અને શાન્તરસથી ભરપૂર.	ડેમી ૮ પેજી પૃ. ૨૭૦	૨–૦	૧–૮	૨૫
૧૨	ભક્તિજ્ઞાનનો ભંડાર	પ્રાર્થનાનાં પદ, ભજન ગીતામહાત્મ્ય વગેરે.	રૉ.૧૬પે પૃ ૨૧૬ પુંઠું સોનેરી.	૦–૧૨	૦–૬	૫૦
૧૩	વાલ્મિકી શુભાયણ (સંપૂર્ણ)	શ્લોક શ્લોકનું સરળ ભાષાન્તર કર્તા રા. રા. સવાઈલાલ મોટાલાલ વહોરા "શબ્દ નિતામન્વિ" કાવ્યના કર્તા.	રૉ૦ ૧૨ પેજી પૃ૦ ૬૨૦	૩–૦	૨–૧૦	૧૮
૧૪	સુદર્શનગદ્યાવલિ.	પ્રો. મણિશાલ નભુભાઇ દ્વિવેદીના ગદ્ય લેખોનો સામટો સંગ્રહ. ('સુદર્શન' માસિકમાંના.	રૉ૦ ૮ પેજી પૃ. ૧૭૦૦	૫–૦	૪–૪	૫
૧૫	વેપારીઓપયોગી પાઠમાળા.	નાના મોટા દરેક વેપારીને હંમેશ ઉપયોગમાં આવે તેવા ૨૫ પાઠો તથા દી. બ. અંબાલાલભાઇનું 'નાણાંબીડ' વિશેનું ભાષણ.	રૉ. ૮ પેજી. પૃ૦ ૧૦૦	૦–૧૦	૦–૮	૫૦
૧૬	રત્નકણિકા	ચાણક્ય, વિદુર, શુક્ર, ભર્તૃહરિ, રામકૃષ્ણ પરમહંસ, બર્થોલ્ડ, બેન્જમીન ફ્રેંકલીન, વગેરેના નીતિના સિદ્ધાન્તોનું સરળ બોધરૂપે વાર્તિક.	રૉ૦ ૧૨ પેજી પૃ૦ ૧૦૦	૦–૫	૦–૪	૫૦
૧૭	પ્રવાસીના પત્રો.	દેશ–સમાજ–રાજ્ય–વિદ્યા–હુનર–સાહિત્ય વગેરેની છુટી છુટી વર્ણારૂપે પત્રો.	સુ૦ રૉ૦ ૧૬ પૃ૦ ૨૧૦	૧–૦	૦–૧૦	૧૦૦
૧૮	સમાજ.	સર રવીન્દ્રનાથ ટાગોરના આપણા જનસમાજની સ્થિતિ વિશેના નિબંધો.	ડેમી ૮ પેજી પૃ૦ ૮૦	૦–૬	૦–૫	૨૫
૧૯	શ્રી કૃષ્ણજીવન.	બાબુ નવીનચન્દ્રસેનના કાવ્ય ઉપરથી ગદ્યમાં ભાષાન્તર. ૧૧ પ્રકરણ. (છનામ માટે મંજુર થયું છે.)	મુ૦રૉ૦ ૧૬ પેજી પૃ૦ ૧૦૦	૦–૫	૦–૪	૫૦
૨૦	બાળ મહાભારત.	મહાભારતના અઢારે પર્વનો ટુંકામાં સાર કર્તા નારાયણ હેમચંદ્ર.	મુ૦રૉ૦૧૬પેજી પૃ૦ ૫૬	૦–૬	૦–૪	૫૦
૨૧	બુદ્ધ, ધર્મ અને સંઘ.	પ્રો૦ ધર્માનંદ કોસંબીએ શ્રીમંત ગાયકવાડ સમક્ષ આપેલાં ત્રણ વ્યાખ્યાન. બૌદ્ધધર્મ વિશેની સવિસ્તર અને સાચી માહિતી.	મુ૦રૉ૦૧૬પેજી પૃ૦ ૮૦	૦–૬	૦–૩	૧૦૦
૨૨	પ્રજ્ઞાપારમિતાસૂત્રમ્	ગૌતમબુદ્ધે અને ધર્મસિંહાસનના સુત્રરૂપે લખેલા ૨૧ શ્લોક તથા તેનું ભાષાન્તર. કર્તા રા. રા. ગટુલાલ ગે.પીલાલ પુ. થી એ.	સુ૦ રૉ૦ ૧૬ પૃ૦ ૧;	૦–૨	૦–૧	૧૦૦
૨૩	એક દેવીનો આત્મ વૃતાન્ત.	ઉંગલીશ ઉપરથી કર્તા સા૦ શ્રી મલ્લિયંકર રત્નજી ભટ્ટ બી. એ.	રૉ. ૧૬ પેજી પૃ૦ ૧૦૦	૦–૬	૦–૫	૫૦
૨૪	જાતક-જ્યોતિષ ફળ દર્પણ.	કર્તા વકીલ શાકરલાલ મંજુલાલ. જ્યોતિષ સંબંધમાં આ ગ્રન્થ કિંમતી ગણાય છે.	ડેમી ૮ પેજી પૃ૦ ૩૪૦	૨–૦	૧–૧૨	૬૦
૨૫	સંક્ષિપ્તતા–	"		૨–૮	૨–૨	૧૦
૨૬	બાળસ્વભાવ	બાઇબલરી તથા ચિત્રો વગેરેને ઉપયોગી. છનામ બાઇબલરી માટે મંજુર છે.	રૉ૦ ૧૬ પેજી	૦–૮	૦–૭	૨૦

૨૯	ગૃહવ્યવસ્થા.	કન્યાઓ તથા સ્ત્રીઓને ખાસ ઉપયોગી. કન્યા હાઇસ્કૂલોમાં ચાલે છે.	રા૦ ૧૬ પેજી પુંઠું પાકું.	૦–૧૨	૦–૧૦	૨૦
૨૮	બાળઉછેર અને બાળરક્ષણ.	સુરતની સાહિત્ય પરિષદે આ ખાસ સ્ત્રીઉપયોગી ઉત્તમ નિબંધની લેખક બાઇ મીસીસ ઉપાધ્યાયને પાંચ તોલાનો સોનાનો ચાંદ આપ્યો છે. દરેક સ્ત્રીને વંચાવવા યોગ્ય.	રા૦ ૧૬ પેજી પૃ. ૧૨૫	૦–૮	૦–૬	૧૦૦
૨૯	ગુજરાતી શબ્દકોષ.	રા. લલ્લુભાઇ ગોકળદાસ પટેલ કૃત. શીતેર હજાર શબ્દનો ગુજરાતી કોશ હાલ આ એકજ છે. ગુજરાતી લાઇબ્રેરીમાં તો ખાસ ઉપયોગી છે.	રા૦ ૮ પેજી પૃ૦ ૧૦૫૦	૬–૦	૫–૪	૧૦
૩૦	જર્મનીની ઉન્નતિ.	રાજકીય ચર્ચાથી તદન રહિત લોક ઇતિહાસ–વિદ્યા હુન્નર–ઉદ્યોગ–ખેતીવાડી–વેપાર–રાજ્યબંધારણ વગેરે વિષયની પુરતી માહિતીથી ભરપુર છે.	રા૦ ૧૨ પેજી પૃષ્ઠ ૨૫૦	૧–૧૦	૧–૪	૫૦
૩૧	સ્મરણ સંહિતા.	એક કરણ પ્રશસ્તિ કર્તા સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ. અને ઉપોદ્‌ઘાત તથા ટીકા લેખક પ્રો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ. દસ ચિત્રો સાથે. (લાઇબ્રેરી માટે મંજુર છે)	ડેમી ૮ પેજી એન્ટિક પેપર. પુંઠું રૂપેરી	૧–૪	૧–૧	૨૫
૩૨	નૂપુરઝંકાર.	સા. શ્રી નરસિંહરાવ ભોળાનાથ કૃત નવો ત્રીજો કાવ્યસંગ્રહ. વિસ્તારી ટીકા તથા કવિતદેવીના મનોહર ચિત્ર સાથે.	રા૦ ૧૬ પેજી પૃ. ૩૦૦	૧–૦	૦–૧૪	૨૫
૩૩	દીવાને સાગર.	સાગર કૃત ગઝલો–ભજનો–કાવ્યો–નારદભક્તિ સૂત્ર વગેરેનો સંગ્રહ. સુરીઝમના લંબાણ શબ્દકોષ સાથે.	રા૦ ૧૨ પેજી. પૃ૦ ૫૫૦	૨–૮	૧–૧૨	૫૦
૩૪	સંસારિકા.	મહુમ શ્રી. એમ. મલબારી કૃત દેશભક્તિપોષક કાવ્યો.	પુંઠું સાદેરી	૨–૦	૧–૪	૨૫
૩૫	કલાપીનો કેકારવ	સ્વ૦ કલાપીનાં કાવ્યોનો સંગ્રહ. આવૃત્તિ ચોથી.		૨–૦	૧–૧૨	૨૫
૩૬	કલાપીનો વિરહ.	ભરતકવિ ત્રિભુવન પ્રેમશંકર કૃત એક સરસ કાવ્ય. સા. શ્રી ન્હાનાલાલ કવિના ઉપોદ્‌ઘાત સાથે.	ડેમી ૮ પેજી પૃ૦ ૨૦૦	૧–૪	૧–૧	૧૦
૩૭	કલ્લોલિની.	રા. બોટાદકરનાં કાવ્યો. ઑન. સર પટ્ટણીને સમર્પિત. ઇ૦ લા૦ માટે મંજુર.	પૃ૦ ૧૫૦	૦–૮	૦–૬	૫૦
૩૮	હૃદયકુંજ.	રા૦ ચીમનલાલ દામોદરદાસ ત્રિપાઠીનાં કાવ્યોનો સંગ્રહ.	ડેમી ૮ પેજી પૃ૦ ૧૭૫	૧–૦	૦–૧૪	૨૫
૩૯	ગુ૦ ગઝલીસ્તાન.	ગુર્જર કવિઓની ગઝલોના સંગ્રાહક સાગર. ગઝલ વિશે દી૦ બ૦ રણછોડભાઇના ઉપોદ્‌ઘાત સાથે.	રફ પુંઠું બોર્ડનું	૦–૧૨	૦–૧૦	૨૫
૪૦	સુન્દરી સુબોધ ગીતસંગ્રહ.	ગીતો–ગરબા–રાસ વગેરેનો સ્ત્રીઓને ગાવા યોગ્ય સંગ્રહ સૌ. કાશીબાકૃત.	રા૦ ૧૬ પેજી પૃ૦ ૨૫૦	૦–૮	૦–૭	૨૫
૪૧	ન્હાના ન્હાના રાસ	સા. શ્રી ન્હાનાલાલ દલપતરામ કવિ કૃત–૫૦ રાસ–ગરબા–ગીત વગેરે.	રા૦ ૧૬ પેજી	૦–૪	૦–૩	૫૦

૭૨	કલ્પવૃક્ષ સતશાદી	કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ કૃત ૭૨૦ દૃષ્ટાન્તિક દોહરા. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર.	રૉ૦ ૧૬ પેજી પૃ૦ ૬૫	૦–૪	૦–૩	૫૦
૭૩	રાઇનો પર્વત.	રા.. બ. રમણભાઇ મહીપતરામ કૃત પાંચ અંકી ઉત્તમ ગણાયેલું નાટક. ઇનામ લાઇબ્રેરી માટે મંજુર.	ડેમી ૮ પેજી પૃ૦ ૧૭૦	૧–૦	૦–૧૪	૨૫
૭૪	જયા અને જયન્ત.	સા. શ્રી નહાનાલાલ દલપતરામ કવિ કૃત સંપૂર્ણ નાટક.	,,	૧–૪	૧–૧	૨૫
૭૫	દુઃખી સંસાર.	સા. શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ તથા રાજકવિ ડાહ્યાલાલ શિવરામ કૃત ત્રણ અંકી નાટક. આપણી આધુનિક સ્થિતિનો તાદૃશ્ય ચિતાર–ભજવાય તેવું.	ડેમી ૮ પેજી પૃ૪ ૨૧૬	૧–૦	૦–૧૩	૨૫
૭૬	શ્રી પ્રહલાદ.	સા. શ્રી હરિલાલ દર્યારામ મુનશી કૃત નાટક. ત્રણ અંકી.	પૃ૦ ૧૨૫	૦–૧૦	૦–૬	૨૫
૭૭	અભિજ્ઞાન શાકુન્તલ.	ભાષાન્તરકર્તા રા. રા. મગનભાઇ ચતુરભાઇ પટેલ; બેરીસ્ટર–એટ–લૉ. લાઇબ્રેરી માટે મંજુર.	રૉ૦ ૧૨ પેજી પૃ૦ ૧૨૮	૧–૨	૧–૦	૨૫
૭૮	રત્નાભામા નાટક.	શુદ્ધ પ્રેમનો આદર્શદર્શક પાંચ અંકી. (૭ ચિત્રો તથા ફેમરવેઇટ પેપર.)	રૉ. ૧૬ પેજી પૃ૦ ૨૫૦	૧–૮	૧–૨	૫૦
૭૯	ચાર નાટકો.	પ્રાંતપ્રાના મદારાજા શ્રી અજીતસિંહજી સ્થાપિત નાટક કંપનીનાં (૧) પ્રતાપી પ્રતીજ્ઞા, (૨) કામલતા, (૩) ચિતોડનો કરણ અને (૪) સત્યવાદી હરિશ્ચન્દ્ર એ ચાર નાટકો ભાષાન્તર સહ. હરિશ્ચંદ્ર ઉર્દુ જબાનમાં છે.	ડેમી આઠ પેજી પુંઠું કાપું	ચારેની ૨–૦	૦–૧૨	૫૦
૮૦	મહાભા નાટક.	કર્તા કવિ ભવાનીશંકર નરસિંદરામ.	ડેમી ૧૨ પેજી	૧–૦	૦–૧૨	૨૦
૮૧	શાન્તિપર્વ.	ભટ્ટ મણિશંકર મહાનંદ કૃત ભાષાન્તર. મહાભારતના શાન્તિપર્વ તથા મોક્ષ ધર્મ બંને સાથે. "ભારતાર્થ પ્રકાશ"માંના	ડેમી ૮ પેજી પૃ૦ ૭૭૦	૫–૦	૨–૮	૫
૮૨	કાબેરવાદી. (પ્રથમ ભાગ)	સર રવીન્દ્રનાથ ટાગોરકૃત ઘરસંસારી ઉત્તમ નવલકથાનું ભાષાન્તર.	રૉ૦ ૧૬ પેજી પૃ૦ ૨૦૦	૧–૦	૦–૧૨	૫૦
૮૩	એક ચાપૂર્વ લગ્ન.	નવલકથા. અંગ્રેજી ઉપરથી કર્તા સા૦ શ્રી છગનલાલ હરિલાલ પંડ્યા; બી.એ.	પૃ૦ ૧૬૪	૦–૮	૦–૭	૧૫
૮૪	મુસાફરાગનની.	રમેશચન્દ્રદત્ત કૃત નવલકથા ભા૦ કર્તા સૌ૦ વિદ્યાગૌરી તથા સૌ. શારદા ગૌરી બી. એ.	ડેમી ૮ પેજી પુંઠું સોનેરી.	૧–૪	૧–૧	૨૫
૮૫	માતા અને મૂર્તિકા.	ફ્રેન્ચીશ ઉપરથી કર્તા સ્વ૦ ફત્તાણી.	રૉ. ૧૬ પેજી	૦–૮	૦–૬	૨૫
૮૬	પાપ અને પશ્ચાત્તાપ (ભાગ ૧–૨ બેળા)	ઉત્તમ નવલકથાઓમાં ગણાયેલી સામાજીક નવલકથા. બે ભાગમાં સાથે.	,, ,, પૃ૦ ૪૦૦	૧–૮	૧–૨	૨૫
૮૭	મુકુલાગર્દન.	સામાજીક નવલકથા કર્તા રા. ગુજરાત બોળાનાથ દીવેટીઆ, બેરીસ્ટર–એટ–લૉ.	રૉ. ૧૬ પેજી	૦–૮	૦–૭	૨૫
૮૮	પ્રતાપસિંહ.	મેવાડના પ્રતાપી મદારાજાની ઐતિહાસિક નવલકથા લેખક ડાહ્યાભાઇ રામચંદ્ર જોશી. બે ભાગમાં પ્રકરણ ૪૦.	સુ૦રૉ૦૧૬ પેજી પૃ૦ ૨૭૦	૧–૦	૦–૧૩	૫૦

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા"ના નવા ગ્રાહક થનારને

હાલ શા શા લાભ મળે છે?

પુસ્તકમાળાના મુખ્ય નિયમો—(૧) ગ્રાહક થનારે પ્રવેશ ફીના આઠ આના ભરવા. (૨) ગ્રાહકને આ માળાનાં તમામ પુસ્તકો અર્ધી કિંમતે મળે, ને તે તેને લેવાં પડે. (૩) વર્ષમાં વધારેમાં વધારે ૩, ચારનાં પુસ્તકો નીકળે. (૪) વર્ષ પુરૂ થયે ગ્રાહકમાંથી કમી થવું હોય તો પ્રવેશ ફી પાછી મળે. (૫) વર્ષની શરૂઆત જાન્યુઆરીથી.

પ્રવેશ ફીના આઠ આના એક વખત ભરીને આ પુસ્તકમાળાના કાયમના ગ્રાહક થનારને સન ૧૯૧૬ નાં નીચેનાં આઠ પુસ્તકો અર્ધી કિંમતે મળે છે:—

ફરજીયાત લેવાનાં.

૧—૦—૦ ચોખેરવાલી. પ્રથમખંડ (સર રવીન્દ્રનાથ ટાગોરકૃત નવલકથા)

૦—૮—૦ પશુમાંથી દેવ. (મહાત્મા જે. સ્સ એલન ઉપરથી.)

૧-૧૦-૦ જર્મનીની ઉન્નતિ શાથી થઇ?
ચોખેરવાલી, ખંડ બીજો.
અને
ચક્રવર્તી અશોક. (નવલકથા.)

ઐચ્છિક દાખલ મળવાનાં.

૨-૮-૦ દીવાને સાગર.
સાગરની કવિતાનો સંગ્રહ.

૧-૪-૦ કુમુદચન્દ્ર. (નવલકથા.)

૧-૦-૦ પ્રવાસીના પત્રો.

૦-૮-૦ બાળઉછેર—બાળરક્ષણ.
(બાલ સ્ત્રીઉપયોગી નિબંધ.)

આ ઉપરાંત સન ૧૯૧૫ ની સાલનાં ફરજીયાત તથા ઐચ્છિક મળીને ૩. ૭-૦-૦નાં નીચેનાં આઠ પુસ્તકોનો આખો સેટ ૩. ૩-૮-૦ માં મળે છે. (છૂટક પુસ્તક ગ્રાહકને પોણી કિંમતે મળશે.)

ફરજીયાત.

૧-૮-૦ હાસ્યમંદિર.

૦-૮-૦ ગોપાળ કૃષ્ણ ગોખલેનું જીવનચરિત્ર.

૦-૮-૦ સૉક્રેટિસ અને તેના સંવાદ.

૧-૦-૦ સત્યભામા નાટક

ઐચ્છિક દાખલ મળવાનાં.

૧-૮-૦ પાપ અને પશ્ચાત્તાપ. બે ભાગ. (નૉવેલ.)

૧-૦-૦ બ્રિટીશ રાજ્યની બલિહારી. (કવિતા.)

૦-૧૦-૦ શ્રી પ્રહ્લાદ. (નાટક.)

૦-૨-૦ બાળમહાભારત. (ધર્મ.)

"જ્ઞાનસુધા" માસિકનું વાર્ષિક લવાજમ વિ૰ પી૰ પોસ્ટેજ સાથે ૩. ૧-૪-૦ છે તેને બદલે ૩. ૧-૦-૦ પુસ્તકમાળાના ગ્રાહક પાસેથી લેવાય છે.

સસ્તું અને સારૂં વાંચન જોઈએ તો જ આ પુસ્તકમાળાના ગ્રાહક થવું. વધારે ગ્રાહક વધાણુની જરૂર નથી, અને કદાચ જરૂર હોય તોપણ તેમ કરીને લલચાવવાની ઇચ્છા નથી. એક વખત પુસ્તકો નજરે જોવાથી જ ખાત્રી થશે.

અર્ધા આનાની ટીકીટ મોકલનારને પુસ્તકમાળાના નિયમો તથા તમામ પુસ્તકોની મોટી યાદી મફત મોકલાય છે. લખો—નીચેના સરનામે અમદાવાદ કે મુંબઈ—

મેનેજર—જીવનલાલ અમરશી મહેતા;

ઠે. જૂની હનુમાનગલી નં. ૧૫૨. મુંબઇ. (પો. નં. ૨.)

ઠે. પીરમશાહ રોડ; અમદાવાદ.

પાતાળનો અવાજ.

અમૃતધારાનું મેં મારા કુટુંબમાં સેવન કરાવ્યું, હું અંતઃકરણથી અનુમોદન આપું છું કે, જે રોગોને વાસ્તે લખ્યું છે એ લાભદાયક પ્રમાણિક છે. મોસીસ એચ. પેરસન, સાદિયા નં ૧૨૪૨. ઓકલેંડ, અમેરીકા.

એક અન્ય બાઇની સંમતી.

" મારી પુત્રીએ અમૃતધારાની શીશી આપની પાસેથી ગામા માસમાં ખરીદી હતી, હું આપને લખું છું કે એ બહુજ અદ્‌ભૂત વસ્તુ છે, અને મનુષ્ય જાતિને માટે એક ન્યામત છે, હું કહું છું કે કદી હું તે મિસ ન રહી શકીશ નહીં કારણ છે કે તે સર્વ રોગ મટાડનારા છે. જો મને તેની પહેલાં ખબર હોત તો મારા પ્યારા પતિનો જીવ તેથી બચી જાત. અમૃતધારાની પુરી પ્રસંશા થઇ શકતી નથી, અન્ય ઔષધ તેની સાથે મુકાબલો કરી શકશે નહીં.

ઇ. જોહનસન, ચુનાર.

કવિ વિનોદ વૈદ્ય ભુષણ પં. હરકુરદત્તશર્મા વૈદ્યની દવા.

અમૃતધારા દરરોજ પાસે રાખો

જે એકજ દવા કે જેની માત્રા ૨–૩ ટીપાં છે, તે લગભગ સર્વ રોગો, જે લગભગ ઘરોમા વૃદ્ધો, બાળકો, સ્ત્રીઓ અને પુરૂષોને થાય છે, તે સર્વનો સમભાવ ઇલાજ છે. ખાવામાં તેમ ચાપડવામાં બન્નેમાં કામ આવે છે. કોઇ અચાનક દુઃખ થાય, તો તેને અચાનક દુર કરે છે. મહિનાના રોગો દિવસમાં, દિવસોના રોગો કલાકોમાં, કલાકોનાં મિનિટોમાં દુર થઇ જાય છે. એકવાર અજમાવો, જુડી નકલોથી બચો અને અસલને ખરીદો.

રોગોના નામ કે જેમે અમૃતધારા દુર કરે છે.

દરેક પ્રકારની પીડા, દમ, કાસ પાર્શ્વશુળ, સલેષ્મ, અપચો કોલેરા, અરુચી, ખાટ્ટરો ગડગડાટ, પરિણામ શુળ, સંગ્રહણી, અતિસાર, વમન, અપસ્માર, (મૃગી દંતપીડા વગેરે દાંતોના સર્વ રોગ, નાકના સર્વ રોગ, મુખના સર્વ રોગ, કોલ્લા, દાદર, સોજા, દાહ, માખી વછી, સર્પ, કુતરૂ કરડયું ઉંદર વિગેરેના દંખ, સર્વ પ્રકારના, સોજા, ઉપદંસ, ઝાનું દરદ આંતરિક વે બાહ્ય પીડા, હરસ, ચોટ, દુર્બળતા પ્લેગ, પ્રમુતા પ્રદર, સોમરોગ પાંડુરોગ ક્ષય, રાજક્ષમા, મરોળ વામાનો ગોળો ગંડમાળ, કંઠમાળા સન્નિપાત, શૂલરોગ, હૃદયરોગ મુત્રકૃચ્છ, માનસિક અંધ, વાતરોગ, અર્દ્ધાંગ વાત, રક્તપીત, દર્દકમરે દાઝયું, પિત ઉન્માદ, ગળુ પડવું વાજર બેસી જવો, મુત્રાશય, કલેજાનું દરદ માથું, છાતી, ફેફસાં, આંતરડાં વિગેરેના રોગો મટાડે છે. કીંમત મોટી શીશી રૂ. ૨॥ અર્ધીશીશી રૂ. ૧। નમુનાની કીંમત ૦–૮–૦

કીમત મોટી શીશી રુ. ૨॥, અર્ધીની રુ. ૧।, નમુનાની કીમત ૦–૮–૦ ટ.

પત્રવ્યવહારને માટે લખો અમૃતધારા (પ્રાંત) લાહોર

તૈયાર છે! માત્ર પોષ માસ સુધીજ ખાસ તફે-પોસ્ટેજ.

અતિ ઉત્તમ પુસ્તકો.

'વિવિધ' તથા 'ચરિત્ર' માળા દ્વારા નિકળેલાં સં. ૧૯૭૨નાં ઉત્તમ પુસ્તકોના સેટ હવે તૈયાર થયેલા હોવાથી, તુરતમાં ખરીદવા ઇચ્છનારને ખાસ સગવડ આપવા માટે પોષ માસ સુધી તેનું પોસ્ટેજ માફ રહેશે તે પછી ન્યુજ લેવાશે.

વિવિધ ગ્રંથમાળાના ૧૯૭૨ના

ઉત્તમ ગ્રંથો

કુલ પૃષ્ઠ ૨૦૦૦

મૂલ્ય રૂ. ૨, પાકાં પુઠાં રૂ. ૩ પોસ્ટેજ ૦॥

સ્વામી રામતીર્થ—ભા. ૮–૯ મો.
આરોગ્ય વિષે જ્ઞાન-મો૦ ક૦ ગાંધી કૃત.
અજ્ઞ ઉત્તમ લેખ—જર્મનજાસ, ફ્રીજમાં ૨૧ વર્ષ, અને ૬ મહાન લડાઇઓ.
પ્રભુમય જીવન...નામ પ્રમાણેજ વિષય.
ઠુંકી સામાજિક ૨૯ બોધપ્રદ વાતો.
હિંદી બોલીમાં ૪૦ ઉત્તમ લેખોનો સંગ્રહ.

ચરિત્રમાળાનાં ૧૯૭૨ નાં

જીવન ચરિત્રો

કુલ પૃષ્ઠ ૧૫૦૦

મૂલ્ય રૂ૦ ૨, પો. ૦॥ પાકાં પુઠાં નથી

રાજા રામમોહનરાય-હિંદના પહેલા સુધારક.
સમ્રાટ અકબર-ખરા રૂપમાં દર્શાવનારું.
સ્કોટલેંડનો મહાવીર વોલેસ તથા પ્રાચીન સમયના ગ્રીસનો મહાવક્તા ડિમોસ્થનીસ.
ધર્માત્મા ગ્લેડસ્ટન અને જર્મન સામ્રાજ્યનો સ્થાપક પિતા પ્રિન્સ બિસ્માર્ક

ઉપરી માળાઓના આગલાં ઘણાં ખરાં વર્ષોના સેટ પણ મૂળ કિંમતેજ મળશે. પો. જુદું.

ટપાલમાં મંગાવનારે આ પત્રના નામ સાથે અમદાવાદજ લખવું. વિગતવાર સચીત્ર મફત

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય. } મુંબઇ–૨. અને અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તંત્રી હોલતરાય દાજીભાઇ દેશાઇ, સત્સંગ ઑફીસ અબ્બાતરોડ-સુરત.
સુરતમાં બપોરીઆ મહોલ્લા, તાપણાળાની પોળ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "ફૈનં વિજય. પ્રિન્ટીંગ પ્રેસમાં મળચંદ-કમલદલ-કાપડીયાએ છાપ્યું

પુસ્તક ૮મું
અંક ૬ ઠ્ઠો.

सत्संग.

પૌષ.
સ. ૧૯૭૩

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક.

જગત એજ બ્રહ્મની ભાવના.

-લાવણી-મિશ્ર-ઝાખી-

જગત એ સ્વરૂપ છે મા'રૂ,
હુ થી ના જગત છે ન્યારૂં
વશી રહુ હુ સર્વમાંન, સર્વ મારામાં રહે,
અકલિત ઘટના ભાદ્યારી, મારો થયે મુજને લહે
નથી હુ મા અહમ ભિતિ,
નથી હુ મા દ્વેષ કે પ્રીતિ,
સર્વ છે મારૂ એ ન્યારૂ (૨) જગત- ૧

હુ થી સર્વે ઉપજતુ ને સર્વ લય હુમાં થતુ
સર્વ ભાસે ભેદ ન્યાલગી, ભેદમય મન ભાસતુ
નથી ક્રોધ અન્ન કે મનોમય,
સર્વ નો છે મારામા લય
સુત્ર હુ સૌમા છુ ન્યારૂ (૨) જગત ૨

દેશાઈ મોતીલાલ મથુરભાઈ મહુધાવાળા.

ષટ્દર્શન.

ગૌતમ ન્યાય તણો એ બોધ, કાર્ય થકી કારણનો શોધ,
જગત કાર્ય વસ્તુત સિદ્ધ, કારણ રૂપે ઈશ્વરે લીધ,
યમમાની ટાળે અવરોધ, ગૌતમ ન્યાય તણો એ બોધ
કણાદ ન્યાય પરમાણુ ગ્રહે, પચભૂતને મિથ્યા કહે,
પરમાણુ પૂરણ પ્રસ્તાર, આત સૂક્ષ્મ તે ઈશ્વર ધાર,

તેજ નિત્ય વ્યાપક સિદ્ધ લહે, કણાદન્યાય પરમાણું ગ્રહે,
પૂર્વમિમાંસા જૈમિનિ કહે, વેદ મૂળ આધારજ લહે,
એ આધારે કર્મજ સત્ય, કર્મ કર્યે માને ઉત્પત્ય,
કર્મ ટાળતાં કાંઇ ન રહે, પૂર્વમિમાંસા જૈમિનિ કહે,
કહે ઉત્તર મિમાંસા સત્ય, વેદવ્યાસકૃત એ વેદાન્ત,
એક બ્રહ્મ તે સત્યજ જાણ, જગત દૃષ્યને મિથ્યા માન,
એકજ બ્રહ્મ થકી ઉત્પત્ય, કહે ઉત્તરમિમાંસા સત્ય.
કપિલમુનિ કૃત સાંખ્યજ જેહ અનેક તત્વો માને એહ,
પ્રકૃતિથી થાતાં ઉત્પન્ન, તે સહુ આત્માથી છે ભિન્ન,
આત્મા પ્રકૃતિ ઉભયજ નિત્ય, પુરૂષતણી છાયા જે રીત,
પુરૂષ પ્રકૃતિ એ વિધ જાણ, ઉભય અનાદિ એજ પ્રમાણ,
ઉત્પત્તિ સ્થિતિ લય એ થકી, ઇશ્વરનું અસ્તિત્વજ નથી,
એમ અનીશ્વરવાદી એહ, કપિલમુનિ કૃત સાંખ્યજ જેહ.
પતંજલી કૃત યોગે કહ્યો, ઇશ્વર જીવથી જુદો લહ્યો,
ઉપાસના-યોગજ સાધતાં ઇશ્વરમાં જીવની એકતા
એમ જીવનો શિવજ થયો, પતંજલીકૃત યોગે કહ્યો.

ભગવાન શિવશંકર ભટ્ટ.

પ્રભો! હું બાળ તારો છું.

પ્રભો! જેવો ગણે તેવો તથાપિ બાળ તારો છું.
ને તો લાખ હું જેવા પરંતુ એક ગારો તું.
નથી શક્તિ નીરખવાની,
નથી શક્તિ પરખવાની,
નથી તુજ ધ્યાન ધરવાની,
તથાપિ બાળ તારો છું.
નથી જપ-જાપ મેં કીધા,
નથી કંઇ દાન પુણ્ય કીધાં,
અધમ રસ્તા સદા લીધા
તથાપિ બાળ તારો છું.
નથી મેં ગ્રંથ કો જોયો,
નથી મન-મેલ મેં ધોયો,
જૂઠી જહાંમાં અરે! મોહ્યો.
તથાપિ બાળ તારો છું.
ફરી ના સંતતી યાદી,
પરસ્તી ના કરી તારી,
ઉરે સંતાપ છે ભારી,
તથાપિ બાળ તારો છું.
ચિદાત્મા બ્રહ્મ એ પ્યારા!
ગુન્હા કર માફ સૌ મારા.
ભૂલ્યો ઉપકાર હું તારા
તથાપિ બાળ તારો છું.
વ્યાકર દુઃખ સૌ કાપી,
અભય દે શાંતિપદ આપી.
પ્રભો હું છું પૂરો પાપી
તથાપિ બાળ તારો છું.
કૃપાકર હું મુંઝાઉં છું.
સદા ઝિન્હે રીબાઉં છું.
પિતા! તુજ ધ્યાન ચાહું છું.
પ્રભો! હું બાળ તારો છું.

ખરબાળા. } ધીરજ.

અક્ષર સ્થાન.

(ગજલ)

નથી જે પૃથ્વીના , ઘડમાં,
નથી જે ક્ષત્રિના ધડમાં;
નથી જે દિવ્ય આકાશે,
પડયુ તે મત્વ મુજ પાસે ૧
નિરિક્ષિન જ્યાં રહે,
છતાં મહભૂત જ્યાં બેયે;
સતાતન જ્યાં સુખી અટી,
અમારી ત્યાં અમી દૃષ્ટિ. ૨
શીખવણી જ્યાં ન મતોની,
ન મર્યાદા મહંતોની,
ધરમનાં જ્યાં ધતિંગો નહીં.
તપશ્ચર્યા અમારી ત્યહાં ૩
ગુલામી કાયદાની નહીં,
વિધીના વાયદાની નહીં;
ફરેબી ફાયદાની નહીં,
સદા સ્થીતિ અગારી ત્યહીં. ૪
ઉમેદો કે ન બેદોની,
ભમણતા જ્યાં ન ભેદોની
સહું સદ્ ૐ અભ્યાસી,
અમે એ સ્થાનના વાસી. ૫

કવિ ભાદરાંકરજી વિઘારામ પંડિત.

ઉપવાસ અને તત્સંબંધે વૈદ્દિક અને ધાર્મિક વિચારો

મહીસાગરને તટે
બાલાપુરગામ
તા. ૨૪ ૪-૧૬

પ્રિય બન્ધુ !

અત્રે કુશળના પ્રસર્તે છે ઇચ્છું છું કે તમારે ત્યાં પણ તેમજ હો. પત્ર મળ્યો, તમારી શંકાઓના સમાધાનાર્થે કાંઈક વિવેચન કરવા ધારૂં છું.

આપણાં હિન્દુ શાસ્ત્રોમાં, પુરાણાદિકમાં એકાદશીના ઉપવાસ માટે ખાસ કરીને લખવામાં આવ્યુ છે. આ રીતે જોતાં એક સાધારણ વાતને માટે પણ આપણાં શાસ્ત્રો અતિશયોક્તિ કરીબેઠું પુણ્ય પાપ લાગે છે એમ જણાવે છે. અને કેટલીક રીત કે: જોને આપણા જેવા અગ્રેજી કેળવણી પામેલા અને પાશ્ચાત્ય વિચારના અનુકરણ કરનારા દોગ (દ્વિભંગ) માને છે તેમાં પણ હિન્દુશાસ્ત્રનાં ગૂઢ તત્વો સમાએલાં છે. સાધારણત.ભૂલ આપણી છેકે આપણે તે વહેમ અગર ગત થયી દાખલ થયા ! તેનું મૂળ શુ ! તે શોધ્યા સિવાય અને તત્સમ્બન્ધે બનેલો ઇતિહાસ જાણ્યા સિવાય નિરર્થક આક્ષેપ કરીએ છીએ. ટીકા અથવાકૂઆક્ષેપ એવી રીતે કરતો જોઇએ કે કોઇ પણ પક્ષ તેનું સમર્થન કરી શકેજ નહિ અને આમ કરવાને માટે જે સમ્બન્ધે ટીકા કે આક્ષેપ કરતા હોઇએ તે સંબંધની અથ ઇતિ જાણવાની સંપૂર્ણ આવશ્યકતા છે.

વૈદ્યક શાસ્ત્ર કહેછેકે માણસના શરીરમાં પિત્ત વિકાર જ્યારે વધ્યો પડેછે ત્યારે અને કાનેક રોગો ઉદ્ભવ થવાની સંભાવના રહે છે; અને તેનો આપણને અનુભવ છેજ સખત મજુરી અને મહેનતનાં કાર્ય કરવાથી કકડીને ભુખ લાગે છે, આ પ્રસંગે પણ કેટલોક પીત્ત વિકાર શમી જાય છે. જે માણસને કકડીને ભૂખ લાગે છે તેનું શરીર સદાએ આરોગ્ય રહે છે તેનું કારણ પણ હવે સમજાયું હશેજ.

આ વિકારના શમન અર્થે એક એવો નિયમ ઘડવામાં આવ્યો કે દરેક મનુષ્યે બનતા સુધી અગિયારમી તીથિને દિવસે ઉપવાસ કરવો જોયી તે રોગની ઉત્પત્તિ અટકાવી શકવા શક્તિમાન થઇ શકે. પિત્તવિકાર શાકપાન અને

ભાજીપાલા તથા મસાલાના દ્રવ્યોથી વધુ પ્રમાણમાં ઉત્પન થાય છે અને ખાસ કરીને આ કારણને લીધેજ ચોમાસાનાં છેલ્લા માસમાં પિત્તવિકારનું જોર વિશેષ હોય અને તેનેજ લીધે ઘણા માણસો સખ્ત જવરની બીમારી ભોગવે છે.

કેટલાક માણસો ચાતુર્માસમાં–ચોમાસા એકલામાંજ હજી ઉપરોક્ત પુરાતન નિયમ પાળે છે અને તેઓમાં જો બારીકીથી જોઇશું તો બીમારીનું પરિમાણ ઘણુંજ ઓછું માલમ પડશે.

હવે આપણે ધાર્મિક દૃષ્ટિથી જોઇએ.

ભારતરત્ન સ્વામી રામતીર્થ એવાજ ભાવમાં કહે છે કે "જેમ જેમ આપણી ઇન્દ્રિયો વધારે શિથિલ થાય છે તેમ તેમ આપણે પ્રભુ પરાયણ વૃત્તિ વિશેષ રાખી શકીએ છીએ. સવારના પ્હોરમાં સર્વ ઇન્દ્રિયો શિથિલ હોવાથી સ્નાનથી સ્ફૂર્તિ આપી આપણને સન્ધ્યા-પૂજા કરવા શાસ્ત્રો ફરમાવે છે તેનું કારણ આજ." હવે ઇન્દ્રિયો શિથિલ કરવાનો મુખ્ય અને સરળ માર્ગ તે ઉપવાસજ છે, એમ આપણે કબુલ કર્યા સિવાય છુટકોજ નથી.

ઇન્દ્રિયનિગ્રહ× આત્મસંયમનના ઉચ્ચ પક્ષનું અવલંબન કરવા મેં તમને પહેલાં લખ્યું હતું. યાદ હશે કે ઇન્દ્રિયો શિથિલ કર્યા સિવાય તેમાં વિજય પ્રાપ્ત થતો નથી. ઇન્દ્રિયોનો વિજેતા મનપર પૂર્ણ કાબુ રાખવા શક્તિવન્ત થાય એ નિઃશંશય અને નિર્વિવાદજ છે. હવે જે મન માટે ભારતચક્રચૂડામણિ ભગવાન શ્રી કૃષ્ણ જેવા પણ કહે છે કે:—

"मन एव मनुष्याणां कारण बन्धमोक्षयोः ।

અને વળી કહેવાયું છેકે:—

चचलं हि मनःकृष्ण प्रमाथि बलवद्दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ।।

તેવા મનને પણ જીતવાનો સરળમાર્ગ ઉપવાસ છે એ આ ઉપરથી સહેલમજશે. જે મનુષ્ય મનને જીતે છે તે પોતાને અને પોતાને જીતનાર સમસ્ત વિશ્વને જીતી શકે છે. 'મનજીત્યું તેણે જગજીત્યું" એ કહેવતનું હાર્દ આથી સહેલમજશે. આ રત્નપ્રસવા ભારત ભૂમિનુ રત્ન સ્વામી શ્રી રામતીર્થ કહેછેકે: "ગ્રીસનો મહાન ગણિતવેત્તા આર્કિમીડીઝ કહેતો કે યોગ્ય શક્તિથી આખી પૃથ્વીને હું હલાવી શકીશ પણ ફક્ત પૃથ્વી બહાર ઉભા રહેવાને યોગ્ય સ્થિર જગ્યા, અને મદદને માટે લાંબો સરખો એક દાંડો (Lever) મ્હને મળવાં જોઇએ. તે બાપડાને એવી જગ્યા મળી નહિ પરંતુ જેના ઉપર ઉભારહીને સમસ્ત વિશ્વને હલાવી શકાય એવું સ્થાન તમારો પોતાનો આત્માજ છે ! ત્યાં જઇને આત્મસ્વરૂપે સ્થિત થઇને જે હિલચાલ કરીશું તે આખા જગતને હચમચાવી મૂકશે" તો આત્માને–પોતાને જીતવા તેનાપર જોઇએ તેવી છાપ પાડવા ઉપવાસ એ ઘણુંજ અગત્યનું સાધન છે.

આ ઉપરથી જણાશે કે બધાખરા ધર્મો ઉપવાસ કરવાનું ફરમાવે છે એ આવા ગૂઢ હેતુથીજ. જૈનો, હિન્દુઓ, મુસલમાનો બૌદ્ધો ક્રિશ્ચનોનાં ધર્મ પુસ્તકોમાં ઉપવાસનું ઘણું મહાત્મ્ય લખ્યું છે તે આવા ગૂઢતમ હેતુને અવલંબીનેજ.

વળી વૈદકશાસ્ત્રોનો મત એવોછે કે રોગ પેદા થવા દઇ દવા કરવા કરતાં તેને મૂળથીજ અટકાવવો એ સારું છે; Prevention is better than Cure. એવું પાશ્ચાત્ય ચિકિત્સકો પણ કહેછે અને તદનુસાર ઉપવાસ કરવો એ ઘણા રોગનાં ઉંડાં મૂળ કાપવા બરોબરછે.

× જીજ્ઞાસુઓને "વિવેચક" વર્ષ ૧ લાનાં ૧૧માં અંકમાંનો "અલગિરિનાં રત્નોનો" નામનો આત્મસંયમન વિશેનોજ "યોગી" સંજ્ઞાથી લખેલો આ લેખકનો લેખ નિરિક્ષવા વિનંતિ છે અત્ર તે લેખ વિશેનોજ ઉલ્લેખ છે.

હાલ અમેરિકા વિગેરે સુધરેલા અને સમસ્ત વિશ્વના અગ્રગણ્ય ગણાતા દેશોમાં પણ ઉપવાસનું મહાત્મ્ય પ્રસિદ્ધ છે ઉપવાસથીજ ભયંકર રોગો મટે છે એવુ તેમણે અનુભવ સિદ્ધ સાબિત કરી આપ્યુ છે અધિયના કેટલાક પુસ્તકો પણ અમેરિકન સાહિત્યમાં હમણાં થોડા વખતથી નીકળતાં જાય છે.

થોડા વખત ઉપર મ્હને પોતાનેજ દરરોજ સખત નસકોરીફુટ દરદ થયું હતુ. મ્હે બાસ તેને માટે એક ઉપવાસ (તે દિવસે એકાદશી નહિ હોવાછતાં.) કર્યો અને અજાયબ જેવી રીતે મ્હને બને દિવસે ફેર માલુમ પડયો. ત્રણચાર દિવસમાં તે દરદ સમૂળગુ નાબુદ થયું. ઉપવાસ કરવાના બે પ્રકાર છે, એક ફળાહાર કરીને અને બીજો અનશન* આ બન્નેમાં અનશન વધુ ફાયદો કરે છે કિંતુ ત્રણ ચાર દિવસ કે તેથી વધુ ઉપવાસ કરનાર × અથવા શિથિલ પ્રકૃતિ વાળાને તો ફળાહાર વાળોજ રાખ્યો છે.

કેટલાક મૂર્ખાઓ કહે છે કે " જ્યારે ઘરમાં અન્ન ન હોય ત્યારે ઉપવાસ કરવો જોઇએ." ખરૂં ! તેમના ગૃહમાં તો અન્નના ગીરિસદૃશ ઢગેઢગ ભારી મુકયા હશે. આ પત્ર તેવા કોઇ મહાત્મા (!) જાડે તો તેમને વંચાવજો.

વળી એક વાત યાદ આવે છે કે એક વખત એક બન્ધુએ મને જણાવ્યુ કે "તમે ઉપવાસ કરો છો પણ તેનુ તમને મ્હોટું પાપ લાગશે." મ્હે કારણ પુછતાં તેણે જણાવ્યું કે "જ્યારે શરીરરૂપી એન્જીનને કોલસારૂપી અન્ન નથી મળતું. ત્યારે તે વીર્યને ઉપયોગમાં લે છે. એટલે વીર્ય બળી જાય છે. અને પાશ્ચાત્ય તેમજ અમેરિકન વિદ્વાનોએ કરેલી શોધ પ્રમાણે વીર્યમાં નાના પુછડીવાળા અસંખ્ય કીડાઓછે. હવે વીર્ય બળે એટલે આ કીડા મરી જાય છે. તેનુ પાપ તમને લાગે છે કારણ તમારે અહિંસા પરમો ધર્મ એ સિદ્ધાન્ત માન્ય છે." જવાબ આપવામાં આવ્યો કે " ભાઇ! આપ આ કલ્પનામા એક ગંભીર ભૂલ કરો છો કારણ વીર્ય કાંઇ બળતું નથી પણ પિત્તવિકાર પિત્તનો સંગ્રહજ બળે છે કે જોઇતા પ્રમાણથી વધુ પ્રમાણમાં એકત્રિત થવાથી રોગનુ જનનસ્થાન થઇ પડે છે. જરા વિચાર કરતાં આ વિવાદજ નિરર્થક જણાશે સવિશેષ મસ્તિષ્કમાં છે વીર્યનું સ્થાન અને પિત્તનું સ્થાન પેટછે. હવે વિચાર કરોકે જ્યારે આગલાગે ત્યારે પાસેની ઝુપડી બળેકે અર્ધા કોસ પર આવેલા રમ્ય મહાલય બળે ?- ઝુપડીજ બળે તે પ્રમાણે નિર્માલ્ય પિત્તજ બળે છે નહી કે મહા મૂલ્યવાન વીર્ય ભાગ્યે કોઇકજ માણસ એવો હશે કે જે મુખ ઉઠાવશે કે ઉપવાસથી મને ગેરફાયદો થાય છે.

ઉપર પ્રમાણે આ વિષય માટે વૈદિક અને ધાર્મિક યુક્તમ હેતુઓ છે પણ આપણે માનીએ છીએ તેમ હઠાગ્રહ કે ઢોંગ નથી તેમજ તે કેવળ કપોળકલ્પિત પણ નથી કિંતુ જ્ઞાની, વિચારવન્ત, અને સમસ્ત જગતનું કલ્યાણ ઇચ્છનાર ઋષિ મુનીઓએ ઘડેલું સાનુભવસિદ્ધ મોક્ષ આપનાર ઇચ્છિત ફળદાયી પૂત છે.

તમારા તરફના સુખાકારીના સમાચાર જણાવશો પૂજ્ય વર્ગને મ્હારા પ્રણામ અને મિત્ર મણ્ડળમાં.....ને જયજય કહેશો તેમજ ચી૦.....ને આશીર્વચન જણાવશો એમ ઇચ્છુ છું

લી૦ તમારોજ

નાગરભાઇ ઇશ્વરભાઇ પટેલનાં જયવન્દન

× " નકોરડો ઉપવાસ. "

* વાણીઆઓ (અટક) મુસલમાનો (રોજ) બાવિક હિન્દુ (ચાન્દ્રાયણાદિવ્રત) વિગેરે

ગાંડો "ગુજરાતી"

(લેખક. શુકલ હરિલાલ ભાઇચંદ વકીલ.)

અરે જુઓ તો ખરા કે મારી કમનખતી મારા બાપને હું એકનો એકજ બેટનો દીકરો તેથી મારૂં નામ "ગુજરાતી" પાડયું મારા બાપનો અથાગ પ્રેમ તેથી મને લાડ લડાવવામાં તો બાકીજ શું? વળી પરમકૃપાળુ પરમાત્માની કૃપા તેથી લક્ષ્મીનો વાસો પણ મારેજ ત્યાં લક્ષ્મીબાદની મહેરબાની એટલે મારી આબરૂ અને પોઝીશનમાં કહેવું શું?

છતાં મને પાછળથી સૌ ગાંડો ગાંડો કહે છે આ દુઃખ મારે કોને કહેવું? જુઓ મારી રીતભાત તેમાં કાંઇ ગાંડપણ છે! મારા હાયની નસો મજબુત થવા માટે એક મણભાર હાથથી ઉપાડવાની કસરત કરવા સારૂ સારામાંસારા મજબુત ડંબેલ્સ ૨ ૨૫) ના મંગાવી હમેશાં મણ ભાર ઉપાડવાની પ્રેકટીશ કરૂં છું અને રેલવે સ્ટેશન ઉપર મુસાફરી પ્રસંગે જાઉં છું ત્યારે દશશેર ભારની ટ્રંક મારી પાસે હોય છે તેની પ્રેકટીસ કરવા સ્ટેશનના મજુરને હું ચારઆના આપું છું તેમાં કાંઇ બોટું ખરૂં! લોકો કહે છે કે અરે મુર્ખા? હમેશાં મણભાર ઉપાડવા માટે તું ઉલટાં નાણાં ખરચે છે અને દશશેર વજનની ટ્રંક ઉપાડવાની અને તેની કસરતનો લાભ લેવાની તક વખતે ઊલટા બીજાને ચાર આના આપે છે.

પૈસાપાત્ર હોવાથી સારામાં સારો ખોરાક ખાઉં છું અને તેથી મારા શરીરમાં લોહી માંસનો વધારો થાય છે પરંતુ "ચાહ" પીને કીમતી ખોરાકથી મેળવેલ લોહીમાંશનું પાણી કરી નાંખું છું તેથી ડોકટર સાહેબો મને કોડલીવરઓઇલ પીવાને ખાસ ભલામણ કરે છે તેથી હું બાર મહીને કોડલીવરઓઇલમાં પચાસ-સો રૂપીઆ નાંખુછું જો "ચાહ" પીવાતરફ મારૂં લક્ષ ઓછું કરૂં તો કોડલીવર ઓઇલ પીવાની જરૂર પડે નહી. અને વળી મારૂં શરીર પણ મજબુત થાય તે સાથે ઉંઘવી પણ સધાય અને બીમારી ઉપાર કરનાર માણસોનો પણ બચાવ થાય પરંતુ પૈસા કમાતાં શીખ્યો તેનો લાભ આવા રસ્તે ન લઉં તો પછી મારી મુર્ખાઇ નહી?

હોટલમાં જાઉં છું કે સોકો મને જોઇને ખુશી થાય છે પરંતુ હોટલની મજા તો જુઓ કે કેવી છે? પ્રથમ તો આપણને બીલ કાળા વીગેરે લોકોને અડકવામાં પણ પાપ ગણાતો. તેમના પીધેલા પ્યાલા માત્ર પાણીથી વીંછીને તેમાંજ આપણને ચાહ, દુધ, સોડા, લેમનો, શરબ વિગેરે મળે છે. લોકો આથી કહે છે કે બટલાયા. અરે! બટલાયા શેના! તેઓના એંઠા પ્યાલામાં પીવા મલવાથી આપણી બુદ્ધી તેમના જેવી થાય અને તેથી એક જાતની આપણને વિદ્યા પ્રાપ્ત થાય છે. કાળી ભીંત લોકોમાં ચોરી કરવાનો ઉત્તમ ગુણ હોય છે તેથી તેનું એંઠું પીવામાં આપણને તે વિદ્યા પ્રાપ્ત થાય. મોચીમાં ચાંમડાં માંસ વિગેરેમાં કાંઇ ધૃતરાજી નથી હોતી તેથી આપણને ચાંમડાં માંસ વિગેરેમાં જો ધૃતરાજી હોય છે તો દુર થાય. આપણી પાસે ચાંમડાં માંસ વિગેરે રહે તો ઊલટું સારૂં લાગે. તેવી આપણી ટેવ પડે છે તેમાં બોટું શું? જે કોમનું એંઠું આવામાં આવે તે કોમનો ગુણ આપણામાં પ્રાપ્ત થાય, આપણે બ્રાહ્મણ હોવાથી માત્ર પુજા રોવા ઇશ્વરભક્તી બ્રહ્મપણું વીગેરે તેવાજ ગુણો હોય છે તેથી હોટલમાં જનારી અનેક એંઠાં પાત્રોમાં આવા પીવાનો ઊભલામાં ઊભલા લાભ મલે છે અને તે દરેક કોમના ગુણો આપણામાં પ્રાપ્ત થાય છે હોટેલનો રોજ તો પૈસાપાત્ર થવાની આશામાં પાછી ગણતા પણ નથી અને તેથી અનેક જીવોનું સંતપણ હોટલમાં મલે છે અરે એવા વીનો તો એ લાભ છે કે આપણા દેશમાં "દયા" એ બનાવનાર વેચનારનાં બાદીમાં અને બાદેર

અમરો હામોહામ જોઇએ છીએ તે બીચારા-ઓની રોજ હોટલમાં જવાથી ખુશ્કી થાય છે હોટલમાં જવાનું બંધ કરીએ તો આપણે એક પાઇની પણ દવાની જરૂર પડે નહી કારણકે ચાહ પીવાથી લોહી માંયનું પાણી થાય છે સોડાવોટરથી ક્ષારને લઇને દસ્તનું દરદ થાય છે લેમોનથી શરીરમાં શરદી છેવટે પ્રાપ્ત થવાથી પુરૂષાતનહીન થવાય છે અને બરફથી શરીરની નસો નરમ થાય છે આ પ્રમાણે નરમ થયેલ શરીરને મજબુત કરવા માટે બહેર ખબરો વાલાઓની દવા ખરીદવાને આપણને ઉમદામાં ઉમદા તક મલે છે અરે આથીએ બીજું હું એક સારૂ કામ કરૂં છું કે દીવસમાં બે વખત "દારૂ" પીવાનું બંધારણ રાખ્યું છે દારૂની મઝા તો જુઓ ! દારૂ પીવા શરૂ કર્યો કે તુરતજ આપણા શરીરમાથી લોહી માંસ અને દીર્ઘાયુષ્યની કુંચી કે જે વીર્ય તુરતઓછું થવા માંડે છે કે પછી તે કોઇ દવાથી સુધરી શકતુંજ નથી દારૂપીવાથી જેટલી વખત ચુંથી નીશો રહે છે તેટલી વખત કામ કરવાની તાકાદ હોતી નથી અને તેથી કામ કરવાની જે મુસ્કેલી હોય છે તેનાથી છુટા થવાય છે તે સાથે ગ્લાની યાને શરમ ઓછી થવાથી ગમે તેવું પાપ કાર્ય કરવાની શક્તી મલે છે. નીશો ઉતરી ગયો કે તુરત છમાસ માંદગીથી ખાટલે રહેલ હોય તેવા માણસની શક્તી બરાબર આપણામાં શક્તી પ્રાપ્ત થાય છે અને તેથી બીચારાં નીરા પરાધી પ્રાણીઓના માંથ તરફ આપણું લક્ષ જાય છે અને દારૂ પીવાના ખરીદામે તે મેવન પણ કરવું પડે છે તેથી આપણા શરીરમાં અનેક જાતના રોગોનો ઉપદ્રવ થાય છે અને તેથી આપણું આયુષ્ય ચાલ વરસનું નકી થયું હોય તો નીચ વરસનું થઇ જાય છે એટલે આપણે આ દુનીઆમાં ઘણો વખત જીવવા પ્રમ ગ નથી આવતો સાથે અનેક પ્રકારના દુઃખો સહન કરવાની સાથે આપણું મૃત્યુ થવાનો મોટો લાભ મળે છે.

ઘરમા ચોર ન આવે તેના માટેતો એવું કરેલુ છે કે ગાંજો ખુબ પીધું છું અને તેથી મારી છાતી નબળી પડી જવાથી ખાંસીનું દરદ થયું છે આખી રાત ખું ખું કર્યા કરૂં છું ગાંજો પીવાના બંધારણને લીધે આખી રાત ઉંઘ આવતી નથી તે સાથે બામીનું આવા ગમનનો એટલું બધું થયું છે કે રાત્રે સો કદમ સુધી અવાજ સંભળાય તેવા જોરથી ખાંસી ખાઇ મારા શરીરમાં નાચી રહયાં હોય છે અને તેથી ચોરબાઇ જાણે છે કે ઘરમાં જાગે છે તેથી ચોરતો આવેજ નહી પરંતુ અતુભની કેળાએત ચોર હોયતો તો બહુ મ-નેથી ચોરી કરી જાય છે કારણકે ખાંસી નાચ કરી રહી હોય છે તેથી હું જાગતો હોઉંતો પણ ઘરકે છાપરૂં ફાડી અંદર પેસવાનો અવાજ મારા મને આવતો નથી તે સાથે પેટી પટારાઓ ઉઘાડે તો પણ ખબર પડે નહી અને લક્ષ્મી બાઇને સાચવવાની જવાબદારી એક રીતે ઓછી થાય છે.

"અફીમથી અક્કલ ગઇ અને સાચું બોલવાની મનાઇ થઇ" તેમા કાંઇ ઓછી મજા હોય કે? જ્યારે અમો અફીણના બંધાણીઓ બેગા થઇ બરાબર મજામાં આવીએ ત્યારે અક્કલ. બાહારની વાતો કરીએ. એક જણ કહે કે એક પથ્થર અંદર ટક ટક થતો જોવાથી અવાજ આવતો હતો. પથ્થરને ચારે બાજુ તપાસતાં. ફાટ કે કાણું કોઇ પણ જગ્યાએ નહી હતું અને મજબુતમાં મજબુત પથ્થર હતો. પછી તે પથ્થરમાં ટક ટક જેવો અવાજ શાથી થાય છે તે જોવાને પથ્થર તોડયો કે તુરત અંદર એક ભમરી નીકલી અને તે પથ્થર અંદર તાજી કોરી ચુમતી હતી અરે ! પરમેશ્વ-રની કુદરત ! ત્યારે બીજો કહે કે, દરીઆ વચ્ચે એક એવું ઝાડ છે કે તેનું પાંદડું આપણી પાસે હોય અને રાત્રે તે પાદડું ચંદ્રમા સામે ધરીએ કે તુરત મોટા જોરથી પાદડાંમાંથી પાણી નીકલવા માંડે પછી બેડે બેડાં ભરી લ્યો.

ત્યારે ત્રીજો કહે કે. પરમેશ્વરની કુદરતને કોણ પહોંચે એક દીવસ એવું થયું કે એના બાપ ખેતરમાં સાતેડું લઇને ગએલા. બળદ એક થા કયો અને બીજો બેઠો કે તુરત એક નોળીઓ જતો હતો તેને પકડી સાતેડે જોડી દીધો આખો દીવસ મજેથી સાતેડું હાંકયું, અને રાત્રે દશશેર ગુવારનું ખાંણ અને છ સુંડલા ઘાસ મુકી તો દશ મીનીટમાં ખાઇ ગયો આવી આની અનેક વાતો અફીમના બંધાણી-ઓના ટોળામાં થાય છે અને તે સાંભળવાની મજાતો કોઇક જુદીજ આવે છે તે સાથે મોટામાં મોટો ગુણ એ હોય છે કે અફીમના પાકા બંધાણી થવા પછી સંતાન પ્રાપ્ત કરવાની શક્તી જાય છે અને તેથી છોકરાં આ પ્રાપ્ત થવાની દુઃખ ઓછી થઇ જાય છે,

શાસ્ત્રકારોએ પરસ્ત્રી સેવન માટે ઘણુંજ પાપ લખ્યું છે તે સાંભળી મને તો જરાએ ગમતું નથી અરે વિષયવાંછનાની મજા તો જુદીજ છે. જ્યારથી વિષયવાંછનાના રસ્તે ગયો ત્યારથી પ્રથમ તો પગની શક્તી નરમ થઇ. પછી ચેપીરોગોની અસર થવાથી "પરમી-આ"એ મારી સાથે નીકટનો સંબંધ બાંધ્યો અને વૈદ્ય તથા ડોકટરોના ઘરે દીવસ રાત વખત ગુમાવવા લાગ્યો તોએ "ગ્રેમી-આ" બાઇએ મારી સોબત છોડી નહી અને છેવટે પોતાના ખરા જીગરના દોસ્ત-દાર વિક્ટોરીયાને મારી સાથે નીકટની દોસ્તી કરાવી આટલો આનંદતો કાંઇ ઓછો નહોતો. તેથીએ જ્યારે સંતોષ ન થયો ત્યારે મગજ ખાલી થઇ ગયું અને આધોસી તથા મગજમાં અનેક દુઃખાવા પ્રાપ્ત થયા મારાની મજાતો જુદીજ જણાવા લાગી તેટલામાં આંખોના દેવતાને મારી સોબત ઠીક ન લાગી એટલે તેઓ મારી પાસેથી નાસી ગયા હવે તો સુખમાં બાકીજ શું ! પ્રથમતો ચસમાંની જરૂર પડી અને પાછળથી પડળ ઉતરાવવા માટે દોડાદોડ કરી છેવટે જોવાનું બંધ થયું અને નીરાંતે ઘરમાં એકજ સ્થળે બેસી રહેવાનું સુખ મલ્યું અરે ! આ મજાની વાતનો તો કોઇ પારજ નથી. બીજો પ્રેમમાં જે ભાગતી તે આપનો અને છેવટે લક્ષાધીપતી કહેવાતો તે બધ થયું અને ત્યાગી મહાત્મા જેવો થયો તો પણ મહાત્માનો ઇલકાબમેં પસંદ ન કર્યો અને મને "ભીખારી" નો ઇલકાબ ગમ્યો.

આમાં મારી કોઇ કસુર ? આવા આવાસરામાં સારા ગુણોનું સેવન છતાં મને લોકો "ગાંડો ગાંડો" કહે છે; બાઇઓ જરા વીચાર કરીને સમજજો અને મને જે ગાંડો કહેતા હોય તેને કપડા આપવા ઠીક જણાયતો બે શબ્દો કહેજો

"દાસ પરેદયા લાવો રે" એરાગ.

અકકલ છતાં અંધારૂ રે–
બાઇઓ મારા અકકલ છતાં અંધારૂ
સમજ્યા છતાં ગયો ઊંધે રસ્તે–
નીશામાં થયો બહુ કમબખ્તે
ગુમાવ્યું જાણી મારૂં મારૂં રે–
અકકલ છતાં (૧)
સ્વાર્થીઓએ ખુશામત કીધી–
લક્ષ્મીબાઇને રબ્બ મેં દીધી
પરીણામે તમામ સંભાળું સંભાળું રે–
અકકલ છતાં (૨)
વ્યસન વાંછનામાં વખત ગુમાવ્યો–
દુઃખોનો કોઇ પાર ન આવ્યો
ચોતરફ દુઃખ હું ભાળું ભાળું રે–
અકકલ છતાં (૩)
કુસંગમાં મેં ગુમાવી કમાણી–
નાણું કર્યું મે ધુળજ ધાણી
કયાં જઇને પોકારૂં પોકારૂં રે–
અકકલ છતાં (૪)
કહેવાતો હું લક્ષાધીપતી–
થઇ મારી છેવટ નઠ ગતી
કુસંગનું મોં કાળું કાળું રે–
અકકલ છતાં (૫)
સમજીને સૌ નીતીમાં ચાલો–
સત્સંગને તમે પકડી રાખો
કરજો નહી કામ અવિચારૂં અવિચારૂં રે–
અકકલ છતાં (૬)
વિનંતી મારી હૃદયે લેજો–
વ્યસનથી તમો દુરજ રહેજો
કરી કહેજ્યો હરીનામ પ્યારૂં પ્યારૂં રે–
અકકલ છતાં (૭)



પચીશ પરિચ્છેદ.

અમીના ગમેતો ભડુ રૂપી હોય, ગમેત હોય, તેનાં નેત્રોમાં જળ અને અગ્નિનો શમાવેશ જોઇ હસીના ગભરાઇ ગઇ. પરંતુ અમીનાનું તે રૂપ પણ વાતની વાતમાં લુપ્ત થઇ ગયું હતું. ફરી તે બોલી,—"બ્હેન! હું સમજુ છું તે પેલા ભાડાવાળા મકાનનુ બારણું ઉઘાડી કંઇ ચાલ્યા ગયા હશે. અથવા તે મકાનમાં હશે. તમો જોઇ આવો, તે મકાનનું દ્વાર ઉઘાડું છે કે બંધ, અથવા ત્યાંથી તેમનો અવાજ આવે છે કે કેમ?"

હસીના પોતાની ભાભી માટે શું ન કરી શકે! તે તુરત મુશરીલાલને મકાને ગઇ અને ત્યાં પોતાના ભાઇને બોલતો સાંભળી તુરત પાછી આવતી રહી અને બોલીઃ "બ્હેરા ભાઇ તો તે મકાનમાં છે. સુખદેવીના બાપ સાથે વાતો કરી રહ્યા છે."

અમીના—"તમોએ બોલાવ્યા કેમ નહીં!"

અમીના એટલી અધિર થઇ રહી હતી કે તે શું કરે છે તે જાણતી નહોતી હસીના બોલી—"કહો જોઉં હું કેવી રીતે બોલાવું? હું સુખદેવીના બાપ સામે કયાં બોલું છું તે."

અમીના ધીરજ મુકીને બોલી ઉઠી, કંઇ નહીં, તમો ઉપર જઇને તેમને બોલાવી લાવો."

હસીનાએ કહ્યું; અમ્માને બોલાવું તે આવીને બ્હારા ભાઇને હાક મારશે."

અમીના તે સાંભળતાંજ પોતાની સાસુને બોલાવવા લાગી સાસુએ ઉંઘમાંથી ઉઠીને કહ્યું, "કોણ છે? વહું? શું થયું છે?" અમીના બોલી, "જલ્દી ઉઠીને આવો."

વહુની વાત સાંભળી માતાના પ્રાણ ગભરાઇ ઉઠયા. તે ઝટપટ કમાડ ઉઘાડી બ્હાર નિકળી આવ્યાં ઉતાવળા ચાલવાથી તેમના માથામાં ભીંતનો આઘાત થયો. પરંતુ તે પર કંઇ ધ્યાન ન આપતાં તે પૂછવા લાગ્યાં, શું થયું છે?

અમીના મુખથી એક શબ્દ પણ નિકળ્યો નહિં. તેને ચૂપ જોઇને હસીના બોલી, "કંઇ નહિં, અમ્મા! ભાઇ આટલી રાત્રે ઉઠીને સુખદેવીના બાપ પાસે ગયા છે, તેથી ભાભી તેમને બોલાવવા માટે કહી રહી છે."

પ્રાતમા એક નિશ્વાસ મુકીને બોલ્યાં, "મીરજાં સાથે વદ વદી હશે?"

આ પ્રશ્નનો ઉત્તર કોણ આપે? પ્રાતમા ત્યારે વહુને મીઠી વાતોથી સમજાવવા લાગ્યાં। "તું આમ વલખા કેમ કરે છે? મીરજાં એવો નથી કે તને બોટું લાગે તેવું બોલે. તું જેમ મનમાં આવે તેમ સંભાળાવી દે છે. તું હવે બ્હાની નથી, કહો, હું હવે કેટલાક દિવસ જીવિશ? તારેજ આ ગૃહસ્થાનો સઘળો ભાર સંભાળવો પડશે. આજકાલના..."

અમીના પોતાના સાસુ સાથે કંઇ બોલી શકિત નહોતી, પરંતુ તે સમય અધીર એટલી થઇ હતી કે મીરજાંને તેની પાસે પહોંચાડીને સાસુ તેને પકડીને મારત તો તે સહી લેત. પરંતુ આવી રીતે ઉપદેશ આપી નિરર્થક સમય નષ્ટ કરવો તેને ઠીક ના લાગ્યો. અને તે પોતે પોતાના મનની વાત પણ કેવી રીતે કહી શકે? તેણે હસીનાનો હાથ દબાવી તેને બોલવાનો ઇશારો કર્યો હસીના ભાતાની વાતમાં બોલી ઉઠી, "પહેલાં ભાઇને બોલાવી લાવો, પછી ગમે તે કહેજો. ભાઇ તે દિવસની પેઠે કંઇ ચાલ્યા ન જાય."

પ્રાતમાએ વાર ન કરી. 'મુરારીને ઘેર જઇ મીરજાંને બોલાવવા લાગ્યાં. મીરજાં માતાની બોલી સાંભળી કંઇ બ્હી જઇ બોલ્યા, "શું છે માતા?"

માતા બોલ્યાં, "બેટા! ગારી વાત

સાંભળ, તું જલ્દી ઘેર આવ."

મીરજાં ધીરે ધીરે મુરારી પાસેથી હઠીને, માતા પાસે આવ્યા. આવીને બોલ્યા, "મને ઘેર આવવા માટે કેમ કહો છો ! મારે માટે ઘરબાર કેવું મારું ઘરબાર તો તમોએ ઉજ્જડ કરી મૂકયું છે, અમ્મા !"

પુત્રની આવી વાત સાંભળીને ફાતમા કાંપવા લાગ્યાં. વહુના અનાદરથી પુત્રના મનમાં બહુ દુઃખ થયું છે, તે તે સમજી ગયાં. તે બોલ્યાં, –"વહુ બહુ નાદાન છે, તેને બિલકુલ અક્કલ નથી, સમજતી નથી કે શું થાય છે. નહિં તો પુત્ર ! તે કંઈ તારું કહ્યું ના કરત ? તમો તો બુદ્ધિશાળી છો, અલ્લાહની મહેરથી તમો પઢેલા-ભણેલા છો, તમો માની જાઓ. મેં વહુને ઘણી સમજાવી છે, પણ તે ઠોઠ કંઈ સમજતી નથી. મુખથી તો બહુ અભિમાન કરે છે કે હું અક્કલવાન છું."

મીરજાંના મનમાં અગ્નિ બળી રહ્યો હતો. તેમનાથી રહી શકાયું નહિં. તેમણે કહ્યું, "બધુ સમજાવવાની જરૂર નથી. હવેથી મારું મન કહેશે તેમ હું કરીશ."

વહુ સામે ઉભી હતી, તેનો પક્ષ લઈને કંઈ ન કહેવું તે પણ ઠીક નહોતું, અને વહુનો સ્વભાવ પણ ફાતમા ઠીક જાણતાં હતાં, તેથી તેમણે કહ્યું "તો શું તે વાત પર, આટલી રાત્રે બિચારીને એકલી મુકી ચાલ્યા જવું તે તમારા જેવા સમજુ માણસને લાયક છે ! કદી અણબનાવ થઈ ગયો તો મને કહેવું હતું, આટલી રાત્રે બીજાને ત્યાં જવાનું શું પ્રયોજન ? ત્યાં શું કરતા હતા ?"

મીરજાંએ તુરત કહ્યું, "અમ્મા ! એક દિવસ તમારી સામે હું જુઠું બોલ્યો હતો, પણ આજ જુઠું બોલીશ નહિં. હું મુરારીલાલ સાથે શરાબ-દારૂ પિ રહ્યો હતો."

અકસ્માત માથા પર જેમ વજ્રપાત થવાથી મનુષ્ય કાંપી ઉઠે છે તેમ સ્ત્રીઓની દશા તેવી થઈ ગઈ. અમીના ગરસાથી થર થર ધ્રુજવા લાગી. હસીનાએ તેને પકડી ન લીધી હોત તો પડી જાત હસીનાનું હૃદય પોતાના ભાઈની દુર્દશા જોઈને રડવા લાગ્યું. તેણે પોતાના ભાઈના મનની વાત જાણી લીધી. ત્યારે તેને ભાભી પર ઘણો ક્રોધ થવા લાગ્યો. પુત્રના મુખથી એવી વાત સાંભળી માતા દીંગ થઈ ગઈ. ઘણી કઠિનાઈથી પોતાને સંભાળીને તેમણે કહ્યું, "અરે-! અલ્લાહ ! તું ત્યાં બેઠો બેઠો મારા હૃદયપર અગ્નિ બાળી રહ્યો હતો. તેં તો પિવાનું મુકી દીધું હતું ને ? પછી તું એવું ઝહેર કેમ પીવા લાગ્યો ? અરે ! તે ઝહેર છે તે તું ક્યાં જાણતો નથી."

મીરજાં ઘણી ગંભીરતાથી બોલ્યો. "મેં તે ઝહેર સમજીનેજ પીધો છે. ઝહેર ન હોત તો હું પિત નહિં."

ફાતમાએ અચંબામાં પડીને કહ્યું, "કયાં દુઃખથી તું ઝહેર પિ રહ્યો છે ?"

હવે તો મીરજાંના દુઃખથી સાતે સમુદ્ર ઉભડી ચાલ્યા. જોરથી તે કહેવા લાગ્યા, "મારા દુઃખની વાત અમ્મા ! તમોને શી રીતે કહું ? આ મુખની બોલી શકાતું નથી. મનમાં આવે તો મારું હૃદય ચીરી જોઈ લ્યો, ત્યારે સો વાતો સમજી લેશો."

પુત્રને રડતાં જોઈને માતાથી ચૂપ રહી શકાયું નહિં. તે પણ રડવા લાગ્યાં. પરંતુ ઝટપટ પોતાને સંભાળીને બોલ્યાં, "યા ખુદા ! પુત્ર ! તું શું આ છોકરવાદી કરી રહ્યો છે ? કુસંગતમાં પડીને લોકોએ તને બગાડી મુકયો છે. મુરારીલાલને ઘરમાં રાખ્યો છે, તેના આવા આચરણ ! મારાજ ઘરમાં રહી મારુંજ સત્યાનાશ વાળવા બેઠો છે !"

મીરજાંએ આંસુ લૂંછીને કહ્યું, "નહિં માતા ! મુરારીલાલની કંઈ કસર નથી. મેં જાણી જોઈને દારૂ પીધો છે."

માતા ચકિત થઈને પુત્રનું મુખ જોવા લાગી, ફરી બોલી, "તને મારા સમ કહિ તું પીઉં તો——"

મીરજાંએ તેમની વાત રોકીને કહ્યું, "તમો સમ ખમ ન દો. હું તમારો કપૂત જન્મ્યો છું. મારાથી તમારા કંઈ કામો થશે નહિં. હું નિશાબાજ છું, મારી તમો સૌ લોક ધણા કરો. તમારા વંશનો અંગાર છું. મેં તમને બહુ દુઃખ દીધું છે, મને નરક દોજખમાં પણ ઉભા રહેવાની જગ્યા મલશે નહિં અમ્મા! મેં ધણા યત્ન કર્યા હતા. મેં પ્રતિજ્ઞા કરી લીધી હતી; ફરી કદિ શરાબ નહિં પિઉં–પણ પેલી ચૂડેલે–પેલી....."

તેમનાથી વધારે બોલી શકાયું નહિ, ક્રોધથી તેમનું ગળું બંધ થવા લાગ્યું આ તરફ અમીનાથી પણ ચૂપ રહી શકાયું નહિ. તે બોલી ઉઠી, "અમ્મા! તેમને રડતા જોઈને તમો પણ રડવા લાગ્યાં; તે રડવા યોગ્યજ છે. જોતાં નથી, નિશામાં બડબડ કરી રહ્યા છે. મા બહેન સામે શરમ નથી આવતી? ઢાંકણીમાં પાણી લઈને ડૂબી નથી મરતા!"

– મીરજાં લાલ નેત્રો કાઢી અમીના તરફ જોવા લાગ્યા, કંઈ કહેવા ઇચ્છતા હતા પણ મનની વાત મનમાં રાખી બોલ્યા–" અમ્મા! મને તમારા કમરામાં સૂતા દો. હું તમારા પલંગ પર સૂઈ રહીશ."

મીરજાં ત્યાં વધુ બોલ્યા નહિં ત્યાંથી જઈ માતાના પલંગ પર જઈ સૂઈ રહ્યા. અમીનાને ઘણી આશા હતી પણ નિરાશ થઈ ગઈ. (અપૂર્ણ)

સ્વાર્થ સાથે પરમાર્થ, ઘેર બેઠાં ગુજરાન.

જોઈએ છે.

માંસાહાર તથા દુર્વ્યસન કે જેનાથી આપણી દુર્દશા થએલી છે, તે આસુરી વ્યસનોથી લોકોને દૂર રાખવા માટેના અમારા પ્રયત્નમાં મદદ કરવા ઇચ્છતા પ્રમાણિક અને બહેનનું કામ કરનારાઓ. ઘેર બેઠાં તેમને અમે સારો લાભ આપી શકીશું.

વધુમાટે લખોઃ—સત્સંગ ઑફિસ–સુરત

હીંદમાં રોજ કેટલી ગાયો કપાય છે?

વીસમી સદીમાં આર્યાવર્તમાં ઉન્નતિને માટે અનેક પ્રકારની ચળવળો ચાલી રહી છે, પ્રજા સમુહ સુખી થવાને વારતેજ ઉન્નતિને ઇચ્છે છે, ઉન્નતિ થવા માટે ધાર્મિક ને સામાજીક ચળવળો અનેક રૂપમાં થવા લાગી છે, અને તેને પણ ઘણાં વરસ થઇ ગયાં છે. અપવાદ લાયકાત (કેળવણી) નો આવે છે, એ અપવાદમાં સત્ય કેટલું છે તે વાચનાભિલાષીઓ સારી રીતે જાણે છે: કેટલાક રાષ્ટ્રો કેળવણીમાં હીંદુસ્તાન કરતાં પણ પાછળ છે, છતાં સ્વતંત્રતા ભોગવીને ઉન્નત થયાં છે, અને થાય છે, ખુદ ઈંગ્લાંડમાં પણ પ્રાચીન સમયમાં હીંદુસ્તાનના જેટલો કેળવાયલો વર્ગ નહોતો છતાં પણ તે વખતે ઇંગ્લાંડ સ્વતંત્ર હોવા છતાં જનસમાજના પોકારને નાઇલાજે માન આપતું હતુ, જ્યારે આમ છે તો પછી હીંદુસ્તાન માટે આમ કેમ હશે? આ સવાલ સહજ ઉદ્ભવે છે. સવાલના જવાબ દરકોઇ સમજે છે. માટે આ સ્થળે વિશેષ ઉલ્લેખ કરવાનું કારણજ નથી. જે રસ્તે ઉન્નતિ થવા ઇચ્છવામાં આવે છે તે રસ્તે સ્વતંત્રતા મળી શકેજ નહિં. છતાં પણ ખ્યાલ ધારી લેવામાં આવે કે કદાચ સંપૂર્ણ નિરંકુશ સ્વતંત્રતા પ્રાપ્ત થાય તો પણ આ દેશ સુખી બનવો અશક્ય છે. કારણ વૈદિક તેમજ અર્થશાસ્ત્રની નજરે જોતાં જીવન નીભાવવામાં મદદ કરનારાં પ્રાણીઓ ગાય, ભેંસો અને બળદો છે તેનો આ દેશમાંથી એવો નાશ થવા માંડયો છે, કે તે જોઇને રાક્ષસ જેવા મનુષ્યને પણ કમકમાટ ઉપજ્યા સિવાય રહે નહિં, આ નારા એટલો બધો ત્વરાથી થાય છે કે સ્ટીમ એન્જીનથી ચાલનારા યંત્રો સુદ્ધાંત એની આગળ હાર ખાઇ જાય એમ છે. રા.સા. કેવળ ભાણજી પંડયાએ એ

રાજકોટની પાંજરાપોળમાં મહા પુણ્ય !

તમામ પાંજરાપોળો માટે અગત્યનું

ગઈ કાલે રાજકોટ પાંજરાપોળની મેં મુલાકાત લીધી, ત્યાં એક વાત જોઇને હું ઘણો ખુશી થયો છું.

બરવાડ લોકો બકરાંનાં નાનાં બચ્ચાંઓ પાંજરાપોળોમાં મુકી જાય છે, તેમને યોગ્યરીતે દુધ પાઇ શકાતું નથી તેથી તેવાં સંખ્યાબંધ બચ્ચાંઓ પાંજરાપોળમાં થોડી મુદતમાં પીડાઇને મરણ પામે છે.

તે મહાપાપ અટકાવવાને રાજકોટના મહાજનને એવી ગોઠવણ કરેલી છે કે, મરી ગયેલી બકરીઓના આંચળો કાપી લઇને તેવા આંચળો મારફતે ઉંચેથી બચ્ચાંઓને દુધ પાવામાં આવે છે. હું પાંજરાપોળમાં ગયો ત્યારે સંખ્યાબંધ બકરાંનાં બચ્ચાંઓ તથા બે નાના પાડાઓ તે પ્રમાણે આંચળો ધાવીને દુધ પીતાં મારા જોવામાં આવ્યાં તે રીતે દુધ પીવાથી બચ્ચાંઓને પોતાની માને ધાવવા જેવો સંતોષ થતો હતો અને તેને પરિણામે તમામ છોકરાં ઘણાં તંદુરસ્ત મારા જોવામાં આવ્યા.

આ સુધારો ઘણો દયાળુ છે, અને તમામ પાંજરાપોળોમાં જો તે પ્રમાણે નાનાં પ્રાણીઓને દુધ પાવાની ગોઠવણ થાય તો ઘણા જીવો મરતા બચે, માટે તમામ શહેરો તથા ગામોના મહાજનોને મારી વિનતિ છે કે, રાજકોટની પાંજરાપોળની મુલાકાત લઇને જે નવી રીતે દુધ પાવામાં આવે છે, તેનો અભ્યાસ કરીને તથા અનુભવ મેળવીને પોત-પોતાની પાંજરાપોળોમાં પણ તેવી ગોઠવણ કરવા મહેરબાની કરવી.

રાજકોટ
તા. ૨૦-૧૧-૧૯૧૬ } લાભશંકર લક્ષ્મીદાસ.



(૫)

પ્રિય બ્હેન સૌ સવિતા,

પ્રેમપૂર્વક અનેકોત્તમ આશીર્વાદ બ્હેન, તું તારી ભાભીના પત્રની માર્ગ પ્રતીક્ષા કરતી હશે. એવામાં કલ્પના પણ નહીં છતાં મારો પત્ર આવેલો જોઇ તારાં મનને જરા ખરાબ લાગશે નહીં, પણ તારા મનને થોડી ઘણી નિરાશા તો થશેજ. તારો તારી ભાભીપર આવેલો પત્ર મને વંચાવ્યો છે. તારો પત્ર વાંચી મારા મનમાં કેટલાક ઉદ્‌ભવેલા વિચારો આ પત્રમાં લખ્યા છે. તારી ભાભી હાલમાં તેના ભાઇના આવેલા પત્રનો ઉત્તર લખવામાં ગુંથાઇ છે, એટલે મેં આ પત્ર લખવાનું માથે લીધું છે. બ્હેન ! તમો બ્હેનો અરસપરસ એક બીજાનાં અંતઃકરણ તદ્દન ખુલ્લાં કરી હિત વચનો કહો છે. તેમાં સરખી વયનાં સરખા વિચારનાં પ્રેમાળ બૈનિણીઓ પ્રેમનાં દૃઢ આલિંગનથી ભેટે છે, એટલે તમારા હૃદયમાં ઉત્પન્ન થતા સ્વતંત્ર વિચારોનો સમુદ્ર એક સરખો વહે છે. તેજ પતિ પત્નિનો, બાપ દીકરાનો, ભાઇ બ્હેનનોનું હિત કરે છે. કે તમારા હૃદયમાં ઉત્પન્ન થતા વિચારોનો સમુદ્ર ભીડ, લજ્જા, મર્યાદા, સંકોચ વૃતિ વગેરે બહારના પ્રદેશમાં મોટી સાવધાનીથી અને શાન્ત પણાથી વહે છે. પણ એમાં તમારો દોષ નથી. તમારા પ્રેમાળ અને વિનયશીળ મનમાંજ સદ્‌ગુણજ છે. બાલક-છોકરી હમ્મેશા તેની માતાને વધારે ચાહે છે. તે માતાને છોડી ક્ષણભર પણ દુર રહેતી નથી. પુત્રી જેટલો માતા સાથે સમ્બન્ધ રાખે છે તેટલો પિતા

સાથે રાખતી નથી. પુત્રની સ્થિતિ સાધારણ રીતે માતાથી તદ્દન ઉલટીજ છે. પુત્રને માતાનો સ્નેહ કંઈ નથી હોતો એમ નથી. પણ પુત્ર જરા સમજવાળો થાય છે કે તે પિતા સાથે વધારે સ્નેહ રાખે છે. પિતા બહાર જવા તૈયાર થાય કે, પુત્ર પોતાની ટોપી હાથમાં પકડી, હાથથી ઇશારત કરી કિંવા બાલ ભાષામાં 'મારે બહાર આવવું છે' એવું કહે છે. પુત્રને બહાર ફરવાનો શોખ પુત્રી કરતાં વધારે હોય છે. ખરેખર. બાલ્યાવસ્થા માંથીજ સ્ત્રીઓ પુરૂષ વચ્ચે આવી રીતિએ તફાવત દૃષ્ટિએ પડે છે.

સવિતા બ્હેન, તારો અને તારી ભાભી વચ્ચેનો ચાલેલો પત્ર વ્યવહાર જોઇ મારામન ને ઘણોજ આનંદ થયો છે. તેમજ મારા મનનું કંઈક સમાધાન પણ થયું છે. સંસારની વાતની ચર્ચા સ્ત્રીથીજ થવીજ જોઇએ. એટલે તે યોગ્ય પ્રકારે થઇ, સમાજને થોડો ઘણો ફાયદો એનાથી થશે. મારા પહેલા પત્રમાં એક ઠેકાણે સ્ત્રીઓના મનની વાત સ્ત્રીઓને સારી રીતે અને જલ્દી સમજ પડે છે" એવું વાક્ય તને લખેલું તે યાદ હશેજ. તે લખવાનું પ્રત્યક્ષ ઉદાહરણ એટલે તારો અને તારી ભાભી વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર એજ છે. બ્હેન! સંસારમાં જ્યારે સ્ત્રી અને પુરૂષમાં સરખોજ સંબંધ હોય તોપણ, સંસારમાં બારીક સુખ દુઃખના જાણકાર પુરૂષો કરતાં સ્ત્રીઓજ વધારે હોય છે. સંસારરથકટ ઉત્તમ રીતિએ ચલાવાને પુરૂષોને નાના પ્રકારના શ્રમ ઉદ્યોગ, વીગેરે કરવા પડેછે. પુરૂષનું મન હમ્મેશા ઉદ્યોગ સૃષ્ટિમાં ફરતુંજ રહેછે. અને સ્ત્રીઓનું મન સંસાર સૃષ્ટિમાં ફરતુંજ રહે છે, તેનું એક નાનું સરખું ઉદાહરણ કહું છું :- પતિ સન્ધ્યા કાળે કચેરીમાંથી ઘેર આવ્યો ત્યારે તેની વૃત્તિ દરરોજ કરતાં વધારે આનન્દિત દેખાઇ તેણે પોતાના આનન્દનું કારણ પતિ આગળ પગાર વધવાનું જણાવ્યું. પતિએ કરતું મુખ કર્યું. તેણે પોતાના આનંદનું કારણ પતિ આગળ, એક ફાટેલું લુગડું આપી લીધુનાં અથાણાં ભરવાની ચીનાઇ ભરણી લીધી ને જણાવ્યું. બન્નેનો આનન્દ એકજ દરજ્જાનો સંસાર સંબંધનોજ હતો. ભરણી અને પગારની વૃદ્ધિ, બન્ને બાબતો સંસારનીજ છે. માત્ર તે આનંદ જુદો જુદો છે. અસ્તુ હવે હું તને જે વિષય પર પત્ર લખનાર છું તે તરફ વળું છું.

બ્હેન! તું તારા પત્રમાં તારા સસરાજીના સંતાપી સ્વભાવનો, અને તારો નાનો દીયર રોષથી નાટક કંપનીમાં કેટલાક દિવસ રહ્યાનો ઉલ્લેખ કરેલો છે. તે બાબત હું તને બે શબ્દો લખનારછું તારો દીયર આનંદરાય નાટક કંપનીમાં જતો રહ્યો તેનાં બે કારણો છે. તે પૈકી એક પ્રત્યક્ષ, અને બીજું અપ્રત્યક્ષ હમણાં હમણાં બે ત્રણ વર્ષ થયાં નાટક કંપનીઓનો પ્રવાહ વહ્યો જાય છે દર વર્ષે નિદાન બે ત્રણ નાટક કંપનીએ ઉભી થાય છે. પ્રત્યેક શહેરમાં બે ત્રણ નાટક મંડળીઓ ખેલ કરી લોકોનું મન રંજન કરે છે. સન્ધ્યા કાળે નાટકના છોકરાઓ (એકટરો) ભપકાબંધ પોષાક પહેરી શહેરમાં ફરતા ફરે છે. નાટકની મંડળી શ્રીમંત અને સુખી હોય છે એવા બધા મોટા લોકોમાં સમજુત છે. તે શિવાય કેટલીક બાબતો સંગીત ઉપર પણ અવલંબેલી છે. બાલ્યાવસ્થામાં એકાદ બાબતની હવે લાગી એટલે તેની અસર બાળકનાં કુમળાં મગજ ઉપર તુર્તોતુર્ત થાય છે. બાળકોને ખરાબ કિંવા સારી વલણ તરફવાળવા બાબત તેના ઘરના વડીલ માણસે તે બદલ વધારે કાળજી રાખવી જોઇએ. તારા આનંદરાવ દીયરને નાટક કંપનીમાં જવાને પ્રત્યક્ષ રીતે તારા સસરાજ કારણભૂત છે એવું કહેવાને હું સાહસ કરું છું. કેવું તે જો. કુટુમ્બમાં વડીલ પુરૂષનો અન્યને ધાક બેસાડવાને કુટુમ્બની મંડળીને તેની આજ્ઞાનું પાલન કરાવાને તેના શબ્દોને માન અપાવવાને,

વડીલ પુરૂષમાં કડકપણું જોઇએ એ સ્વાભાવિક છે. પણ તે કડકપણાંનો અમલ કરવાને દાસ્ય સ્વીકારવું જોઇએ. હમ્મેશ સન્તાપી રહીધમપછાડ કરવું એવું કડક પણું આખરે કોડી કામનું થઇ પડે છે. તને ખબર હશે કે એકાદ કજાત સાસુ જ્યારે પોતાની પુત્ર વધૂ ઉપર રોષે ભરાય છે, ત્યારે પુત્ર વધૂને સાસુના રોષની ભીતિ ન લાગતાં તેનાં મુખમાંથી તિરસ્કાર યુક્ત ઉત્તર "રોજ મરે તેને કોણ રડે ?" એવો નીકળે છે. સંતાપી સ્વભાવ પોતાને માટે બીજાના મનનાં અપ્રીતિ અને તિરસ્કાર ઉત્પન્ન કરે છે. તું લખે છે કે "સસરાજીની આગળ સાસુજી તેમજ દીયરો ઉભા રહી શકતા નથી" એ અક્ષરશઃ ખરૂં હોવું જોઇએ. વડીલના સંતાપી વર્તનમાં આનંદરાવના મનમાં તિરસ્કાર વધી ગયો એવું હોવું જોઇએ, અને તેથીજ તેણે 'વડીલનું મુખ જોવાનો નથી' એવો ઉદ્‌ગાર કાઢયો. આનંદરાવ પરીક્ષામાં નાપાસ થયો એ તેની ભૂલ ખરીજ પણ આવા વખતે તારા સસરાએ પુખ્ત વિચાર કરી ઠપકો દેવો હતો. પુત્રના અપરાધ બદલ રોષ આણવો, પ્રસંગે યોગ્ય શિક્ષા કરવી. એ વડીલોનું કર્તવ્યજ છે. પણ તે વખતે વડીલે પુત્રને તેના કર્તવ્યથી જાણુ કાર કરવો એ પણ વડીલનુંજ કર્તવ્ય છે. 'તું ઘરમાંથી કાળું કર' અને ફાવે ત્યાં ભીખ માંગી ખા આવી અવી અવિચારપણાની શિક્ષા પુત્રને કરવી એટલે આપણા હાથથી પુત્રની જીંદગી બરાબ કરવી એજ છે. અસ્તુ. પત્ર ઘણો લંબાણુ થયો હવે સમાપ્ત કરૂં છું તારા પત્રોની એક બે બાબતો વિષે પત્ર લખવાને મારા મનમાં પૂર્ણ ઉત્કંઠા હતી. ભવિષ્યમાં એકાદ વખત સવડાનુંસાર લખીશ પત્રનો ઉત્તર તારા તરફથી જરા મોડો આવશે તો આવશે શ્વસુર પક્ષમાં કોઇ પણ મનુષ્યનું દિલ ન દુઃખવાની બબરદારી રાખજે પ્રકૃતિ બદલ યોગ્ય સંભાળ રાખજે એ આશીર્વાદ રા. દિનકરરાયને શીર સાષ્ટાંગ નમસ્કાર.

લી૰ તમારો પ્રેમ બન્ધુ
અરવિન્દ.

"પવિત્રાશ્રમ" પારડી
અમ્બેલાલ સાવરામભાઇ દેસાઇ.

સુવર્ણ-લંકા

સિલોન (લંકા) એક છોટો પણ અત્યંત સુંદર ટાપુ છે. બહુ દક્ષિણમાં હોઇ વિષુવવૃત્ત સમીપ હોવાથી અહીં પુષ્કળ ગરમી હોવી જોઇએ, પરંતુ દરીઆનો પાડોશ અહીંની અતિ ઉષ્ણતાને પલટાવી નાંખી હવામાન સમધાત કરે છે; એટલુંજ નહિ કિન્તુ પોતાની બીનાશ પણ બાષ્પ રૂપે હવામાં પૂરી હોવાને બહુજ ખુશકારક અને સુખદાયી બનાવે છે. સિલોનની સુખદાયી હવા અહીંના સૃષ્ટિસૌંદર્યને ખીલવી એટલી બધી સુંદરતા પૂરે છે, કે એક વખત મનુષ્ય હિમાચળ તટના સિમલા આદિ સ્થળોને પણ ભૂલી જાય. સિલોનનો મધ્ય. ભાગ પહાડી ઉચ્ચ ભૂમિ છે, જે નાના પ્રકારની વૃક્ષલતાઓથી પરિપૂર્ણ છે. બાકીના ભાગોમાં પણ નારીએળી સોપારી વગેરેના ઝાડો સરસ સુંદરતા દાખવી રહ્યા છે. કોલંબો બંદરથી કાંડી (મધ્યભાગમાં જુની રાજધાની) સુધી ભૂમિ ધીરે ધીરે ઉચ્ચ અને ઉચ્ચ થતી જાય છે, તેજ પ્રમાણમાં માથે સાથે સૃષ્ટિસૌંદર્ય પણ વિશેષ અને વિશેષ સુંદરતા દર્શાવતું જાય છે, સૃષ્ટિસૌંદર્યનો શૌખીન પ્રથમ પ્રવાસી અહીંની વધતી જતી સુંદરતા જોઇ આનંદમાં એટલો તો નિમગ્ન થઇ જાય છે, કે તેને ઇશ્વરના પરમાનંદ સ્વરૂપે સ્વાનુભવ થવાને વિલંબ લાગતો નથી. અહીંથી આગળ નવારાએલિયા નામનો પહાડ પણ અતિ આનંદદાયી છે. કેળ, નાળિએરી તેમજ અન્ય વૃક્ષોની અગણિત વૃક્ષાવલિ છે. અહીં એવું કોઇ પણ સ્થાન દૃષ્ટિગોચર થતું નથી કે જ્યાં સોપારી, નાળિએરી આદિ વૃક્ષો આંખને ઠારતા ન હોય. કાંડીની પાસે 'પેરેડીનિયા બોટાનીકલ ગાર્ડન' નામનો સરકારી બાગ છે. જેની તોલે સમસ્ત ભારતવર્ષમાં કોઇપણ બાગ નથી. વિવિધ પ્રકારના એવા એવા વૃક્ષો એની અંદર રોપ્યાં છે કે એને આખી આલમના તરુવરોનાં સંગ્રહસ્થાનનું

નામાભિધાન આપવું અનુચિત નહિ ગણાય. સમસ્ત વિશ્વમાં એવા બાગો અતિ અલ્પ હશે. દુનીઆ ભરના વૃક્ષો ઉપરાંત સિલોનના વિશેષ વૃક્ષો દારચીની, તજ, જાયફળ, લવંગ વગેરે સઘળા એક સ્થાનમાં દૃષ્ટિગોચર થાય છે.

એ જગ્યાનું સૃષ્ટિસૌંદર્ય અતિશય રમણીય છે. એ બાગની ત્રણ બાજુ મહાવલ્લી ગંગા નામની નદી છે. ફક્ત એકજ બાજુએ રસ્તો છે અને એની સમીપ કોઈક દેશી અને ઘણાક અંગ્રેજોની કંપનીના ચા, કોકો, વગેરેના અગણિત બેતરો છે. એ વસ્તુઓની દરવર્ષે સિલોનથી લાખો રૂપીઆની નિકાસ થાય છે. લિપટન વગેરે ચાની કંપનીઓના અગણિત બેતરો અહી છે, અને એટલી બધી વિશેષ ચાની ઉપજ થઇ રહી છે કે ભારતવાસીઓને અધિક ચાપ્રિય બનાવવાની જરૂરીઆત સંબંધી કંપનીને સ્વાનુભવ થઇ ગયો છે. જેને માટે વિશેષ ઉપાયો પણ વિચારાઇ ગયા છે, અને સાંભળ્યું પણ છે કે એ બાબતમાં ગવર્નમેન્ટે પણ કંપનીની વૃદ્ધિને માટે કંઇ કંઇ સાહસો કર્યા છે. એનું દૃષ્ટાંત મૈસુરના પ્રદર્શન વખતે ખુલ્લું જણાયુ હતું. ત્યાં એક સાહેબની એક પૈસામાં ચાનો કપ આપવાની જાહેર ખબર હતી. સ્ત્રીઓના પ્રદર્શનમાં જેટલી સ્ત્રીઓ આવી તેટલી સઘળીને એ સાહેબે મફત ચા પાઇ. એ સાહેબની તપાસ કરતાં એ એક પંજાબી ભાઇ નીકળ્યા. એણે જણાવ્યું કે ચાની સઘળી કંપનીઓ એકઠી થઇ આ બાબતમાં ઉદ્યોગ કરી રહી છે. આ એક પ્રકારની જાહેર ખબર છે પ્રત્યેક કંપની એમાં પોતાના ભાગનો ખર્ચ આપે છે. હું જો સઘળો ખર્ચ-ઘેરથી આવવાનો રસ્તા ખરચ પણ ગણું તો એક કપ ચાની કીંમત ચાર આનાથી ઓછી થતી નથી; પરંતુ હું એક પૈસામાં આપું છું. એનો હેતુ કહત એટલોજ છે કે લોકોમાં ચાની રૂચી ઉત્પન્ન થાય. સ્ત્રીઓ ચા પી કમ અભ્યાસી છે જેથી એને મફત ચા પાઇએ છીએ.

વિચાર કરીએ તો જણાશે કે એ એક જાહેર ખબર છે. તેમજ એ એક પૈસા કમાવાની બાજી છે. આપણને એથી હાનિ થશે કે લાભ? આપણી તંદુરસ્તી બગડશે કે સુધરશે? એ બાબત પર કશું પણ ધ્યાન નથી. લોકો ચાના શોખીન થાય અને એની ચા વધારે વેચાય તો પછી એ લોક કેમ ધનવાન ન થાય?

આવા પ્રકારની વસ્તુઓ ઉત્પન્ન થવા ઉપરાંત સિલોનમાં અંદરની બાજુના પહાડોમાંથી જવાહીર નીકળે છે. એ બાજુએ સારા સારા પત્થરો બહુજ સસ્તી કીંમતે મળે છે. ઉપરાંત કેટલીક ધાતુઓની પણ ખાણો છે. જે ગવર્નમેન્ટના અધિકારમાં છે. સિલોનની ચારે બાજુ સમુદ્ર છે અને એની અંદર મોતી પાકે છે. એ મોતી દૂર દૂરના પ્રદેશો સુધી જાય છે અને ઉપરની સઘળી બાબતો પરથી ખુલ્લું છે કે સોનાની લંકા એવું અમસ્તાથી જે એનું નામ આપ્યું આવે છે તે નિરર્થક નથી પરંતુ સાર્થક છે.

સિલોનમાં અંગ્રેજ સરકારનું રાજ્ય છે પરંતુ અહીંની રાજ્યવ્યવસ્થામાં કેટલાક ભેદ છે, સિલોનના રૂપિઆ હિંદી રૂપીઆની બરોબર છે અને અહીંના રૂપિઆ તદ્દી ચાલી જાય છે. કેટલાક વેપારો પણ કરે છે. મુસાફરોને બદલામાં ચલતાંજ રૂપીઆ બદલનાર સગડો ગણી જાય છે અને રૂપીઆ બદલી શકાય છે. રૂપીઆના આના પૈસામાં ભાગ કર્યા નથી, પણ રૂપીઆના ૧૦૦ સેન્ટો છે. ૫૦ સેન્ટનો સિક્કો અડધા બરોબર અને ૨૫ સેન્ટનો પાવલી બરાબર. એ પ્રમાણે ૫ સેન્ટ સુધી સિક્કા હોય છે. નોટ પણ લગભગ એવીજ છે. હિંદુસ્તાનની દશ રૂપીઆની નોટથી સિલોનના દશ રૂપીઆ અને સિલોની દશ રૂપીઆની નોટથી હિંદના દશ રૂપીઆ મળી શકે છે.

સિલોનથી પાછા ફરતાં મદ્રેજસાજ કમીશનથી હિંદી રૂપીઆ પ્રાપ્ત કરી લેવા કમકે તે રૂપિઆ અહીં ચાલતા નથી. સિલોનનાં

ગયા પછી વારંવાર શ્રી રામચંદ્રજીનું સ્મરણ મગજમાં ખડું નહિ થાય એ અસંભવિત વાત છે. રામેશ્વરથીજ એ વિષય પર પ્રીતિ વધી જાય છે. રામેશ્વરથી આગળ ધનુષકોડી નામનું સ્ટેશન છે. અહીંથી આગળ થોડે સુધી સમુદ્રમાં પૂલ બાંધી રેલવે લઇ ગયા છે. એ સ્થળને ધનુષ કોડીપીઅર કહે છે. અહીંથી વહાણોમાં બેસી સિલોન તરફ જવાય છે. એ વહાણો પણ રેલવે કંપનીનાંજ છે. સિલોન પાસે પણ તાલીમિનાર સ્ટેશનથી સમુદ્રની અંદર થોડે દૂર સુધી રેલવે નાંખેલી છે એને તાલીમિનાર પીયર કહે છે. અહીંથી કોલંબો ૧૨ કલાકનો રસ્તો છે. ઉપરોકત સમુદ્રના ભાગમાં રેલ્વે નાંખતી વખતે લોહસ્તંભ ટકાવવા માટે ખોદાણ કરવું પડયું હતું. એ જગ્યાએ ખોદાણ કરતી વખતે પત્થરોના મોટા મોટા ટુકડા નીકળ્યા હતા. એ ટુકડાઓ પરથી સ્પષ્ટ માલુમ પડતું હતું કે એ પત્થરો બનાવેલા હતા. એવા પત્થરો હાલ પણ કાંકરી સિમેન્ટ મેળવીને બનાવે છે. વહાણ જે રસ્તેથી સમુદ્રમાંથી પસાર થાય છે, ત્યાંથી થોડે દૂર એક લાઇન દેખાય છે અંગ્રેજોએ એનું 'આદમનો-પુલ' નામ રાખ્યું છે. હિંદુસ્તાનથી કેટ સિલોન સુધી કદિ જળ તો કદી સ્થળ એ પ્રમાણે એ ટેકરીની હાર પહોંચેલી છે. રેલવે કંપની પણ એના ઉપર પૂલ બાંધી હિંદ અને સિલોનને રેલવેથી સાધવાનો વિચાર કરી રહી છે. ઉપરના ખોદાણથી કઇ કઇ વાતો પ્રકટ થશે તે ઇશ્વર જાણે! પણ એટલું તો અમે ચોકકસ કહીએ છીએ કે રામચંદ્રજીએ અવશ્ય પૂલ બાંધ્યો હતો. એ કેવડો મોટો હતો તે કોઇ નથી જાણતું. રામેશ્વરના મંદિરમાં દૂરદૂરના મુસાફરો દર્શનને માટે જાય છે પણ ત્યાંથી કોઇ વિશેષ ચિહ્ન મળતાં નથી. એ શિવજીનું મંદિર છે. એ સંબંધી કહેવાય છે કે રામચંદ્રજીએ અહીં રામેશ્વર સ્થાપન કરી આરાધના કરી હતી, પરંતુ મંદિર બહુ પ્રાચીન નથી. એક મૈલ પર થોડોક સામાન્ય તળાવો છે, જેનાં નામ રામકુંડ, સીતાકુંડ અને લક્ષ્મણકુંડ છે. કહેવાય છે કે એમણે અહીં નિવાસ કર્યો હતો. પ્રશ્ન ઉદ્ભવે છે કે સીતાજીનો નિવાસ રામચંદ્રજીના નિવાસથી જુદો કેમ હતો? એ તળાવો પણ નવીન બનેલા લાગે છે, કહેવાની મતલબ એ છે કે વહાણ પર લઇ જતી રેલ્વેલાઇનને આદમનાપૂલ સિવાય મનોરંજનતાનું કોઇ વિશેષ ચિહ્ન નથી. છાછર પાણીહોવાથી વહાણો કિનારે આવી શકતાં નથી, જેથી ઉપરોકત રેલવે લાઇન છે. રામચંદ્રજી અહીં બેઠા હતા, એમણે શિવલિંગની પૂજા કરી હતી, ઇત્યાદિ વાતો બનાવટી માલુમ પડે છે. સિલોનમાં કોઇ જગ્યાએ હવે પુરાતની ચિહ્ન નથી. કોઇએ દીઠું તો નહિ પણ આપણે સાંભળ્યું તો છે કે એક પહાડ પર બે પાદ ચિહ્ન છે, જેને મુસલમાન આદમના પગલાં અને હિંદુ રામચંદ્રજીના પગલાં કહે છે, અને નવારાઅલિયા પહાડની પાસે એક ગુફામાં સીતાજીના બે તરફ ગયાનું હિંદુઓ વર્ણન કરે છે. સિલોનમાં અનુરાધાપુર આદિ સ્થળોમાં બહુ જંગી ખરેખ જણાય છે. એ પ્રાચીન સ્થળોને જોઇ એના બનાવનારનું મહત્ત્વ ખડું થઇ જાય છે, કિંતુ એ સ્થાન અઢી હજાર વર્ષથી પહેલાનું નથી.

અંગ્રેજ શોધકોએ પાલી ભાષાના બૌધ પુસ્તકોમાંથી એક 'મહાવંશ' નામનું પુસ્તક ખોળી કાઢયું છે, જેમાં સિલોનના રાજાઓની વંશાવલિ હોઇ ઇ. સ. પૂ. ૫૪૩ વર્ષના રાજાઓનું વર્ણન છે. એ પુસ્તકમાં લખ્યું છે કે સિલોનમાં પહેલાં રાક્ષસ રહેતા હતા. જેના પર વિજયનૃપ રાજાએ ઘણા સિંધાલીઓ લઇ આવી ચઢાઇ કરી એનો પરાજય કર્યો. એ ક્યાંથી અને કેવી રીતે આવ્યો? એનું કંઇપણ વર્ણન નથી. દંત કથાઓ પરથી શિવાય યા મલાયો સાથે એ લોકોનો સંબંધ સમજાય છે. દંત કથાઓ પરથી વિદિત થાય છે, કે એ રાજા સિંહનો પુત્ર હતો અને એનું

નામ સિંહાલી હતું. એણે અસલી નિવાસિયોને દુરાની જંગલમાં નસાડયા, ને કેટલાક દાસ થઇ રહ્યા. હજુસુધી એ અસલી નિવાસિયો કહીં કહીં હયાત છે. કોલંબોના સંગ્રહ સ્થાનમાં એમની મૂર્તિ જોયા પછી એકાદ જગ્યાએ ખ્રિસ્તિઓ પામ જઇને જોઇએ તો જણાશે કે એ લોકો સભ્યતા શીખી રહ્યા છે, વસ્ત્ર પહેરી રહ્યા છે, અને ઇસાઇ બની રહ્યા છે.

એ લોકો બાબુ વિજામાં હજુ સુધી પ્રસિદ્ધ છે, અને એને 'એધ' કહે છે. એ લોકોના પરાજયનું મુખ્ય કારણ એમની રાજકુમારી કુવેની હતી, જેણે વિજયજુ રાજા સાથે ભણી જઇ તેની સાથે વિવાહ કર્યો હતો; પરંતુ પાછળથી રાજાએ એનો ત્યાગ કરી એક ભરત ખંડની રાજકુમારી સાથે વિવાહ કર્યો હતો. એથી વિદિત થાય છે કે એ વખતે હિંદી લોકો સિંહલદ્વીપ જતા હતા.

એની પછી પાંડુયસા રાજાએ પણ એક હિંદી રાજકુમારી સાથે લગ્ન કર્યું હતું, જે પોતાની સાથે પોતાના ભાઇઓને પણ લાવી હતી. વિજિતપુર ને અનુરાધાપુર જે પોતાના ખંડિએરો માટે પ્રસિદ્ધ છે, ને શહેરો એ ભાઇઓમાંના વિજિત અને અનુરાધાએ વસાવેલાં છે.

અનુરાધાપુર એવું સરસ સુંદર શહેર બન્યું હતું કે સિંહાલી રાજાઓએ એને પોતાની રાજધાની બનાવી દીધી. આખા સિલોનમાં આજ પોતાના ખંડિએરોની વિશેષ સુંદરતાને માટે પ્રસિદ્ધ છે. એ રાજાની 'પછી પાંડુવયો નામના રાજાની ગ્રંથકારોએ વિશેષ પ્રશંસા કરી છે. એ રાજા આરોગ્ય સરક્ષક વિષયના નિયમોના પાલનપર સખત દેખરેખ રાખનાર હતો. એની પછી ઇ. સ. પૂ. ૩૦૬માં ટિસ્સા નામનો રાજા ગાદી પર બેઠો. એના વખતમાં હિંદુસ્થાનમાંથી અશોકનો પુત્ર મહેંદ્ર બોધ મતના પ્રચારને માટે આવ્યો. અનુમાન કરવામાં આવે છે કે એ વખતે સિંહાલી લોકો બૌદ્ધ મતના અનુયાયી બન્યા એ પહેલાં હિંદુ મતના માલમ પડે છે. એની પછી મહેંદ્રની બહેન સંઘમિતાએ ધર્મ પ્રચારક તરીકે ઘણું સારું કામ કર્યું. રાજા રાણી સઘળાં બૌધ બની ગયા અને એમણે ઘણાં મંદિરો બંધાવ્યાં, એની પછી ચોથા રાજા સુરાટિસાની પાછળ ભરતખંડમાંથી સિલોનપર હુમલા થવાની શરૂઆત થઇ. ઇ. સ. પૂ. ૨૧૪માં મહેસુરના રાજકુમાર ઇલાલાએ તો રાજ્યગાદી પડાવી લઇ ૩૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. પરંતુ ફરી એક બારે લડાઇ પછી સિંધાલી રાજાએ પોતાનું રાજ્ય છીનવી લીધું. કટક અને ઓરિસ્સા સુધીના રાજાઓએ સિલોન પર કેટલા એક હુમલા કર્યા, કોઇવાર કૃતકાર્ય થયા, અને કોઇવાર પાછા ફર્યા; એમાં મલબારના રાજાના હુમલા વિશેષ હતા. ઇ. સ. ૭૬૯ સુધી કંઇ કંઇ રાજાઓ થઇ ગયા અને રાજધાની અનુરાધાપુરમાં રહી. જેમાં પ્રત્યેકે સુંદરમાં સુંદર મહેલ, મંદિર અને તળાવો બંધાવ્યાં, જેના ખંડેર આજદિન સુધી સંપૂર્ણ જગતના મુસાફરોના હૃદયો ખેંચી રહ્યા છે. હુમલાઓથી અતિશય પીડા પામી આઠમી રાજાએ પોલોનરુવા નામના સ્થાનમાં રાજધાની નિયત કરી, જે દેશના મધ્યસ્થળમાં હોઇ અતિ વિકટ માર્ગો પસાર કર્યા પછી આવે છે. આજે પણ જે લોકો ખંડેરો જોવા જાય છે તે ઘણી મુશ્કેલીથી પહોંચે છે અને વર્ષાઋતુમાં તો મુસાફરીનો વિશેષ પ્રબંધ કર્યા સિવાય ત્યાં પહોંચવું જ કઠણ છે. પરંતુ એથી મલબારીઓને વિશેષ સુગમતા થઈ અને તેઓનો પ્રભાવ એટલે સુધી વધી ગયો કે ઇ. સ. ૧૦૬૩ માં પોલોનરુવાના રાજા રાણીને પકડીને ભારત વર્ષમાં લઇ આવ્યા, અને સિલોનમાં પોતાનો પ્રતિનિધિ નિમત કર્યો. રાજકુંવર દક્ષિણ તરફ નાશી ગયો, જેનું નામ વિજય બાહુ હતું. એણે સેના એકત્ર કરી ઇ. સ. ૧૦૭૧ માં પોતાનું સિંહાસન પાછું પડાવી લીધું. ફરી પણ લડાઇઓ ચાલતીજ રહી.

એના પ્રપૌત્ર પરાક્રમબાહુએ વિશેષ ઉન્નતિ કરી. એણે ૪ હજાર આરડા વાળો મહેલ અને ૧૪૭૦ તળાવો બંધાવ્યાં, તેમજ જુના તળાવોના જીર્ણોદ્ધાર કર્યો. લડાઇઓમાં એણે ઘણે સુધી કૂતેહ મેળવી કે રામેશ્વર અને એની આજુબાજુના કેટલાક પ્રદેશના રાજાઓ પાસેથી કર લેવો શરૂ કર્યો, પરંતુ અંતિમ રાજ્યમાં નિર્બળતાની શરૂઆત થઇ અને એની પછી તો વિશેષ અવનતિનો પ્રારંભ થયો.

ઈ. સ. ૧૨૦૯ માં નર્દરન સરકારે (ઓરિસ્સાના નીચલા ભાગનો રાજા) ૨૪ હજાર સેના મોકલી સિલોન જીતી લઇ બૌદ્ધ મંદિર તોડી પાડયાં અને સંપૂર્ણ વિજય મેળવી પોતે રાજા થયો. હવે રાજધાની ડંબાદીનિયા નિયત થઇ. એની પાછળ કુરુનીગાલા, ગમ્પોલા; કાંડી અને કાંટી વારંવાર રાજધાનીઓ થઈ.

ઇ. સ. ૧૫૫૨માં પોર્તુગીઝો કોલંબો સમીપ આવ્યા. ગ્રંથકાર લખે છે, કે એની ચેતવણી રાજાને નીચે પ્રમાણે મોકલવામાં આવી. 'એક જાતના માણસો જે અતિ શ્વેત અને સુંદર છે, જે ટોપી અને જોડા લોઢાના પહેરે છે, શ્વેત પત્થર ખાય છે અને લોહી પીએ છે, એમની પાસે તોપો છે જે પર્વતોને પણ તોડી શકે છે, તેઓ અહીં આવ્યા છે. પોર્તુગીઝોએ દેશના ઘણા ભાગ પર અધિકાર જમાવી દીધો તળાવોના નાશ કર્યો અને દેશને હાનિ પહોંચાડી. એની પછી વાંચકવૃંદને વિદિતજ છે કે અંગ્રેજોનું રાજ્ય થયું.

એક વાત સ્મરણમાં રાખવાની છે, કે જેને માટે ભારતને ગૌરવશાળી ગણાય છે. અનુરાધાપુરમાં સિંધાલી રાજાઓએ જે મોટા મોટા મહેલો ને સુંદર મંદિરો બંધાવ્યાં છે તે તે સિંધાલી લોકોએ નહીં પણ ભારતના કારીગરોએ બાંધ્યા છે. આજે પણ સિલોનમાં પત્થરનું ઉત્તમ કામ કરનાર સિંધાલી નહિ પણ તામિલ છે. એ વાતનો અંગ્રેજો પણ સ્વીકાર કરે છે. જંગી હમારતે જોઇ મુસાફરો આશ્ચર્યચકિત બની જાય છે કે આવડા મોટા મોટા પત્થરો ક્રેન (ઉંટડો) વગર છતો પર કેવી રીતે ચઢાવ્યા હશે! એક ઇતિહાસકાર લખે છે કે બે બાજુએ સ્તંભ ઉભા કરી, વચ્ચે માટી ભરી, દૂર સુધી ઢોળાવ બનાવી, પછી મોટા મોટા પત્થરો એ સ્તંભપર ગોફણી નીચેથી માટી કાઢી લેતા હતા. એ લોકોના વિચારમાં એ સમયની ઉન્નતિનો ખ્યાલ આવી શકતો નથી, જેથી ઉપરોક્ત યુક્તિઓ દૃષ્ટિગોચર કરે છે. પરંતુ હમારો તો નિશ્ચય છે, કે સમય આવે સિદ્ધ થઇ જશે કે **એવા પ્રકારના કામો માટે કોઇપણ મશીન અવશ્ય હયાત હતું**. ઉપર્યુક્ત વૃત્તાંતથી પાઠકને વિદિત થયું હશે, કે લંકામાં ચાર પ્રકારના લોકો વસે છે.

અપૂર્ણ..

છોટુભાઇ દાજીભાઇ દેશાઇ.

જ્ઞાન એજ સ્વર્ગ છે અને અજ્ઞાન એજ નર્ક છે. મનુષ્યને તેના કર્માનુસાર શુભાશુભ મળે છે.

હે ભદ્ર! "હું એકલોજ છું" એવું તું મનમાં સમજીશ નહિં કારણ કે, પાપ પુણ્ય પર નજર રાખનાર પરમેશ્વર તારા હૃદયમાંજ છે.

પરમાત્માએ ફરમાવેલાં દરેક કર્ત્તવ્યોમાં "મરવું" એ પણ એક કર્ત્તવ્યજ છે.

નદીના પ્રવાહનાં વહી જનારૂં પાણી જેમ પાછું આવી શકતું નથી, તેમ રાત્રી અને દિવસ એનાથી વહી જનારૂં મનુષ્યનું આયુષ્ય પણ પાછું આવી શકતું નથી.

જે ધર્મ અન્ય ધર્મને બાધકર્તા છે, તે ધર્મ નથી પણ અધર્મજ છે એમ સમજવું.

A. S. Desai

સંસાર સુધારો.

(વિનોદી કથા)

કલકત્તામાં જ્યાં ત્યાં સુબોધચન્દ્ર ચટ્ટોપાધ્યાયની ખ્યાતિ પ્રસરી રહિ હતી. જો કે તે તદ્દન નવજુવાન વકિલ હતો પરન્તુ તે જમાનાના બાધેલ વકિલોનેયે વકિલાતમા હરાવતો. આથી તેનો વકીલાતનો ધધો દિવસે દિવસે ધીકતો ચાલ્યો. એ પ્રખ્યાત વકિલ એટલે દરેક વર્ગોની સાથે એને ભેળાવાનો પ્રસગ આવતો.

કલકત્તામાં આ સમયે સંસાર સુધારાનો પવન બહુ જોરમાં વાતો હતો. જ્યા ત્યાં બસ સંસાર સુધારાનીજ વાત! દરરોજ સસાર સુધારાની એક સભા તો હોયજ! આ સભાઓમાં પહેલાં તો સુબોધબાબુ હાજરી આપવા ન હતા. કારણકે સંસાર સુધારાના વિષય પ્રત્યે એમનું લક્ષ્ય ન હતું. પરન્તુ આવી સભાઓની તથા સંસાર સુધારાની વાતોની મિત્ર મંડળમાં રસ ભેર ચર્ચા થતી જોઇ એમનુ લક્ષ એકાએક સંસાર સુધારા તરફ ખેંચાયું. અને અદ્યાપિપર્યંત એવા અગત્યનાં અને સમાજને હિતકારી વિષય તરફ પોતે દુર્લક્ષ કર્યું તે માટે પશ્ચાતાપ કરી પ્રાયશ્ચિત કર્યું.

સુબોધબાબુ હવે એકેએક સંસાર સુધારાની સભાઓમાં ગમે તેમ સમય કાઢી હાજરી આપવા લાગ્યા. અને એક વખત તો એઓ સંસાર સુધારાની સભાનાં પ્રમુખ પણ થયા. પ્રમુખ તરિકે એમણે ઉત્તમ વિવેચન કર્યું અને બંગાળાના સુપ્રસિદ્ધ સુધારક પત્રોએ એમનાં ભાષણની નોંધ લઇ એમનાં અતિશય વખાણ કર્યાં.

બંગાળામાં તે વખતનાં સુપ્રસિદ્ધ બાબુ બિહારીલાલ જગીરદાર કે જેને તે વખતે સુધરેલાઓ જુના વિચારનાં (Orthodox) ગણી હાંસો કરતા હતા, તેમની એકની એક પુત્રી પ્રમિલા સાથે સુબોધચન્દ્રનાં લગ્ન થયાં હતાં, પ્રમિલાનો શરમાળ સ્વભાવ સુબોધચન્દ્રને પહેલાં અતિશય પ્રિય હતો. પરન્તુ એમનાં પ્રમુખ થવા પછી એજ સ્વભાવ અતિ અપ્રિય થઇ પડયો, પત્નીને જોઇ ફિદા થનારો સુબોધ હવે પત્નિ દર્શને ખિન્ન જણાવા લાગ્યો. ઓચિંતો આ ફેરફાર શાથી થયો તેની પ્રમિલાને પણ સમજ પડી નહિં.

એક દિવસ એક સંસાર સુધારાનું કાવ્ય વાચતા કંઇક સુબોધ વિચારમાં પડયો. વિચારમાંને વિચારમાં હોઠે આંગળી અડાડી મણગણ્યો "હજી શું બગડી ગયું છે એને હું સુધારી શકીશ!"

પ્રમિલાને તેજ દિવસથી સુબોધે અંગ્રેજી શિખવવાની શરૂઆત કરી, અને થોડા વખતમા થોડું ઘણું અંગ્રેજીનું શિક્ષણ આપ્યું. મિત્ર મંડળમાં એક દિવસ વાતચિત કરતાં પોતે પત્નિને અંગ્રેજીનું શિક્ષણ આપે છે તે વાત કહી સભળાવી. એક દોઢ ડાહ્યા મિત્રે સલાહ આપી. "સુબોધ! ભણાવવાની શા માટે માથાફોડ કરે છે? સ્ત્રીને એકાદ મિટીંગમાં લઇ ગયા, એકાદ ભાષણ લખી આપી વચાવ્યું ફેશનેબલ વાળ ઓળાવ્યા, ફેશનેબલ લુગડાં પહેરાવ્યાં કે સ્ત્રી સુધરી! બધાએ" "હા! હા!" એતો એજતો! વળી બીજો શો સુધારો?" કરી ટાપસી પુરી. સુબોધચન્દ્ર પણ શિખવી કંટાળી ગયો હતો, એટલે તેને ગમે એ વાત ઉતરી, અને સૂચના અમલમાં મુકવા નિશ્ચય કર્યો.

સુબોધે પ્રમિલાને ફેશનેબલ થવા આજ્ઞા આપી. જુનો વિચારનાં પિતાનાં ગૃહમાં ઉછરાયલીને આ બહુ વસમું પડયુ. પરન્તુ સુબોધનાં આગ્રહ આગળ કંઇ ચાલ્યુ નહિં. ધીરે ધીરે પ્રમિલા ફેશનેબલ બની. એકાદ બે ભાષણો સુબોધે લખી આપ્યાં હતાં તે સસાર સુધારાની સભામાં સસકાર્યા સમજે વાહ વાહ થઇ રહી.

પ્રમિલા હવે સરભાળ રહીનથી. હવે તો સુબોધચન્દ્રને પણ વાત વાતમાં ઉડાવે છે.

પ્રમિલા હવે સુબોધની દાસી નથી, પરન્તુ સુબોધચન્દ્ર જેટલાજ પોતાને હક્ક છે એવું બેધડક સાબીત કરે છે. સુબોધચન્દ્ર ભુલચૂકે એકાદ કાર્ય કરવાનું સોંપે તો સુબોધચન્દ્રના એક સભામાં બોલેલા શબ્દો પકડાવે છે-" સ્ત્રીઓને શા માટે અધમ ગણી નોકરોને કરવાનાં કાર્યો સોંપવા જોઇએ અને તે કરવાની ફરજ પાડવી જોઇએ ?" પ્રમિલા કોઇ કોઇ વખત તો સામુંયે બોલે છે.

નોકર રાત્રે ઘર ગયો હોય અને રાત્રે કાંઈ જોઇએ તો તે હવે સુબોધનેજ લાવવું પડે છે. આ સઘળું હવે સુબોધને અતિશય કઠણ પડયું. આથી ધીરે ધીરે સુધરેલો સુબોધ પાછો સંસાર સુધારાનો હૃદયથી વિરોધી બન્યો. પરન્તુ તે વિચાર જાહેરમાં મુકવાની સુબોધમાં જાહેર હિમ્મત નથી' આથી મનમાં ને મનમાંજ સુબોધ અતિશય બળે છે.

આ અમુઝણથી સુબોધચન્દ્રને અજીર્ણ થયું. કોઇને કહ્યા વિના એ મટેયે નહિં. મિત્રોને કહેવા જાય તો હાંસી થાય. દિવસે દિવસે સુબોધનું શરીર ઘસાવા લાગ્યું. અને જીર્ણજ્વર લાગુ પડયો. ડૉકટરે એને માથેરાન જવાની સલાહ આપી.

(૨)

એક દિવસ બાબુ બિહારીલાલનો સુબોધચન્દ્ર ઉપર " પ્રમિલાની માતા પ્રમિલાને જોવા અતિ ઉત્કંઠિત છે " એવો પત્ર આવ્યો. પ્રમિલાએ જવા તૈયારી કરી. સુબોધચન્દ્રે વાંધો ન લીધો. પ્રમિલા ગઇ, તેને બીજે દિવસે સુબોધ માથેરાન ચાલ્યો ગયો.

સુબોધ અહિં એક સારા ડાકટરની બરદાસ્ત નીચે રહ્યો. એમની પ્રકૃતિમાં કંઇક ફેરફાર થવા માંડયો, પરન્તુ પોતેજ પોતાનો સંસાર બગાડયો છે એ વિચાર એનાં હૃદયને બાળતો રહ્યો.

એક દિવળ બાબુ બિહારીલાલે સુબોધચન્દ્રને બોલાવવા નોકરને મોકલ્યો. તેણે આવી સુબોધને ઘેર જોયું તો તાળું વાસેલું. આસપાસ ખબર કાઢી તો જણાયું કે વકિલ સાહેબ પ્રમિલાબેન ગયાં તેને બીજેજ દિવસે કયાંક ગયા છે તે આવ્યાજ નથી. આ વાત નોકરે જઇ બાબુ સાહેબને કહી. કલકત્તામાં સુબોધનાં મિત્રોને ત્યાં તપાસ કરી પરન્તુ પત્તો ન લાગ્યો. બાબુ બિહારીલાલ નિરાશ થયા અને પ્રમિલા સામે ભવિષ્યકાળ ધુમ્રકેતુ જણાયો. પ્રમિલાના પહેલાંનાં વિચારો એકાએક બદલાઇ ગયા. અને પોતે પતિ સાથે આજ સુધી ચલાવેલી વર્તણુકનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. પ્રમિલા હવે આખો દિવસ સુબોધ નામનું જ રટણ કરે છે. પિતા પુત્રીનું કષ્ટ જોઇ અશ્રુથી ઉભરાતી આંખે પ્રમિલાની માતાને કહે છે, પ્રમિલાને ન બોલાવી હોત તો સારું થાત !

એક દિવસ સુબોધના વાંચવામાં આવ્યું કે "મનુષ્યનાં વિચારમાં પ્રતિક્ષણે પરિવર્તન થયાજ કરે છે." આ વાકય પોતાને અનુભવસિદ્ધ જણાયું. સાથે એ પણ પ્રશ્ન ઉઠયો પ્રમિલાનાં વિચાર ફેરવાયા હોયતો ! તેનાજ હૃદયે જવાબ આપ્યો "સ્વર્ગ બે આંગળજ છેટું !

આજ બાબુ બિહારીલાલનાં મકાનમાં આનન્દ રેલાઇ રહ્યો છે. પ્રમિલાનાં હૃદયમાં આજે આનન્દ માતો નથી. સુબોધચન્દ્રને કોઇ કયાં ગયા હતા તે પુછેછે, તેનો સુબોધ જવાબ આપે તે પહેલાં તો પ્રમિલાની સખીઓ સસ્મિત વદને જવાબ આપેછે-એતો ઇશ્વરને શોધવા ગયા હતા. ત્યારે વળી બીજી કહેછે ના ! ના એતો પૃથ્વીની પ્રદક્ષિણા કરવા ગયા હતા. સુબોધ આવી ભરકરી થતી જોઇ શરમાય છે. એટલે પ્રમિલાની સખીઓ કંઇ આડું અવળું કહી તેને વધારે શરમાવે છે.

રાત્રે શયન ગૃહમાં પ્રમિલાની વાટ જોતો સુબોધ બેઠો છે. ગૃહકાર્યથી નિવૃત્ત થઇ પ્રમિલા આવી. પ્રમિલા આવતાંજ પહેલો પ્રશ્ન સુબોધે પુછ્યો-"કેમ ! તમારા વિચારમાં કંઇ પરિવર્તન ? ચાલાક પ્રમિલા હવે એનું આરોપ થવાનું

ારણ કળી ગઇ. એટલે મલકમાંજ ઉત્તર આપ્યો! 'વિચારમાં તે પરિવર્તન થતું હશે ?"

સુબોધે મુગા મુંજાજ ઉઠી ખભીશ તરફ લંબાવ્યો. પ્રમિલાએ તરત ખભીશ લીધું. અને હસતાં હસતાં કહ્યું "પખાલી ભૂલ માટે પાણને શું ડામોછો ?" સુબોધે આ સાંભળ્યું નહિં અને ખભીશ રહેવા દઇ કોટ લઇ ચાલવા માંડયું. જેવો બારણું ઉઘાડી બહાર નિકળવા જાયછે કે પાછળ દોડતી પ્રમિલાના શબ્દો કાને પડયા 'એકના એક વિચાર તે હમેશ એસી રહેતા હશે ?"

આ સાંભળી આનન્દથી ઉભરાતાં હૃદયે સુબોધ ઉભો રહ્યો કે પ્રમિલાએ આવી જનોઇ પકડયું. સુબોધ અને પ્રમિલાના પગરવથી પડશાળમાં સુતેલી પ્રમિલાના કાકાની છોકરી સરોજ જાગી ઉઠી. અને સુબોધ તથા પ્રમિલાને જોઇ બોલી ઉઠી. "આ શી વરવહુએ મ ધરાતે ધમાચકડી માંડી છે ? રાત્રે કોઇને સુએ સુવા દેશો કે નહિં ? સુબોધ અને પ્રમિલા આ સાંભળી કંઇક શરમાયા અને રાયન ખંડમાં ચાલ્યાં ગયાં. બીજે દિવસે સવારનાં પહોરમાંજ ઉઠતાં સરોજે સુબોધને પહેલો પ્રશ્ન એજ કર્યો, કેમ કાલે રાત્રે શું હતું ? સુબોધ શો જવાબ આપે ?

બલવન્ત

ભાત મિલે પુનિ તાત મિલે–
સુત ભ્રાત મિલે યુવતિ સુખદાઇ,
રાજ મિલે સબસાજ મિલે–
ગજ બાજ મિલે મન વંછિત પાઇ;
લોક મિલે સુરલોક મિલે–
બિધિ લોક મિલે વૈકુંઠમેં જાઇ,
સુંદર ઓર મિલે સબ-હી સુખ
દુર્લભ **સંત-સમાગમ** ભાઇ.

વિવિધ વિષય.

આત્મજ્ઞાની હિન્દુ.

ગ્રીસમાં આત્મજ્ઞાનની માન્યતા પહેલાં વિશેષ હતી. આજકાલ ઘણાઓ હવે એમ માને છે કે સાંતું આત્મજ્ઞાન ભારતીય વેદાન્તનો માત્ર પ્રતિધ્વનિ છે. રાજા અશ્વપતિ ભારતીય તત્વજ્ઞાની હતો. એની કને વૈશ્વાનરના ઉપાસક પ્રાચીન, જન અને ઇંદ્રદ્યુમ્ન તત્વજ્ઞાન શિખવા ગયા હતા. ગ્રીસમાં પણ એ નામોના મળતાંજ નામવાળા ત્રણ જણાઓ વૈશ્વાનરનાં ઉપાસક હતા. સંભવ છે કે તેઓ પણ આ નૃપતિ પાસે તત્વજ્ઞાન શિખવા આવ્યા હોય !

એનું કારણ શું ?

બન્દુકમાંથી જ્યારે ગોળી નિકળે છે ત્યારે બેવાર અવાજ કાને પડે છે. પ્રારંભમાં ગોળીની ગતિ શબ્દની ગતિ કરતાં તીવ્ર હોય છે એ વખતે એકવાર શબ્દ સંભળાય છે; થોડી વાર પછી શબ્દની ગતિ ગોળીની ગતિથી તેજ બની જાય છે એ સમયે બીજી વખત સંભળાય છે.

બનાવટી રક્ત.

રક્તની અછતને લીધે મનુષ્યોનું મૃત્યુ થાય છે. અમેરિકાના પ્રસિદ્ધ ડાકટર જેમ્સ હેગે એક પ્રકારનુ બનાવટી રક્ત બનાવ્યું છે. એ રક્ત થોડાં લોહીવાળા રોગીઓને પિવાડે છે. તેમાં ખૂબી એ છે કે જ્યારે રોગીનાં શરીરમાં સ્વાભાવિક રક્ત ઉત્પન્ન થાય છે ત્યારે એ કૃત્રિમ રક્ત આપોઆપજ નાશ પામે છે.

નવીન વિશ્વવિદ્યાલય

અમેરિકામાં એક વિશ્વવિદ્યાલય ખુલ્યું છે, કે જે જગતનાં લોકોને કાગળ પત્રથી શિખવે છે. એની પરીક્ષાઓ પણ ત્રણ ત્રણ મહિને થાય છે. જે શિષ્ય એ પરીક્ષા પસાર કરે તેને પુનઃ ઉત્તમ રીતે શિક્ષણનું અપાય છે.

એમ છતાં પણ જો પુનઃ નાપાસ થાય તો તેની ફી પાછી આપે છે અને નામ કાઢી નાંખે છે.

એ વિદ્યાલયનાં હજારો એજન્ટો છે, જે લોકોને શિષ્ય બનવા ઉત્સાહિત કરે છે. અત્યારે એની શાખાઓ યુરોપના મોટાં મોટા શહેરોમાં છે. એ વિદ્યાલયનાં કંઈ કેટલાંએ પુસ્તકો છે કે જેથી શિક્ષકોની સહાયતા વિના જૂદા જૂદા વિષયો શિખાય છે. એ પુસ્તકો એટલાં બધાં ઉત્તમ છે કે જેનો પ્રસાર બીજી યુનિવર્સીટીઓમાં પણ થયો છે.

દીલગીર થવાજેવું એ છે કે ભારત વર્ષમાં આ વિદ્યાલયની એક પણ શાખા નથી.

ઇતિહાસનો અર્થ

પરંપરાથી પ્રસિદ્ધ વાત તેનું નામ "ઇતિહ" છે. એ જેમાં છે તેનું નામ 'ઇતિહાસ' છે. યૂરોપનો એક કવિ એ શબ્દની મોટી દુર્દશા કરે છે. તે કહે છે કે જેમાં "હાસ" (હાસ્ય આવે એવું) ઇતિ (સમાપ્તિ) છે તેને ઇતિહાસ કહે છે. ઇતિહાસમાં કંઈ સાર હોતો નથી. તિથિ અને સાલ સિવાય એની સર્વ વાતો અસત્ય છે એનાં વાંચને લોકો કાંતો પ્રસન્ન થાય છે અથવા હસે છે. માટે એનું નામ ઇતિહાસ બરાબર છે.

રસિક મતભેદ

પુરૂષો કરતાં સ્ત્રીઓ દરેક દેશમાં પ્રમાણમાં વધુ જીવે છે અમેરિકામાં એ બાબત ઉપર વિચાર કરવામાં આવ્યો હતો. ત્યાંના ચિકિત્સકો કહે છે કે સ્ત્રીઓ દારૂ તથા સીગરેટ બહુ ઓછી પીએ છે જેથી તેમનાં આયુષ્ય વધુ હોય છે.

ભારતવર્ષનાં લોકો કહે છે કે ચિન્તાથી ધીરે ધીરે જીવન શક્તિ નષ્ટ થાય છે, અને મનુષ્ય પંચતત્વ પામે છે. ઇચ્છિત વસ્તુને અભાવે ચિન્તા ઉત્પન્ન થાય છે. પુરૂષ પોતે દુઃખ સહી સ્ત્રીઓની ઇચ્છા પૂર્ણ કરે છે પછી તેઓનું આયુષ્ય કેમ ઘટે?

માણસનાં અવયવની કિમ્મત.

અમેરીકાનાં સાનફ્રાંસિસકો નગરની એક કોર્ટમાં બાળકની આંખોની કિમ્મત ૫૦૦૦ પાઉંડ એટલે ૭૫૦૦૦ રૂપીઆ નક્કી કરવામાં આવી છે. વિલાયતમાં સિપાઇઓનાં અવયવોનું મૂલ્ય થાય છે. પગ તથા જમણાહાથનું મૂલ્ય ૮૩૨ પાઉંડ, અને ડાબા હાથનું ૭૮૦) પાઉંડ છે. નાચનારીઓનાં અવયવનું મૂલ્ય સૌથી વધુ થાય છે. તેઓ પોતાનાં પગની આંગળીઓનો વિમો ઉતરાવે છે. પગનાં અંગુઠાનો વિમો ૩૦૦૦ પાઉન્ડ અથવા ૪૫૦૦૦) રૂપિયા સુધીનો હોય છે. ગાવા બજાવવા વાળા પોતાનાં હાથનો વિમો ૨૦૦૦ પાઉંડ સુધીનો ઉતરાવે છે. આ પ્રમાણે જ્યારે સુધરેલા દેશોમાં માણસોનાં અવયવોની પણ મોટી કિમ્મત અંકાય છે ત્યારે આપણા ભારતવર્ષમાં સામાન્ય માણસનાં પ્રાણની પણ કશી કિમ્મત લેખવામાં આવતી નથી.

સૌથી સસ્તું માસિક.

અમેરીકામાં મિ. ઈ. જી. લુધસનું નામ પ્રસિદ્ધ છે તે " વુમન્સ મેગેઝીન " નામક પત્રનાં અધિપતિ છે. તે પત્રનું વાર્ષિક લવાજમ ફકત પાંચ આના છે. પત્રનું કદ ઘણું મોટું છે અને તેમાં ચિત્રો પણ ઘણાં આવે છે.

એ પત્રનાં એક કરોડ તો ગ્રાહક છે. એટલું બધુ સસ્તું પત્ર દુનિયામાં બીજું કોઇ નથી. એ પત્રથી એમણે ત્રણ કરોડ રૂપિઆ પેદા કર્યા છે. જે વખતે એ સાહિત્ય સેવા કરવા બહાર પડયા તે વખતે એમની કને ત્રણ રૂપિઆ બાર આના હતા. અને એટલી મુંડીથી એમણે એ ચોપાનીયાનો પ્રારંભ કર્યો હતો.

ગ્રહો સતેજ નિસ્તેજ થાય છે.?

ચન્દ્રમા અને બુધ એ મૃતગ્રહ છે. એમાં તેજ બીલકુલ નથી. જો એનું સઘર્ષણ બીજા ગ્રહ કે નક્ષત્રની જોડે થાય તો તેમાં પુનઃ તેજ ઉત્પન્ન થાય છે. હાલનો સૂર્યજો કદી નિસ્તેજ થઇ જાય તો પુનઃ ગ્રહો સાથેનાં સંઘર્ષણથી પુનઃ દિપ્તિમાન થાય. ઘણાં ખરાં નક્ષત્રો નિસ્તેજ બની પુનઃસંઘર્ષણથી સતેજ થાય છે.

તંત્રી.

DURABLE ECONOMIC and CHEAP TO LIFT WATER.

પટેલની કંપનીના નાળીયા ૨૮

ખેતીમાટે

પાણીનું સસ્તુ સાધન છે

જેની ઉત્તમતાને માટે વડોદરામાં ભરાયેલા પ્રદર્શનમાં ઉંચા પ્રકારનો

ચાંદ તથા સરટીફીકેટ મલ્યાં છે

સૌથી ફાયદાકારક મજબુત સસ્તા અને સારા છે.

એન્જીનથી અને બળદથી ચાલે છે એક બળદથી બે કોસનુ પાણી આપે છે અને એન્જીનથી ચલાવો ત્યારે બીજા કોઈપણ જાતના પંપ કરતા અડધા અડધ ઓછા હોર્સ પાવરથી ચાલે છે

૧ થી ૮૦ ફુટ ઊંડા કુવામાંથી પાણી કાઢે છે અને એકથી આઠ કોસનું પાણી આપનાર નાના મોટા તૈયાર મલે છે કીમત રૂ. ૧૫૦ થી ૫૦૦

વધુ ખુલાસા માટે રૂબરૂ મળો યા લખો.

અંબાલાલ એમ. પટેલની કંપની.

દરેકજાતના પંપ અને એન્જીન વેચનાર તથા દુરસ્ત કરનાર

હેડ હરીયાપુર, નાની સાલેપરી—અમદાવાદ.

ગ્રાહકોને સૂચના.

૧ આ પત્રના પાછલા અંકો ઘીલ કુલ સિલકમાં નથી છતા પણ ઘણા ગ્રાહકો વારવાર માંગણી કરેછે તેમને અમારી નમ્ર વિનંતિ છે કે પાછલાં અંકો અમે તેમને મોકલી શકવા દીલગીર છીએ

૨ જે કોઈ ગ્રાહકને કોઇ અંક તે માસની આખર સુધીમાં ન મળે તો તેમણે તુરત ખબર આપવી, કે જેથી મોકલવા સગવડ થઈ શકે. ઘણાજ મોટે અથવા પાછળથી લખનાર ને જો અંક સિલકમાં હશે તોજ મોકલી શકીશું

૩ વર્ષની શરૂઆત ગ્રાહકને પ્રથમ અંક મોકલવો શરૂ થયો હોય ત્યારથી ગણાય છે

૪ પોષ્ટેજના રૂ. ૦-૩-૦ લવાજમ ઉપરાત લેવાય છે. અર્થાત આ પત્રનુ પોષ્ટેજ સાથે લવાજમ રૂ. ૧-૩-૦ છે

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે !

દેશી ઔષધાલય.

ઝાંપાબજારની બરાદરી શેરીને નાકે તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમને દરેક રોગની દેશી દવાઓ મળશે. તથા ખાત્રી પણ થશે માટે બ્હેનો નાશીપાશ ન થાઓ અને એક વખત દવાખાનામાં આવી મુલાકાત લ્યો તેથી તમારા મનની ખાત્રી થશે. માટે એકવાર જરૂર પધારશો.

ડૉ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

શ્રીમંતોનાં ઘરનો સુપ્રીન્ટેન્ડન્ટ કોણ ?

મેસર્સ ટી. અમીચંદની કું.ની

ફાયરપ્રુફ ત્રીજોરીઓ.

જો તમારા ધનમાલનું રક્ષણ કરવું હોય, ચોરોની અને ભયંકર આગની ધાસ્તીથી બચવું હોય, તેમજ દગાફટકાથી દૂર રહેવું હોય તો જરૂર હમારા જુના અને અનુભવી કારીગરોના હાથની બનાવેલી એકાદ તીજોરી વાપરવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારે ત્યાં બીજા પણ ઘણી જાતના કામો બને છે. જેવાં કે નવી નવી ફેશનના જમાનાને અનુસરતા મન પ્રસન્ન તીજોરીના કેશબોક્ષના, કબોના તથા તાળાઓના ડીઝાઈનો એવાં તો સુંદર અને મજબુત બને છે કે માત્ર એક વખત જોવાથીજ ખાત્રી થઇ શકે છે. હાલમાં લડાઈને લીધે લોખંડના ભાવો ઘણુંજ વધી ગયા છે, છતાં હમોએ હમારા માલના ભાવો બીલકુલ વધાર્યા નથી માટે આવી તક ન ગુમાવતાં એકાદ તીજોરી ખરીદી લેવાની હમો ખાસ ભલામણ કરીએ છીએ. હમારી તીજોરી ફાયરપ્રુફ નથી એવું સાબિત નારને રૂા. ૧૦૦૦)નું ઇનામ આપવામાં આવે છે.

મેસર્સ ટી અમીચંદ એન્ડ કું૦
કબુપીઠ બજાર—સુરત.

ELECTRIC POCKET LAMPS.

વીજળીના દીવા.

(૧) નાના ગજવામાં પણ રાખી શકાય છે.
(૨) અગ્નિની બીલકુલ ધાસ્તી નથી.
(૩) તેલ, દીવેટ કે દીવાસળીની જરૂર પડતીજ નથી.
(૪) ફકત ચાંપ નીચે બસેડતાંજ ભપકાદાર રોશની થાય છે.
(૫) જરા પણ ધુણી કે ધુમાડો થતો નથી કે વાસ આવતી નથી.
(૬) રાત્રીને વખતે ઓશીકા તળે રાખી જરૂર પ્રસંગે કામમાં લેવાથી સાંજથી સવાર સુધી બીજા દીવા બળતા રાખવાનો નકામો ખર્ચ અટકે છે.
(૭) ખાસ કરીને ડીસ્ટ્રીક્ટ ફરતા ઓફીસરો, જાત્રાળુ તેમજ મુસાફર માટે ઘણાજ ઉપયોગી છે. કીં. રૂ. ૨, ૨॥, ૩, ૩॥ ૪, ૫ અને ૬. પોસ્ટેજ ૬ આના. સ્પેરબેટરી ૧૨ આના.

સી. ગોવિંદ એન્ડ કો૦ (બોમ્બે) અમદાવાદ.
C. Govind & co. (3) Ahmedabad.

એકવાર ગ્રાહકને સંતોષ આપવો; એજ ગ્રાહકને સાચવી રાખવાનું મૂળ છે,
છપાવનારાઓને નવી સગવડ. એકવાર જરૂર પ્રસંગ પાડો.

શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.

જેમાં

અંગ્રેજી, ગુજરાતી અને બાળબોધ લિપિમાં

ચોપડી, ચોપાનીયાં, હેન્બીલ, કાર્ડ કવર, કંકોતરી, બીલબુક, રસીદબુક વગેરે

વાયદાસર અને વાજબી ભાવે છપાવી આપવામાં આવશે.

એજન્સી મારફતે છપાવવાથી લાભ શો ?

બે ત્રણ વાર પ્રુફ વાંચવાની કડાકુટ મટશે.
કામ વાયદાસર તથા વાજબી ભાવે થશે

સુંદર બોર્ડરો તથા બ્લોકોથી શણગારી કામ સારૂં અને સફાઇદાર બનશે.
લેખકની મરજી હશે, તો લખાણમાં ચોગ્ય સુધારો વધારો પણ કરી આપવામાં આવશે

વળી બહારગામના ઓર્ડરો ઉપર સંપૂર્ણ કાળજી રાખવામાં આવે છે.

મણી-દોલતરાય દાજીભાઈ દેશાઇ. પ્રોપ્રાયટર
શ્રી શારદા વિહાર પ્રિન્ટિંગ વર્કસ એજન્સી.
અબ્બાજીરોડ, સુરત.

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમાં સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ,
એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

ભંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય કબજીયત રહેતી હોય યાને Dyspepsiaનો અકસીર ઇલાજ.
૧ા રતલની બાટલીની કી. રૂ. ૧

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમગ્ર હિંદમાં પ્રસિદ્ધ છે. અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે.
૧ રતલ ૧ની બાટલીની કી. રૂ. ૨ાા

એક ઉત્તમ સલાહ.

પૈસાનો બચાવ, ખાત્રીલાયક માલ. અને તમારા માલનો રક્ષણકર્તા ? જો તમે તમારી માલમીલકત, તદ્દન સહીસલામત રાખવા ઇચ્છતા હો, ચોર આગ, અને ધરફાડુના ત્રાસથી બચતું હોય, તો ઘાંખા લચક થાયલાં લખાણથી ન લોભાતાં દાવજી બિલ્ડીંગ સ્ટેશન રોડ પસસાણાવાળા મિ. મોરાર ઉકાની ફાયરપ્રુફ ત્રીજોરીઓજ વાપરો જેના ઉત્તમ મજબુત કામો માટે સર્ટીફીકેટ અને પ્રદર્શનમાંથી સોનાના ચાંદ મળ્યા છે. દરેક રીતનું સંતોષકારક કામ તૈયાર તેમ ઓરડરથી મળશે. પ્રાઇસલીષ્ટ મફત મોકલીશું

મિ. મોરાર ઉકા.

ફાયરપ્રુફત્રીજોરી બનાવનાર.

દાવજીબિલ્ડીંગ સ્ટેશનરોડ સુરત.

એક નવીન સંદેશો.

આથી સર્વે સદગૃહસ્થોંને ખબર આપવામાં આવેછે કે હમો સોના તથા ચાંદીના પતરા મશીનરી ખેંચી આપીએ છીએ તથા સરવે જાતની ટીકીઓ પાડી આપીએ છીએ તથા પાટો ખેંચીને ટીકીઓ પાડી આપીએ છીએ જેવાં કે ફેન્સી છેડાઓ, તરેહવાર બંગડીઓ, નેકલેસો, ચેનો, બુટ્ટીઓ, બટન તરેહવાર પન્નાની વીંટીઓ તથા મોતી પોરવવાના ચાંદીના ખોંખા સરવે જાતના કાપી આપીએ છીએ વિગેરે સોનીનું કામ કરવામાં આવે છે. માટે હમારે ત્યાં એક વખત પધારી કામ જોવાથી ખાત્રી થશે તથા મોતી પોરવવાના ખોખા સરવે જાતના તૈયાર મળશે. બનાવનારઃ—

સેનો ચુનીલાલ મોહનલાલ

ઠે. ગોધરપ ફળીઆ-સુરત

દમ, હાંફ, અમુઝણના

૦ પ્રખ્યાત વૈદ્ય ૦

તરફથી જાહેર ખબર આપવામાં આવે છે કે હમારા દવાખાનામાં આંખના તમામ રોગની દવા આંજવી જનાર પાસેથી ફી લેવામાં આવતી નથી. સકડોબંધ આંખના દરદીઓ સારા થઈ ગયા છે, તેના હમારી પાસે ખાત્રી પુરાવા જોઈએ તેટલા મોજુદ છે. તેમજ દમ, હાંફ, અમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના હોય તો પણ દિવસ બારમાં આરામ કરીએ છીએ. હમારી ૧૫ થી ૨૫ વર્ષના જુનામ જુના દમ હમોએ સારા કરેલા છે. તેના દાખલા તથા સરનામાં હમારી પાસે છે. જેથી આપને ખાત્રી થશે. (લોક અને પ્રજાના) ભલા વાસ્તે આ જાહેર ખબર છપાવવાની જરૂર પડી છે,

ફી માટે યોગ્ય સગવડ કરી છે.

હસ્ત મહીધરપરાની સારાશેરીમાં તથા પાંજરાપોળ-ગોપીપુરા

આર્યલિત વર્ધક ઔષધાલય.
વૈદ્ય શીવશંકર
ભાઇશંકર જોશી

સ્ત્રીઓ માટે ટોનીક દવા.

રજીસ્ટર્ડ
પ્રદર, (નબળાઇ)
અનાયમિત ઋતુસ્રાવ.
ગર્ભાશયનો સોજો;

નં. ૩૨૦
પ્રદર વિનાશક
દવા વાપરો.

ઉપર બતાવેલા દરદો અને બીજા રોગો માટે જેવા કે, રકતપ્રદર, કસુવાવડ, છોડ, હીસ્ટીરીઆ, પેડુનો દુઃખાવો, છાતીમાં દાહ હાથપગનું કળતર અને સુવારોગથી થતાં જુનાં હઠીલાં દુખો વગેરે મટાડવા માટે અમારી જગપ્રસિદ્ધ પ્રદર વિનાશક દવા એક અકસીરઇલાજ છે. ફકત આઠ દિવસમાં દવાનો ગુણ ચોકસ માલમ પડે છે આઠ દિવસની દવાના રૂ. ૧–૭–૦ પોસ્ટેજ સાથે બાટલી ૧ની કીમત રૂ. ૨–૮–૦ પોસ્ટેજ ૦–૪–૦

સ્ત્રીરોગ ચિકિત્સાનું પુસ્તક મફત મંગાવો.

એજન્ટ—
મેસર્સ. ડી. ચી. માહુ
નના કુ. ઠે. કણપીઠ
સુરત

પ્રદર વિનાશક
ઓફીસ,
ખંભાત (૧૬)
(ગુજરાત)

દાન આપવાનું સુપાત્ર સ્થાન

શ્રીકૃતેસિંહરાવ આર્ય અનાથાશ્રમ–વડોદરા.

આ અનાથાશ્રમને રૂ. ૨૫૧ આપનારના નામથી એક ઓરડી બાંધી તે ઉપર દાતાના નામની આરસની તખ્તી ચોડવામાં આવે છે અત્યાર સુધીમાં આવી ૭ ઓરડીઓ મળી છે. ૧૫ ઓરડીઓ મેળવી મકાન બાંધવાનું શરૂ કરવામાં આવશે.

એક રૂપીઓ અને તેથી વધુ દાન આપનારનાં નામ વર્તમાનપત્રો તથા રિપોર્ટમાં પ્રગટ થાય છે.

મંત્રી–શ્રી કૃતેસિંહરાવ આર્ય અનાથાશ્રમ–વડોદરા.

બાટલિવાળાની અકસીર સ્વદેશી દવાઓ.

અસલ કવીનાઇનની ટીકડીઓ–એક ગ્રેનની દરેક બાટલીમા ૧૦૦, બાટલીના આના ૧૨

એ " " " " રૂ. ૧.

તાવની દવા અને ગોળીઓ–તાવ, મેલેરીયા, સલેખમ વગેરે માટે બાટલીનો રૂ ૧.

કૈવત આપનારી ગોળીઓ–શીકપડી ગયલા માણસો અને કમતાકાતી માટે બાટલીનો રૂ૧॥

દાંતનુ મંજન–દાતની જળવણી માટે દાતનું મંજન દરેકના આના ૪.

ખસ અને દરાજનો મલમ–બાટલીવાળાનો ખસ અને દરાજનો ઉત્તમ મલમ દરેકના આના ૪ દરેક દવાવાલા પાસેથી મળશે અથવા

Dr. H. L. Batliwala's sons & Co. Ltd.
280, Worli 18 BOMBAY.
તારનું સરનામુ–ડોકટર બાટલીવાળા. દાદર, "

કયાં ગભરાયા ? અરે શું હીસ્ટિરિયા !

વાયુ મુકતા.

કીં. રૂ. ૪–૧૦–૦ પો૦ જુદું.

હીસ્ટ્રીરિયા–મૃગી–ઐરફ કે વાઇ, તેને લીધે મોઢામાં ફીણ કે લાળ આંકડી–તાણ–એચ કે કંપણી, દાંત ભીંધાવા, શ્વાસ રૂંધાવો, આંખો ચરડાવી શરીરે શીત, પેટમાં દુખાવો, અને બેશુધ્ધ, ઈત્યાદિ તેમજ કેટલાકને ચિત્તભ્રમ ઉન્માદ કે ઘેલેચ્છા થવાથી બકવું, રડવું, કુટવું, નાસવું, ધુણવું મુગાપણું જોવામાં ચિત્રતા, શ્યામતા, કૃશતા, લાઘવું, ઇ૦ લક્ષણોવાળા નવા કે જુના હીસ્ટિરિયા ઉપર રામબાણ છે, દવા વનસ્પતિની, બ્રહ્મીનાની, પથ્ય નહી. ઉપયોગ કરેથી ખાત્રી,

બચ્ચાંની કાંકણી કે ફીટ અને આભળ તુર્ત બેબજ કીમત રૂા૦ ૨) પો. જુદું. વ્યાયામ કળાશાસ્ત્ર (શરીર કેળવણી) માટે કસરતનાં ૩૫૩ ચિત્રનું કીમત રૂ. ૨) પો ૦)= દેશીનામુ–નામું શિખવાનું, ઈન્ડીકામાં ટેકસ્ટ બુક કીં. ૦)॥ પો ૦)–

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. ઇભોઇ–વડોદરા.

શું તમારો ચહેરો ફીકો પડી ગયો છે. શરીરમાં કમજોરી રહે છે. ચટકુળ, સાંધા, કમર માથામાં દુખાવો આંખોએ અંધારા રહે છે તમારા ઘરની સ્ત્રીઓને માસીક (નબળાઇ) દુખાવો રહે છે.

તો વાપરો; કદી પણ નીષ્ફળ થશો નહી,

બાદશાહી ટૉનીક પીલ્સ.

બાદશાહી ટોનીક પીલ્સ—નામર્દને મરદ બનાવવા માટે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—વીર્યમાં વીજળી ઝડપે વધારો કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—સુસ્ત પડેલી નસોને સતેજ બનાવે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—ફીકા ચહેરાને ગુલાબી બનાવે, છે.
બાદશાહી ટોનીક પીલ્સ— સ્મરણ શક્તિમા વધારો કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—ભુખ્યાની તેજ કરી ભુખ ઉઘાડે છે
બાદશાહી ટોનીક પીલ્સ—મગજને શાંત રાખે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—વીજળીની ઝડપે કમજોરી દુર કરે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—સ્ત્રીયોને તાકાત આપે છે
બાદશાહી ટોનીક પીલ્સ—ગર્ભાશયમાં સુધારો કરે છે.
બાદશાહી ટોનીક પી'લ્સ—વાંઝીયાપણું દુર કરી દે છે.
બાદશાહી ટોનીક પી'લ્સ—સ્ત્રી પુરૂષને એક સરખો ફાયદો આપે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—બુઢ્ઢાઓને જુવાનીની મજા દેખાડે છે.
બાદશાહી ટોનીક પીલ્સ—પ્રેમી યુગલોને વાસ્તે અમૃત છે.
બાદશાહી ટોનીક પીલ્સ—પુરૂષો માટે આનંદ બાગ છે.
બાદશાહી ટોનીક પીલ્સ—નામર્દની એકજ માત્ર દવા છે.
બાદશાહી ટોનીક પીલ્સ—જુવાનોને મરદાન બનાવે છે.

કીંમત માત્ર ૪૦ ગોળીની ડબ્બીના રૂ. ૨) પોસ્ટેજ જુદું.
નમુના માટે ૮ ગોળીની ડબ્બીના રૂ. ૦।) પોસ્ટેજ જુદું.

મહાજન એંડ કંપની,
મૂળજી જેઠાની મારકીટ સામે—મુંબઈ

વગર ઇજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

બાદશાહી સાબુ—સફાઇથી વાળ દુર કરવા માટેજ છે.
બાદશાહી સાબુ—ચામડીનો અસલી રંગ રાખે છે. કાળી પડતી નથી.
બાદશાહી સાબુ—હીંદુસ્થાનમાં હજારો દુકાનોપર મળે છે.
બાદશાહી સાબુ—વાપરનારાઓ સંપુર્ણ સંતોષ પામ્યા છે.
બાદશાહી સાબુ—ચામડીનો તમામ દર્દ નાબુદ કરે છે.
બાદશાહી સાબુ—હર હપતે વાપરવાથી નુકસાન થતુંજ નથી.
બાદશાહી સાબુ—ગુપ્ત ભાગોના વાળ મારી રીતે કાઢે છે.

બાદશાહી સાબુ—ત્રણ સાબુના બોકસ એકનો રૂ. ૧) પો. ચાર આના હીંદુસ્થાનમાં જગે જગે વેચાવા માટે એજન્ટો જોઇએ છે.

સોલ એજંટ—મહાજન એન્ડ કું.
શેખ મેમણ સ્ટ્રીટ-મુંબઇ.

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

આખા હિંદના હિંદુજાતીનાં અનાથ બાળકોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

રૂ. ૪૦૦) આપી દેશભક્ત મરહુમ ઓ. મી ગોખલેના સ્મારકમાં બંધાતા કેળવણીના હોલ સાથે એક ઓરડી બંધાવી ગોખલેના નામ સાથે અમર નામ કરો.

રૂ. ૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમા નામનુ સ્મારક રખાય છે.

રૂ ૨૫) માં ગોદાન અપાય છે–બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ વારમીક રીપોર્ટમાં પ્રગટ થાય છે.

દાન બોકસી રીપોર્ટ મગાવો–દરેક જાતના દાનની જરૂર છે

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશુ ચોથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ ૧૦૦) ઈનામ આપીશુ કીમ્મી ૧ ની કિ રૂ ૧-૦-૦ આસ પરેજ નથી

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમા શક્તિ લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવું સાબિત કરનારને રૂ ૧૦૦) સો ઈનામ આપીશુ. શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. કીમ્મી ૧ ની કિ રૂ ૨-૮-૦ પરેજ નથી

ધાતુ વિકાર.

ભયકર દરદોથી બચવુ હોય અને તમામ દરદોની દવાથી માહેતગાર થવુ હોય તો એક પૈસાનુ કાર્ડ લખી ધાતુ વિકારનુ પુસ્તક મફત મગાવી લેવુ.

વૈદ્ય શા. ગીરધરલાલ કાલાનજી

મુ ધોળકા જી. અમદાવાદ.

પાતાળનો અવાજ.

અમૃતધારાનુ મે મારા કુટુબમા સેવન કરાવ્યુ, હું અત કરણથી અનુમોદન આપુ છુ કે જે રોગોને મારતે લખ્યુ છે એ લાભદાયક પ્રમાણિક છે. મીસીસ એચ પેરસન, સાદિમા ન ૧૨૪૨ ઓકનેડ અમેનીકા

એક અન્ય બાઇની સમતી

" મારી પુત્રીએ અમૃતધારાની શીશી આપની પાસેથી ગાયા ભાસવા ખરીદી હતી, હુ આપને લખુ છુ કે એ મહુજ અદ્‌ભૂત વસ્તુ છે, અને મનુષ્ય જાતિને માટે એક ન્યામત છે હુ કહુ છુ કે કદી હુ તે સિવાય રહી શકીશ નહી કારણ છે કે તે સર્વ રોગ મટાડનારો છે જો મને તેની પહેલા ખબર હોત તો મારા પ્યારા પતિનો છત તેથી બચી જાત અમૃતધારાની પુરી પ્રસશા થઇ શકતી નથી, અન્ય ઔષધ તેની સાથે મુકાબલો કરી શકશે નહી

ઇ જોહનસન, સુનાર.

કવિ વિનોદ વૈદ ભુષણ પં. ઠાકુરદત્તશર્મા વૈદ્યની દવા.

અમૃતધારા દરરોજ પાસે રાખો

જે એકજ દવા કે જેની માત્રા ૨-૩ ટીપા છે, તે લગભગ સર્વ રોગો, જે લગ ભગ ઘરોમા રહેતા, બાળકો, સ્ત્રીઓ અને પુરૂષોને થાય છે, તે સર્વનો રામબાણ ઇલાજ છે ખાવામા તેમ ચાપડવામા બનેમા કામ આવે છે. મોટ અચાનક દુખ થાય તો તેને અચાનક દુર કરે છે બાલકોના રોગો દિવસમા દિવસોના રોગો કલાકોમાં, કલાકોના મિનિટોમાં દુર થઇ જાય છે એકવાર અજમાવો, જુની નકલોથી બચો અને અસલને ખરીદો.

રોગોના નામ કે જેને અમૃતધારા દુર કરે છે.

દરેક પ્રકારની પીડા, દમ, કામ પાશ્વશુળ, સળેખમ, અપચો મંદાગ્નિ, ઝાડો, આફરો અડમડાટ પરિણામ શુળ સંગ્રહણી, અતિસાર, વમન, અપરસાર, (મરડો દસપીડા વગેરે દાતોના સર્વ રોગ, નાકના સર્વ રોગ, મુખના સર્વ રોગ, ફોલ્લા, દાદર સોજા, દાહ, માખી વછી, સર્પ કુતરા કુતરા ઉંદર વિગેરેના દખ, સર્વ પ્રકારના, સોજા, ઉપદંસ, ઝાનું દરદ આંતરિક વ બાહ્ય પીડા, હરસ, ભોટ, દુર્બળતા પ્લેગ, પ્રસુતા પ્રદર, સોમરોગ પાંડુરોગ ક્ષય, મારકણા, મરોડા વાયાનો ગોળો ગલગડ, કફમાણા સન્નિપાત, બાલરોગ, હૃદયરોગ મુત્ર-ક, માસિક ધર્મ, વાતરોગ, અર્દાંગ વાત, રક્તપીત, દર્દકમર દાનુ, પિત ઉન્માદ મગજ પડવું ચક્કર મેસી જવો, મુત્રાશય, કલેજાનુ દરદ માથુ. છાતી, ફેફસાં, આતરડા વિગેરેના રોગો મટાડે છે. કીમત મોટી શીશી રૂ. ૨॥, અર્ધાની ૨ ૧॥ નમુનાની કીમત ૦-૮-૦

કીમત મોટી શીશી રૂ. ૨॥, અર્ધાની ૨ ૧. નમુનાની કીમત ૦-૮-૦ ટ.

પત્રવ્યવહારને માટે લખો અમૃતધારા (ગ્રાંથ) લાહોર

તૈયાર છે! માત્ર પોષ માસ સુધીજ બાસ તક-પોસ્ટેજ ।

અતિ ઉત્તમ પુસ્તકો.

'વિવિધ' તથા 'ચરિત્ર' માળા દ્વારા નિકળેલાં સં ૧૯૭૭નાં ઉત્તમ પુસ્તકોના સેટ હવે તૈયાર થયેલા હોવાથી, તુરતમાં ખરીદવા ઇચ્છનારને બાસ સગવડ આપવા માટે પોષ માસ સુધી તેનું પોસ્ટેજ માફ રહેશે તે પછી જુદુ જ લેવાશે.

વિવિધ ગ્રંથમાળાના ૧૯૭૨ના

ઉત્તમ ગ્રંથો

કુલ પૃષ્ઠ ૨૦૦૦

મૂલ્ય ૩ ૨, પાકાં પુઠાં ૩ ૩ પોસ્ટેજ ૦॥

સ્વામી રામતીર્થ—બા ૯-૮ મો
આરોગ્ય વિષે જ્ઞાન-મો૦ ૬૦ ગાંધી કૃત
વિશ્વ ઉત્તમ લેખ—જર્મનજાસૂસ, ફીજીબા ૨૧ વર્ષ ઓ ૬ મહાન લડાઇઓ
પ્રભુમય જીવન નામ પ્રમાણેજ વિષય
હુંદી સામાજિક ૧૬ બોધપ્રદ વાતો.
હિંદી બોલીબા ૪૦ ઉત્તમ લેખોનો સમૂહ

ચરિત્રમાળાનાં ૧૯૭૭ નાં

જીવન ચરિત્રો

કુલ પૃષ્ઠ ૧૫૦૦

મુલ્ય ૩૦ ૨, પો ૦૮ પાકાં પુઠાં નથી

રાજા રામમોહનરાય-હિંદના હેલ્લા સુધારક
સમ્રાટઅકબર-બારા રૂપમા દર્શાવનારે
સ્કોટલેંડનો મહાવીર વાલેસ તથા પ્રાચીન સમયના ગ્રીસનો મહાવક્તા ડિમોસ્થનીસ
ધર્માત્મા ગ્લેડસ્ટન અને જર્મ। સામ્રાજ્યનો સ્થાપક પિત

જુની માળાઓના બાકીના ઘણા બારા વર્ષોના સેટ પણ મળી શકશે પો જુદુ

ટપાલમા મગાવનારે પોતાના પત્રના નામ સાથે અમદાવાદજ લખવુ વિગતવાર સૂચીપત્ર મફત

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, } મુંબઇ-૨.
અને અમદાવાદ

પ્રસિદ્ધ કરનાર તથા ઠાલતરાય હાજીભાઇ દેશાઇ, સત્સંગ બારીસ બણાછરોડ-સુરત
સુરત બપોરીઆ ચકલા તાસનાળાની પોળ લક્ષ્મીનારાયણ પ્રીં વ ીમા આવેલા જય વિજય
પ્રિંટીંગ પ્રેસમા મણીચંદ કમળદાસ દોષીબાએ છાપ્યુ

Reg. No. B 910

વીર સં. ૨૪૩૩

सत्संग.

પુસ્તક ૮મું અંક ૭મો

માહ સં. ૧૯૩૩

અનુક્રમણિકા.

૧-૫ દાન્યેા ને અંબાલાલ ઝાલિવારી, અમર, સ્નેહયેાગી તથા રા. મેા. મ. દે. ૧૬૧-૧૬૩
૬ સુવર્ણ લંકા. ભાઇ ઉદેરામ ૧૬૪
૭ દંપતિ જીવન કયારે બને ? રા. ગાંડાભાઇ ૧૬૭
૮ કેાઇ ચેતશે ? રા. લાભશંકર લ. ૧૬૭
૯ બેાળીઆ દાન્તનેા બડબડાટ. રા. બેા. રા. ૧૬૮
૧૦ ઇંગ્લંડમાં કમતી થયલું ભાકટપણું. તંત્રી.
દારૂના અંકુશનું શુભ પરિણામ. તંત્રી.
સીગારેટથી સત્યાનાશ. વીરજી. ૧૭૦
૧૧ દેવગઢ બારીઆનેા ગેા. પ્રતિબંધનેા હુકમ. ૧૭૧
૧૨ માંસભેાજનપર વૈજ્ઞાનિક દૃષ્ટિ ૧૭૨
૧૩ બીડીપીવાથી થતી હાનિ. ર. ના. બા. દે. ૧૭૩
૧૪ અસ્થિ પિંજર. રા. અં. સ. દેસાઇ ૧૭૪
૧૫ પતિદેવની એક વાર્તા. રા બલવન્ત ૧૮૧
૧૬ વિવિધ વિષય. તન્ત્રી ૧૮૩

શ્રી દુર્વ્યસનનિષેધક-જીવદયાપ્રબોધક અને નીતિવર્ધક મંડળ તરફથી પ્રકટ થતું પત્ર.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૩-૦

આશ્રયાર્થે ઇચ્છાનુસાર

તંત્રી અને પ્રકાશક—
દોલતરાય દાદભાઇ દેશાઇ.
સ્થળ-છાપરાંડ-સુરત.

તૈયાર છે! માત્ર પોષ માસ સુધીજ ખાસ તક-ચૂકો

અતિ ઉત્તમ પુસ્ત'

'વિવિધ' તથા 'ચરિત્ર'માળા દ્વારા નિકળેલાં સં ૧૯૭૨નાં પુસ્તકોના સેટ હવે તૈયાર થયેલા હોવાથી, તુરતમાં ખરીદવા નારને ખાસ સગવડ આપવા માટે પોષ માસ સુધી તેનું પોસ્ટે માફ રહેશે તે પછી જુદુજ લેવાશે.

વિવિધ ગ્રંથમાળાના ૧૯૭૨ના

ઉત્તમ ગ્રંથો

કુલ પૃષ્ઠ ૨૦૦૦

મૂલ્ય રૂ ૭, પાકાં પુઠાં રૂ. ૩ પોસ્ટેજ જા

સ્વામી રામતીર્થ—ભા ૮-૮ મો
આરોગ્ય વિષે જ્ઞાન ભો૦ ક૦ ગાંધી કૃત
ત્રણ ઉત્તમ લેખ—જર્મનજાસૂસ, ફીજીમા ૨૧ વર્ષ, અને ૬ મહાન લડાયકો
પ્રભુમય જીવન નામ પ્રભાવેજ વિષય
કુદરી સામાજિક ૧૯ બોધપ્રદ વાતો.
હિંદી બોલીમા ૪૦ ઉત્તમ લેખોનો સંગ્રહ

ચરિત્રમાળાનાં ૧૯૭૨ નાં

જીવન ચરિ

કુલ પૃષ્ઠ ૧૫૦૦

મુલ્ય રૂ૦ ૨, પો ૦।- પાકાં પુઠાં

રાજા રામમોહનરાય-હિંદના પહેલા
સમ્રાટઅકબર-ખરા રૂપમા કર્યો બનાવે
સ્કોટલેંડનો મહાવીર વાલેસ તથા
સમયના ગ્રીસનો મહાવકતા ડિમોસ્થનીસ
ધર્માત્મા ગ્લેડસ્ટન અને જર્મન
સ્થાપક પિત

ઉપરી ભાગાઓના આગલા ઘણા ખરા વર્ષોના સેટ પણ મળી શકશે. પો

ઠેકાણા બતાવનારે આ પત્રના નામ સાથે અમદાવાદજ લખવું વિગતવાર સૂચીપત્ર

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. } મુંબઇ-૨. અને અમદાવાદ

પ્રસિદ્ધ કરનાર તંત્રી કેવલરામ હાલભાઈ દેશાઈ, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય માટે દરોડ-સુરત મુકામે પારીખ નકલા તાસવાળાની પોળ લક્ષ્મીના ઘરની વાડીમાં આવેલા "જન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમા મુદ્રણ કરાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

Reg. No. B.611

પુસ્તક ૮મું
અંક ૬ ઠ્ઠો

ભાદ્ર
સં. ૧૯૩૩

सत्संग.

અનુક્રમણિકા.

૧-૫ કાવ્યો ના અંબાલાલ ચકિલા ી, ભમર, સ્નેહ-
યોગી તથા રા. ને. ભ. દે. ૧૫૧-૧૫૩
૬ ઘુરજી લંકા. . ઝાડ ઠોકુભાઇ ૧૫૪
૭ દંપતિ જીવન કયારે બને ? રા. ગાંડાભાઇ ૧૫૭
૮ કોણ ચેતશે ? રા. લાભશંકર લ. ૧૬૭
૯ બોગાંગ્યા શેઠનો બાઝબાઝટ. રા. બો. વા. ૧૬૮
૧૦ ઇંગ્લંડનાં કમતી થયલું છાકટપણું. તંત્રી.
દારૂના અંકુશનું શુભ પરિણામ. તંત્રી.
બીગારેટથી સત્યાનાશ. ધીરજ. ૧૭૦
૧૧ દેવગઢ બારીઆનો ગેા. પ્રતિબંધનો હુકમ. ૧૭૧
૧૨ માંસભોજનપર વૈદ્યનિક દૃષ્ટિ ૧૭૨
૧૩ બીડીપીવાથી થતી હાનિ ર. ના. બા. દે. ૧૭૩
૧૪ અવિશ્વ પિંજણ. રા. અં. રા. દેમાઇ ૧૭૫
૧૫ પતિદેવની એક વાર્તા. રા. બલવન્ત ૧૮૧
૧૬ વિવિધ વિષય. તન્ત્રી ૧૮૩

શ્રી દુર્જનનિગ્રહક, જીવ-
દયાપ્રબોધક અને નીતિવર્ધક
મંડળ તરફથી પ્રકટ થતું પત્ર.

વાર્ષિક
લવાજમ
૧-૦-૦

આશ્રયાર્થે
ઇચ્છાનુસાર

છાપી અને પ્રસિદ્ધ કરનાર—
દોલતરાય દાજીભાઇ દેસાઇ.
મેનેજર-સુરત.

શ્રી દુર્વ્યસન નિષેધક જીવદયાપ્રબોધક

અને

નીતિવર્ધક મંડળ—સુરત.

(સ્થપાયું ૧૯૦૭)

ફાઉન્ડર–ડૉ.દીનશાહ જીવાજી એદલજીરામ

એલ. એમ. એન્ડ. એસ. એફ. આર. જી. એસ.(લંડન)

મંડળ તરફથી થતાં કાર્યો.

સત્સંગ [માસિક]

જીવદયા તથા દુર્વ્યસન નિષેધનો સંદેશો વાંચનારી આલમ સમક્ષ પહોંચાડવા આ માસિક પત્ર પ્રગટ કરવામાં આવે છે, જેની ઘણી નકલો શ્રીમંત સજ્જનોનાં ઉદાર આશ્રયથી માંસાહારી તથા દુર્વ્યસની પ્રજામાં મફત પહોંચવાનો બંદોબસ્ત કરેલો છે.

રાત્રિશાળા.

પછાત પડેલી જાતો કે જે વિદ્યાહીન હોઇ માંસ મદિરાનાં સેવી હોય છે તેમને રાત્રે કેળવણી આપી માંસાહાર તથા દુર્વ્યસનથી વિમુખ કરવાનાં ઉપાયો યોજાય છે.

૩. પુસ્તકો.

જીવદયા અને દુર્વ્યસનને લગતા સપ્રમાણ લેખોને નાના પુસ્તકનાં આકારમાં છપાવી માંસાહારી પ્રજામાં મફત પહોંચી દેવામાં આવે છે.

૪. છુટું સાહિત્ય.

માંસાહાર તથા દુર્વ્યસનથી થતી હાનિનાં સત્ય સપ્રમાણ બનાવોના જથાબંધ હેંડબીલો પ્રગટ કરી છુટથી પહોંચી દઇ માંસાહારી અને દુર્વ્યસની પ્રજા સમક્ષ તેના ગેરપ્રાયદા રજુ કરાય છે.

૫. ભાષણો.

મંડળના ઉદ્દેશોનો સ્થળે સ્થળે ફરી પ્રચાર કરવો તથા માંસાહારી અને દુર્વ્યની પ્રજા સમક્ષ જાહેર રસ્તાઓમાં અને શેરીઓમાં ભાષણો દ્વારા ઉપદેશ કરાય છે.

મંડળનાહિતચિન્તકો.

ડૉ. દીનશાહ જીવાજી એદલજીરામ એલ. એમ. એન્ડ. એસ. એફ. આર. જી એસ.

રા. બાં. શેઠ હીરાચંદ નેમચંદ ઝવેરી જે. પી.

રા. રા. શેઠ હંસરાજ. ઇન્દુમલ બાલમુકુન્દની પેઢી.

રા. રા. મોહનલાલ ભગનલાલ ઝવેરી.

રા. રા. શેઠ તૈયબભાઇ એમ. એમ. મકરની.

રા. બા. ખુમાઇ ગુલાબભાઇ દેથાઇ.

થીઓસોફીકલ સોસાયટી, ઇન્ડીયન સેકસન-બનારસ.

પુસ્તક ૮મું. અંક ૭ મો. | સત્સંગ. | ભાદ્ર. સં. ૧૯૭૩.

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

કર્મ.

(હરિગિત વૃત)

રે ! મૂઢ જન શાને તજી સંતોષ બહુ વળખાં કરે;
નહીં કર્મનો લવલેશ આશય ધ્યાન દઈ ચિત્તમાં ધરે;
જે દુષ્ટ કર્મો તનથી અથવા વચનથી, તુજ ચિત્તથી;
કરતો ફરે પુર્વે કર્યાં તે ભોગવ્યે છુટકો નથી. ૧

કર્મો કરેલાં તેહનું ફળ આ સમે તું ભોગવે;
કરશે વળી જે અંધ થઈ, કર્મો વળી પણ આ ભવે;
તો તે તણું પણ ભવિષ્યમાં ફળ પામશે સંદેહ નહીં;
કારણ કૃપાળુ ઈશનું લવલેશ નહીં છાનું કહી. ૨

વાવી લસણનું બીજ આશા રાખીએ ચંપાતણી;
એવી કદાપિ આશા જૂઠી થાય સફળ ન આપણી;
સત્કામનું ફળ સારું ને દુષ્કામનું નરતું મળે;
ફળ આપનારો ન્યાયથી તે ભોગવાવે ભૂતળે.

છે નાથ ઢીલ દયાળ તો પણ કર્મ ફળ કરતાં અદા;
પૂતવા કર્યેથી માફ દઈ નહીં રેમ લાવે સર્વદા;
તેમજ કરેલાં કર્મ સારાં તે તણું ફળ આપતાં;
નહીં ખાય કંઈપણ આચકો દિલ દ્વેષબુદ્ધિ દાખતાં. ૪

તુજ દેહથી, લક્ષ્મીથકી, મીત્રોથકી, સંસારથી;
જે હોય કંઈ સુખ આશ તે, તું વર્ત્ય પરમ વિચારથી;
સત્કામ તન મન વેણુથી કરવા ક્ષણી દિલ રાખશે;
તો નાથ અંબાલાલનો જે તે તણું ફળ આલશે. ૫

શ્રી દારિયાં નાથજીનું મંદિર, ડભોઇ
ભટેલા અંબાલાલ જગન્નાથ ભટ્ટ.

ચેતનને ઉપદેશ.

ચાલ. (મઝાદેતે હય કયા યાર–તેરે બાલ ધુંધરવાલે)

શાને ભુલે વૈભવ જોઈ જે છે નરકે લઈ જનારો.
નરકે લઈ જનારો ભવ ચોરાશી ફેરવનારો. શાને.
ક્ષણીક સુખ અભિલાષા, તેની જાણ સદા નીરાશા.
તજી ક્ષણ વિષય સુખ આશા, ધર ધર્મરૂપી કીનારો શાને.
લક્ષ્મી ની આશા. ભારી, શીદ તેતો મનમા ધારી,
કુલટા સમ દેશે વિસારી, કોઈ હાથ નથી ધરનારો. શાને.
અહંકાર તજી દે મનનો તેમ નાશવંત આ તનનો.
ભૂલી જઈ સદા આ ધનનો થા પ્રભૂ પદને ભજનારો શાને.
માયામાં શું લપટાયો, સ્નેહ સંબંધમાંહી ફસાયો
જેથી ધર્મ માર્ગ ભૂલાયો. ફક્ત ધર્મ સાથ કરનારો શાને.
માત તાત ભ્રાતને ભાર્યા, જેણે કોઇને નથી તાર્યા.
પણ અનંત ભવ ભટકાવ્યા, એ મોહ ન તારણહારો શાને
"અભિલાષી" શીખવે જીવને, તજ મોહ લોભ ક્ષણ સૂખને.
અહંકાર તજી પ્રભૂપદને, જે અનંત સુખદેનારો શાને.

ધુલીઆ. (એકાંત-ભૂવન) "અભિલાષી".

ઝુંપડી મારી

ભલે ભાગી વળી તૂટી, છતાં એ ઝુંપડી મારી,
હજારો છિદ્ર હો તેમાં, છતાં પણ ઝુંપડી મારી;
નથી દિલ મહેલની ઈચ્છા, ભલે હો શાન્તિ કે સુખદા
ગરીબી જે બતાવે એ-છતાં એ ઝુંપડી મારી.

રવિનાં તિમ્ર છો કીર્ણો, પ્રવેશે છિદ્રથી લાખો.
જલાવો કે શિતળ રાખો, છતાં એ ઝુંપડી મારી;
ભલેને શીત વર્ષામાં, સદા આ દેહ ઠારી દે,
અણું શીત-દાહ ભારી દે, છતાં એ ઝુંપડી મારી,

પવનના જોરથી ઉડે, ખરર કરતાં સહુ સાથે,
દિવાલો છત્ર પણ માથે, છતાં એ ઝુંપડી મારી,
થયેલી જર્જરિત ભારી, છતાં છે પ્રાણથી પ્યારી,
મહદ માતૃભૂમિ સમ એ મને છે ઝુંપડી મારી.

મુંબઇ. ઝભર.

તથાપિ દુર રાખે શું ?

વિયોગે વ્હાવરો છું હું ! પ્રભો ! ના કેમ જાણે તું. ?
-હૃદય વિશ્રામ મ્હારો તું ! તથાપિ દૂર રાખે શું ?
વિષયનો ત્યાગ મેં કીધો, સરસ બસ પંથ મેં લીધો,
પ્રભો ! તુજ પ્રેમને પીધો, તથાપિ દૂર રાખે શું. ?
ઋષિ સંતાન જેવો છું, તમોને નાથ ! વ્હાલો છું,
જગત પાલક ગુરૂ છેતું, તથાપિ દૂર રાખે શું ?
કરેલા કોલથી વ્હાલા, અતિ સાવધ રહું પ્યારા,
ભજુ હરનીશ પ્રભુ ! મ્હારા, તથાપિ દૂર રાખે શું ?
જહાંના કષ્ટથી તાર્યો, અધમને આજ ઉગાર્યો,
દયા લાવી ગણ્યો તારો, તથાપિ દૂર રાખે શું ?
નિયંતા નામથી તુતો, ઉધ્ધારે છે અધમ ભુતો,
ચહુ છું અંતમાં હુતો, બલાથી દૂર રાખે તું. !

ધુલીયા (ખાનદેશ) સ્નેહુયે

સ્વરૂપ ભાવના

વિચારી સ્વરૂપ, યાનેભાઇભૂપ, રહે શીદ આમ તું
જ્ઞાને આ લેઉ, ટાળી સૌ ખેદ, બની રહે રામતું. વિચા
નિજ ગૃહમાં ભ્રમ ભાસતો, ભૂલ્યો તું નિજ શુદ્ધ;
અવિદ્યા કેરે કારણે, ખોઈ સૌ સુદ્ધ બુદ્ધ
અરે ઓ અબૂધ, સ્વરુપ તારૂ શુદ્ધ ભૂલ્યો તે ને આમતું. વિચારી૦
પકે જ્યમ હીરો પડયો, ધોતાં શુદ્ધજ થાય.
ત્યમ તિમીરને ટાળતાં, રૂપ તુજ શુદ્ધ લહાય.
કર્યો જેણે જીવ, ત્યજ્યું પદ શીવ, ત્યજ તે અજ્ઞાન તું-વિચારી૦

મોતીલાલ મયુરભાઇ દેસાઈ મહુધાવાળા.

સુવર્ણ લંકા.

(ગતાંકથી શેષ)

(૧) બેધઃ–એ કેવળ જંગલોમાં વસે છે એ જાતિમાં નરનારી સઘળા ઘણું ખરું નગ્ન રહે છે. પુરૂષ એક લંગોટ અને સ્ત્રી એક સામાન્ય વસ્ત્ર રાખે છે; પરંતુ જે વસ્તીની સમીપ વસે છે તે વસ્ત્ર પહેરવા લાગ્યા છે. ખ્રિસ્તિ ધર્મ પ્રચારકો તો એમની કાયા પલટી ઇસાઇ બનાવી રહ્યા છે. એઓની સંખ્યા બહુ અધિક નથી.

(૨) સિંધાલીઃ–એને અહીંના અસલી નિવાસીજ કહેવા જોઇએ. એની સંખ્યા વિશેષ છે

(૩) તામિલઃ–એ લોકો હિંદુ છે, અને એમની દરેક વાત દક્ષિણ હિંદના તામિલો સાથે મળતી છે; એટલુંજ નહિ પણ કેટલાક પ્રસંગો પર એક બીજાની સાથે વહેવાર પણ રાખે છે.

(૪) અંગ્રેજ અને બીજી જગ્યાઓથી ગએલા ખ્રિસ્તિઓ અને બીજા લોકો.

સિંધાલીઓનો ધર્મમત બૌદ્ધ છે, પણ એમાંનો ઘોયો ભાગ ખ્રિસ્તિ થઇ ચૂકયો છે. ઇસાઇ પ્રચારકો જે રીતિથી કામ કરી રહ્યા છે, તે પરથી સ્પષ્ટ છે કે બહુજ જલદીથી વધારે ભાગ ખ્રિસ્તિ થઇ જશે. આર્યસમાજ અને સનાતનીઓને પરગણું ઝગડામાંથીજ અવકાશ નહિ! એમની આગળ એ બાબતનું નિવેદન કરવું વ્યર્થ છે. સિંધાલી લોકો પણ દક્ષિણ હિંદની પેઠે શાકાહારી છે પણ માંસભક્ષણ પણ અતિશય કરે છે. ગોમાંસ પણ ખાઇ લેતા અચકાતા નથી. એના ઘર આગળથી પસાર થવું અતિ વિકટ લાગે છે. આ એક નવાઇ જેવી વાત છે કે બૌદ્ધ ધર્મ જેનો મૂળ સિદ્ધાંતજ દયા અને અહિંસ છે તે એટલું બધું માંસ ભક્ષણ કરે છે કે તોબા પરમેશ્વર! કેવળ સિલોંન તો શું પણ ચીના જાપાનનીઓ એજ દશા!

પુરૂષ એક તહવન્દ પહેરે છે. એ લુંગીની પેઠે શીવેલા હોય છે પણ બાંધે છે તહવન્દ પેઠે. દક્ષિણ હિંદના લોકોના તહવન્દ અને એમના તહવન્દમાં કાંઇ ભેદ નથી. વળી એક કુરતું, અંગ્રેજી ખમીશ, અને અંગ્રેજી કોટ પણ ધારણ કરે છે. શિર નગ્ન રાખે છે. ઇસાઇ મત ગ્રહણ કરવાવાળા અંગ્રેજી ટોપી પહેરી લે છે, અને કોટ, ખમીશ, નેકટાઇ વગેરે પણ રાખે છે. કિંતુ નીચેના ભાગપર તો તહવન્દજ હોય છે. પાટલૂનનો રિવાજ નથી તહવન્દ ગરમ કાશ્મીર વગેરેના સારા પણ હોય છે, એની નીચે છોટા તહવન્દ પણ હોય છે. પુરૂષોથી સ્ત્રીઓના તહવન્દ થોડા ઝોટા હોય છે. પરંતુ પ્રત્યક્ષ કાંઇ ભેદ નથી. સઘળી સ્ત્રીઓ અંગ્રેજી ફેશનની જાકીટ પહેરે છે કહે છે કે પોર્ટુગીઝના સમયથી એ પ્રચલિત છે. પહેલાં એ પણ ન હતી. એ બે વસ્ત્રોથી વિશેષ શિરપર ચાદર, દુપટ્ટા આદિ કંઇપણ હોતું નથી. જાકીટમાંથી હાથ નીચેનો થોડો ભાગ અને તહવન્દને જાકીટ વચ્ચેનો પેટનો ભાગ પણ થોડો ખુલ્લો રહે છે. કોઇ કોઇ ખાંધ પર રૂમાલ રાખે છે. પારસી વસ્ત્ર કંઇ એવા તો પ્રિય થઇ પડયા છે કે જ્યાં જાઓ ત્યાં કંઇ એ ઢંગનો રિવાજ ખરો. સિલોનમાં પણ એવી સ્ત્રીઓ છે કે જે ઇસાઇ થઇ ચૂકી છે. પણ તહવન્દપર વસ્ત્ર પારસી અંગનું! એમની ભાષા સિંધાલી પણ પાસે રહેલા હોવાથી તામિલ સમજે છે. સિંધાલી ભાષા ચોકખી રીતે સંસ્કૃતમાંથી નીકળેલી જણાય છે, કારણકે ઘણાક શબ્દો સાદ્ય ઉચ્ચાર કરવાથી સંસ્કૃત સાથે મળે છે. પાલી ભાષા કેવળ ભિક્ષુઓ (બૌદ્ધ સાધુ) ભણે છે. ભિક્ષુઓનું માથું મુડાવેલું અને એક પીત વસ્ત્ર ધોતીવત્ પહેરી ઉપર ઓઢી લીધેલું હોય છે. સાધારણ રીતે સિંધાલી લોકો માથું મુંડાવતા નથી, શિરની પાછળ ચોટલાની ગાંઠ વાળે છે. એની ભાષાનું સંસ્કૃત સાથેનું મિલન દશ

મુખી ગણવાની રીત પરથીજ સ્પષ્ટ છે. એકાઇ દુકાઇ, તનાઇ, અતરાઇ, પટાઇ, લાખાઇ, તિકાઇ, નખાઇ, દકાઇ.

તામિલોની સઘળી વાત મદ્રાસીઓ સાથે મેળ રાખે છે. પુરૂષોના વસ્ત્રોમાં તકવન્દ, ધોતી કુરતું અને કોટ. શિરનો અગ્ર ભાગ મુંડાવી શેષ ભાગના વાળોને એકત્ર કરી પાછળ મોટી ચોટલી બનાવે છે. સ્ત્રીઓને ચોલી ને ધોતો, ને શિર નગ્ન. ધર્મમત હિંદુ છે, જેમાં પણ્ણાપ્પરા વિવેકાનંદના શિષ્યો છે. આહારમાં ભાત, આમલીની ખટાશ, મઠ્ઠા આદિ દક્ષિણના હિંદુ રિવાજ જેવા છે.

અંગ્રેજ પ્રસાદ વગેરે સર્વ રથળે એક સરખા છે. સિલોનમાં મુસલમાન પણ છે અને કોલમ્બોમાં સુંદર મસ્જીદ પણ છે. એ લોકો ઘોડા વખતથી ભરતખંડમાંથી ગયેલા છે.

કોલમ્બોમાં એક મોટું મંદિર છે. જેની અંદર મહાત્મા બુદ્ધજીની મૂર્તિ છે અને એની સાથે તાડપત્ર પર લખેલા પાલી પુસ્તકોની લાયબ્રેરી છે. કાંડીમાં દંત મંદિર છે. એ મંદિરમાં કેટલાક હજારોની અંદર મહાત્મા ગૌતમબુદ્ધના દાંત બહુજ સુરક્ષિત રાખેલા છે ખાસ અવસરે પર એ દાંત બહાર મૂકવામાં આવે છે. એ મંદિરમાં એવું બધું જવાહીર છે કે મોટા મોટા મુસાફરો અહીં આવીને વિશેષ પ્રબંધ ભારહતે એ જવાહીર જુએ છે મંદિરની બહારની બાજુએ ચિત્રોદ્વારા કર્મફલ બતાવેલું છે, અર્થાત્ અમુક પાપ કર્તા અમુક યોનિમાં જન્મે છે. એની પાસે એક મંદિર છે, જેની અંદર અમુલ્ય પત્થરોની બનાવેલી મહાત્મા બુદ્ધજીની મૂર્તિ છે અને પીપળાનું વૃક્ષ સિલોનમાં મહારાજા અશોકનો પુત્ર જ્યારે ધર્મ પ્રચારાર્થે ગયો હતો ત્યારે લઇ ગયો હતો.

હિંદી મુસાફરો જેઓ અંગ્રેજ હોટલમાં ભોજન કરી શકતા નથી તેને માટે સિલોનમાં અતિશય કષ્ટ છે. રહેવાને તો ઘેર અંગ્રેજ હોટલ કે સરકારી રિફ્રેશમેન્ટમાં સ્થાન મળે પરંતુ ખાવાનો શો પ્રબંધ ? ધર્મિષ્ઠ મુસાફરોએ ખાસ પ્રબંધ કરીને જવું અથવા તો કેવળ ફળ, દુધાદિ પર નિર્વાહ કરવો નહિતો બહુ કષ્ટ પડે છે.

હિંદી કે ઉર્દુ ભાષાથી અહીં કામ ચાલવું બહુ કઠણ છે. હજારોમાંથી એકાદ મનુષ્ય એને જાણવા વાળો મળે. અંગ્રેજથી સઘળું કામ ચાલે છે. ગાડીના કોચમેન ને દ્વારના દ્વારપર સુધી સહુ અંગ્રેજ સમજે છે, અને પોતાની મતલબ સમજાવી શકે છે. દુકાનદાર ૯૦ ટકા અંગ્રેજ જાણે છે. પોલિસના સિપાહીઓ અંગ્રેજમાં વાર્તાલાપ કરે છે. કુલી, સ્ટેશનના પોર્ટરો, ચોકીદાર સઘળા કંઈને કંઈ અંગ્રેજ બોલી જાય છે. કહેવામાં આવે છે કે બૌદ્ધ મંદિરના પૂજારીઓ સંસ્કૃત પણ બોલી શકે છે. પરંતુ એવું કયાંય પણ જોવામાં આવતું નથી અલબત્ત એમની પાલી ભાષા સંસ્કૃત સાથે ત્રીજા ચોથા ભાગની મળતી આવેછે.

છોટુભાઇ દાજીભાઇ દેસાઇ

લાયબ્રેરિમાં સંગ્રહવા યોગ્ય
અમારેત્યાં મળતાં ઉત્તમ પુસ્તકો.

૧ રાજયોગી અને પરમાર ધારાવર્ષદેવ ભા. ૧-૨. (ઐતિહાસિક અતિઉત્તમ નવલકથા) કિ. દરેક ભાગની રૂ. ૨-૦-૦

૨ દેવી ખડ્ગ અને ચિતોડની પુનઃ પ્રાપ્તિ. (ઐતિહાસિક નવલકથા) કિ. રૂા. ૧-૮-૦

૩ સુધાર સમિતિ, (પ્રહસન) ૦-૪-૦

૪ રામવિયોગ. (બોધપ્રદ નાટક) ૦-૧૨-૦

૫ અનુકમાણ રામાયણ (સરળ ભાષામાં રસિક કાવ્ય) ૦-૪-૦

૬ શાંત અને સાદું જીવન (મનન કરવા યોગ્ય નિબંધ) ૦-૪-૦

૭ આરતી કાલનું ભાતમ—(બાળકુમારોને ઉપયોગી) ૦-૨-૦

મળોઃ-સત્સંગ ઑફીસ,અમદાવાદ-સુરત.

દંપતિ જીવન રસમય ક્યારે બને?

પ્રિય બધુઓ, અને ભરત ભગીનિઓ! હર્ષિત વદને જય જય! આજે સત્સંગ દ્વારા તો આપણો પ્રથમ પરિચય થાય છે. ગ્રાહ્ય વિચારોનું યથાર્થ પાલન કરવુ એ આત્માને ઉન્નતિમાં લાવનાર એક પગથીઉં છે. વિષયની રસગતા વધારવી વાંચકોના હસ્તમાં છે.

જમાનો કેળવણીમા આગળ વધ્યો છે અને વધ્યો જાય છે, એજ સ્વદેશને ઉન્નતિ ક્રમમાં લાવનાર સાધન છે. આ સસાર મનુષ્યરૂપી પુષ્પોથી આચ્છાદન થયેલો બગીચો છે. જેમ કૃત્રિમ બગીચામાં યોગ્ય મધુર પુષ્પોના બીજ રોપવાથી, તે હંમેશાં તેની મધુર સુવાસ બ્હેકાવતા અન્યના હૃદયને આનદ આપશે તેમ આ કુદરતના રચેલા મહાન સૃષ્ટિ બગીચામાં મનુષ્યરૂપી સ્થાપિત થયેલાં પુષ્પોને જ્ઞાન રૂપી અમૃત સીંચનથી ઉછેરવામા આવ્યાં હશે તા તેથી તેની સુવાસ ચોતરફ ફેલાતાં જન સમુહના મન નિર્મળ બનાવશે.

ઉત્તમ કેળવણી લીધેલા સંસ્કારી પુરૂષો આ વિચારનો ઉપયોગ કરવા મહાન પ્રયાસી બની પોતાના કેળવાયલાં જ્ઞાન દ્રવ્યનો વ્યય અન્યને કેળવવા તરફ કરે છે એજ અરૂ આર્ય કુળ ભૂષણ કર્ત્તવ્ય છે. કેળવણી લીધા સિવાય "પોતાનાં જીવનની સાર્થકતા શેમા સમાઇ છે." તેનો વિચાર કરવા જેટલો અવકાશ મેળવી શકાતો નથી તેમજ ધાર્મિક પુસ્તકો અને સત્સંગમા ધ્યાન પરોવાતુ નથી એમ થવાથી સાસારિક સ્થિતિ ડામાડોળ થતાં પ્રસગોપાત મહાન સંકટના ભોક્તા બની જવાય છે. જેથી માણસના ઉપર પૈમાહાની સાથે દુઃખની અસહ્ય જવાળા પ્રકટી રહે છે. ગૃહસંસાર ચલાવવો વિકટ થઇ પડે છે. મનની વ્યમતા વધે છે એટલે એજ વ્યમવૃત્તિના પરિણામે શરીરમાં અનેક પ્રકારના વ્યાધિનો ઉપદ્રવ થાય છે આખરે જીવનમાં કડવાશ આવી સઘળું પ્રતિકુળ દ્રશ્યમાન થાય છે.

સુખ અને દુ:ખનો આધાર ઘણો ખરો કેળવણી ઉપર અવલંબી રહેલો હોય છે. આજે કેળવણીના પ્રતાપે ધર્મરૂપી જ્ઞાન મેળવી શકાય છે. અનીતિની ઉંડી ખાઇમાં સડોવાયલાને તેમી વિપત્તિમાંથી બચાવી શકાય છે. એજ કેળવણી સસારમાં વિકટ માર્ગે જતા અટકાવી, પ્રભૂના પ્રેરેલા ધર્મમાર્ગે દોરવવા સાધનભૂત છે. દુંકમાં સર્વ રીતે માર્ગ દર્શક થઇ પડે છે. તો તેમાંજ આગળ વધવા અન્યને વધારવા કટીબદ્ધ થવું જોઇએ. કેળવણીથી બરાબર જ્ઞાનમય બનેલા મનુષ્યની સામે કદાચ મહાન આપત આવી પહોંચે તો પણ તેવા ધીરપુરૂષો ન્યાય માર્ગને કાળાંતરે પણ વિસરતા નથી. તેને તો, હમેશ નીતિ નિયમનું પાલન કરવું રૂચીકર જણાશે. તેમ થવાથી કાર્ય વ્યવહારમાં તન અને મન સાથે દ્રવ્યનો યથેચ્છ ઉપયોગ કરી, સંસારમાં આવી પડતા વિષમય પ્રસગોનો જડમુળથી ઉચ્છેદ કરી શકે છે. પછી તે પુરૂષ ગરીબ હોય કે તવંગર હોય! તો પણ જેમણે કેળવણી રૂપી હથિયાર ગ્રહણ કર્યું છે તેઓ કોઇની પણ દરકાર કરતા નથી. તેઓને સહેલાઇથી સન્માર્ગે વિચરવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

હવે સંસારચક્ર સ્ત્રી અને પુરૂષ ઉભયના ઉપર આધાર રાખે છે. આજે પુરૂષવર્ગ કેળવણી પામી પોતાના જીવનને મંગળમય બનાવવા આગળ વધે છે. ત્યારે સ્ત્રી જીવન ઉચ્ચ બનાવવા ભારત વર્ષમા તેનો દરજ્જો ઉતરતી પક્તિમાં મુકાય એ વિનાશકાળનું મુળ કેમ નહીં ગણાય? જગકળ સસારની ઉત્પત્તિનું સાધન સ્ત્રી છે, સ્ત્રી વિના સંસાર સુનો ગણ્યો છે. સ્ત્રીને રત્નની ખાણ ગણી છે: જેમાંથી ધ્રુવ, પ્રલ્હાદ અને અંબરિષ જેવા મહાન વીરો જન્મ્યા છે. પાંડવ જેવા બળવાન નર ઉત્પન્ન થાય છે. અને કર્ણ જેવા દાનવીર નર રત્ન અવતાર ધારણ કરી ગયા છે. પતિને

એક કુવા પાસે લઇ ગયા, ત્યાં તેણીના દાગીના ઉતારી લઇને તેણીને તે કુવામાં નાખી દઇને મારી નાંખી હતી.

સદરહુ ગુનાહ માટે બંને આરોપીઓને નીચલી કોર્ટે ફરમાવેલી ફાંસીની સજા હાઇકોર્ટે કાયમ રાખી હતી જામે જમશેદ, તા. ૧૭-૧-૧૯૧૭.

૩ દાગીના સારૂ દસ વરસની છોકરીનું કરવામાં આવેલું ખુન !
આરોપીને થયેલી ફાંસીની સજા ?

કાશી નામની દસ વરસની એક છોકરી નાંસીકની બજારમાં તેલ લેવા ગઇ હતી તેવામાં ગોપાળદાદા પાટીલ નામનો તેણીનો એક સગો તેણીને મળ્યો. કાશીને તે શખ્સ ગામ નજીકના એક કુવા પાસે લઇ ગયો, ત્યાં તેણીના ઘરેણાં ઉતારી લઇને તેણીને તે કુવામાં નાંખી દઇને મારી નાંખી !

સદરહુ ગુનાહ માટે નીચલી કોર્ટે આરોપીને ફાંસીની સજા કરી હતી તે હાઇકોર્ટે કાયમ રાખી હતી.—

જામે જમશેદ, તા. ૨૦-૧-૧૯૧૭.

સેંકડો બાળકોનાં ખુન !

ઉપર પ્રમાણે ઘરેણાંની ખાતર માત્ર નવ દીવસમાં ત્રણ બાળકોનાં ત્રાસદાયક ખુનો પ્રસિદ્ધ થયાં છે.

આજ સુધીમાં સેંકડો હીંદુ તથા મુસલમાન બાળકોનાં ઘરેણાં માટે ખુનો થયાં છે, અને જ્યાં સુધી સેકડો ચેતશે નહીં ત્યાંસુધી તેવાં ખુનો થયાજ કરશે.

પ્રાર્થના આ હેંડબીલની ગુજરાતી, મરાઠી, બંગાળી, હીંદી વગેરે ભાષાઓમાં નકલો છપાવીને આખા દેશનાં ગામેગામના દમાળુ પોલીસ અમલદારો તેમજ સંસાર સુધારકો લોકોમાં તેનું જ્ઞાન ફેલાવવાની મહેરબાની કરે, તથા તમામ નાટક કંપનીના દયાળુ માલેકો પોતાના ખેલામાં ઘરેણાં માટે થતાં બાળકોનાં ખુનોના દેખાવો બજવીને હજારો લોકોને તે મહાપાપનો ખ્યાલ આપવાની મહેરબાની કરે એવી મારી પ્રાર્થના છે.

જુનાગઢ, તા. ૨૨-૧-૧૯૧૭.

લાલશંકર લક્ષ્મીદાસ.

ખોળીઆ રાજનો

ખડખડાટ

જમાનો સુધરેલનો કે બિગડેલનો ? હું કહું છું જે બિગડેલનો ! મોજ મઝાનાં સાધી કોણ ? એતો તેજ કે જેઓને ચારે પહોરને બારે ઘડી બાટલીઓના બુચ તોડવાનો રમુજ પ્રસંગ પ્રાપ્ત થતો હોય ! વાહ લાંચક ! તને કદી એવો પ્રસંગ પ્રાપ્ત થયો હતો કે નહી ? જો ન થયો હોય તો તું ગરમરદારા બાટલીતોડ મંડળીનો સભાસદ વિના સંકોચે થઇ જા ! પ્રથમ સભાસદ થવાની ફી નથી ! ! નવીન સભ્યોને વિના ભલ્યે કેફી પીણા મળે છે. દારૂ તાડી તૈયાર રાખવામાં આવેછે. દારૂ તે કેવો ? અરે પોટે વાઇન ! નામ લેતાંજ કેવું પાણી આવેછે. અથાણું, ગાંન્ને, કોકેન વગેરે મરીમસાલા આચાર સહીત તૈયાર રાખવામાં આવેછે ! ! ફક્ત થોડા સભ્યને માટેજ એવો સબળ લાભ આપવા, એ મંડળી એગ્રીમેંટ agreement કરી આપે છે, પ્રથમનીજ મુલાકાતે એ મંડળના કાયમના સભ્ય થવાને તારૂં ડાગળતું જીગર લલચાશે. મહેરબાન ! જરા મુલાકાત તો લઇ જુઓ ! ! પછી ગટરનાં પમરતાં પાણીની ભીંડી બો લેવાની કેવી અફલાતુન મઝા મળેછે ! અંતિમે કપડાં લત્તાં તા રોજીંદા ખટખટારાથી મુક્ત થઇ અલ્પ સમયમાં એક બોટલ Bottle હાથમાં લઇ દા...રૂ દા...રૂ દા...રૂ...જ બોલીએ ! ! ! શું મઝા ? મઝાનું નામ તે. એ.....મઝાહ ! આખરે રવડીમાદારા કોઠા ગેબની ડીગ્રી બાદ રસાલા તરફથી જરૂરજ ગ્રેજ્યુએટ થશે, અને ન થાયતો આ બોળીયા રાજની અજબકુમારમાં મુલાકાત લઇ લેવી ! ! !

× + + ×

જાંસાહારીઓ કેવળ જાંસાહાર કરવામાંજ મોજ મજાહ માને છે, તેઓ પોતે આંધીક નૈતિક શારિરીક માનસિક વિગેરે ઘસાતી

સંપત્તિઓ તેમાંથીજ મેળવી શકાય છે એવી બીજ પાયેદાર દલીલો રજુ કરવામાં કદમ પાછળ હઠાવતા નથી ! શું દલીલ ? શું તારીફ ? એવી દલીલોથી તો હસતાં હસતાં મ્હોં અને પેટ બેઉ દુઃખે છે. હા ! કાં નહીંવાર ? આખી દુનિયાંજ માંસાહારથી જીવતી હશે ! તેઓ તો બાપ ઈશ્વરને પણ માંસાહાર કરતાં જોઇ આવ્યા, હશે વારૂ ? તે જોનારજ જાણે. તેનો ખુદા જાણે ! અમે તો એવું કંઇ જોયું બી નહી ; ઓર સાંભળ્યું બી નહી ! એવાઓને પ્રશ્ન પૂછીશું કે શું વેજીટેરીઅનો પુરૂષાર્થ નથી દાખવી ગયા ? જવાબમાં મોટું મીંડું મલશે ? હીંદનાજ મહાન પુરૂષોના દલીલો અવલોકીયે " સ્વર્ગવાસી " ગોખલે. જસ્ટિસ્માત નામના મેળવી ગયા છે. રા. શ્રીયુત મોહનલાલ કરમચંદ ગાંધી " કે જેઓને સ્થળે સ્થળે આદરમાન અપાય છે, કેટલાક મહાન અમેરિકનોએ પણ માંસાહાર કરવો બંધ કીધો છે. ત્યારે શું તેઓ બાપડાએ પમરતી બો વિના ગુંગળાતા હશે. ? બાઇ ભોળીયા તારે શું પંચાત પડી ! એનું એને મુબારક ! હું તો એવા માંસાહારી રાજાનો બરડો ઠોકીને કહું છું કે ભાઇશ્રીઓ તમે તમારી છંદગી પર્યંત એવાં બો મારતાં હાકડાંની પમરાટ કરતી લહેજત લેતા રહો અને એ તમારું મનથી માનેલું સ્વર્ગ (ભલે નર્ક હો !) તેમાં ખુશીથી સડતા રહો આપ !!!

× × ×

સત્સંગ ! વાહ નામ તો બહુંજ પ્રિય ! રે ! બહુંજ સ્વર્ગીય ! આ આપણે તો એનું નામ લેતાંજ સ્વર્ગની સીડી પામવાના ! પણ એ જોકણીની મજા બહુ ભારી દેખું ! વ્યુત્પત્તિનાં નામથીજ આપણે સૌ ગાળ દૂર તેમાં વળી પાટલાની નિશાળે ભણેલા એટલે એ કામ બહુજ કપરૂ થઇ પડે એમાં શું નવાઇ ? પણ એટલું તો જાણું ખરો કે સત્સંગ એટલે સારી સોબત ! વાતતો ખરી !! આપણે પણ એક બે સોબતી છે ખરા પહેલો ગાંડો ગભરો ! બીજો ગરબડ ઘેલો ! અને ત્રીજો પડયો જાને પોતે આ ભોળીયા રાજા ! અમારી આ સત્સંગમાં પૂછવુંજ શું ? અમારી તીનોકી જોડી બાથ ખુલના ઘરથી નિર્ભીક થઇ આવેલી !!! અને, તીનો સબ બંદરના વેપારી, હું પોતે ઊધનાનો રહેવાસી, અને મારો ભાઇ ગાંડો તે ગોપીપુરાનો રહેવાસી અને ભાઇ ઘેલો તે કતારગામનો રહીશ, પણ અમો ત્રણે યે ત્રણ વખત સાથે બેસીને ભોજન કરવું, અને સાથે બેસી આવા ગાંડા ઘેલા બલાંડા ચીતરવાં પણ વખતસર સૌ સૌને ઘેરે જઇ મુઈ જવું સંક્ષિપ્તમાં પીછાન આપતાં આપણાં સબળ મિત્ર રાજ્યો (ઇંગ્લાંડ, ફ્રાંસ અને રશીયા)નું સ્મરણ કરાવે ખરૂં ? બોલો આ અમારી ત્રીપૂટીમાં કમી ગણુ ન્યુનતા હોઇ શકે ખરી ?!!

× × ×

પણ બા અમારી મિત્રતાઇમાં કયાં મજા છે ? સૌ મજાતો આજ કાલના જુવાનોની ફેશનની ફીશીયારીમાં રિસે છે ! નાટક ! તમાસા ! સિનેમેટોગ્રાફ, ટંટા બખેડા હળહળતું જૂઠું વિગેરે છલ્લાદી. એ સૌમાંજ સ્વર્ગીય સંગ માણવાનું મૂકી પછી એવી મહેનતીયા સત્સગાઇમાં ક્યાંથી મજા હોય વારૂ ! પણ એ ઓશ્રીને આ ભોળીયા રાજ શીર ઝુકાવી નમનતાજ બતાવી, બદ્ધમતસાર જણાવી બક્ષામણ કરે છે કે તમે તમારા એ સ્વર્ગીય આનંદ ને ટારે પનારે મૂકી આ શ્રી દુર્વ્યસન નિષેધક જીવદયા પ્રબોધક અને નીતિ વર્ધક મંડળ તરફથી પ્રકટ થતાં " સત્સંગ " માસિકનાં ગ્રાહક થઇ એનો બહોળો ફેલાવો કરવામાં અંતઃકરણથી મદદ આપી આ સત્સંગનો જરા મીઠો સ્વાદ ચાખી જૂઓ તો તે તમારી સોબત કેટલા પ્રમાણમાં ચડતી યા પડતીની તે તમે આપો આપજ અનુભવી શકશો !! પછી મારા અભિપ્રાયની જરૂર રહેશે નહી !! કેમ ભલા ભોળાંનાં દરવાજા ભોકણા થયા કે નહી ? કે હજુ કંઇ બાકી છે ? !!!

ભોળીઆરાજા.

ઈંગ્લંડમાં કમતી થયલું છોકરપણું.

દારૂપરનાં અંકુશનું શુભ પરિણામ.

ઈંગ્લાંડમાં હાલની લડાઈના સબબે દારૂના વપરાસ ઉપર જે અંકુશ રખાય છે તેની ઘણી સારી અસર થઇ છે એમ ત્યાંની સેંત્રલ કંત્રોલ બોર્ડના રીપોર્ટ ઉપરથી જણાય છે. આ રીપોર્ટ ઉપરથી જણાય છે કે જે જે શહેરમાં દારૂ ઉપર અંકુશ રખાયો છે, ત્યાં છોકટપણાના દારૂથી થતા લડવાના અને આપઘાતના બનાવો ઘણા કમતી થતા જણાય છે, દર અઠવાડીએ બહાર પડતા આંકડાઓ ઉપરથી જણાય છે કે ગ્રેટ બ્રીટનના સરવેથી મોટાં ૨૦ શહેરમાં ગયા નવેમ્બરના છેલ્લાં આઠવાડીઆમાં છોકટપણાના ફકત ૧૩૭૨ દાખલા નોંધાયા હતા, જે ૧૯૧૫ ના-સાલમાં એજ મુદતમાં ૨૪૧૫ હતા. કેટલાક શહેરોમાં ઉપર મુજબ ઘટેલા આંકડાઓ ખરેજ જણવાલાયક છે, જે નીચે મુજબ હતાઃ—

	૧૯૧૫	૧૯૧૬
લંડન	૧૦૭૦	૫૫૩
બરમીંગહામ	૪૭	૨૫
લીવરપુલ	૨૧૩	૧૧૭
મેનેચેસ્ટર	૮૩	૫૨
શેફીલ્ડ	૨૩	૧૨
એડીનબરગ	૧૧૮	૭૮
ગ્લાસગો.	૫૧૭	૩૮૬
નયુ કેસલ	૬૬	૩૮

વળી સરવેથી મોટાં ૧૨ શહેરોમાંના આપઘાતના બનાવોની સંખ્યા ઉપલી મુદતમાં ૩૮૬ ઉપરથી ઘટીને ૨૮૭ જેટલી થઇ હતી.

દારૂ ઉપરનાં અંકુશનું શુભ પરિણામ—રશીઆમાં રપીરીટ-દારૂના વેચાણ બંધ કરવાથી જે અસરો થઇ છે તેમાની એક લોકોને હરકસર કરી નાણાં બેગાં કરવાની ટેવ ઉપર પણ થઇ છે. જે ગામડાંના લોકો પોતાની તમામ આવક દારૂ પાછળ ખરચીને નાચરંગમાં મશગુલ રહેતા હતા તેઓ હવે સારી આબરૂદાર સ્થીતીમાં આવ્યાં છે. ઘણું કરીને હવે દરેક ગામડિયો કરકસર કરી કંઇ નાણાં બચાવી તે સેવીંગ બેંકમાં જમા કરેછે, કામદાર વર્ગમાં પણ આવીજ સ્થિતી જોવામાં આવે છે, અને પોતાના કારખાનાની બેંકમાં તેઓ નાણું નહિ રાખતાં પોસ્ટ ઓફીસ કે સરકારી બેંકમાં નાણાં અનામત રાખે છે. આમ બેંકોમાં નાણું વધારવાનું કારણ દેશની ખરેખરી આબાદીને લીધે અને લોકોની દારૂમાં નાણું બરબાદ કરવાની તંજેલી ટેવને લીધે છે. લોકોને નાણાં એકઠાં કરવાને ઉત્તેજન આપવાને સરકાર પણ ઘટતાં પગલાં લે છે. લડાઇની આગળની સાલમાં ત્યાં ૨૦૦૦ સેંટ્રલ બેંકો હતી, જ્યારે હાલમાં એ સંખ્યા વધીને ૩૦૦૦ ની થઇ છે, તેમજ બીજાં એવાં ૬૦૦૦ ખાતાં મળીને લગભગ ૯૦૦૦ ની સંખ્યા થઇ છે. જેમ જુદ રશીઆમાં બેંકોનો વધારો થતો રહે છે તેમ રશીઆની બહારના મુલકોમાં ચલાવવામાં આવતી રશીઅન બેંકની સંખ્યામાં પણ મોટો વધારો થતો જાય છે. અમેરીકાના ચીકાગો શહેરમાં ઉઘાડવામાં આવેલી રશીઅન બેંકોમાં ઘણું સારૂ કામકાજ થાય છે. ચીકાગો અને પીટરસબર્ગમાં યોડાજ દીવસમાં ૨૫૦૦૦૦૦ રૂબલની રકમ લોકો તરફથી અનામત રાખવામાં આવી હતી.

સીગારેટનો સત્યાનાશ!

આજકાલ સ્મોકિંગ (Smoking) એ સુધરેલાઓનું સ્વાગતનું સાધન થઇ પડ્યું છે એકાદ પરોણો ઘેર આવે તો તેને બીજી ઘડીએ કસ અને બીડી સીગારેટની નળી આગળ ધરવામાં આવે છે. પ્રાચીન સમયમાં અર્ઘ્યાદિકથી અતિથિ પૂજન થતું જ્યારે હાલ બીડી બાયનેજ સેવામાં સુપરત કરાય છે. સીગારના ઉપાસકોએ તેને એટલું બધું મહત્વ

આપ્યું છે કે 'બીડી એ તો સ્વર્ગની સીડી છે.' હમણાં મુંબઇથી પ્રગટ થતા એક મરાઠી 'હાસ્ય વિનોદ' નામક પત્રના તા. ૧૭-૫-૧૬ ના અંકમાં ધૂમપાનાચે સુપરિણામ ! એ શીર્ષક નીચેના લેખમાં જણાવેલું છે કે તમાકુના ધુમાડાથી રોગના જંતુઓનો નાશ થઇ જાય છે.' અમર જો કે આ ઉક્તિ કેટલેક અંશે સત્ય છે કારણ કે તમાકુની અંદર રહેલું 'પિરિડિન' નામનું એક દ્રવ્ય 'જંતુહારક' છે. પણ તે કેવળ નકારા જંતુનેજ હણે છે એમ નથી કિન્તુ સારા જંતુઓનો પણ તે નાશ કરે છે અને તેથી લાભને બદલે નુકસાન વધારે થાય છે. તમાકૂમાં 'નાઇકોટાઇન' નામનું જે એક ઘાતિક વિષ છે તે તમાકુ પીનારની ચૈતન્ય શક્તિને ક્ષય કરે છે. અને તેથીજ અમેરિકાનાં લગભગ ૪૮ રાજ્યોએ સીગારેટ પીનારને ગુન્હેગાર ગણવાનો ઠરાવો કરેલો જણવામાં છે. નાઇકોટાઇન ઝેર, ધંતુરાના ઝેરની જાતનું હોઇ હૃદયનેજ હરકત કરે છે. તમાકુ હવા શુદ્ધ કરવાને બદલે બગાડે છે. એવાં પણ કેટલાક કારણો મળી આવ્યાં છે. કારણ કે તેમાંથી દુર્ગંધ ઘણી છૂટે છે. ક્ષય ને હાર્ટડીસીઝ જેવા કેટલાક કષ્ટજના રોગો ધુમ્રપાન. કરનારને જ વિશેષ થાય છે. દક્ષિણ આફ્રિકાના લોકો સાપનો નાશ કરવા માટે તમાકુના સત્ત્વનોજ ઉપયોગ કરે છે. તમાકુ લોહીને બગાડનાર, મગજને ભમાવનાર હૃદયને બાળનાર, જઠરને મંદ કરનાર, અને આંખોના તેજને હરનાર સાબીત થઇ ચૂકી છે. સીગારેટમાં જે તમાકુ વાપરવામાં આવે છે તે ઘણી હલકા પ્રકારની હોય છે. છતાં અજ્ઞાન લોકો તેને દીલ બહેલાવનાર ગણી છૂટથી વાપરે છે. એ કેટલી મૂર્ખાઈ! હાલ હિન્દમાં તેનો ચટકો બધો પ્રચાર થઇ ગયો છે કે પીવામાં ખાવામાં ને સુંઘવામાં તમાકુ ? બસ જ્યાં જોઇએ ત્યાં એનુંજ દુકાનો !! ને એનુંજ નામ !!!

જાહેર વર્તમાન પત્રોનો પરમ ધર્મ છે કે તેમણે તમાકુના નઠારા ફાયદા જાહેરમાં દર્શાવવા કરતાં તમાકુથી થતા ગેરફાયદાજ જાહેરમાં દર્શાવવા જોઇએ. ધુમ્રપાનનું સુપરિણામ આવતું હોય એમ અમે કોઇ રીતે માની શકતા નથી. ચીનમાં જેમ અફિણે પાયમાલી કરી છે તેમ હિન્દમાં સીગારેટે સત્યનો નાશ વાળ્યું છે. તમાકુના-બીડીના દુર્વ્યસનથી ઘણી બગાડી થાય છે માટે અમને તો જેમ બને તેમ એ બદી અટકાવવાનીજ જરૂર જણાય છે.

બીરજ.

દેવગઢ બારીયાના મહારાજાએ ગૌવધનો કરેલો પ્રતિબંધ.

દેવગઢ બારીયાના નૂમદાર મહારાજા શ્રી રણજીતસીંહજીએ રાજની હદમાં ગૌવધનો સંપુર્ણ પ્રતીબંધ કરનારૂ એક ફરમાન બહાર પાડ્યું છે. ગૌવધ હીંદુ ધર્મની વિરૂધ હોવાથીજ નહી પણ રાજમાં ખેતી માટે તેમજ બીજા અન્ય કાર્યો માટે ઢોરોની વૃદ્ધિમાં અટકાવ નહી નડે તે માટે પણ તે નામદારે કરેલા ફરમાનની રૂએ રાજ્યના દીવાન મી૦ મોતીલાલ એલ. પારેખની સહી સાથ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તેની રૂએ એવું જાહેર કરવામાં આવ્યું છે કે આજની તા૦ ૧ લી ફેબ્રુઆરીથી જે કોઇ શખ્સ પોતાની અથવા પારકી અથવા ખુનેજ ગાય અથવા વાછરડી કોઇપણ સબબસર મારી ગૌવધ કરશે તે એક વરસ સુધીની સખત મજુરી સાથ કેદની શિક્ષાને અથવા રૂ. ૫૦૦ સુધીના દંડની શિક્ષાને અથવા બંને પ્રકારની શિક્ષાને પાત્ર થશે. વળી એ કૃત્યમાં મદદ કરનારને ઉપર જણાવેલી શિક્ષાને પાત્ર કરવામાં આવે છે. એ ગુન્હા કરનારને પોલીસ વગર વારંટે પકડી શકશે.

માંસ ભોજનપર વિજ્ઞાનિક દ્રષ્ટિ.

વર્તમાન કાળમાં જ્યારે સંસારની સર્વ કુરીતિઓનો વિચાર થઇ રહ્યો છે અને પ્રતિદિન સાયન્સની ભભકતી આગમાં એક પછી એક સ્વાહા થઇ રહી છે એવા સમયમાં પણ (મને કહેતાં શરમાવું પડે છે કે) અસહાય, પરાધિન, નિર્બળ પશુઓના ગળાં પર છરી ચલાવવામાં ન તો ધર્મની કે ન તો સાયન્સની સલાહ પુછવામાં આવે છે

! 'એનું કારણ પશુ એ મનુષ્યોનુ સ્વાભાવિક ભોજન છે એવું બતલાવવામા આવે છે અને કોઇ કોઇ તો પશુ સૃષ્ટિનુ પ્રયોજન એ બતલાવી સૃષ્ટિ કર્તાને પણ દૂષિત કરે છે થોડાં મનુષ્યો એમ પણ કહે છે કે શરિર પાલનને માટે માંસ ભોજન આવસ્યક છે. જો સારાસારનો વિચાર કરી જોવામા આવે કે માંસ મનુષ્યોનું સ્વભાવિક ભોજન છે કે નહિં તો સ્પષ્ટ રૂપથી વિદીત થાય છે કે નહીં. જો ઇશ્વર મનુષ્યોને માંસહારી બનાવતે છો અવસ્ય તેને પણ અન્ય માસાહારિ પ્રાણી જેવાંજ દાંત, નખ, પેટ અને આંતરડા દેત, કિન્તુ મનુષ્યોનું તો તેવું એક પણ અંગ નથી જગત્વિખ્યાત પ્રોફેસર ચાર્લસવેલનું કથન છે કે " મારો વિચાર એવો છે કે મનુષ્યની બનાવટમાં જે કંઇ તત્વ છે તે ઉપરથી માલમ પડે છે કે મનુષ્ય આરંભમાં ફળાહારી પ્રાણી હતુ એ કથનનુ તેના દાંત, ચર્મ, હાથ, પગ અને ભોજન પચવવાવાળાં અંગો સમર્થન કરે છે.

સંસારમાં જેટલા જીવ છે તે સર્વની જો મનુષ્યની બનાવટ મેળવી જોવામાં આવે તો વિદિત થશે કે (પ્રો. જે. હાર્વડમૂરના કથનાનુસાર) મનુષ્ય ઉરાંગ ઉટાંગ સાથે સર્વથી અધિક મળતુ આવે છે. આ જાતના વાંદરાંના શરિરમાં ૨૦૦ હાડ હોય છે અને મનુષ્ય શરિરમાં પણ તેમજ ૨૦૦ હાડકાં છે. બીજા જીવોમાં હાડ સંખ્યા નીચે પ્રમાણે છે. ઘોડા ખચ્ચર, ગધેડા, ૨૫૬, ગાય, બળદ, ભેંસ, હરિણ આદિ ૨૫૧, સુવર, ૩૨૪ અને કુતરા શિયાળ આદિમાં ૩૪૫. અસ્તુ

ઉરાંગ ઉટાંગના શરિરમાં ૩૦૦ માંસગ્રંથીઓ છે કે જે મનુષ્યોમાં પણ તેટલીજ છે. તેના જડબામાં ૩૨ દાંત છે મનુષ્યને પણ તેટલાજ છે. એ ઉપરાંત તેનુ સ્વરૂપ, પેટ, આંતરડાં, ચર્મ, બાલ અંદરના સર્વ અંગો તેમજ અન્ન પચવવાવાળાં અંગો મનુષ્યના જેવાંજ છે. હવે તેનું સ્વભાવિક ભોજન જોવા જઇએ તો ફલ, કુલ અને અન્ન છે તો પછી મનુષ્યને માટે પણ ફલ, કુલ, અને અન્નજ હોઇ શકે, નહીં કે માંસ. હવે એ વિચાર કરીએ કે શું માંસ ખરેખર શરિરપાલનને માટે આવસ્યક છે. તેના ઉત્તરમાં પણ એજ જવાબ આવે છે કે કદાપિ નહીં. પ્રોફેસર જોન રે નું કથન છે કે જેટલી વસ્તુ શરિરપોષણને માટે આવસ્યક છે તે સર્વ ફળ, અને અન્નમાં વિદ્યમાન છે. અને તેટલા માટે માંસાહાર કરવો તદન અનાવસ્યક છે. એટલુંજ નહીં પણ તે શરિરને હાનિકર પણ છે. જોશિયા ઓલ્ડ ફીલ્ડ ડી. સી. એલ. એમ એ. એમ. આર. સી. એસ. એલ. આર. સી. પી." આદિ ઉપાધી ધારીનું કથન છે કે. " હવે સાયન્સથી એ વાત સિદ્ધ થઇ ગઇ છે કે મનુષ્ય માંસાહારી નહી પણ શાકાહારિ છે. માંસ મનુષ્યને માટે અસ્વભાવિક ભોજન હોઇ જ્વર, ક્ષય, કેન્સર, આંતરડાંના કીડ, વગેરે અનેક ભયંકર રોગ ઉત્પન્ન કરે છે"

માંસમાં એક વખારાની ભયાનક આપત્તિએ છે કે માંસમાં યુરીક એસીડ નામક વિષ એવાં મોટાં પ્રમાણમાં છે કે જે શરિરને શીઘ્રતાથી રોગી બનાવી નષ્ટ કરે છે, ઇગ્લાંડનાં પ્રસિદ્ધ ડાક્ટર હેમના વિચારાનુસાર ગોમાંસમાં પ્રત્યેક રતલે ૧૪ ગ્રેન યુરીક એસિડ

મળી આવે. અને તેના લિવર, અને સ્પ્લીનમાંતો પ્રતિ પાઉન્ડમાં ૧૬ થી ૧૭ ગ્રેન સુધી હોય છે. આ એસિડથી નીચેના રોગ ઉત્પન્ન થાય છે.—ગાઉટ, રૂમેટીઝમ, હેડએક એપીલેપ્સી કનવોલ્યુસન, હીસ્ટીરીયા, ન્યુરેસ્થીનીઆ, નર્વથનેસ સેયાજી. વર્ટિગો, સિંકોપ, ધ્રુજારીઆ, પેરેલીસીસ, અસ્થમા, ડીસપેપસીઆ, ગ્લાયકોસુરીયા, ડાએબીટીઝ, અલબ્યુમ્યુનિરીયા, ડ્રોપ્સી, ગ્રેવેલ, ન્યુરાઇટિસ, રેટિનાઇટિસ, અપોરીડાઇટિસ, ઇત્યાદિ,

એ વાત તો સર્વને વિદિત છે કે ગયાં ૨૦ વર્ષમાં ઇગ્લાંડમાં માંસભોજન ને લીધેજ કેન્સર (નાસુર) ના રોગથી મરનારાઓની સંખ્યા બેવડી થઇ ગઇ છે. અને તેને ઓછી કરવાનો ઉપાય માંસ ભોજન બંધ કરવા સિવાય બીજો કોઇ નથી. ડ્રેન્ક સી. માડન એફ. આર, સી. એસનું કથન છે કાળા મનુષ્યોમાં જેઓ કેળા ફળાહારિ છે તેમનમાં કેન્સરનો રોગ કદી જોવામાં આવતો નથી. પણ તેજ અરબી લોકોમાં જે પુરોપીયન રિતીથી ભોજન કરનારા છે તેમાં આ રોગ અધિકતર માલમ પડે છે.

મને આશ્ચર્ય એ જણ છે કે મનુષ્ય જાણી બુઝીને પછી આવી આપત્તિમાં કેમ પડે છે. પ્રતિદિન આ કુરીતિને લીધેજ કેટલા જીવની પ્રાણહાનિ થતી હશે તેની ગણના થવી અસંભવિત છે. એક માત્ર સ્વિફ્ટ કંપનીની ભિન્ન ભિન્ન દુકાનોમાં પ્રતિદિન જેટલા જીવ લેવામાં આવે છે તેની સંખ્યા ગાય બળદ, ૧૦૦૦૦ બકરાં ૨૦૦૦૦ સુઅર, ૨૭૦૦૦૦ મરઘાં બતક ૧૦૦૦૦ આટલાંનેજ જો એક સીધી હારમાં ઉભાં રાખ્યાં હોય તો લગભગ ૫૦ માઇલ જમીન રોકે અને જો એકજ જગાએથી વિચારા કરતી કહાડવામાં આવે તો સઘળાંનો નીકળી રહેતાં બે દિવસ લાગે. આ સઘળાંનો એકજ દિવસમાં નાશ કરવામાં આવે છે આતો કેવલ એક કંપનીની વાત થઇ આવીજ ઇગ્લાંડમાં આરમર્સ, લિપ્ટન, આદિ કેટલીઓ કંપની છે. હિંદુસ્તાનનું હત્યા પ્રમાણ પણ કંઇ ઓછું નથી. હવે માંસ ખાવું કેટલે સુધી ન્યાય યુક્ત છે તેનો હવે પાઠક તમે જાતેજ વિચાર કરો.

બીડી પીવાથી થતી હાની.

બીડી તથા ચલમમાં જુદી જુદી જાતનાં ઝેરી પદાર્થોનો ઉપયોગ થાય છે પણ હાલમાં આપણે માત્ર તમાકુ વિષેજ બોલીશું.

તમાકુ પીવાથી થતી નુકશાનકારક અસરોનું વર્ણન કરવા પહેલાં આપણે તેની ઉત્પત્તિ તથા લોકોમાં તે કેવી રીતે દાખલ થયો તે વિષે થોડુંક જણાવીશું.

તમાકુ એ નેકોટીનીઆ છોડોની એક જાત છે અને તેમાં ટામાટા બટાટા અને બીજા ઝેરી છોડનો સમાવેશ થાય છે.

એનું મૂળ વતન કયું એ એક વિવાદગ્રસ્ત પ્રશ્ન છે અને એને માટે ઘણી ચર્ચા થઇ છે. હિંદુસ્થાનમાં તે કેવી રીતે દાખલ થવા પામ્યો, એ એથી પણ વધારે અગત્યની ચર્ચા ધરાવનારો સવાલ છે. દુકામાં એમ કહેવામાં આવે છે કે એ છોડ નવી તેમજ જુની દુનીઆમાં બન્ને ઠેકાણે અસલથી ઉત્પન્ન થતો હોવો જોઇએ.

કેટલાક વનસ્પતિશાસ્ત્રીઓ તમાકુની એક જાત અસલથી પૂર્વના દેશોમાં થતી હોવી જોઇએ એમ માને છે. સોળમી સદીના કેટલાક ગ્રંથકારો એમ કહે છે કે એ છોડ આપણા દેશમાં પરદેશથી આણવામાં આવ્યો હતો. એ છોડો અમેરીકન જાતની ઉત્પત્તિના નથી એમ સાબિત કરવા માટે થોડાજ મુદ્દાવા આણી શકે છે. અને છેવટ એમ કહે છે કે એ (તમાકુ) અમેરીકાથી યુરોપ અને ત્યાંથી અહીં આવ્યો. સાધારણ રીતે એમ માનવામાં આવે છે કે પહેલ વહેલો તમાકુ પોર્ટુગીઝોએ આપણે અહીં સતરમી સદીની શરુઆતના દાયકામાં દાખલ કીધો આ સમયની અગાઉની ચોપડીઓમાં તમાકુના ઉપયોગ વિષે ભાગ્યેજ જુજ ઇસારો કવચીત જોવામાં આવે છે જોકે એ સિવાય બીજી જાતના ઝેરી પદાર્થોના વિષે અહીં તહીં જોવામાં આવે છે એમ છતાં પશ્ચિમમાંથી એ છોડ આવ્યો એ બીના ખરી છે, એ હજી

સંશયમય છે. લેખક એ માટે કેટલાક શ્લોક વિગેરે ટાંકી બતાવે છે.

પણ હવે આપણે એની વિદ્વતાભરી ચર્ચા છોડી એથી થતા ગેરલાભ વિષે બોલીશું.

હાલમાં તમાકુનો ઉદ્યોગ આપણા દેશમાં મોટા પાયા ઉપર ચાલે છે. ૧૯૦૫ની અંદર આ દેશમાં તમાકુ માટે દશલાખ એકર જમીન ખેડાઇ હતી અને એજ વર્ષમાં આ દેશને માટે જોઇતો ૧૫ લાખ રૂપીઆનો તમાકુ પરદેશ ચઢાવવામાં આવ્યો હતો.

તમાકુ થોડા પ્રમાણમાં લેતાં ગળાની અંદર ગરમી તથા હોજરીની અંદર ઉષ્ણતા ઉત્પન્ન કરે છે. ઘણા પ્રમાણમાં લેવાથી ઉલટી, ઝાડા, નબળાઇ સ્નાયુઓનું નબળા પડવું, નાળનું ધીમું પડવું અને ક્વચીત ક્વચીત મોત વીગેરે વીગેરે નજરે પડે છે.

કાયમની ટેવ વાળાઓ જો થોડા પ્રમાણમાં તમાકુ પીએ તો તેનામાં ખોટી તરસ ઉત્પન્ન કરે છે અને મુક તથા લાળ વધારે પ્રમાણમાં મોંમાંથી છુટવા માંડે છે અને તેથી કરીને એક જાતનો મગજને ઠંડક આપનારી અસર જેવી લાગે છે અને તેથી કરીને એ પીનારાઓ તેના પુષ્કળ વખાણ કરે છે.

પણ જેઓને એની ટેવ નથી તેઓને ઘણું ગંભીર નુકશાન તરતજ માલુમ પડે છે. આવાં ગંભીર પરીણામો આવવાનું કારણ એ છે કે તમાકુની અંદર 'નેકોટાઇન' નામનુ એક ઝેરી તત્વ છે.

જુવાનીઆઓની અંદર આ ઝેરી પીણાથી જલદી અસર થાય છે એમાં બીલકુલ શંકા નથી. જુવાનીઆઓ આનો ઉપયોગ ન કરે માટે સખત પગલાં લેવાં જોઇએ. (કેટલાક દેશમાં એને માટે કાયદા પણ ઘડાયેલ છે) તેઓ જો થોડા પ્રમાણમાં લે તોપણ ઉલટી, બેચેની નબળાઇ, મસલ્સોનું નબળા પડવું વીગેરે નાના રોગો અને આગળ જતાં તેથી ભયંકર રોગો લાગુ પડે છે. વધારે પીધાથી કોઇ વખત નાગ મંદ તથા નબળી પડી જાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે વખતે જીવલેણ પરીણામો પણ આવે. વગર ટેવના અને જુવાનીઆઓમાં આના દાખલા જોવામા આવ્યા છે.

વધારે પ્રમાણમાં બીડી પીવાની ટેવથી ઘણી ગંભીર હાની થાયછે અને ખાસ કરીને જુવાનીઆઓમાં તથા વાયુ પ્રકૃત્તિવાળાઓમાં એ ઘણો ત્રાસ વર્તાવે છે. એના અતિ સેવનથી જ્ઞાન તંતુઓ તથા તંદુરસ્તી નબળી પડતી જાય છે અને છેવટ આયુષ્ય ટુકું કરી નાંખે છે. એથી થતા રોગો નીચે પ્રમાણે છે. બદહજમી શરીરનું ફીકકા પડવું, સાધારણ નબળાઇનું લાગુ પડવું, અને જ્ઞાનતંતુના જુદા જુદા રોગો, અને માથુ તથા આંખ દુઃખવાના રોગો વીગેરે વગેરે. વળી કોઇ કોઇ વખત એના ભારે ઉપયોગ થી ગાડપણ પણ આવે છે એમ ડાકટરોનું માનવું છે.

ઉપર જણાવ્યા પ્રમાણેના રોગો થાય છે ખરા પણ એ ઉપરાંત તમાકુથી થતા બીજા કેટલાક ખાસ રોગો છે. જેવાકે ટોબેકોએબલી ઓપીઆ જે રોગથી આંખે ચોતું દેખાય છે અને એમ છતાં તમાકુનુ સેવન જારી રાખે તો આંખે છારી મોતીઆ વિગેરે કરી વળે છે. બીજા ભારી રોગો હૃદયને નબળું પાડવું, લોહીના આચ્છાદનોને ઢીલાં કરી નાખવાં વિગેરે.

નેકોટાઇન સિવાય તમાકુમા પાયરીડાઇન નામનું એક બીજું ઝેરી તત્વ છે જે હાડમાંની ચરબી તથા માંસ વીગેરે ઉપર અસર કરે છે અને તેથી બેશુદ્ધી બેચેની તથા આંકડી જેવાં દરદો લાગુ પડે છે

આ પ્રમાણે આવા સુંગંધીદાર તથા લહેજતદાર છોડવાના પરાક્રમો છે. વખતો વખત એનો ઉપયોગ કરવા માટે મનાઇ કરવામાં આવે છે

મારું પ્રાથમિક શિક્ષણ પુરું થયા બાદ મારા વડીલોએ મને વૈદકિયા શીખવવાને ઠેરવ્યું, અને એક વિદ્વાન વૈદ્યના હાથ નીચે શિક્ષણ સંપાદન કરવા માટે મને મૂક્યો. મારો નવિન શિક્ષક દેશીવૈદ્યક સિવાય ડૉક્ટરની પ્રખ્યાત વિદ્યા પણ જાણતો હતો. તેણે મને મનુષ્યના શરીરની સમજુતી આપવાના ઇરાદાથી મનુષ્યનું એક હાડપિંજર મંગાવ્યું હતું, અને તે મારા શિક્ષણના ઓરડામાં મુકવામાં આવ્યું હતું. ઘણાને ખબર છે કે મૃતદેહ અને તેમાં વિશેષતઃ હાડપિંજર જોઇ નાની વયનાં છોકરાંને તે જોતાંજ ભીતિ લાગે છે; તે પ્રમાણે મને પણ બાળક માફક ભીતિ લાગતી હતી. પહેલાં તો તે ઓરડામાં કદી હું એકલો જતો નહોતો, અને કદાચ જરૂરી કામ પ્રસંગે જવું પડે; તો તે બાજુ દૃષ્ટિપણ કરતો નહોતો. મારી સાથે વૈદ્યકનું શિક્ષણ સંપાદન કરવા માટે એક વિદ્યાર્થી હતો. મારો સહાધ્યાયી બહુ હિમ્મતવાન હતો. ભીતિઓ શું છે તેની તેને ખબરજ નહોતી. હાડપિંજરને જોતાં તે કદીપણ બ્હીતો નહોતો, એટલુંજ નહીં પણ તે હમ્મેશ મને કહેતો કે આ નિર્જીવ માણસમાં જીવિત માણસ ને ત્રાસ આપવાની શક્તિ કયાંથી હોય ! હમણાં એ હાડપિંજર દેખાય છે પણ કેટલાક દિવસ પછી તો એની માટી થઇ જનાર છે. પણ કોણ દિવસ મેં તેનું કહ્યું માન્યું નહીં તેને હું એવું કહેતો કે, દેહથી જે પ્રાણ છુટા પડયો અને જ્યાં સુધી આ હાડપિંજરનું અસ્તિત્વ છે ત્યાં સુધી પ્રાણ વખતો વખત, પોતે પૂર્વના નિવાસ સ્થાનને જોવાને આવે છે. મારો આ સમજુત નહીં માનવા જેવી ચમત્કારિક અને રાગ હતી.

ડચ પ્રજાને બીડી પીનારાઓની પ્રજા એવા નામથી ઓળખાય છે તે પ્રજામાં એ કેફ વખતે દાખલ થયો તેની નક્કી તારીખ વરસ મળતાં નથી તે દેશમાં દાખલ થયા પછી થોડા વરસ સુધી તો તમાકુ એક અમૃત છોડ જેવો તેમને લાગ્યો થોડા વખતમાં ગરીબ તેંગજ પૈસાદાર સઘળા એનો ઉપયોગ કરવા મંડી ગયા કેટલાકનું વર્ષ વિત્યા બાદ જ્યારે એનાં ગેરલાભો નજરે પડવા માંડયા ત્યારે આજુબાજુથી વિરૂદ્ધતા દર્શાવવામાં પ્રાંતીક સરકાર તથા વડી સરકારે સખત શબ્દોમાં એનો ઉપયોગ નહિં કરવાના ઠંઠેરા બહાર પાડયા, ભારે કરો નાંખવા માંડયા, અને યુનીસીપાલીટીઓએ દંડની શીક્ષા પીનારાઓ પર મૂકી આ પ્રમાણે ત્યાંની સરકાર હજી પણ કરે છે યુરોપના સુધરેલા બીજા દેશોમાં પણ એને માટે જુદા જુદા પ્રતિબંધ છે ૧૬૬૰ માં રશીયામાં ધર્મગુરૂઓએ આ છોડને અપવિત્ર જાહેર કર્યો અને બાદશાહી ફરમાનથી તે પીવા માટે મના કીધી એમ છતાં લોકોએ તે તરફ લક્ષ આપ્યું નહિં ત્યારે ત્રણ વર્ષ પછી બીજા હુકમ કાઢી જે એનો ઉપયોગ કરશે તે નાક ગુમાવશે એમ જાહેર કરવામાં આવ્યું. ૧૬૪૧ માં ઝારે એવો હુકમ કાઢયો કે ત્રણ વખત તમાકુ પીતો પકડવામાં આવશે તો ત્રીજી વખતે તેના નસકોરાં ચીરી તેને સાયબીરીઆમાં લાંબો વખત સુધી દેશપાર રાખવામાં આવશે. અને ૧૬૬૫માં ઝારે છેવટનો હુકમ કાઢી તમાકુ પીનારને ચોતરી શિક્ષા ફરમાવી. આવા સખત ધારાઓ છતાં રશીયામાં તમાકુ પીવાની ટેવ ગઇ નથી એ ઘણું અજાયબ જેવું છે. ઇંગલાંડમાં દુકાનદારો નાનાં છોકરાઓને તમાકુ વેચી શકતા નથી અને જાપાનમાં ૨૦ વરસની અંદરના માણસો તમાકુનો ઉપયોગ કરે તો સજાને પાત્ર થાય છે અને એવું પણ સાંભળવામાં આવ્યું છે કે બેલ્જીઅમના ધાર્મિક લોકો તમાકુનો બીલકુલ ઉપયોગ કરતા નથી.

કારણકે કોઇને પણ પ્રાણ પુનઃદેહમાં આવેલો જોયલો નહી. પણ વાસ્તવિક વાત એવી છે કે મારી કલ્પના ખરી હતી અને ખરી પણ ઠરી.

(૨)

કેટલાએ દિવસ પૂર્વની વાત. મારે કંઇ ખાનગી કામ પ્રસંગે તે ઓરડામાં એકલા સુવાનો વખત આવ્યો, મને, મારા સુવાનાં સ્થાન શિવાય અન્ય જગ્યાએ નિદ્રા આવતી નહોતી, તે પ્રમાણે આ કેકાણે પણ મને નિદ્રા આવી નહીં. મેં ઘણા વખત સુધી શય્યા ઉપર તરફડીમાં માર્યા પણ નિદ્રા કેમે કરી આવી નહીં. ઓરડામાંથી બત્તીનો પ્રકાશ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો અને થોડા વખત પછી તે પ્રકાશ જતો રહ્યો અને અન્ધકાર ફેલાયો તે દીપક બુઝાતાંની સાથેજ મારા મનમાં વિચાર ઉદ્ભવ્યો કે, જે દીપક એક ક્ષણ પૂર્વે પ્રકાશતો હતો, તેનું અત્યારે અન્ધકારમાં કાયમનું રૂપાન્તર થયું. થોડા વખત પૂર્વે તે હતો અને હમણા નથી જગતમાં માનવ જીવનની પણ એજ સ્થિતિ છે હમણાં છે ને ક્ષણ પછી નથી.

ધીમે ધીમે મારા વિચારની ઓરડામાંના હાડપિંજર તરફ વળવાની શરૂઆત થઇ. આ હાડપિંજરમાં જે વખતે પ્રાણ હશે, તે વખતે તે કોણ હશે તે ભગવત જાણે! હવે તો ફક્ત હાડપિંજર રહ્યું છે. જીવિતપણામાં કોણ જાણે શાં શાં કૃત્ય કર્યાં હશે? આ પ્રકારના વિચારમાં હું તદ્દન ગરકાવ થઇ ગયો હતો, એટલામાં, એક ચલન વલન કરનારી વસ્તુ મારા પલંગ નજીક અહીં તહીં અન્ધારામાં ફરે છે એવો મને ભાસ થયો. પછી દુઃખી માણસ જે પ્રમાણે શ્વાસ લે છે તે પ્રમાણે લાંબા લાંબા નિઃશ્વાસ મુકવાનો અવાજ મારા કાને પડયો. અને ચાલવાનો અવાજ પણ સંભળાયો- પહેલાં તો આ મારો ભ્રમ હશે, અને હું નિદ્રા રહીત હોવાથી કાલ્પનિક અવાજ સંભળાતો હશે એમ મને લાગ્યું; પણ પુનઃ તે અવાજ સ્પષ્ટ પણે સંભળાયા લાગ્યો. એટલે સંશયાત્મક સ્વરે પુછયું "કોણ છે?"

મારો પ્રશ્ન સાંભળતાંજ તે અદૃશ્ય આકૃતિ મારા પલંગ નજીક આવી, અને કહ્યું "હું છું, હું મારું હાડપિંજર જોવા માટે આવી છું."

મારા મિત્રોને મારો સ્વભાવ પરિચિત હોવાથી, તેઓમાંનું કોઇ મને ગભરાવવાને આવ્યું હશે, એવું મને લાગ્યું, મેં પુછયું "હાડપિંજર જોવાનો આ વખત છે? માટે ખરું કારણ જણાવ."

અવાજ આવ્યો "મારે વખત કવખત સાથે શું સમ્બન્ધ? વસ્તુ મારી છે. જે વખતે તે જોવાની મને ઇચ્છા થાય તે વખતે જોવા માટે હું આવું. તમે મને પુછનાર કોણ? આ હાડપિંજરમાં પુષ્કળ વર્ષો સુધી મારો આત્મા રહેલો હતો, તે તમને ખબર નથી. જે વસ્તુને આજે તમે હાડપિંજર માનો છે, તેમાં મે છવ્વિશ વર્ષ પર્યંત વાસ કર્યો હતો. હું મારું પૂર્વનું ઘર જોવા માટે આવી તેમાં તમને શું બાધ છે?"

હું ગભરાયો, અને તે સંકટ નિવારણ કરવા માટે બોલ્યો "વારૂ; તમે તમારું હાડપિંજર જોઇ જાઓ મને નિદ્રા આવે છે."

તે અદૃશ્ય વ્યક્તિ ત્યાંથી બાજુ જતાં, તત્કાળ મેં બહાર જતા રહેવાનો વિચાર કર્યો, પરંતુ તે ટળે એવી બલા નહોતી. તેણે કહ્યું "તમે અત્રે એકલાજ સુવો છો શું? વારૂ ત્યારે આપણે ઘડીભર વાત કરીએ."

તેનું આ ભાષણ મને પ્રલય કાળ પ્રમાણે લાગ્યું. મૃત્યુની ભિષણ આકૃતિ મારાં નેત્રો સમક્ષ દેખાવા લાગી, પણ નાઇલાજ હતો. હું સુતેલો હતો પણ લેશ પણ હાલતો ચાલતો નહોતો. મેં ઉત્તર આપ્યો "ઠીક છે; તમે બેસો અને એક મજેદાર વાત કરો."

અવાજ આવ્યો સાંભળો. "આ વાતને પચ્ચીશ વર્ષ થઇ ગયાં છે. તે વખતે તમારી માફક હું પણ એક માણસનું, અને માણસમાં

બેસી સંભાષણ કરતું હતું પણ હવે મને સ્મશાનમાં ફરવું પડે છે. આજ આટલા દિવસ પછી મારે પુનઃમાણસ સાથે સંભાષણ કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ છે. તમે મારૂં ભાષણ સાંભળવાને કબુલ કર્યું તે બદલ હું તમારા ઉપર ઘણીજ ખુશ થઇ છું. પણ મારી કહાણી સાંભળોછો ને તમે ?"

કહાણી સાંભળ્યાં શિવાય આપણે કંઇ છુટકો નથી, એમ સમજી હું કિંચિત દઢપણે બોલ્યો "કહો ત્યારે એક ફર્સ્ટ ક્લાસ કહાણી."

(૩)

તે વ્યક્તિ બોલી " જ્યારે હું માનવી સ્વરૂપ હતી, ત્યારે ફક્ત હું એકજ માણસથી બ્હીતી હતી. તે માણસ મને યમ પ્રમાણે ભાસતું હતું. એવો એ કૃતાંત કાળ સરખો ભાસનારો માણસ કોઇ નહિ પણ મારો પતિજ હતો. તે મને પીયર કાંઇ કરતાં પણ જવા દેતો નહીં. ઘરેઘર ઇશ્વરની કૃપા હોવાથી તેના પાશ બન્ધનથી મારી મુક્તિ જલ્દી થઇ. લગ્ન થયા બાદ બીજા માસમાંજ તેણે આ લોકનો ત્યાગ કર્યો. મેં લોકોને બતાવવાને અત્યંત આક્રંદ કર્યું. પણ વચમાંનો કાંટો નીકળી જવાથી મને અત્યાનંદ થયો. હવે મને મારાં માતપિતાને મળવાની પરવાનગી મળશે, અને પૂર્વની મૈત્રિણીઓ જોની સાથે હું રમતી, હાસ્ય વિનોદ કરતી તેને મળીશ એમ મને લાગ્યું. પણ પીયર જવાની પરવાનગી મળવાનાં ચિહ્ન દીસતાં નહોતાં. એક દિવસ મારા સસરા બહારથી ઘરમાં આવ્યા, તે વખતે હું આગળજ બેઠી હતી. તેણે મારા તરફ એક ભેદક દૃષ્ટિપાત કરી પોતાની પત્નીને કહ્યું " આનાં લક્ષણ કંઇ સારાં જણાતાં નથી " સસરાના આ શબ્દો હજી મારા કાનમાં ગુંજારવ થઇ રહ્યા છે. ત્યાર પછી મને કેટલાક દિવસે પીયર જવાની પરવાનગી મળી. પીયર પહોંચ્યા પછી મને જે આનન્દ થયો તેનું વર્ણન કરવું અશક્ય છે. હું મોટા આનન્દથી ત્યાં રહેવા લાગી, અને મારા તારૂણ્યના દિવસો ગાળવા લાગી. આ વખતે મારા સંબન્ધમાં " આ છોકરી નક્ષત્ર સરખી છે એનું કેવું થયું જુઓને ! " એવું લોકના મુખમાંથી, મેં પુષ્કળ વખત સાંભળેલું. મારી સમક્ષતું તો બધે સગન્યા; પણ મારી પાછળ સુદ્ધાં મારા સૌન્દર્યની પ્રશંશા થતી હતી.

મેં કહ્યું 'મે' જ્યારે તમારી સજીવ સ્થિતિ જોઇ નથી એટલે તમારા સૌન્દર્ય વિષે કેવી રીતે મત આપી શકું વારૂ ? જે કંઇ તમે કહો છો, તે ખરૂંજ હશે. તમે ખોટું શા માટે કહો ?"

તેણે કહ્યું " હાય ! હું આપને કેવી રીતે કહી આપું ! આ અસ્થિપિંજરના મુખ પર તમે જોવા હશે તે બે ખાડાઓ એક વખતના લજ્જાયુક્ત ઉજવળ નેત્રો જોનાર પર વિદ્યુદ્વર્ષાવ કરતાં હતાં. તે બદલ તમને શું પ્રમાણ આપું ? હાય ! હાય !! તમે મારા સ્મિત હાસ્યનું અનુમાન હાલમાં આ ઉઘડેલા મુખ ઉપરથી કેવી રીતે કરી શકો ! એ હાડકાં ઉપર જે સૌન્દર્ય અને માર્દવ હતાં, તેનું નામ સુદ્ધાં હાલ શેષ રહેલું નથી. મારા શરીરની ગૌરવર્ણ કાન્તિ અને નાજુકતા આપે જોયલાં નહીં, એટલે આપ કેવી રીતે અભિપ્રાય આપી શકો ? મારા જીવનમાં, કોઇ વિદ્વાનમાં વિદ્વાન ડૉકટરને મારૂં હાડપિંજર એનાટોમીના કામમાં આવશે એવો મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. મને તે મારા તારૂણ્યના દિવસો હજી યાદ છે, તે વખતે મારૂં સૌન્દર્ય પૂર્ણ રીતે ચમકતું હતું. અને મારા સુન્દર સ્વરૂપ આગળ મોટાં મોટાંને ઓવારી નાખું એવું લાગતું હતું, જ્યારે હું ચાલતી હતી ત્યારે પ્રકાશનાં કિરણો મારાં શરીર ઉપર પડી દશે દિશા પ્રકાશિત કરતાં હતાં. હું મારા હાથ તરફ નિશદિન જોતી બેસતી. જોને મારો હાથ બતાવું તેનું અંતઃકરણ હું આકર્ષિત કરતી હતી, એવા તે મારા હતા. કદાચિત દેવ રમણીને એવા સુકોમળ અને સુન્દર હાથ પ્રાપ્ત થયા હશે. મારા અવયવની ગોઠવણ જોઇ દરેક મનુષ્યનું અંતઃકરણ

મારા તરફ આકર્ષાતું હતું. સ્ત્રીઓ મુદ્દાં મોહિત થતી હતી. હાય હાય ! ! આ હાડપિંજરને નગ્ન સ્થિતિમાં જોઇ આપ મારા સૌન્દર્ય વિષે મત આપી શકતા નથી, ખરેખર આપ જ્યારે મને યૌવનાવસ્થામાં જોત, તો આપની આંખમાંથી નિન્દ્રા ઉડી જાત, અને ઔનાટમીનું અધ્યયન આપના મનમાં આવી શકત નહી.

મેં ઉત્તર આપ્યો " વિદુષી, આપના ભાષણથી મને ઔપરેશનના વિષયની થયેલી સર્વ માહિતી, મને નહીં જોવી થયેલી સમજું છું, એમ તમારા મનમાં ખાત્રી રાખો, અને તમારાં સૌંદર્યની છાપ મારા અંતઃકરણમાં સારી રીતે પડેલી છે. તે બદલ ભરોસો રાખો. રે ચલાવો આગળ. "

તે પોતાનાં પૂર્વનાં ભાષણનું અનુસન્ધાન કરી બોલી " મારાં સૌન્દર્ય વિષે હું તમને વિશેષ હકીકત કહેતી નથી. મારા બન્ધુએ લગ્ન ન કરવાનો નિશ્ચય કર્યો હતો. એટલે આખા ઘરમાં સ્ત્રી મણ્ડળમાં જુઓ તો હું એકલાજ હતા. હું સન્ધ્યા સમયે બાગના છાયાકારી વૃક્ષ નીચે દરરોજ બેસતી હતી. તે વખતે સકળ ઉડુગણો મારી પ્રદક્ષિણા કરતા હતા. શીતળ સમીર જ્યારે મારી તરફ આવતો, ત્યારે તે મારા સ્પર્શનો અનુભવ લેવા તે આનંદ કરતો. મારા સૌન્દર્યનો અભિમાનમાં મારું હૃદય તદ્દન ફાટ્યું કે જે જગ્યાએ મારું બેઠલામાં, એક ચક્ષુ ન્યાએ રૂપશૈતાન ફરે છે એવો મને ભાસ થયો. પછી દુઃખી માણસ જે પ્રમાણે શ્વાસ લે છે તે પ્રમાણે લાંબા લાંબા નિઃશ્વાસ મુકવાનો અવાજ મારા કાને પડયો. અને ચાલવાનો અવાજ પણ સંભળાયો. પહેલાં તો આ મારો ભ્રમ હશે, અને હું નિદ્રા રહીત હોવાથી કાલ્પનિક અવાજ સંભળાતો હશે એમ મને લાગ્યું; પણ પુનઃ તે અવાજ સ્પષ્ટ પણે સંભળાવા લાગ્યો. નહીં ત્યારે તો કંઈ નહીં. પણ એક દિવસ મેં તેને જોયો. હું કબુલ કરું છું કે તેની રૂપ ભલાએ મારા ઉપર પૂર્ણ અધિકાર ચલાવ્યો. મારો ભાઇ એક વિચિત્ર પ્રકારનો માણસ હતો. પરિસ્થિતિના વિષયમાં તે તદ્દન અજાણ હતો એવું કહીશ તો ચાલશે. તે બીજાના કામમાં કદીપણ લક્ષ આપતો નહોતો, તેણે ઘરના બાનગી કામમાંથી પણ લક્ષ કાઢી નાંખ્યું હતું. તે બહુ કરી મૌન્ય ધારણ કરી એકાંતવાસમાંજ રહેતો હતો. તેનું છેવટ પરિણામ એ આવ્યું કે તેણે ઐહિક સંબંધીનો ત્યાગ કર્યો, અને એક બાજુએ રહેવાનું અંગીકાર કર્યું. તે એક યોગી પ્રમાણે દિવસો ગાળવા લાગ્યો.

તે તરૂણ સતીશ કુમાર હમ્મેશ અમારે ઘેર આવતો હતો. અમારા ઘરના પુરૂષ સિવાય જે કોઇ બહારના પુરૂષનું મુખ જોવાનો પ્રસંગ આવ્યો હોય તો આ પહેલોજ હતો. જ્યારે હું બાગમાં બીછેલાં પુષ્પના વૃક્ષ નીચે બેસતી હતી, ત્યારે સતીશકુમાર વિષેના વિચારોજ મારા અંતઃકરણમાં ઘોળાતા હતા. અરે ! પણ આપ કયા વિચારમાં નિમગ્ન છો ? આપના મનને કેમ લાગે છે વારૂ ? કહો તો ખરા."

હું એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી બોલ્યો " હું વિચાર કરું છું કે હુંજ જો સતીશકુમાર હોઉં તો..."

તે ફારસ કરી બોલી "ઠીક, ઠીક. મારી કહાણી આગળ સાંભળો. પછી જેમ ફાવે તેમ કરે. એક દિવસ પુષ્કળ પર્જન્ય પડતો હતો, તે દિવસે મને કિંચિત્ જ્વર આવવાથી મારી પ્રકૃતિ તપાસવા ડૉક્ટર આવ્યો. એ ડૉક્ટર કોઇજ નહીં સમા મારો પ્રિય સતીશ કુમારજ હતો. એ કસૂતેણી આવશ્યકતા નથી. અમને ઉભયને નહોતો. નિરખવાને, આ પહેલોજ પ્રસંગ બેસો અને અવાજ આ સાથે ડૉક્ટરનાં નેત્રો ભણ થઇ ગયો. પણ મારા બન્ધુની પચ્ચીશ વર્ષ થયાથી પોતાની શુદ્ધિ સાંભળી માફક હું પણ એ કર્યો. તેણે મારા તરફ એક ભાઇને કહ્યું " મારે અમની

નાડી જોવી પડશે. "મેં ધીરે ધીરે ઓઢેલી શાલની નીચેથી મારો હસ્ત બહાર કાઢ્યો. ડૉક્ટરે નાડી જોવા માટે મારો હાથ પકડ્યો. મને લાગ્યું કે કોઈ પણ ડૉક્ટરને સાધારણ જ્વરની ચિકિત્સા કરતાં આટલો વખત લાગ્યો હશે નહીં. તેનું હૃદય ધડકતું હતું અને ઘાસો-શ્વાસ ઉતાવળથી ચાલતો હતો. છેવટે મહા-પ્રયત્ને તેણે મારા જ્વરની પરીક્ષા કરી. પણ મને ઔષધોપચાર કરતાં કરતાં તે પોતેજ બીમારી પડ્યો. આપને મારું આ કહેવું સત્ય લાગે છે ને ?"

હું બ્હીતો બ્હીતો બોલ્યો "હા; સત્ય લાગે છે. માણસની પ્રકૃતિમાં સ્થિતંતર થવું એ કાંઇ કહીણ છે કે ?"

તે બોલી "કેટલાક દિવસના અનુભવ ઉપરથી હું સમજી ચુકી હતી કે મારા અંતઃકરણમાં જો કોઇ પણ જાતના વિચારો આવતા હોય, તો તે તરણ ડૉક્ટર વિશેનાજ હતા. સંધ્યા સમયે રંગીત વસ્ત્રો પહેરી, કેશકલાપમાં સુગન્ધી તેલ નાંખી, પુષ્પહાર ગુંથી ગળામાં નાંખી આયનો હાથમાં લઇ બાગમાં જઉં અને ત્યાં મારું સ્વરૂપ આયનામાં નિરખી પ્રહરના પ્રહર બેસી રહેતી એવો મારો નિત્યક્રમ હતો. આયનામા પોતાનું સ્વરૂપ જોતાં બેસવું એ લાંછનારપદ છે કે ?"

મેં ગમ્મતને ઉત્તર આપ્યો "નહીંતો."

તેણે મારા બોલવાનો વિચાર ન કરતાં પોતાના કહાણી આગળ ચલાવતાં કહ્યું "આ-યનામાં મારું સ્વતાનું મુખ જોતી બેસતી તે વેળાએ હું સતીશકુમાર બની, પતિ બિમ્બ પ્રણયી માની તેના ઉપર પ્રાણ ઓવારી નાંખતી. એવી રીતે કલ્પના કરતી હું ઘણો ખરો વખત ત્યાંજ ગાળતી. એવી રીતનાં કલ્પના કરવાથી મારા મનને સમાધાન પ્રાપ્ત થયા શિવાય બીજી તૃપ્તિ થતી ન હતી. આ કામમાં કલાકના કલાક વહી જતા, પણ મને ખબર પડતી નહીં. તેનું છેવટનું પરિણામ એ આવ્યું કે એક દિવસ બીજા પ્રહારના સમયે હું પલંગ પર સુતેલી હતી. એટલામાં સ્વપ્ન આવ્યું કે, સતીશકુમાર આવ્યો અને તે મારા બહાર પડેલા હાથપર ચુમ્બન કરી ચાલતો થયો. કેમ ? આપને નિન્દ્રા આવે એમ જણાય છે. હું મારી કહાણી અત્રેજ સમાપ્ત કરું છું."

મારી ઉત્કંઠા અત્યંત વધી હતી. એટલે મેં નમ્ર સ્વરે કહ્યું "નહીં; નહીં. મને લેશ પણ નિદ્રા આવતા નથી. તમારી સર્વ હકીકત મને કહો."

તેણે કહ્યું "ઠીક છે. એવું છે તો આમ સાંભળો. થોડાજ દિવસમાં સતીશકુમારે સારો ઘાટ બેસાડ્યો. તેણે અમારા ઘર નીચેના મજલામાં પોતાનું દવાખાનું બોલ્યું. જ્યારે તેને બારી લોકો પાસેથી કુરસદ મળતી ત્યારે હું તેની પાસે જઇને બેસતી, અને તેની સાથે હાસ્યવિનોદ કરતી, તેમજ ભિન્ન ભિન્ન પ્રકારની ઔષધીનાં નામ પણ તેને પુછતી. એમ કરતાં કરતાં ઉત્તમોત્તમ પ્રાણ-હારક ઔષધીની (Poison) મને માહિતી મળી. હું જે કાંઇ સતીશકુમારને પૂછતી તે તે મોટા આનંદથી અને આસ્થાપૂર્વક કહેતો. આ પ્રમાણે ઘણો સમય વહી ગયો. કેટલાક વખત પછી મને એવું લાગ્યું કે ડૉક્ટરનું હૃદય બગડ્યું છે. તે ગાંડો થયો છે. કારણ કે જે વખતે હું તેની પાસે જતી તે વખતે તેના મુખ ઉપર પ્રેતકળા આવેલી મને દેખાતી હતી. પણ તેને એમ શા માટે થતું હશે ? એનું કારણ કંઇ મને સમજાયું નહીં. એક દિવસ ડૉક્ટર અને મારા બન્ધુએ રાત્રી માટે ગાડી મંગાવી. તે વખતે હું પાસેજ બેઠી હતી. કેટલાક વખત પછી ડૉક્ટર ત્યાંથી જતો રહ્યો. તે વખતે મેં મારા બન્ધુને પુછ્યું કે "આજ રાતના ગાડીમાં બેસીને ડૉક્ટર કયાં જનાર છે ?" મારા બન્ધુએ ઉત્તર આપ્યો કે "લગ્ન કરવા માટે. મેં પુનઃ આગ્રહથી પુછ્યું કે તે કયાં જનાર છે ? તે મને ખરેખરૂં કહો. ખરેખર શું તે લગ્ન કરવા માટે જનાર છે ?" મારા

તૈયાર છે! માત્ર પોષ માસ સુધીજ બાસ તક-પોસ્ટેજ

અતિ ઉત્તમ પુસ્તકો.

'વિવિધ' તથા 'ચરિત્ર' ભાળા દ્વારા નિકળેલાં સં. ૧૯૭૨નાં ઉત્તમ પુસ્તકોનો સેટ હવે તૈયાર થયેલા હોવાથી, તુરતમાં ખરીદવા ઇચ્છનારને બાસ સગવડ આપવા માટે પોષ માસ સુધી તેનું પોસ્ટેજ માફ રહેશે તે પછી જુદુંજ લેવાશે.

વિવિધ ગ્રંથમાળાના ૧૯૭૨ના

ઉત્તમ ગ્રંથો

કુલ પૃષ્ઠ ૨૦૦૦

મૂલ્ય રૂ. ૨, પાકાં પુઠાં રૂ. ૩ પોસ્ટેજ ૦॥

સ્વામી રામતીર્થ—ભા. ૮-૯ મો.
આરોગ્ય વિષે જ્ઞાન-મો૦ કે૦ ગાંધી કૃત.
પ્રબુદ્ધ ઉત્તમ લેખ—જર્મનજ્યુસ, ફીટમાં ૨૧ વર્ષ, અને ૬ મહાને લેવાયેલો.
પ્રજુમય જીવન...નામ પ્રમાણેજ વિષય.
દેશી ભાષાજિદું રહે બોધપ્રદ વાતો.
હિંદી બોલીમાં ૪૦ ઉત્તમ લેખોનો સંગ્રહ.

ચરિત્રમાળાનાં ૧૯૭૨ નાં

જીવન ચરિત્રો

કુલ પૃષ્ઠ ૧૫૦૦

મુલ્ય રૂ૦ ૨, પો. ૦॥ પાકાં પુઠાં નથી.

રાજા રામમોહનરાય-હિંદના પહેલા સુધારક
સમ્રાટ અકબર-બસો રૂપમાં કથાઓ.
સ્કોટલેંડનો મહાવીર વાલેસ તથા પ્રાચીન સમયના બીજાનો મહાવકતા ડિમોસ્થેનીસ.
ધર્માત્મા ગ્લેડસ્ટન અને જર્મન સાહાજ્યનો સ્થાપક વિત પ્રિન્સ બિસ્માર્ક

ઉપરી માળાઓનો આગલાં વર્ષનાં બંધાં વર્ષનો સેટ પણ મૂળ કિંમતેજ મળશે. પો. જુદું.

ઇચ્છકોએ મંગાવનારે આ પત્રના નામ સાથે અમદાવાદજ લખવું. વિગતવાર સચિત્ર પત્રક

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. } મુંબઇ-૨. અને અમદાવાદ.

મુદ્રક પ્રકાશક તથા માલિક ઠક્કર ત્રીકમજી દોશાભાઇ, સસ્તું સાહિત્ય કાર્યાલય-સુરત.
મુદ્રણ સ્થાન દીપક છાપખાનું, તાપીવાળાની પે.ગ, લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જીવન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં મણિલાલ કેશવલાલ કાપડીઆએ છાપ્યું



પુસ્તક ૮મું
અંક ૮-૯

ફાગણ-ચૈત્ર
સં. ૧૯૬૩

ઉન્નતિ શી રીતે થાય !

મિ. કાર્નેગી અમેરિકાનો મોટા ધનવાન પુરૂષ છે. એમણે પોતાની બુદ્ધિ તથા પરિશ્રમથી અબજો રૂપીઆ પેદા કીધા છે. એમની પાસે કેટલાક સમાચાર પત્રના રિપોર્ટર એમની ઉન્નતિના કારણ પૂછવા ગયા હતા એ સર્વને એમણે જે ઉત્તર આપ્યો હતો તે સર્વ પુરૂષાર્થીઓને સ્મરણ રાખવા યોગ્ય છે.

(૧) ધર્મ-દારી ઉન્નતિનું બીજ છે.
(૨) ઉત્સાહ પાણી છે
(૩) ધૈર્ય રાખવું મન જેતર છે.
(૪) તત્પરતા અનુકુળ વાયુ છે.
(૫) પરિશ્રમ ગરમી છે.

આ સર્વના યોગથી ઉન્નતિ રૂપ ફળ ચોક્કસ પ્રાપ્ત થાય છે.

વાર્ષિક લવાજમ રૂ. ૧-૦-૦

શ્રી દુર્જનનિષેધક જીવદયાપ્રબોધક અને નીતિધર્મ મંડળ તરફથી પ્રકટ થતું પત્ર.

આશ્રયાર્થે પૃષ્ઠબાહુસાર

તંત્રી અને પ્રકાશક:—
દોલતરાય દામોદર દેસાઈ.
અંબાજીરોડ-સુરત.

તાવની રામબાણ દવા.

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા આપીશું. ચોથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) ઈનામ આપીશું કીમ્મી ૧ ની કિ. રૂ. ૧-૦-૦ ખાસ પરેજ નથી.

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમાં શક્તિ લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવું સાબિત કરનારને રૂ ૧૦૦) સો ઈનામ આપીશું. શરીરના તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. કીમ્મી ૧ ની કિ. રૂ. ૨-૮-૦ પરેજ નથી.

ધાતુ વિકાર.

ભયંકર દરદોથી બચવુ હોય અને તમામ દરદોની દવાથી માહેતગાર થવું હોય તો એક પૈસાનું કાર્ડ લખી ધાતુ વિકારનુ પુસ્તક મફત મગાવી લેવું.

વૈદ્ય શા. ગીરધરલાલ કાહાનજી

મુ. ધોળકા જી. અમદાવાદ.

CAUTION

CAUTION is however required when ordering not directly please see that the bottles contain our Trade-Mark ACHING-HEAD. The wonderful success of ***Dr. G. B's Madicated Suvfi*** given rise to many worthless imitations. REFUSE of THEM ! they will not give your customers the same degree of satisfaction and the substitute may be valueless for the purpose for which have purchased it or its composition is positively harmful. Avoid substitutes also write for Free Sample.

Guru Basava & Co:

Soe Manufacturing Proprietors.
Madras E. C.

ખાસ સુચના

ડાકટર જી. બી. ની ઔષધિ તપખીર

ગમે તે કંપની પાસે ન લેતાં કોઇપણ દુકાનદાર પાસે વેચાતી લેતાં તે તપખીરની શીશીપર તેનો ટ્રેડમાર્ક (માથું દુઃખતું) તપાસી લેવા બહલ કાળજી રાખવી કારણ આજ ઘણા વર્ષના અમારા અવિશ્રાંત પરિશ્રમને લીધે તથા નિષ્કલંક પ્રસિદ્ધિને લીધે આ તરફ ઘણાઓએ અમારી નકલ કરેલી છે પરન્તુ એ નકલી તપખીર કંઇ કામની ન હોઇ જે માટે આપણે વેચાતી લઇએ છીએ તે ફાયદો ન થતાં ઉલટું નુકસાન થવાનો ઘણો સંભવ છે. તે માટે એવા નકલી માલથી સાવધ રહો. અને અમારી નમૂનાની શીશી મફત મંગાવી ખાત્રી કરી જુઓ.

ગુરૂ બસવા એન્ડ કુંપની

પોસ્ટ બોકસ નં૦ ૫૬૦ મદ્રાસ ઇ. સી.

તૈયાર છે! માત્ર પોષ માસ સુધીજ આસ તક-પોસ્ટેજ માફ!

અતિ ઉત્તમ પુસ્તકો.

'વિવિધ' તથા 'ચરિત્ર' માળા દ્વારા બહાર પડેલાં સં. ૧૯૭૨નાં ઉત્તમ પુસ્તકોના સેટ હવે તૈયાર થયેલા હોવાથી, તુરતમાં ખરીદવા ઇચ્છનારને આ સગવડ આપવા માટે પોષ માસ સુધી તેનું પોસ્ટેજ માફ રહેશે તે પછી જુદુંજ લેવાશે.

વિવિધ ગ્રંથમાળાના ૧૯૭૨ના

ઉત્તમ ગ્રંથો

કુલ પૃષ્ઠ ૨૦૦૦

મૂલ્ય રૂ. ૨, પાકાં પુઠાં રૂ. ૩ પોસ્ટેજ ૦॥

સ્વામી રામતીર્થ—બાં. ૮-૯ મો.
આશ્ચર્ય વિષે જ્ઞાન-મો૦ ક૦ ગાંધી કૃત.
ચાર ઉત્તમ લેખ—કર્મનબરાસ, ફીટમાં ૨૧ ચો, અને ૬ મડાનું લંડામ્બો.
મનુષ્યમય જીવન...નાગ પ્રમાણેજ વિષય.
ટુંકી આબોજિકે. ૨૯ બોધપ્રદ વાતો.
હિંદી બોલીમાં ૪૦ ઉત્તમ લેખોનો સંગ્રહ.

ચરિત્રમાળાનાં ૧૯૭૨ નાં

જીવન ચરિત્રો

કુલ પૃષ્ઠ ૧૫૦૦

મૂલ્ય રૂ૦ ૨, પો. ૦॥ પાકાં પુઠાં નથી.

રાજા રામમોહનરાય-હિંદના પહેલા સુધારક
સમ્રાટ અકબર-ખરા રૂપમાં દર્શનાર્થે.
સ્કોટલેંડનો બહાદુર વાલેસ તથા પ્રાચીન સમયનાં ગ્રીસનો બહાદુર ડિમોસ્થનીસ.
ધર્માત્મા ગ્લેડસ્ટન અને જર્મન સામ્રાજ્યનો સ્થાપક બિસ્માર્ક

ઉપરની ગ્રાહકોના આગલાં વર્ષનાં ખપતાં વર્ષના સેટ પણ મૂળ કિંમતેજ મળશે. પો. જુદુ.
રૂપાલમાં મંગાવનારે આ પત્રનો નામ સાથે અમદાવાદજ લખવું. વિગતવાર સચીપત્ર મફત

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. } મુંબઇ-૨. અને અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર તેની હોસેતરાય દાજીભાઇ દેસાઇ, સલામ ઓફીસ બંગાઝેરોડ-સુરત. સુરત ખપાટીઆ ચકલા, તારવાળાની પોળ; લક્ષ્મીનારાયણની વાડીમાં આવેલા "જન વિજય" પ્રિન્ટીંગ પ્રેસમાં છ

Reg No. B 910.



પુસ્તક ૮૫
અંક ૯-૧૦

શ્રાવણ-ભાદરવો
સં. ૧૯૭૩

ઉન્નતિ શી રીતે થાય !

મિ. કાર્નેગી અમેરિકાનાં મોટા ધનવાન પુરૂષ છે. એમણે પોતાની બુદ્ધિ તથા પરિશ્રમથી અબજો રૂપીઆ પેદા કીધા છે. એમની પાસે કેટલાક સમાચાર પત્રના રિપોર્ટર એમની ઉન્નતિના કારણ પૂછવા ગયા હતા એ સર્વને એમણે જે ઉત્તર આપ્યો હતો તે સર્વ પુરૂષાર્થીઓને સ્મરણ રાખવા યોગ્ય છે.

(૧) ઇમાનદારી ઉન્નતિનું બીજ છે.
(૨) ઉત્સાહ પાણી છે
(૩) ધૈર્ય રાખવું મન પેતર છે.
(૪) તત્પરતા અનુકુળ વાયુ છે.
(૫) પરિશ્રમ ગરમી છે.

આ સર્વના યોગથી ઉન્નતિ રૂપ ફળ સમયસર પ્રાપ્ત થાય છે.

શ્રી દુર્વ્યસનનિષેધક જીવદયાપ્રબોધક અને નીતિધર્મ મંડળ તરફથી પ્રકટ થતું પત્ર.

વાર્ષિક લવાજમ ૩. ૧-૦-૦

આત્મશ્રેય ઇચ્છનારા

છપાવી અને પ્રકાશક—
દોલતરાય દાણીભાઈ દેસાઈ.
ખંભાતીરોડ-સુરત.

સાગરને:

તોટક:

અજવી ગીત ઘોર રહ્યા ઉદધિ!
ઉછળી તુજ છોળ રહી જળતી;
અમ અંતરમાં ગીત ઘોર તું ગા,
અમ અંતરપુર ઉજાળ સખા!

સરિતા સરતી તુજ તટે સખે!
નવજીવનથી; તુજ પ્રેમ ચહે;
મધુરું મધુરું લવરી બેટી પડી,
અભિનંદન દેય સખે! તું હસી.

અમ ઉર મહીંય હતાં સરતાં,
મધુરાં અહ! મજુ ઘણા ઝરણા,
મહીં વારિ વધું પ્રભુ પ્રેમ તણું,
વળી શૌર્ય અને નવજીવનનું.

કંઇ કાળ ગયો ઝરણાં વહતાં,
અટક્યાં વળી કોઇ સુકાઇ ગયા;
ઉર મન્ત્ર હવે કંઇ પ્રેર સખે!
ઝરણાં ઉભરે પુર વારિ વહે.

તુજ વારિ ધુએ તટ પૂરવના
તુજ વારિ ધુએ તટ પશ્ચિમના;
તહીંથી ધસડી અહીં લાવ કળા,
સહુ હુન્નરને વળી સાર સખા!

તુજ ઉર હત્યાં અમૂલા રતનો,
તુજ ઉર ડૂબ્યાં શૂરવીર નરો;
બહુ દેશ ડૂબી તુજ ઉદરમા,
ઇતિહાસ પટેથી ભૂંસાઇ ગયા.

જન તુજ કને નવ રત્ન ચહે,
જન તુજ કને નવ દેશ ચહે;
અમ વીર હૃદે અમને દઇ દે,
ગયું શૌર્ય ફરી અમને દઈ દે,

ધુધવી શર ગીત હૃદે અમમાં,
ઉછાળાવ હવે નવું શૌર્ય સખા!
અમ નાડીં મહીં બની શૌર્ય-નર્યું
ઉછળાવ સખા, વીર એ ઘન્હું.

સ્નેહસાગર.

* તટ પૂરવના: પૂર્વના દેશોના કિનારા જાપાન, ચાઇના, ઇ.

* તટ પશ્ચિમના: પશ્ચિમના દેશોના કિનારા યુરોપ અમેરીકા ઇ. એ પૂર્વ પશ્ચિમને તું સાંધ-જોડ. જે સારું હોય તે સર્વ હિન્દમાં ધસડી લાવ.

—સૂર્યાસ્ત—

(૧)

શો રમ્ય આ સુરજ આથમતો દિસે છે,
વિસ્તાર ખેંચી નીચનો જગ છાવરે છે,
સોનેરી રમ્ય નભની બની ટેકરી આ,
તેમાં પ્રકાશ ભરતો ભગતો સરે છે.

(૨)

જમ્યો પ્રકાશ ક્ષિતિમાં અતિ રમ્ય ચાર,
દૃષ્ટિ કર્યે ક્ષણ પછી કંઇ ના નિહાળ્યું;
શો ભવ્ય નિમ અસ્તોદયનો નિહાળ્યો,
નિહાળી દુઃખ રવિનુ ઉર ગર્વ ટાળ્યો.

દેશાઈ મોતીલાલ મથુરભાઇ

નિત્ય દુખી

મામાનું સુખ દેખી સાલ,
નવ સુધરે એથી નિજ હાલ,
છતું સ્વસુખ તે સાથે જાય,
બળી બળીને પિંજર થાય,
નિત્ય દુખી આ'વાં નરનાર,
ભગુ દુઃખના પારાવાર.

નિત્ય સુખી

પર દુખે જે દુખિયાં થાય:
સુજનતણું સુખ એજ મનાય,
મર્મતણું શુભ નિત્યે ચહે,
પ્રાણીમાત્રમાં પ્રેમજ લહે,
નિત્ય સુખી એવાં નરનાર,
ભગુ ધરી એ અવતાર.

મૃગ તૃષ્ણિકા.

(વસંતતિલકા)

દિસે અહા ! તૃષિત કો મૃગલું અકેલું
ઉભે વળી ત્વરિત ફાળ ભરે બિચારું
અહા ! તહીં સમીપમાં જલધોધ ભાસે
આનંદ કૈં ઉર-મંદી પણ શીઘ્ર ભાસે ૧
એ રેતના ઢગ બધા જલ નહોય બાપુ !
મૃગ તૃષ્ણિકા સમજીને ઘડી શાન્ત થા તું !
કિન્તુ વળી ત્વરિત કૈં પગલાં ભરે છે
હા હા ! તહીં સમીપમાં સરિતા વહે છે ! ૨
આશા વધે પણ નહિ ઘટતી તૃષા કૈં
દેખાય ના પ્રભુ તણી પણ દિવ્યતા કૈં
અન્તે અહા ! શ્રમિત થૈ રડતું પડ્યું એ
ઉડી ગયો ત્વરિત પ્રાણ પ્રભુ ! અરેરે ! ૩
દેવી નિઃસર્ગ ! તુજમાં નહિ ન્યાય કેમ
પામ્યું નહિ અરર ! બાપડું બિન્દુ એક
રે ! રે ! પ્રભુ ! નહિજ સાર દિસે કથામાં
પીડાઉં હું વિવિધ આશ અને તૃષામાં ૪
નિર્ણિદ્ર જે મૃગ તણું પ્રભુએ બતાવ્યું
ભાવિ સમાન જગ સર્વ તણું રચાયું
આશા તૃષા કંઇ ન અંતર રાખ બાપુ !
વૈરાગ્ય ભિન્ન રહી આયુઃ વિતાડ બાપુ ! ૫

લખમંદિર–ગીરનાર } 'નલિનીકાન્ત.'
૧૦–૧૨–૧૯૧૬ }

સ્વર્ગ–નરક.

નરક ઘોર જાણો નિજદેહ,
મલમૂત્રાદિ દેહ ગેહ,
નરક દ્વાર તે દુર્ગુણીનાર,
દુઃ મમતા એ જમદૂતમાર,
આશા તૃષ્ણા નરકનિવાસ
સ્વર્ગવાસ બધુ તૃષ્ણાનાશ. ૧

નિત્ય બદ્ધ–મુક્ત.

સારા સાર ન સમજે જેહ,
કાઢે નિત્ય નવનવા વેશ,
પંચવિષયમાં પૂરણ પ્રીત,
નિત્યબદ્ધની જાણો રીત,
નિત્યમુક્ત બધુ તે છે સાધ,
વિષયોવા જે થાય વિરક્ત.

ઐક્ય

શ્લોકઃ

ૐકારબિંદુસંયુક્તં યે ધ્યાયંતિયોગિનઃ
કામદંમોક્ષદંચૈવ ૐકારાયનમોનમઃ

વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે કહેતાં "આ સંસાર ચક્રમાં પ્રથમ સર્વ મનુષ્યોને ઉત્પન્ન કર્યા છે" સર્વેનો ઉત્પન્ન કરનાર એક વિષ્ણુ છે. તેથી તે પિતા તુલ્ય થયા અને તેથી સર્વે મનુષ્ય જાતિને એક બાંધવ તરીકે વર્તવાની ફરજ છે. વૈદિક ધ્વનિથી સિદ્ધ કરતાં સહવતુ સુનક્તુ એ ગાયત્રીના વાક્યથી સર્વેને ધંટાનાદથી જણાવવાનું કે સંપથી જે વર્તે તેજ મનુષ્ય કહેવાય-સંપમાં જન સમાજને કેટલો બધો અનહદ લાભ થાય છે તેનું વર્ણન કરવા બૃહસ્પતિ પણ અસમર્થ છે. એક બીજાનું કાર્ય એક બીજા કરે છે તોજ આ સંસાર ચક્ર સમ્યક્ પ્રકારે ચાલે છે. તેનો દાખલો જુવો કે એક વસ્ત્ર તેને પ્રથમ કાર્પિક લોકો (કણબીઓ) ક્ષેત્રમાં અનહદ મહેનતે કપાસ ઉત્પન્ન કરે છે પછીત તેને લોઢાવવા, ઝીંયા ઝીંયા તંતુઓ કરાવવા, વણાવવા, સાફ કરાવવા વગેરેમાં હજારો બલકે કરોડો મનુષ્યોના કાર્ય રૂપે ફલ એક વસ્ત્ર નીપજે છે, તે સંપના પ્રતાપથીજ, નહીતર વસ્ત્ર પહેરવા મનુષ્ય કદી પામેજ નહી–બીજો દાખલો–ભોજન માટે જોઇતી સામગ્રીમાં એક નજીવી ખીચડીનો દાખલો લઇએ. તેમાં દાળ, ચોખા, કાષ્ટ, પાણી, ઘાસ માટે કુંભાર વગેરે અનેક જનોની સાહ્યતાએજ પરિપૂર્ણ ભોજન બને છે. કહ્યું છે કે–એકકાર્યે અનેકેષુ સિદ્ધકાર્યે તથાભવેત નવતિ નવસંયુક્તે અષ્ટાદશમસંયુક્તમ ॥૧॥ સંપથી બે નવડાએ તથાણ અને, અસંપથી માત્ર અઢારજ થાય છે. આપણે આપણા શરીર પર જુઓ પાંચે આંગુલીઓના સંમેલનથી લેખ લખાય, તેમજ જમવા વગેરે દરેક કાર્ય થાય છે તેમજ શ્રોત્ર, નેત્ર, નાસા, જીભડા, સપર્શન્ એમ પાંચે ઇંદ્રિયોથીજ શરીરનો નિર્વાહ થાય છે

નહી કે એક કાનથી કે આંખથી તેમજ પાંચે કર્મેંદ્રિયોથીજ એક ઉદર પૂર્ણ થાય છે–સંસારમાં સ્ત્રી ને પુરૂષનું યુગલ એક સંપથી જો વર્તવામાં આવે તો ઇંદ્રથી પણ અધિક અભ્યુદયને પ્રાપ્ત કરે ! સંપ વિના કરોડા ધિપતિઓ પણ મહત્ આપદાઓને પામ્યા છે મહાન્ રાજાઓની પણ તેજ અવસ્થા થઇ છે–જુવો કે પાંડવને કૌરવોમાં ભીષ્મપિતા, અર્જુન, ભીમ, કર્ણ, દ્રોણાચાર્ય, દુષ્ટદુર્યોધન, એવા એવા મહાયોદ્ધાઓનું નામ હજી લગણ પણ મશહુર છે. પરંતુ કુસંપના સેવનથી સંત્યાનાશ પણાને પામ્યા છે. સંપના પ્રતાપથી રામચંદ્ર અને ભરત એ બન્નેએ રાજ્ય સંપત્તિ ભોગવી. શાસ્ત્રમાં લખે છે કે દ્વૌ દ્વૌ મહત્પુરુષેણાપ્રે વર્ત્તતે એકનવતિ એકોનવિંશતિ ઇત્યનોદાહરણે રામમ્ પ્રિય બાંધવો ! આપણામાં કોઇ ગુણથી ઉત્તમ હોય ને તેને આપણે અમ ગણ્ય ગણી તેની રજામા જો ચાલીએ તો આપણું મહાન્ કલ્યાણ થાય એ નિઃસંશયકર્તા છે કમકે એકને નવ મેલવીએ તો ઓગણીશ થાય ને જો મહત્ એક ને નવને અયગણ્ય કરીએ તો એકાણુ થાય છે, તે ઓગણીશથી કેટલો બધો વિશેષ. માટે સર્વે સજ્જનો ને ખાસ પ્રાથમિક શિક્ષણ લેવું જોઇએ કે જે ગુણથી અધિક તે મહત્ અને તેની આજ્ઞામાં ચાલવુ તેજ આપણી ફરજ અને તેમાં મહા માંગલ્ય સમાએલું છે, સંપ સાચવવા માટે ૫) બીના લક્ષમાં રાખવી યોગ્ય છે. ૧ કોઇ જાતનો ધર્મ વિવાદ કરવો નહી. ૨ ઇર્ષા કરવી નહી ૩ કોઇપણ સંબંધી વાદ કરવો નહી. ૪ ચડશાચડશી કરી કોઇને ઉતારી પાડવા પ્રયત્ન કરવો નહી. ૫ પોતાનુંજ કામ કરીને બેસી રહેવું નહી કિંતુ પરોપકાર પણ કરવો–કોઇ પ્રસંગે કીડીઓ હાથીનું કામ કરે છે એ ઉદાહરણ ભુલવું જોઇએ નહી. માટે સર્વે ભાઇઓ આજથી ઐકય રાખતા શીખશો મુન્નેષુ કિંબહુનાં !

જયચંદ્રજી મહારાજ

સ્ત્રીઓના સંબંધમાં કંઈક.

સ્ત્રીઓનું કર્તવ્ય શું છે ? પરિવાર અને સમાજમાં તેનો દરજ્જો શું છે ? પ્રાચીન સમયમાં તેમની શું સ્થિતિ હતી ? અત્યારે કેવી છે ? વગેરે વગેરે બાબતો ઉપર અત્રે ચોડું લખવાનો વિચાર છે એ તો સર્વને સુવિદિત છે કે સ્ત્રીઓ કદી સ્વતંત્ર નહોતી ને અત્યારે પણ ન હોવી જોઇએ. તે હંમેશ પરાધીન રહી છે. અનુમાનની પુષ્ટિમાં મનુ મહારાજનાં વચનો વાંચોઃ–

बाल्ये पितुर्वशे तिष्ठेत् पाणिग्राहस्य यौवने।
पुत्राणां भर्तरि प्रेते न भजेत् स्त्री स्वतंत्र्यताम् ॥
बाल्या वा युवत्या वा वृद्धया वापि योषिता।
न स्वातंत्र्येण कर्त्तव्यं किंचित् कार्यं गृहेष्वपि ॥

(બાલ્યાવસ્થામાં પિતાને તાબે રહેવું, યૌવનમાં પતિને તાબે રહેવું, સ્વામી મરી ગયા પછી–વૈધવ્યમાં પુત્રને તાબે રહેવું પણ સ્ત્રીઓએ કદી સ્વતંત્ર રહેવું નહિ" બાળા, યુવતી વૃદ્ધા કોઇપણ સ્ત્રીએ ઘરમાં કાંઇપણ કામ સ્વતંત્રતાથી કરવું નહિ.) અર્થાત્ સ્ત્રીઓએ કોઇપણ કામ સ્વતંત્રતા પૂર્વક ન કરતાં સદૈવ પિતા, પુત્ર કે પતિને વશ રહીને કરવું જોઇએ કેટલાક મહાશયો કહે છે કે મનુમહારાજે સ્ત્રીઓને આવાં વચનોથી ગુલામીના પટ્ટા લખી આપ્યો છે ! પરંતુ એ આક્ષેપમાં અત્યુક્તિ જણાય છે. શું પુત્ર પોતાના પિતાને તાબે નથી રહેતો ? શું બ્રહ્મચારી કે વિદ્યાર્થી પોતાના આચાર્યની આધીનતામાં નથી રહેતો ? શું પ્રજાજન રાજાના આજ્ઞાપાલક નથી થતા ? ધર્મ સંબંધી બાબતોમાં શું સહુલોક શાસ્ત્રનો આદેશ નથી માનતા ? યદિ રાજશક્તિના અધીન રહેવું એ ગુલામી નથી, યદિ આચાર્ય તથા વિદ્વાનોની આજ્ઞા માનવી એ ગુલામી નથી, યદિ શાસ્ત્રોના વિધિ–વિધાનનું પાલન કરવું એ ગુલામી નથી તો પછી સ્ત્રીઓને પોતાના

પિતા, પતિ કે પુત્રને તાબે રહેવું એમાં પણ ગુલામી નથી જ. મનુનાં વચનોમાં તો પરાધીન કે ગુલામીનો ગંધ પણ નથી ! પરાધીનતા શબ્દ 'પર' અને 'અધીનતા'એ બે શબ્દ મળીને થએલો છે. એમાંના પહેલા 'પર' નો અર્થ બીજું બારકું એવો થાય છે. શું કોઇપણ સ્ત્રી એવી છે કે જે પોતાના પિતા, પુત્ર કે પતિને પરાયા સમજે ? આ દેશમાં તો એવી એક પણ સ્ત્રી નહિજ હોય ! મનુનાં વચનોમાંથી અવો ભિન્નતાદર્શક ભાવ કાઢવો એ તેને અન્યાય આપવા જેવું છે !

ધારો કે સરકાર મનુનાં વચનોને પક્ષપાતી ગણી એક નવો કાનુન કરી સ્ત્રી પુરુષના અધિકાર બરાબર કરે તો પરિણામ શું આવે ? કોઇ કારકુનની સ્ત્રી પોતાના પતિને કહેવા લાગે " નાથ ? મારો ને તમારો અધિકાર બરાબર છે. હું સ્વતંત્ર અને આપ પણ સ્વતંત્ર ! એક દિવસ હું ચુલો-ચોકો કરું અને એક દિવસ આપ કરો. એક દિવસ હું આપની સેવા કરું ને એક દિવસ આપ મારી સેવા કરો ! એથી પણ આગળ વધીને કહે છે કે મારે સંતાન ઉત્પન્ન નથી કરવાં ! ! તો બતાવો, એવી સ્વાધીનતાનું શું પરિણામ આવે ! મતલબ એ છે કે પ્રત્યેક પ્રકારની સ્વાધીનતાની કાંઇક સીમા તો હોવીજ જોઇએ. નિઃસીમ સ્વાધીનતા આજસુધી સંસારમાં નથી કોઇને પ્રાપ્ત થઇ કે નથી કોઇને પ્રાપ્ત થવાની. સમાજના કલ્યાણને માટે સમાજને એક શૃંખલામાં બાંધી રાખવા માટે વ્યક્તિ વિશેષની સ્વાધિનતાને એક નિર્દિષ્ટ સીમાની અંદર રાખવાની ખાસ જરૂર છે. એમ કર્યા સિવાય કામ ચાલતું નથી. રાજા અને પ્રજા, સ્ત્રી અને પુરુષ, ગુરૂ અને શિષ્ય એ સર્વેનો અધિકાર જો એક હદની અંદર રાખવામાં નં આવે તો મનુષ્ય સમાજને છિન્ન-ભિન્ન થવામાં વિલંબ લાગે નહિ. આ વાતને ધ્યાનમાં રાખીને સ્મૃતિકારોએ સ્ત્રીઓને અન્યના તાબામાં નહિ કિન્તુ આત્મીય જનોના તાબામાં રહેવાની આજ્ઞા કરી છે. મનુષ્યને-સ્ત્રી પુરુષને-સંપૂર્ણ સ્વતંત્રતા આપવાથી નથી થતી પરિવારની રક્ષા, નથી થઇ શકતી સમાજ વિશેષની રક્ષા કે નથી થઇ શકતી દેશની કાંઇપણ રક્ષા ! આ સ્વાધિનતાના જમાનામાં પણ જ્યારે કોઇને એવી રીતની સંપૂર્ણ સ્વાધીનતા નથી ત્યારે મનુ અથવા અન્ય સ્મૃતિકારો કે આચાર્યો ઉપર નિષ્ઠુરતાપૂર્ણ આક્રમણ-આક્ષેપ કરવો એ અવિચારની હદ કરતાં પણ આગળ વધવા જેવું છે..

સ્ત્રીઓ સ્વભાવથીજ સુકુમાર હોય છે. પ્રથમથીજ દુર્બળ હોય છે. તેમની શારીરીક શક્તિ પુરુષો કરતાં બહુ કમી હોય છે. તે પોતાનું રક્ષણ પોતે કરી શકતી નથી. આવી દશામાં જો ધર્મશાસ્ત્રોએ તેને પિતા, પુત્ર કે પતિને વશ રહેવાનો નિયમ કરી આપ્યો તે શું ખોટું કર્યું? દુર્બળ સબળને આધીન રહે તોજ તેનું શ્રેય થઇ શકે છે-તોજ તે સુખ-શાંતિ મેળવી શકે છે. ધર્મશાસ્ત્રકારોનાં એ સ્વતંત્ર-નિયામક વચનોથી શું એમ સૂચિત થાય છે કે તેઓ સ્ત્રીઓને ઘૃણા અને અપમાનની દૃષ્ટિએ જોતા હતા ! મુદ્દલ નહિ. સ્ત્રીઓને તેઓ જેટલી પૂજ્ય અને આદરણીય સમજતા હતા. તેટલી જો આપણે સમજીએ તો આવા આક્ષેપોનું ખંડન કરવાની આવશ્યકતા પણ રહે નહિ ! " यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता (જ્યાં સ્ત્રીઓ સન્માન પામે છે ત્યાં દેવતાઓ રમણ કરે છે) અને " शोचन्ति जामयो यत्र विनश्यत्याशु तत्कुलम् " (જ્યાં સ્ત્રીઓ શોચ પામે છે ત્યાં તે કુલનો નાશ થાય છે) એ મનુનાં વચન છે કે કોઇ બીજાનાં ! એ તો વચનો છે કે જેને આજ વર્ષ સાક્ષર ભારત વાસીઓ પ્રાયઃ જાણે છે, જુઓ અન્ય પણ

तस्मादेता. सदा पूज्या भूषणाच्छादनाशनैः,
भूतिकामैर्नरैर्नित्य सत्कारेषुत्सवेषु च ॥
पित्रभिर्भ्रातृभिश्चैव पतिभिर्देवरस्तथा ।
पूज्या भूषयितव्याश्च बहुकल्याणमीप्सुभिः ।

ાચાર્ય પતિ, દિયર અને
ચુ ખુદ પિતાને પણ સ્પષ્ટ
છે કે યદિ તમે પોતાનું ભલું
તા સ્ત્રીઓનો આદર કરો, એમને
ી સદા વિભૂષિત રાખો. એમને કોઇ
ઉપેક્ષા ન આવવા દો. અહા ! કેટલું
ારવ ? શું કોઇ પણ સ્વાધીનતાભિમાની
સભ્ય દેશ ll સ્ત્રીઓ આટલા આદર,
ટલા સન્માન અને આટલી પૂજાને લાયક
નાય છે ?

સ્ત્રીઓને વેદાધ્યયનની મના છે. પણ વેદમંત્રોની રચના અથવા તેનો અવિષ્કાર કરવાવાળા ઋષિયોમાં કેટલીક સ્ત્રીઓના પણ નામ છે. સ્ત્રીઓ વેદમંત્રોની રચના કરે પણ વેદ ન ભણે એ વાત અવશ્ય સંશય ઉત્પન્ન કરે તેવી છે (હકીકત એમ છે કે એ અધ્યયનવિરોધીની આજ્ઞા પાછળની છે. અને વિચાર કરતાં તથા શોધ ચલાવતાં તેનું કારણ પણ મળી આવે છે. આ સ્થળે વિસ્તાર ભયે એ લખવું ઉચિત નથી. પુરૂષોએ વેદ ભણવા જોઇએ અને કોઇ વેદાધ્યયન પ્રેમી પોતાની પુત્રીને વેદ ભણાવવા ઇચ્છે તો તેણે તેમ પણ કરવું જોઇએ. કન્યાઓને શિક્ષિત કરવાનું મનુસ્મૃતિમાં સ્પષ્ટ લખેલું છે. " कन्याप्येवं पालनीया शिक्षणीयातियत्नतः "

જે દેશના ધર્માચાર્યોએ એવે કાનૂન બનાવી આપ્યો છે કે કન્યાઓને પણ છોકરાઓની પેઠે શિક્ષણ આપવું. એ દેશની સ્ત્રીઓ મૂર્ખ રહે એ અત્યંત પરિતાપની વાત છે ! શું એવા ઉદારાશય આચાર્યો ઉપર કદી સ્વપ્નમાં પણ એવો આક્ષેપ મૂકાય કે તેમણે પુરૂષોનો પક્ષપાત કરી સ્ત્રીઓની સ્વાધીનતા છીનવી લીધી છે ? વિદ્યા અને શિક્ષણની પ્રાપ્તિથીજ મનુષ્યમાં મનુષ્યત્વ આવે છે. આવી સ્ત્રીઓને શિક્ષા તથા વિદ્યાથી વિભૂષિત કરવાનો જેઓ સ્પષ્ટ નિયમ કરી આપે છે તેમને સ્ત્રીજાતિના મોટ્ટા અધિક હિતૈષી તથા દયાસાગર કેમ ન સમજવા જોઇએ. તેમના એ નિયમના યોગ્ય પરિપાલન વિનાજ સમાજમાં વિશ્રંખલતા ઉત્પન્ન થઇ છે. શું આ નિયમને જોઇને કોઇને પણ સંદેહ થઇ શકે છે કે પ્રાચીન જમાનામાં સ્ત્રીઓને શિક્ષણ નહોતું આપવામાં આવતું ?

હકીકત એમ છે કે અવિદ્યાના અંધકારમાં એમજ બને છે ! આ અજ્ઞાનાંધકારમાં પડેલા આત્મામાં જ્ઞાનાગ્નિ પ્રકાશિત કરવા ઉપનિષદ્ આદિમાં ઉલ્લિખિત ગાર્ગી, વાચકનવી આદિના નામ લેવામાં આવે છે. વળી કામન્દકી, વિદુલા વિજ્જિકા, આદિનાં ઉદાહરણ આપવામાં આવે છે. પરંતુ એ નામ એટલા થોડાં છે કે કેટલાક લોકોને એ ઉદાહરણોથી સંતોષ થતો નથી ! ખેર ! સ્ત્રીઓના સદ્ભાગ્યે એવા સંશયાત્મા જનોના અસંતોષ હવે બહુ દિવસ ટકશે નહિ. પાલી નામની પ્રાકૃત ભાષામાં એક અતિ મહત્ત્વપૂર્ણ ગ્રંથ છે. તેનું નામ થેરી-ગાથા છે. 'થેરી' શબ્દ સંસ્કૃત ' સ્થવિરા ' શબ્દનું અપભ્રંશ રૂપ છે. એ થેરીગાથા નામક ગ્રંથનો ઇંગ્રેજી અનુવાદ રોમન લિપિમાં પ્રકાશિત થયે બહુ વરસ થયાં છે. પણ હમણાં બંગાળામાં પણ તે પ્રકાશિત થયો છે. અને સંભવ છે કે હિન્દીમાં પણ તેનું રૂપાન્તર થશે ! આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં એ ગ્રંથ રચાયો છે. એ ગ્રંથમાં તે વખતની સિત્તેર એંસી સ્ત્રીઓની બનાવેલી ધર્મ-જ્ઞાન સંબંધી કવિતાઓનો સંચય છે. તેમાંથી તે સ્ત્રીઓના જીવનચરિત્ર સાથે સંબંધ ધરાવનારી ઘટનાઓની પણ થોડી હકીકત મળી આવે છે. એ સર્વ સ્ત્રીઓ બૌદ્ધધર્માનુયાયીની હતી. બુદ્ધદેવે ધર્મનો ઉપદેશ કરવા સ્થવિરોની સૃષ્ટિ કરી હતી તેવીજ સ્થવિરાઓની પણ સૃષ્ટિ કરી હતી. એ સહુ ભિક્ષુણી સ્ત્રીઓ બરાબર શિક્ષિત હતી. જ્ઞાન ચર્ચા કરતાં કરતાં તેઓને સંસારથી વિરક્તિ થઇ ગઇ હતી. જેથી તેઓ બૌદ્ધધર્મમાં દીક્ષિત થઇ હતી. સ્ત્રીઓની વિદ્વતા તથા યોગ્યતાના સૂચક એવા કેટલાએ ગ્રંથો

કાળના પ્રભાવથી લુપ્ત થઇ ગયા હશે કે જે કોઇને માલમ નથી !!

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે પૂર્વે સ્ત્રીઓને સારી રીતે શિક્ષણ આપવામાં આવતું હતું. તેઓ કવિતાઓ બનાવતી હતી, શાસ્ત્રાર્થ કરતી હતી, આત્મવિચાર ઉપર ગ્રંથો લખતી વતી, રાજનીતિના પુસ્તકોની રચના કરતી હતી. આવશ્યકતા પ્રાપ્ત થતાં બહાર પણ નીકળતી હતી અને લાંબી લાંબી દાઢીઓ વાળા મંત્રીગણથી વેષ્ટિત બની રાજ્યાસન ઉપર બેસી રાજ્યનું કામકાજ પણ કરતી હતી. આ કપોલ કલ્પના નથી ! આની સત્યતા માટે એક નહિ પણ અનેક પ્રમાણ મળી આવે છે.

એ વખતે કુમારિકાઓના વિવાહ પણ યોગ્ય ઉમ્મર થયા પછીજ થતા હતા કે જેની સત્યતા માટે આયુર્વેદના ગ્રંથોમા અને સ્મૃતિઓમાં ઘણુંજ લખાએલું છે. લેખકો અને વક્તાઓએ એ સામગ્રીથી આજ સુધી એટલા તો ઉલ્લેખ કર્યા છે કે જેને માટે વધારે લખવાની જરૂર નથી. એ વખતે ઉચ્ચ-નીચની કસોટી આજ કાલની. કુલિનતાથી નહિ કિન્તુ વિદ્યા, તપસ્યા અને સદાચરણ-શીલતાથી થતી હતી ! પોતાનાથી હીનવર્ણની કન્યાનો પણ સ્વીકાર કરવામા આવતો હતો. કન્યાવિક્રયજ નહોતો !! અલંકૃતા કન્યાના દાનનો રિવાજ હતો ! કન્યા પક્ષવાળા સ્વયં યથાશક્તિ જો કાંઇ આપવા ઇચ્છે તો તે આપી શકતા હતા કરાર કે દસ્તાવેજ લખાતા નહોતા. કાચી ઉમ્મરમાં વિવાહ થતા નહોતા. જે ગૃહ્યસૂત્રો અને પદ્ધતિઓ પ્રમાણે વિવાહ સંબંધી ધાર્મિક ક્રિયા થતી તે સર્વ આ વાતની સાક્ષીરૂપ છે. જે મંત્રો કે પ્રતિજ્ઞાઓનું ઉચ્ચારણ વરની પાસે કરાવવામાં આવતું તે અલ્પવયસ્ક બાળકને માટે નહોતું. બિચારો બાળક કે બાલિકા તેનું ગૌરવ શું જાણે ! એ અતિ મહત્ત્વની ક્રિયા છે. તેનો પ્રચાર કરવાવાળા ઘણા સભ્ય, દૂરદેશી અને વિદ્વાન હતા, આપણે આપણા પુત્ર-પુત્રી વિવાહનો નિશ્ચય પહેલેથીજ કરી લઇએ છીએ રંગ-બેરંગી નિમંત્રણ પત્રિકાઓ પણ મહિનો અગાઉથીજ છપાવીને મોકલી આપીએ છીએ. હજારો રૂપિયાના સામાન પણ ખરીદ કરીને પહેલેથીજ ઘરમાં લાવી રાખીએ છીએ. પરંતુ જેને આપણે 'કન્યાદાન' કહીએ છીએ, એ ક્રિયા કરતી વેળા ભાવી વરના મુખથી જે શબ્દો કહેવરાવવામાં આવે છે તેની ગુરૂતા ઉપર કદી આપણે વિચાર કરીએ છીએ ? છોકરા પાસે કહેવરાવવામા આવે છે કે:-

यदि कन्या गुणोपेता सर्वलक्षण संयुता ।
तदा त्वा प्रति गृह्णामि देवाग्निगुरुसन्निधौ ॥

અર્થાત્ વર કહે છે કે યદિ કન્યા ગુણવતી અને સુલક્ષણા હોય તો હું તેનું પાણિગ્રહણ કરું. અન્યથા નહિ. આચાર્યો એ વરને એ સરત પ્રમાણે વિવાહની પાંચ મિનિટ પહેલાં જો જણાવ્યું હોય કે કન્યા વિચિત્ર છે, તો એવી ગુણહીન અને કુલક્ષણી કન્યાને પત્ની બનાવવાનો તે ઇનકાર કરે. પરંતુ એમ બનવાની સંભાવના બહુજ થોડી છે. અથવા એમ કહીએ કે મિલકુલ નથી તોપણ ચાલે. આટલું કહેવાની મતલબ આચાર્યોના ગુણાનુરાગ પ્રદર્શિત કરવા માટેજ છે જુઓ ગુણોના તે એટલા પક્ષપાતી હતા કે તેમણે નિયમ કર્યો કે યદિ વર ધારે તો ગુણહીન કન્યાની માથે વિવાહ કરવાનો ઇનકાર કરી શકે? એવા નિયમોનું ફળ એ થતું કે પૂર્વકાળમાં સૌ માણસો પોતાની કન્યાઓને યથાશક્તિ શિક્ષણ આપી ગુણશાલિની બનાવતા હતા. જો ન બનાવે તો કરે શું ? નિર્ગુણી અને કુલક્ષણી કન્યાને લે કોણ ? આજકાલ યુરોપ અમેરિકામાં કન્યાઓને જે અનેક પ્રકારનું શિક્ષણ આપવામા આવે છે તેના ઉદ્દેશોમાં એક એ પણ ઉદ્દેશ છે કે પોતાની કન્યા અશિક્ષિત ગણાઇ નકામી ન થઇ જાય ! પરંતુ ઉદ્દેશની સિદ્ધિનો પ્રબંધ આપણા દૂરદર્શી આચાર્યોએ હજારો વર્ષ

ા હતો ! તેને લીધે ભાર-
ી, વિદ્યાવતી, અને કલાવતી
મય સદા એક સરખો રહી
શો, જાતિઓ, વ્યક્તિઓ એ
ઉત્થાન અને પતનનો ક્રમ લાગીજ
કાઈ પડે છે, કોઇ ઉઠે છે; કોઇનો
ે છે કોઇનો અસ્ત થાય છે. મહા
પ્રાતઃકાળ વર્ણનમાં એ વાતને બહુજ
થી દેખાડી છેઃ—

એકતોઽસ્તશિખરં પતિરોષધીના-
માવિષ્કૃતોઽરુણપુરઃસર એકતોઽર્કઃ ।
તેજોદ્વયસ્ય યુગપદ્ વ્યસનોદયાભ્યાં
લોકોનિયમ્યત ઇવાત્મદશાન્તરેષુ ॥

સમયના પ્રભાવથી કહો કે ભારતના દુર્ભાગ્યથી કહો આપણી સામાજિક દશામાં અધોગામી પરિવર્તનનો આરંભ થઇ ગયો। પ્રાચીન આદર્શ શનૈઃ શનૈઃ શિથિલ થવા લાગ્યા સ્ત્રીઓના વિષયમાં પૂજ્યભાવ કમી થવા લાગ્યો! તેઓને ગુણવતી બનાવવામાં ઓછું ધ્યાન અપાવા લાગ્યું. જે હૃદય ગુણોની નિવાસભૂમિ હતું તેજ હૃદય સમાજમાં વિશૃંખલતા અને અનુદારતા ઉત્પન્ન થવાથી આઠ પ્રકારના કલ્પિત અવગુણોનું ઘર બનાવા લાગ્યું! બાળવિવાહ બહુવિવાહ અને શિક્ષાનો અભાવ વગેરેની વૃદ્ધિ થવા લાગી. ભારતનું શાસન મુસલમાનોના હાથમાં આવ્યા પછી સામાજિક દોષોએ વધારે જોર પકડયું હતું. સેંકડો વિધવાઓને પોતાના મૃતપતિના શરીર સાથે જોર-જુલ્મથી બાળી દેવામાં આવતી હતી-વિશેષે કરીને બંગાળામાં હજારો શિશુ બાલિકાઓને મોટે ડુચો દઇને મારી નાંખવામાં આવી હતી-વિશેષે કરીને રજપુતાનામાં બહુવિવાહરૂપી પાપપંકમાં નિમગ્ન પતિયોના હાથથી અનેક અબળાગિની પત્નીઓ ફાંસી ઉપર લટકી હતી-વિશેષે કરીને સિંધમાં. આવી આવી તીવ્ર યંત્રણા અને અત્યાચારથી મનુમહારાજની પૂજ્યા તથા ભૂપતિવ્યા નારીઓનું જીવન વિપત્ત, વિષાદપૂર્ણ અને વિષમય બની જાય એમાં શું આશ્ચર્ય ? સ્ત્રીઓએ તે સર્વ સહન કર્યું; કારણકે જે પરમેશ્વરે તેમને અબળા તેમજ કોમળ બનાવી છે તેજ ઇશ્વરે તેમને ઉત્પાદન અને અત્યાચાર સહન કરવાની શક્તિ પણ આપી છે. ધીરે ધીરે કઠોરમાં કઠોર સામાજિક પીડન તથા તાડન પણ શાંત રીતે-મુંગા મોઢે સહન કરવાની તેમને આદત પડી ગઇ છે, સ્ત્રીઓની એવી દશા જોઇને તુલસીદાસજીએ જે એમ કહ્યું કે ઢોલ, ગંવાર, શુદ્ર, પશુ, નારી—યે સબ તાડનકે અધિકારી" તે કાંઇ પણ ખોટું નથી કીધું. કવિ પોતાના કાવ્યમાં ગમે તે આદર્શ ચરિત્રનું ચિત્રણ કેમ ન કરે? તેના ઉપર તાત્કાલિક સમાજની છાયા પડયા વિના રહેતી નથી. એવી ઉક્તિ ઉપરથીજ જે લોકો તુલસીદાસ ઉપર સમાજમા અમાનુષિક સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો આક્ષેપ મૂકે છે. તેઓ પોતાના ઘરની બિલકુલ ખબર રાખતા નથી. એ ઢોલ અને એ ડંડા તુલસીદાસના નથી. કાગળ અને શાહીજ માત્ર તેમની છે. ઢોલ ડંડા તો આપણા છે. આપણી ડાંડીથીજ આપણો ઢોલ તેમણે ટીપ્યો છે. અમને વિશ્વાસ છે કે આડોશી પાડોશીમાંથી આવેલો ડાંડીનો અવાજ કદી કદી સહુના કાન સુધી પહોંચ્યો હશે. પછી તુલસીદાસ ઉપર અમાનુષતાનો દોષ શા માટે? લાકડીથી સ્ત્રીઓનું તાડન થતું જરૂર જોઇએ શું તેઓ એમ લખે કે લોકો તેની પુષ્પાક્ષતથી પૂજા કરે છે? તુલસીદાસે પોતાના રામાયણમાં સીતાજીના સંબંધમાં આ પણ લખ્યું છેઃ—

દેખન ભાલુ કીશ બહુ ધાયે।
રક્ષક કોટિ નિવારણ આયે ॥
કહ રઘુવીર કહા મમ માનહુ।
સીતહી સખા પયાદેહિં આનહુ ॥
દેખ નહિં કપિ જનની કી નાઈ।
વિહઁસિ કહા રઘુવીર ગુસાઈ ॥

આતો સભ્ય તથા સુશિક્ષિતને અનુરૂપ ઉક્તિ છે ને? તો પછી તેનો અમલ કેમ

નથી કરતા? જેમને તુલસીદાસની ઢોલવાળી ચોપાઇ ખટકતી હોય તેમને તો પોતાના ઘરમાં આના અનુકરણનો આરંભ જરૂર કરી દેવો જોઇએ.

ખરું તો એ છે કે આમાં તુલસીદાસનો દોષ નથી કે બીજાનો પણ દોષ નથી. સમય દોષ આપણો છે. તુલસીદાસજી તો મોટા ગજબના તિજ્ઞ હતા. તેમણે લખ્યું છે–

જાસુ રાજ મહેં પ્રજા દુખારી।
સો નૃપ અવસિ નરક અધિકારી॥
ઢોલ જાનિ પશુ સબ કાહુ।
સબ ચન્દ્ર મહિં ધર્મ ન રાહુ॥

પરંતુ જ્યારે તેમણે સમાજની દશા ઉપર દૃષ્ટિ કરી અને જોયું કે સર્વ અકર્મણ્ય બની રહ્યા છે, ત્યારે તેમણે લખ્યું કે:–

કોઉ નૃપ હોહિ હમે કહાની।
ચેરી છાડી ન હોઉ બ રાની॥

તેઓએ રાજનીતિનો આદર્શ પણ બતાવ્યો અને આપણી અકર્મણ્યતાનું ચિત્ર પણ દોર્યું. કવિનું એજ કર્તવ્ય છે!

વિષયાન્તર થયું છે, પણ તાત્પર્ય એ છે કે કવિઓનાં કાવ્યોમા જે એવી ઉક્તિઓ મળે છે તે સમાજના સાચાં ચિત્ર છે. બહુજ ખુશી થવા જેવું છે કે હજારો વર્ષ પંછી પ્રતાપી ઇંગ્રેજી રાજ્યના સમયમા ઘણીએક સુધારણા થએલી છે. સતીદાહ બંધ થયા છે. કન્યાઓને દૂધ પીતી કરવાનો રિવાજ નાશ પામ્યો છે. પત્નીઓ પાપત્મા પતિઓના હાથથી ફાંસી ઉપર નથી લટકતી. તરણ કુમારિકાઓ તથા કુલકામિનીઓને હવે નવાબો કે કિલ્લેદારોના મહેલમાં દાસી બની રહેવું પડતું નથી. સ્ત્રીઓને શિક્ષણ આપવાના પ્રયત્ન ચાલી રહ્યા છે. અને એવું કહેવું જોઇએ કે સ્ત્રીઓની યાતના રૂપી કાળ રાત્રી હવે અવસાન પહોંચવાનાં શુભ લક્ષણ દેખાય છે. જે સ્ત્રીઓ પોતાના સુખની જરાપણ પરવા ન કરતાં બીજાને સુખી કરવામાંજ પોતાનું કર્તવ્ય સમજે છે, બૂમ્પાઓને જમાડવામાં, તૃષાતુરોની તૃષા શાંત કરવામાં, રોગીઓની સેવા–સુશ્રૂષામાં જે અપૂર્વ સુખ અને સંતોષનો અનુભવ કરે છે, ધાર્મિકતા અને કરૂણાની જે મૂર્તિ છે, સહિષ્ણુતાનો જે અવતાર છે, પ્રેમનો જે નિધિ છે તેને જગદીશ્વરે આટલા દીર્ઘ સમય પછી પણ દાદ દેવાનો વિચાર કર્યો છે.

સ્ત્રીઓને કેળવણી આપવી જોઇએ, તેમાં તો હવે સંદેહજ નથી! પુરૂષને કેળવણી લાભદાયક છે તો સ્ત્રીઓને પણ તે લાભદાયક હોવી જોઇએ જે દવાથી પુરૂષોનો જ્વર જાય છે તે દવાથી સ્ત્રીઓનો પણ જાયછે! શિક્ષણનો અર્થ સંકુચિત નથી, લખવું-વાચવું-કળા કૌશલ્ય, ગૃહ પ્રબંધ, વિજ્ઞાન આદિ સર્વનો શિક્ષણમાં સમાવેશ થાય છે સ્ત્રીઓના કર્તવ્યકાર્ય પુરૂષોના કાર્યોથી ભિન્ન છે, માટે તેના શિક્ષણમાં તેમની સ્થિતિ અને કર્તવ્ય અનુસાર કાંઇક ભિન્નતા અવશ્ય હોવી જોઇએ. જેટલું શિક્ષણ વર્તમાન સામાજિક સ્થિતિને માટે હિતકર હોય તેટલુજ આપવું જોઇએ-કહ્યું છે કે—

यावन्न साध्वरा माता तावत्त दयार्द्रचेतसा
निरक्षरा हि तिष्ठन्ति विनोपाय सत्सर्के

કેટલાએ શિક્ષિત દેશોમાં સ્ત્રીઓ સેંકડો કાર્યો કરવા લાગી છે, કચેરીઓમાં, સ્ટેશનોમાં, તારઓફિસોમા, હોસ્પિતાલોમાં, કારખાનાંઓમાં દુકાનોમા એમ સર્વત્ર લાખો સ્ત્રીઓ જાત-જાતનાં કામ કરે છે, કેટલીક સ્ત્રીઓ તો પોતાનાં કાર્યોથી પુરૂષોને પણ હંફાવે છે, વિદ્યા, વિજ્ઞાન ના પુસ્તકો રચવામાં પણ સ્ત્રીઓએ નામના મેળવી છે, આથી સિદ્ધ થાયછે કે ઇશ્વરે તેને પણ બધાં કામ કરવાની શક્તિ આપેલી છે, જો કે પુરૂષ જેટલી તેનામાં શક્તિ નથી પણ તે ઘણું કરે છે! પારિવારિક કામ કરવામા તે વધારે કુશળ છે. આપણી વર્તમાન સામાજિક અવસ્થામાં સ્ત્રીઓને એવું શિક્ષણ આપવું જોઇએ કે જેથી આપણી પારિવારિક દશા

પેલા મેહોમેદને જવાબ દીધો કે " અમારા પ્યારા પયગમબર હજરત મોહમદનું ફરમાન છે કે ' ગમે તેવી આફત, મુશીબત અને સખતી દરમયાન સબુરી અખતયાર કરવી.' તમારી ઔરતનો જુલમ સહન કરવામાં મેં તમો લોકો ઉપર સહેજ પણ ઉપકાર કીધો નથી, પણ અમારા પયગમબરનું ફરમાન બજા લાવવાની તક તમારી ઔરતે મને આપવાથી હું તે ઔરતનો અહેશાનમંદ છું." આ ખુદાસનાશી જવાબથી પેલા મહુદી અને તેની ઔરત ઉપર એટલી તો મજબુત અસર થઇ કે તેઓ એસલામમાં આવી ખુશીઓનો દરીયો ઉછળતો જોઈ તેઓ બીજેજ દીવસે એસલામથી મુશરફ થયા. ઉપલાં મેહોમેદન જોડાં જેવું સબુરી અખતયાર કરનારૂં એક પણ જોડું આ વીસમી સદીમાં આપણને મળી શકશે ?

ભોમીન.

ઉછીના આપેલા રૂપીઆ કરતાં ઉછીના લીધેલા રૂપીઆ ઘણા નાના દેખાય છે.

બીજાઓ તમારૂં કંઇ કરે તેને બદલો કરવાને બદલે તેની સાથે કેવી વર્તણુંક રાખો છો તેનો પહેલો વિચાર કરવો

વાતચીતમાં હમેશાં મધુર શબ્દો વાપરજો કેમકે "ખરાબ શબ્દોથી ઘણી બુરી અસર થાય છે."

એક મહા પુરૂષ કહી ગયો છે. તારા દુશ્મનને ગોળીથી વીંધજે, પણ ખરાબ શબ્દોથી વીંધતો ના.

ગુસ્સો એ એક એવી ગર્જના છે કે માનવી માત્રના માયાના દુખને ખોટું બનાવી મુકે છે.

યાદ રાખો ! સારાં કામો કર્યા વગરનો દિવસ તમોને કરજના કરજમાં ડુબાવતો જાય છે.

પ્રમાણિકપણાથી મહેનત કરો. આજની મહેનતથી કળા હમેશાં કાલે મળે છે, શીખી સમજીને કરવાથી કોઇની બરબાદ જતી નથી.

ધાર્મિક શિક્ષણ.

ઇશ્વરની અચિંત્ય અને અગાધ શક્તિની સાક્ષી પૂરનાર આ દુનિયામાં જે જે મનુષ્યો, કહો કે જે જે વસ્તુઓ ઉદ્ભવે છે તે તે ક્ષય પામે છે. આપણી ભારત ભૂમિની વર્તમાન સ્થિતિ નિષ્પક્ષપાતી દૃષ્ટિથી જુઓ ! શું દેખાય છે ! એવો પણ સમય હતો કે જ્યારે દુનિયાના સર્વ દેશો ભારતવર્ષનુંજ અનુકરણ કરતા, જ્યારે આપણો દેશ સુધારામાં પ્રાધાન્યપદ ભોગવતો હતો, જ્યારે રાગ જેવા પ્રજાની ઇચ્છાનુકૂલ વર્તનાર રાજાથી અને રાજાની આજ્ઞાને તાબજ માથે ચઢાવનાર પ્રજાથી ભારતભૂમિ વિભૂષિત હતી. તેવા રાજા, તેવી પ્રજા અને તેવો સમય હાલ ક્યાં છે ! આ સર્વ આપણને સૂચવે છે કે જે જે વસ્તુ આ ભૂલોકમાં ઉત્પન્ન થાય છે તે અલ્પ યા તો દીર્ઘ કાલાન્તરે નાશ પામે છે. આ દુનિયામાં ઇશ્વરે અનેક પશુ પ્રાણીઓ અને મનુષ્યો સરજ્યાં છે તેમાં મનુષ્ય અગ્રગણ્ય પદ ભોગવે છે. શા માટે ! કારણકે દયાલુ ઇશ્વરે મનુષ્યને—આપણને માનસિક શક્તિઓ બક્ષી છે. પરમેશ્વરની આપેલી માનસિક શક્તિ રૂપી વારસો જો આપણે ગુમાવી દઇએ તો આપણે દુનિયા ઉપર ભારરૂપ છીએ, પરન્તુ તે શક્તિને પ્રફુલ્લિત કરી વારસામાં વૃદ્ધિ કરીએ તો આ દુનિયામાં જન્મીને કંઇ શુશ્રૂષા કરવાને શક્તિવાન થઇ શકીએ.

માનવોત્કર્ષ કરવામાં વિદ્યા કારણભૂત છે એવું આપણે પ્રાચીન અને નવીન ઇતિહાસના લક્ષપૂર્વક અધ્યયન કર્યાથી જાણીએ છીએ. જેટલા પ્રમાણમાં આપણે વિદ્યા ઉદ્યોગ અને કળાકૌશલ્યમાં ઉચ્ચ પદ ભોગવતા હોઇએ તેટલાજ પ્રમાણમાં આપણે આપણી અને સમસ્ત દેશની ઉન્નતિ કરી શકીએ. વ્યાવહારિક કાર્યોમાં મનુષ્ય માત્રને કેળવણીની જેટલી જરૂર છે તેટલી, બલ્કે તેથી વિશેષ આવશ્યકતા ઇશ્વર

સંબંધી જ્ઞાન મેળવવામાં છે ગમે તેવી ઉચ્ચ પરીક્ષાઓ પસાર કરી હોય, ગમે તેવા ઉત્તમ લેખો સામયિક પત્રમાં લખતા હોઇએ, 'સ્વરાજ્ય'ની વીરગર્જનામાં ગમે તેવો મ્હોટો ઘોષ સામિલ કીધો હોય, તોપણ ધાર્મિક શિક્ષણ ની અવગણના કરીને સંસારિક સુખમાં કેવળ તલ્લીન રહેતા હોઇએ તો આપણે મૂર્ખ છીએ. ઐહિક અને સ્વર્ગીય સુખ પ્રાપ્ત કરવા પ્રત્યેક વ્યક્તિએ યથાશક્તિ પ્રયાસ કરવો જોઇએ એ નિર્વિવાદ છે, અને તેટલા માટેજ વ્યાવહારિક કેળવણી ઉપરાન્ત ધર્મિક કેળવણીની અતિ અગત્ય છે. પ્રખ્યાન ગ્રન્થકારોના પુસ્તકનાં પાના–એક પહેલું, વચલુ અને એક અંતિમ એમ ઉથલાવી જઈ વિશાળ વાંચનનો દમ્ભ કરવો એ અતિ સખેદાશ્ચર્ય છે. પુસ્તકોની સંખ્યા તરફ ધ્યાન ન આપતાં મનનપૂર્વક પુસ્તક વાંચી તેમાં શું રહસ્ય સમાયેલું છે તે જાણવા જીજ્ઞાસુ થવું જોઇએ. ધાર્મિક વાચન પરત્વે પણ એજ કહેવાનું, ફક્ત રામાયણ, મહાભારત ઇત્યાદિ પુસ્તકો અવ્યવસ્થિત રીતે વાંચી જવાં તેના કરતાં અજ્ઞાન રહેવું સારૂ છે. હાલ નિશાળોનાં વિદ્યાર્થીઓ લડાઇઓ અને યોદ્ધાઓનાં ફક્ત નામ અને સાલો મુખપાઠ કરી માનસિક શક્તિને જેવી રીતે અધારામાં રાખે છે, તેવી રીતે જો આપણે ફક્ત રામ, કૃષ્ણાદિનાં નામોથી વાકેફગાર હોઇએ તો શુ આપણને ધાર્મિક શિક્ષણ મળેલું ગણાશે ! નહિજ "Little knowledge is dengerous" એ એક સમર્થ કવિની ઉક્તિનું વારંવાર સ્મરણ થાય છે. વાચ્યા પ્રમાણે ન વર્તવું, અન્યને ઉપદેશ કરવો, એને વિદ્યા વિવાદાય ધન મદાય શક્તિ પરેષા પરિપીડનાય, એવા ખોટા વિચારોને જીગરમાં સ્થાન આપવું એ કેટલું બધું ઉપહાસ્યજનક છે ! ! ધર્મ સંબંધી પુસ્તકોના દરેક વિષયને હસ્તામલકવત્ કરવો જોઇએ અને તેમાંથી ઉપદેશ ગ્રહણ કરવો એ દરેકની ફરજ છે,

ધાર્મિક શિક્ષણના અભાવથી કેવાં કેવાં અનિષ્ટ પરિણામો થાય છે ! કેટલાક મનુષ્યો 'હું'પણા' નાં પ્રવાહમાં તણાઇ દુઃખી થાય છે. અને દુર્વાવૃત્તિના ચક્ર પંજામા પકડાઇ જઈ અન્યને–તે દુઃખ રૂપી દરિયામાં બોલાવે છે. પુરાતન કાલમાં લોકોમાં બન્ધુ ભાવનાનો કેવો મધુર અનિલ વાતો હતો, અન્યના દુઃખમાં લોકો કેવી રીતે સહાયભૂત થતા, તેઓ કેવા વૈમનસ્ય રહિત હતા, એનું જ્ઞાન ધાર્મિક શિક્ષણ વિના કયાંથી પ્રાપ્ત થાય ? માટે, સુજ્ઞબન્ધુઓ ! શૈશવકાલમાં બાલકોના મનમાં ધર્મ પરત્વે વિચારોનું આરોપણ કરવું એ શ્રેયસ્કર છે, તેમજ ભવિષ્યની પ્રજ્ઞોન્નતિની યત્કિંચિત્ આશ આપણે રાખી શકીએ.

ધાર્મિક શિક્ષણની જેટલી જરૂરિયાત પુરૂષોને છે તેટલીજ અગત્ય સ્ત્રીઓને છે. પુરૂષના ધાર્મિક વિચાર ઘણા વિશાળ હોય પણ પોતાની સ્ત્રી અર્ધાંગના તરફથી સહાનુભૂતિ ન મળતી હોય તો પુરૂષની ઉચ્ચ આશાઓ ગગન કુસુમવત્ છે. 'સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ નથી' એ એક ગુર્જર અપૂર્વ નવલકથાકારનું વાક્ય સત્ય છે મહાભારત, રામાયણ જેવા ગ્રંથોથી અક્ષરશઃ દરેક સુશિક્ષિત સ્ત્રી પરિચિત હોવી જોઇએ. આ ગ્રન્થોનાં ભાષાન્તર મળી શકે છે ત્યારે શા માટે સ્ત્રીઓને ધાર્મિક કેળવણી આપવામાં આપણે મન્દ રહેવું જોઇએ ?

જૂના વખતમા મહા વિદ્યાવિલાસી સજ્જનો પ્રભુ પ્રત્યે કેવી ભાવના રાખતા હતા માતાની આજ્ઞા કેવી રીતે પાળતા. એવા દૃષ્ટાંતો આપણા ગ્રંથ આગળ મશકુર છે. 'બધે કાલના અભાવે આપણા પૂર્વજો જેવા સ્થાન આપણે ગ્રહણ કરી ન શકીએ તોપણ તેઓના જેવા ઉચ્ચ વિચારો કરી તેમની મહત્તાનું અનુકરણ તો અવશ્ય કરવુંજ જોઇએ' આવું કિમો સ્થિનિસનું માનવું છે. માટે, પ્રિય વાંચકો ! ધર્મ સંબંધી પુસ્તકો વાંચી વિશાળ વિચારો ગ્રહણ કરો.

ચમનલાલ એમ. ત્રીવેદી. પાલણપુર.

સંશય!

પુણ્યપ્રદ પ્રદોષકાળ! નિસર્ગ રમણીનું આ વેળાનું અવ્યાજ મનોહર સૌંદર્ય જોઈને સુરેશ પણ મોહિત થાય તો બીજાનો શો હિસાબ! નીલનભોમણ્ડળમાં રજનીપતિ–ચંદ્રમા હમણાંજ ઉદયોન્મુખ થયો છે. અનંત તારા ગણ સાનંદ સર્વ નભપટ ઉપર નૃત્ય કરતા હોય એમ ભાસ થાય છે. શાંતિ નિકેતનની બહારના બાગમાં પણ સુંદર બગીચામાં આ વખતે કોઇ બે સ્નેહાળ વ્યક્તિઓ કાંઇક વાર્તાલાપ કરતાં જણાય છે.

"સરલા! હું કેટલો ધન્ય! જો! તારા જેવી સ્વર્ગીય દેવીનો મારા સરખા પામરને લાભ! એ જાણે મારા કેટલાક પૂર્વ જન્મનાં પુણ્ય ફળેલાં હોય એમ નથી જણાતું? તારા સિવાય જગત્ એ શું પદાર્થ છે તેની મને આ વખતે જરા પણ કલ્પના આવતી નથી!"

"આપને એમ લાગે એ આપના અત્યુચ્ચ સ્વભાવને ઉચિત છે, પણ હું આપના ચરણની દાસી છું. આપે મને આપનાં ચરણોમાં સ્થાન આપ્યું છે તેથી હું મારા જીવતરને સાર્થક થયું ગણું છું. અને આ સુખની આગળ સ્વર્ગસુખ પણ તુચ્છ લાગે છે! મારા ભાગ્યને હું ધન્ય ગણું છું કે મને આપના પ્રેમનો આસ્વાદ મળ્યો!"

"સરલા! મારો પ્રેમ તને એટલો અમૂલ્ય લાગે છે?–"

વસંતરાયને સરલાએ આગળ બોલવા દીધો નહિ. તે વચ્ચેજ બોલી—"હા, હા. એ પ્રેમ આગળ મને કોઇ ચીજ કિંમતિ લાગતી નથી."

"તું તો બહુ ચતુર જણાય છે." વસંતરાય સરલાનું ઉપરનું બોલવું સાંભળી તેના એક ખભા ઉપર હાથ મૂકી તેની તરફ સ્નિગ્ધ દૃષ્ટિએ જોતો બોલ્યો "સરલા તું વિશુદ્ધ પ્રેમની મૂર્તિમંત પુતળી છે..."

"અને તેથીજ હું મને ભાગ્યશાળી ગણું છું." સરલા વચ્ચેજ બોલી ઉઠી. "હું શું કહું? મારો પ્રેમ શું? મારા પ્રેમની જ્યોતિ શું? તે પોતે અતિ પંગુ છે. નિર્બળ છે. જ્યાં સુધી અનુકૂળતા છે ત્યાં સુધી તે તેજ અવસ્થામાં રહે છે. તેની વિરુદ્ધ કોપ, મત્સર, સંશય વગેરેનો ઝપાટો છૂટતાં તે પ્રેમની પરિસમાપ્તિ ક્યારે થશે તે કોઇ જાણતું નથી! પ્રભુ! જે સમયની આપણે આતુરતાથી રાહ જોતાં હતાં તે સમય આપણને મળેલો છે. અને તેને લીધે મારું જીવન ધન્ય થએલું છે! મને હમણાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળનું ભાન નથી. વધારે શું કહું? સૂર્યનારાયણ ઉગે છે ક્યારે અને આથમે છે ક્યારે તેની પણ મને ખબર રહેતી નથી!! અમૃતસાગરમાં નિમજ્જન કરતાં જગતને વિસરી જાઉં નહિ તો શું કરું! પણ મહારાજ? મને હંમેશ એક ભીતિ રહે છે કે આપ મારો કોઇ વખતે તિરસ્કાર તો નહિ કરો ને! મારા પ્રેમનું નાવ વચ્ચેજ નહિ ડૂબાવોને!"

"સરલા! આ તું શું બોલે છે! આવી કલ્પના તને આ વખતે કેમ આવી? આ જો સમગ્ર સૃષ્ટિ આપણી પેઠેજ પ્રેમમાં તલ્લીન થઇ ગએલી છે. જાણે તે આપણા પ્રેમનું સ્વાગત કરે છે."

"એ ખરું, પણ મને આ ચંદ્ર અને ચંદ્રિકાની સ્થિતિ જોઇને એવી કલ્પના આવી છે. ધવલ કૌમુદી સાથે ક્રીડા કરતો આ ચંદ્ર જ્યારે શ્યામ વાદળીમાં છૂપાઇ જાય છે ત્યારે જ્યોત્સ્નાની કેવી દીન સ્થિતિ થાય છે! ઇશ્વર કરે અને મારા પ્રેમને તેવી દશા પ્રાપ્ત ન થાય!!"

"પ્રિય સરલા! ઇશ્વરકૃપા ઉપર શ્રદ્ધા રાખ ને અખિલ જગતને આદર્શવત્ થા. મારી મનોદેવતા મને કહે છે કે આપણા પ્રેમમાં કોઇ જાતનું વિઘ્ન નહિ આવે. માટે અનુચિત કલ્પનાઓ કાઢી નાંખ. આ જો સુધાંશુનું પ્રેમહાસ્ય,

શુકપિકાદિનું નિસર્ગમય સંગિત, અને આકાશરથ તારાગણનો ચળકાટ આપણા વિમુગ્ધ પ્રેમનું ચિરત્વ અનંતકાળ પર્યંત્ નથી સૂચવતાં ? મારામાં જે પ્રેમ તત્ત્વ જોઇને તેં પ્રેમાર્પણ કરેલું છે તેનું મૂલ્યજ નથી! તારો સહવાસ, તારું મધુર ભાષણ અને તારું વર્તન મને પ્રત્યેક ક્ષણે નવીન જગતનો ભાસ ઉત્પન્ન કરાવે છે. આપણા હાથમાં પરમેશ્વર રૂપી આ પ્રેમની મેવા અખંડ અબ્યાહત ચાલુ રહે એજ મારી ઇચ્છા છે."

સરલા એ પતિદેવનું ભાષણ સાંભળી શરમાઇ ગઇ હોય તેમ વિનમ્ર થઇ વસંતરાયના બાહુ યુગલમાં લપટાઇ ગઇ. આવા અપૂર્વ પ્રસંગો તે દંપતીના જીવનમાં કાયમ રહેશે ? કોણ કહી શકે ?

(૨)

વસંતરાયને એક વિમળા નામક બ્હેન હતી! દુર્દૈવના પ્રભાવથી તે બાલ્યાવસ્થામાંથીજ વિધવા થઇ હતી. અને ઉત્તમ સદ્ગતિના અભાવે તેનું વિકારવશ હૃદય અધમ પ્રવૃત્તિ બ્હોરવા તત્પર હતું. રમાનાથ પંડિત નામે એક તરૂણ વસંતરાયનો મિત્ર હતો. હમેશ તે વસંતરાયને ઘેર આવતો. વિમળાની દૃષ્ટિ તેના ઉપર પડી. અને એક દિવસ એકાન્ત મળતાં દૈવતા તથા દારૂનો સંયોગ થયો. કેટલાક દિવસ એ પાપ કોઇ જાણી શક્યું નહિ, પણ પાપીઓને જો હંમેશ સુખનો આસ્વાદ મળતો હોય તો પુણ્યવાળી પ્રવૃત્તિઓ સેવે કોણ અને ધર્મરને ગણે કોણ !

વસંતરાયના ઘરના પાછલા વાડામાં વિમળા અને પં. પંડિત એક વેગા વિનોદ કરતાં હશે તે સરલાની દૃષ્ટિએ પડ્યાં. સરલ સરલા એ દૃશ્યથી શરમાઇ તરત પાછી વળી પણ વિમળાને તેથી ભવિષ્યના ભયની કલ્પના થઇ. તરતજ તે દોડતી દોડતી વસંતરાય પાસે આવી અને પોતાનું અપકૃત્ય સરલાને માથે ઢોળી પાડ્યું. એક ક્ષણમાંજ કોઇ માણસ છપાતું-સંતાતું પાછળથી આવી બંગલાના આગળના દરવાજામાંથી નાસી જતું તેણે પ્રત્યક્ષ નીરખ્યું જોખા પ્રકાશમાં પણ તે પં. પંડિત છે એમ વસંતરાય કળી શક્યો. તેના સર્વ શરીરમાં વીજળીનો પ્રવાહ પટ્ટેતો હોય તેમ આંચકો લાગ્યો. અને પગથી શિખા પર્યંત્ કોપાગ્નિ વ્યાપી ગયો. તેનાં મનમાં વિચાર પરંપરા ચાલી. "સરલા ! નામ પ્રમાણે અન્તઃકરણ અને કૃતિ હોત તો ? પંડિત ! તું આટલો નીચ હશે એમ મને આજ સુધી કદીપણ કલ્પના થઇ નહોતી ! મારી મૈત્રીનો સારો બદલો આપ્યો ! મિત્રધર્મ તેં ખરો બજાવ્યો !" વસંતરાયના ક્રોધને સીમા રહી નહિ. તેનો સંતાપ વધી પડ્યો. તે ભયંકર રૂદ્રાવતાર ધરી જ્યાં મરલા હતી ત્યાં ગયો. સરલાએ આ પહેલાં વસંતરાયનું આવું સ્વરૂપ કદી પણ જોયું નહોતું તે ગભરાઇ ગઇ. અચાનક આ શું પ્રકાર છે તે સમજી શકી નહિ.

"શું છે ? આટલો બધો ક્રોધ કોના ઉપર ચડ્યો છે ? અને શા માટે ?', સરલાએ બે ત્રણ પ્રશ્નો જય પામતાં ઉચ્ચાર્યા કે તરતજ દાંત ભીડી વસંતરાય બોલ્યો. "સરલા ! સરલા ! તેં આ શું કર્યું ? મારા આટલા સાદા સ્વભાવનું આવું ભયંકર પરિણામ આણી આવો અધમ રીતે બદલો આપ્યો ? સરલા !"

"પતિદેવ ! આ આપ શું કહો છો ! મારા હાથથી શું ગુન્હો થયો છે ? હું આપને આટલી ભયંકર રાક્ષસી દેખાઉં એવું મારા હાથથી શું ઘોર પાતક થયું છે ? આપના નિર્મળ પ્રેમમાં આવું હાતિલ વિષ કોણે દાખલ કર્યું ? નાથ ! ચરણે નમું છું. મને આનો અર્થ કાંઇપણ સમજાતો નથી."

"શું તું તે બધું મારા મોઢાથી સાંભળવા ઇચ્છે છે ! આપણા નિર્મળ પ્રેમમાં આવું વિષ કોણે દાખલ કર્યું એવું મને પૂછતાં તને શરમ આવતી નથી ? ઠીક છે. તારા પ્રશ્નનો જવાબ મારી પાસેથી સાંભળવાની તારી ઇચ્છા

પૂરી કરૂં છું. આપણા પ્રેમમાં આવા પ્રકારનું ઝેર તારા હાથથીજ પ્રવેશ્યું છે, હમણા અડીથી ગએલો પેલો નીચ પંડિત અને તું બન્ને મારા આ ક્રોધના કારણરૂપ છો. બસ, આથી વધારે કાંઇ કહી શકતો નથી!"

સરલા સર્વ પ્રકાર સમજી ગઇ. કુલટા વિમળાએજ આવી અવળી બાજી ખેલી છે. એમ તેને ભાન થયું. તેણે શાંતિનિકેતનમાંથી બહાર પગ મૂકયા. આ નિષ્કારણ આવેલા આરોપમાંથી પોતે છૂટીને પતિને નિર્દોષતાની સાબિતી કરી આપશે ત્યારેજ પુનઃ ઘરમાં પગ મૂકશે એમ તેણે નિશ્ચય કર્યો, સત્વર તે માર્ગે પડી!

સરલાના અભાવે શાંતિનિકેતન રૂક્ષ અને ભયાનક લાગે એમાં આશ્ચર્ય શું? કારણકે તે પવિત્ર ગૃહસ્વામિની હતી. તેનેજ ઘરની શોભા હતી. તે સાક્ષાત્ શાંતિદેવી હતી, તેના જવાથી અશાંતિનો વાસ થાય તેમાં નવાઇ શું! જે ઠેકાણેથી મૂર્તિમંત આનંદ અને પ્રેમનો નાશ થાય તે સ્થાન સ્મશાનવત્ લાગ્યા વિના રહેતું નથી!

વસંતરાય સરલાના ગયા પછી શૂન્ય હૃદયનો બની ગયો હતો. તે કોઇની સાથે બોલતો નહોતો, કોઇની સાથે મૈત્રી કરતો નહોતો. માત્ર પોતાના દિવાનખાનામાંજ એકલો બેસી રહેતો હતો.

(૩)

પાપ કર્મનું ફળ ભોગવ્યા વિના રહેતુંજ નથી, થોડા દિવસમાં અધમ વિમળા આન્દરી પડી અને નાના પ્રકારના રોગોથી તેનું શરીર ઘેરાઇ ગયું. વસંતરાયે જુદા જુદા ડોકટરો, હકીમો, વૈદ્યો વગેરેના ઉપચાર ચાલુ કર્યા પણ તેની પ્રકૃતિ સુધરવાને બદલે બગડતીજ ચાલી. એક દિવસ વિમળાએ પોતાના બન્ધુને પાસે બોલાવી કહ્યું "ભાઇ! હું બરૂં કહું છું કે મારા દુઃખનું કારણ મારી ભાભીનો વિયોગજ છે! તે પવિત્ર દેવીનો નિષ્કારણ તિરસ્કાર થયો હોય એમ મને લાગે છે." બ્હેનનું આવું ભાષણ સાંભળી વસંતરાયને સરલા યાદ આવી! ઘણીવાર તેને પોતાની ગેરસમજ થઇ છે એમ લાગતું, સરલા એવું અમાનુષિક કૃત્ય ન કરે એમ વિચાર આવતો. અને તે બડબડતો કે "મારા ઘરમાંથી આનંદ, પ્રેમ, ઉત્સાહ વગેરે સર્વ સરલાની સાથેજ વિદાય થયાં છે. અને તેને સ્થાને અશાંતતા, કલેશ, અને દુઃખનું સામ્રાજ્ય સ્થપાયું છે. સરલા! તું ખરેખરી નિષ્કલંકી–નિષ્પાપી છે," આ પ્રમાણે અનેક વિચારો તેના મગજમાં ઉભરાતા.

વિમળાની પ્રકૃતિ દિવસે દિવસે વધારે બગડવા લાગી. વસંતરાયને તેની ચિંતા થવા માંડી. ડોકટરોએ તેને હોસ્પીટલમાં રાખવાની સલાહ આપી, અને તરતજ તેણે તે વ્યવસ્થા કરી. વિમળાને દવાખાનામાં મૂકી. એક બે દિવસમાં તો તેની પ્રકૃતિમાં ફેર પડયો અને હવે સંપૂર્ણ આરામ થશે એમ સર્વને જણાવા લાગ્યું.

વિમળા હોસ્પિટલમાં આવ્યાને આજ પંદર દિવસ થઇ ગયા હતા. તેટલા અવધીમાં તેની તબીયતમાં મારો સુધારો થયો હતો. એક ભલી નર્સે આવશ્રાંત સુશ્રુષા કરવાનું મહાવ્રત લીધું હતું અને તેથી વિમળાને તેની ઉપર પ્રીત ઉદ્‌ભવી હતી. ઘણીવાર કલાકોના કલાકો સુધી તે નર્સ આન્દરીના ખાટલા પાસે રહેતી. અને આન્દરી વિમળા તેની પાસે હૃદય ખોલી પશ્ચાત્તાપ કરી રડતી. તેમના સંભાષણમાં બહુધા સરલાનો પ્રસંગજ નીકળતો અને વાત રસમાં આવતાં બન્ને જણાં હૃદય ફાટ રડતાં. નર્સ પોતાનું હૃદય છુપાવતી પણ વિમળાને રડતી જોઇ તેનાથી રડયા વિના રહેવાતું નહિ.

આ નર્સ આપણી પૂર્વ પરિચિતા સરલાજ હતી એ વાચકો લક્ષમાં આણ્યું હશે. વિમળા સાથે વાતચિત કરી રહેતી ત્યારે તેનાં મનમાં અનેક વિચારો ઉઠતા "નણંદ કહે છે કે મારા પાપે ભારી ભાભીએ ઘર છોડયું. ત્યારે શું મેં જે

નજરે જોયું તે સાચું હશે! અને હું તે વાત કોઇને કહી દઉં એમ ધારીને મારા ઉપર તેણે આળ ઓઢાડયું હશે! ગમે તેમ હોય પણ જ્યાં સુધી સ્વામિનાથને મારી નિર્દોષતાની ખાત્રી ન થાય ત્યાં સુધી મારે છાનું રહેવું એજ ઉચિત છે. જે પાપની મને સ્વપ્નામાં પણ કલ્પના નહોતી તે પાપનો આરોપ મારી ઉપર આવ્યો છે. માટે હવે તો આવી રીતે પરોપકારમાં જીંદગી વ્યતીત કરી, દેહ અને મનને કષ્ટ આપી જીવન પુરૂં કરવાનો મેં નિશ્ચય કરેલો છે."

આ પ્રકારની વિચારમાળાથી તે પોતાના નિશ્ચયમાં વધારે દૃઢ રહેતી ને દરદીઓની કાળજી પૂર્વક સુશ્રુષા કરતી. વિમળાને હવે સારી રીતે આરામ થતો જતો હતો. તેને માતૃવત્ સેવા કરનાર આ નર્સ માટે અનેક વિચારો આવતા હતા. આવો ચહેરો પોને ક્યાં જોયો હોય એમ તેને અનુમાન થતું, પણ બીજીજ ઘડી તેનો નર્સને પોશાક જોઇ આશ્ચર્ય થતું. આ નર્સ પોતાના બન્ધુની સ્ત્રીના ચહેરાને ભળતી આવે છે ખરી, પણ અનાથ સરલા અહીં શી રીતે આવે, અને આવું જીવન શામાટે અંગીકાર કરે તે તેની કલ્પનામાં આવી શકતું નહિ.

૪

પ્રાતઃકાળની રમણીય વેળા હતી. હૉસ્પિટલના રોગીઓ ધીમે ધીમે જાગૃત થતાં હતાં. વિમળા હમણાંજ જાગી હતી. એટલામાં સરલા ત્યાં આવી. તેને આવેલી જોતાંજ વિમળાએ મોઢા ઉપરનું લુગડું દૂર કરી ઢાંક મારી 'ભાભી' "

સરલા "બ્હેન" કહી દોડી આવી. બન્ને બેટમાં મળ્યાં ને રડ્યાં. છેવટે સરલા બોલી "બ્હેન! મને ઓળખી તમે!"

"આ શું પૂછોછો ભાભી!? મારા ઉપર આવા અસીમ ઉપકાર કરનારને શું હું ન ઓળખી શકું! માતાના જેવી કાળજીભરી ચાકરી બીજી કઇ નર્સ કરી શકે? પણ ભાભી! મને કહો હવે તો મારા ઉપર તમારી રીસ નથીને? તમને આવી સ્થિતિ પ્રાપ્ત કરાવનાર હુંજ દુષ્ટા છું. પણ મારો તમે તિરસ્કાર કરશો નહિ. હું હમણાં મારે ભાઇ આવશે એટલે સઘળી હકીકત તેમને કહીશ. ભાભી! હું તમારા પગમાં પડું છું. માગ અક્ષમ્ય અપરાધીની મને શું ક્ષમા નહિ કરો?"

એટલામાં તે રૂમનો દરવાજો ઉઘડયો અને અત્યાર સુધી આ સંવાદ છૂપાઇને સાંભળતા વસંતરાયની સ્થિતિ એકાદ અપરાધી સરખી દેખાઇ. તે સરલાની સામે જોઈ શક્યો નહિ અન્તે બ્હેને ઉચ્ચારેલા છેવટના વાંક્યની ચોટે પણ પુનરાવૃત્તિ કરીઃ" " દેવી સરલા! મારા અપરાધની શું મને ક્ષમા નહિ આપે!"

મરવાળા (ધધુકા) } ધીરજ.

મહુવા (કાઠિયાવાડ) ગૌ-રક્ષક સભાનો છવીશમો વાર્ષિક મહોત્સવ.

મહુવા ગૌરક્ષક સભાનો વાર્ષિક મેલાવડો દર વરસે મકરસંક્રાતિના રોજ કરવામાં આવે છે, તેમ શાસ્ત્રોના મુજબ આ વરસે પણ તા૦ ૧૩-૧-૧૭ના રોજ કરવામાં આવ્યો હતો. ગોશાળાની ગાયોને ઝુલો, ઝાંઝર, ટોકરા તથા પુષ્પના હાર પહેરાવી અબીલ ગુલાલ નાંખી કુમકુમના ચાંલ્લા કરી બે હજાર ગાયોનું સરઘસ મોટા મેળાવડા સાથે વાવટા અને વાદ્યવૃંદ સહ ઘણીજ ધામધુમથી શેહેરના સર્વ ભાગમાં ફેરવવામાં આવ્યું હતુ. કે જેનો અપ્સરાઓનિય સ્વર્ગના ગોલોક જેવો આમોદ્ભુત દેખાવ જોઇ દરેક કોમવાળા હર્ષ પામ્યા હતા. ત્યાર બાદ અખંડ પ્રૌઢ પ્રતાપી મહારાજા સાહેબ સર ભાવસિંહજી કે. સી. એમ. સાહેબ બહાદુર

બેટ આપેલા રૂા. ૧૦૦૦ તથા રાજ્ય માતુશ્રી નંદકુંવરબા સી. આઇ. ઇ. કયસરે હિન્દ સાહેબના રૂા. ૪૦૦ તથા માજી દિવાન સાહેબ વજેશંકરભાઇ ગૌરીશંકરભાઇના રૂા. ૫૦૦ તથા રાજુલાના શા. લવજી ત્રંબકના રૂા. ૧૦૦ મળી કુલ રૂા. ૨૦૦૦ના ઉત્પન્ન થયેલા વ્યાજની રકમના રૂા. ૯૦ તથા અમદાવાદના દાનેશ્વરી શેઠ કનૈયાલાલ મોતીલાલ હીરાભાઇએ સારંગપુર મીલ્સ કું. લીમીટેડનો શેર ૧ નં. ૧૭૮નો દાનમાં આપી સભાવત કરી છે તે શેરના દર વરસે ઉત્પન્ન થતા વ્યાજમાંથી અર્ધ રકમ નડીયાદ હિન્દુ અનાથાશ્રમે રાખી બાકીની અર્ધ રકમ આ સભાને મોકલી દેવાનો મોસુફ શેઠે બંદોબસ્ત કરી તે શેર નડીયાદ હિન્દુ અનાથાશ્રમને સોંપ્યાથી નડીયાદ હિન્દુ અનાથાશ્રમ મારફતે વ્યાજના વસુલ આવેલા રૂા. ૨૦૦ મળી કુલ ૨૯૦ના પાકના લાડવા બનાવી સર્વ ગાયોને ખવરાવવામાં આવ્યા હતા. તથા મુંબઇ કાપડ મારકીટના જાણીતા વેપારીઓ મેસર્સ હરીદાસ નાગજી વોરા રામપરાવાળા તથા મેસર્સ મંગળદાસ ગોપાળજી જાદરાબાદવાળાએ મોકલેલા ગુપ્ત ભેટના કપાસીયા સર્વ ગાયોને ખવરાવવામાં આવ્યા હતા.

દર વરસ માફક આ વરસે પણ ગોશાળાના વિશાળ ચોગાનમાં બાંધેલા સભીયાણા (મંડપ)માં એક જનરલ સભા ભરવામાં આવી. હતી. તે પ્રસંગે ગાયોના હિતમાં તત્પર એવા મહાશયોએ હાજરી આપી હતી. આ સભાનું પ્રમુખસ્થાન અહીંના મુખ્ય જજ રા. રા. વ્રજલાલ ડાહ્યાભાઇ બારૈયા સાહેબને આપવા માટે ધી મહુવા જીનીંગ પ્રેસના મેનેજર બાપાલાલ ગોરધનદાસે દરખાસ્ત મુકતાં તેને ધી મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસના માલેક જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદીએ ટેકો આપ્યો હતો જે સર્વાનુમતે પસાર થતાં પ્રમુખે બેઠક લીધા બાદ સભાનું કાર્ય આગળ ચાલવામાં આવ્યું હતું.

સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયાએ પ્રથમ ઇશ્વરસ્તુતિ, ગાયોની પવિત્રતા, અતિ ઉપયોગીપણું ને તેનું સંરક્ષણ કરવાની મનુષ્ય માત્રની ફરજ હોવા વિષે વિવેચન કર્યા બાદ આખા વરસનું સરવૈયું વાંચી બતાવ્યું હતું જે સર્વાનુમતે મંજુર રાખવામાં આવ્યું. ત્યાર બાદ મેસર્સ ગોપાળજી મીઠા ગાંધીએ ગાયોની ઉપયોગીતાપણું ને તેનું રક્ષણ કરવાની આવશ્યકતા તથા સેક્રેટરીએ આપેલાં આત્મભોગ વિષે ઘણુંજ અસરકારક હૃદયભેદક વ્યાખ્યાન આપી શ્રોતાઓના મન આકરસી લીધાં હતાં.

આ પ્રસંગે શ્રીમાળી અભ્યુદય માસિકના તંત્રી અને મહુવા ત્રિભુવન પ્રિન્ટીંગ પ્રેસના માલેક મી. જટાશંકર ઇશ્વરલાલ ત્રિવેદી ધાંગધરા વાળાએ ગોભક્ત શ્રી મહાત્મા ઓધવજી રામજી સરૈયાએ દિવ્યતાનો સાક્ષાત્કાર થવા માટે જગત જાળ તોડી પ્રિય ઇચ્છાઓ તથા વિષય વાસનાઓને વિધી ગોસેવાનો પાર પામવા ઉત્સુક થઇ પ્રેમ ભાવથી પ્રાણાર્પણ કરી આત્મ ભોગ આપી નિષ્કામ અપૂર્વ અસામાન્ય ગોસેવા કર્યાથી ઇશ્વરનો સાક્ષાત્કાર થયો છે તે દરમ્યાન તેમના કુટુંબની આજીવિકાના આધાર રૂપ તેમના લઘુ બંધુ સુરચંદ રામજી સરવૈયા બે દીવસના પ્લેગની બીમારીથી અકસ્માત ગોલોકવાસી થયા વગેરેના અનેક તાપ અને સંકટો વધારે નડયા, તેમ તેની સામે યઇ ઔર વિશેષ ગોસેવા બજાવતા રહ્યા છે.

દોહરો.

આફત પર આફત પડી, ડગ્યો ન ઉદ્ધવદાસ;
સુવર્ણ તાવી ટીપટાં, પ્રકટે પૂર્ણ પ્રકાશ.

ઉપરોક્ત બાબતને લગતું દુહામાં વિવેચન કરી એક અભિનંદન પત્ર મુદ્રાંકિત કરી અર્પણ કર્યું હતું તેના જવાબમાં મોસુફ સેક્રેટરીએ જણાવ્યું કે હું જીંદગી ગુજારવા અને મરણ પામવા જન્મેલ છું. આ ક્ષણભંગુર દેહની સાર્થકતા, સત્ય અને પ્રભુ સિવાય સર્વ મિથ્યા જણાવાથી એક સાધુ તરીકે જીવન ગાળી મેં મારી ફરજ અદા કરી છે. સાધુ કે ફકીરની

માન કે સ્તુતિ પર હક નથી તેમ છતાં અનેક માનુપત્રો અને પ્રમાણ પત્રોની વિભૂતિથી મને વિભૂષિત કરેલ છે તે મને અંહભાવને ઉભરો લાવનાર સાંસારિક સુખનું ભાન બતાવે છે. મે મારી ફરજથી વિશેષ કંઈ પણ કર્યું નથી તેમ છતાં મારા પ્રત્યે પ્રેમની મમતા જોઈ તમારો કેટલો ઉપકાર માનું તે શબ્દ દ્વારા દર્શાવી શકતો નથી. હવે મને કશાની જરૂર નથી. એવા ઉદ્‌ગારોથી ઉપકાર માન્યો હતો. ત્યાર બાદ મેસર્સ ગોપાળજી મીઠા ગાંધીને જણાવ્યું કે સેક્રેટરી ઓધવજી રામજી સરવૈયા કોઇ વિલક્ષણ મનુષ્ય છે, છતાં અન અનધિકારી હજુ સુધી સમજી શક્યા નથી. તેમની પાછળ રહી સહાય આપનાર મનુષ્ય શક્તિ કરતાં મહાન શક્તિ અથવા પ્રભુને અથવા કોઇ દેવને તે જોઇ શકે છે. તેમના પ્રાણાર્પણ ને નિષ્કામ અપૂર્વ અસામાન્ય ગોસેવામાં તેમની છંદગી નીકળવાથી કાયમનો પુષ્કળ ખર્ચ પુરો પડે છે; તથા અન્ય દરેક જીવદયાની સંસ્થાને જરૂરી પ્રસંગે યોગ્ય મદદ આપવાના સાહસ કરી હિન્દની જીવદયાની સંસ્થાઓમાં અગ્રપદે સારી હસ્તી ધરાવે છે તે અક્ષરશઃ બરાબર છે તેનું અનુકરણ કરવા યોગ્ય દ્રષ્ટાંતને આગળ મુકી વયોવૃદ્ધ સેક્રેટરીની હયાતીમાં સહાયક નિકળી આવવા પ્રમુખે જણાવ્યું હતું ત્યાર બાદ પ્રમુખનો ઉપકાર માની, ગોમાતાજીનો જય બોલાવી સભા વિસર્જન થઇ હતી.

માથાના બચાવ માટે લોખંડની ટોપી કરતાં સહ્યતા ભરી જબાન વધારે મજબુત છે.

જે સખશ તમારા વખાણ કરે તે કબુલ રાખતાં પહેલાં તપાસો કે તેનો ચાલચલણ તથા આદતો કેવી છે.

તત્કાલ નાશ પામનારા ત્રણ છે—નદી તીરે વૃક્ષ, મંત્રી વિનાનો રાજા, અને પારકાં ઘરમાં સ્ત્રી.

જગતમાં ત્રણ મોટા ગણાયછે—ઇશ્વર, સ્વતંત્રતા અને ગુરૂ.

વિવિધ–વિષય.

"છાસ" ભયંકર રોગોની અકસીર દવા.

હિંદુસ્થાનની પ્રજા પહેલાં જેટલી નીરોગ હતી, તેટલી અત્યારે નથી. એ તરફ વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું છે. તેમણે તેનાં કારણની તપાસ કરવા આયુર્વેદની મદદ લીધી છે. આયુર્વેદમાં છાસના ઘણાં ગુણો લખેલા છે. પૂર્વે સર્વ પ્રજાને પીવા માટે મઠો તથા છાસ મળતાં હતાં. તેમજ તે શહેરીઓ કરતાં ગામવાસીઓને અધિક મળતાં, અને તેને લીધે શહેરીઓ કરતાં ગામડાંની પ્રજા નીરોગ વધારે હોય છે. કદાચ તેમને કંઈ રોગ થાય તોપણ તેમને દવા વગેરેની જરૂર રહેતી નથી. શરીર નીરોગ રહે છે. એટલુંજ નહિ પણ આયુર્વેદવેત્તા કેટલાક રોગોમાં તેનો ખાસ ઉપયોગ કરવા લખે છે. સંસ્કૃત સાહિત્યમાં છાસના ઘણાં ભેદ બતાવ્યા છે.

મલાઇ સાથે અથવા મલાઇ વિનાના દહીંને પાણી વગર વલોવેથી મઠો તૈયાર થાય છે. કેટલાક મઠામાં થોડું પાણી પણ નાખે છે.

દહીંને વલોવી માખણ કાઢી લેવાથી શુદ્ધ છાસ તૈયાર થાય છે. અને ઉત્તમ પીણું પણ એજ છે.

જેમાં જો વધારે હોય તેના કરતાં જેમાં ઘીનો ચીકાશ અંશ કમ હોતો નથી તે છાસ ઉત્તમ છે. કારણ ઘીનો સ્થૂળ ભાગ નીકળી જાય છે, પરંતુ તેનાં છોટા પરમાણુ છાસમાં રહે છે, તથા તે વલોવવાથી હલકાં થયલાં હોય છે. એથી એની પ્રવેશ શક્તિ વૃદ્ધિ પામતી હોઇ તે શરીરની નાડીઓમાં જલદી પ્રવેશ કરી શકે છે અને પચવામાં કોઇ વિઘ્ન હોતું નથી. તેમજ તેમાં મળનો વિશેષ ભાગ ન હોવાથી તુરત વીર્યસ્વરૂપ ધારણ કરે છે. અમેરિકાના એક ડૉકટરે ઉક્ત બાબત સંસ્કૃત

સાહિત્યને આધારે સમજી લઇ એની પરીક્ષા કીધી છે. તે કહે છે શરીરમાં બે પ્રકારના કીડા છે. (૧) સફેદ (૨) લાલ. સફેદ કીડા રોગ ફેલાવે છે અને લાલ કીડા રોગ નાશ કરે છે. જ્યારે છાસ લાલ કીડાને બલવાન કરે છે, અને સફેદને દુર્બળ બનાવે છે. બંનેમાં નિરંતર યુદ્ધ થાય છે. તેમાં લાલ કીડા સફેદને મારી નાંખે છે અને આ કારણથીજ છાસના અતિ ઉપયોગથી મનુષ્ય નિરોગી બને છે.

છાસથી થતા ફાયદા ધ્યાનમાં લઇ છાસ આપનારા પ્રાણીઓ ગાય ભેંસ વગેરેનું રક્ષણ કરવાની કેટલી જરૂર છે તે હિંદીપ્રજા ધ્યાનમાં લે તો આ કળિકાળમાં પ્રકટી નીકળેલા ભયંકર રોગોનો સમૂળગો નાશ થતાં ઝાઝો વખત લાગશે નહિ.

અદ્‌ભુત કેમેરો

જાપાનના પાટનગર ટોકિયોના રહેનાર મિ. એસ. નેકમુરા (Mr. S. Nakamura) એ એક અદ્‌ભુત કેમેરો (ફોટોગ્રાફી યંત્ર) ની શોધ કરી છે. હાલમાં વપરાતા કેમેરાથી કેમેરાના લેન્સ સામેની એક બાજુનું ચિત્ર લઇ શકાય છે. પરંતુ આ કેમેરામાં એવી કરામત કરેલી છે કે જેથી એ કેમેરો મેદાનમાં રાખવામાં આવે, તો તેની ચારે બાજુના દેખાવો (પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ) એમાં અંકિત થઇ જાય છે. આ જાપાનની કારીગરી છે. આ શોધનો શો વિશેષ લાભ લેવાય છે, તે હવે જોવાનું છે.

વીજળીથી ખેતી

સામાન્ય રીતે ઘઉંના બીને વાવ્યા પછી નવ દશ દિવસ બાદ પીલો ફુટે છે અને ૧૦ ઇંચની ઉંચાઇનો છોડ થવાને કેટલાએ દિવસ લાગે છે. હાલમાં એક નવી શોધ કરાઇ છે. વીજળીની મદદથી છોડ ઘણા જલદીથી ઉગી નીકળે છે અને બીજમાંથી ફણગા ફુટતા પણ વખત લાગતો નથી. એની પરીક્ષા નીચે પ્રમાણે કરવામાં આવી. ચોડા ઘઉંના બી વિદ્યુત-પ્રવાહ (Electric Current) માં રાખ્યા બાદ જમીનમાં રોપવામાં આવ્યા. તથા જમીન પર વિદ્યુત્ પ્રવાહ ચલાવ્યો. બીજમાંથી બે દિવસમાંજ ફણગા ફુટયા તથા ૧૫ દિવસમાંજ છોડ ૧૦ ઇંચ લાંબા થઇ ગયા. આ ચમત્કારનું કારણ એવું બતલાવવામાં આવે છે કે વીજળી છોડોની ઇયળમાં અટકાવ કરનારા જન્તુઓનો નાશ કરે છે. સર ક્લાઇવ લૉજ Sir Clive Lodge) જગતના વિખ્યાત વિજ્ઞાન વેત્તા છે, તેઓ ચોડા વખતથી એવો પ્રયત્ન કરી રહ્યા છે કે ખેડુતો શી રીતે વીજળીનો ઉપયોગ કરી શકે જો સર્વ ખેતરોમાં વિદ્યુત પ્રવાહ ચલાવી શકાય તો અનાજ વાત વાતમાં સસ્તું થઇ જાય. સર્વ ઝાડપાન પણ વીજળીનો લાભ લઇ શકે છે. જોઇએ છીએ આપણા ભારતમાં વિદ્યુત પ્રવાહ કયારે દોડે છે!

ઓરિસ્સાનો સૂર્ય સ્તંભ

આ સ્તંભ ઘણો સુંદર છે. મિસર પ્રજાની પેઠે પૂર્વે હિંદીઓનો પણ સૂર્ય પ્રતિ પ્રેમ અધિક હતો. ઓરિસ્સાના કનારક સ્થાનમાં સૂર્યનું એક ઘણું મોટું મંદિર છે. એની પાસે આ સ્તંભ હતો મિસરના 'ઓબેલિસ્ક"ની જેવી બનાવટ છે. તેવી બનાવટ આ સ્તંભની છે. મિસરના ઓબેલિસ્ક ઇ. સ. પૂ. ૪૦૦૦નો છે. એ વાત એમાં કોતરેલા લેખથી સિદ્ધ થઇ છે, કનારકનો સ્તંભ બનવાનો સમય હજી સુધી માલમ પડયો નથી. ગયા સૈકાના આરંભ કાળમાં મહારાષ્ટ્ર વીરો અને કરનાકથી પૂરીમાં લઇ આવ્યા. એની ઉંચાઇ ૩૨ ફુટ ૮ ઇંચ છે. પહેલાં એ ચતુષ્કોણ હતો. અત્યારે એ પોલાશ (સોળ) કોણ છે. મહારાષ્ટ્રીઓએ એટલો ફેરફાર કર્યો છે.

તંત્રી

પુસ્તક ૮મું. અંક ૬ ઠ્ઠો.

सत्संग.

ચૈત્ર. સં. ૧૯૭૩

काव्यशास्त्रविनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन तु मूर्खाणाम् निद्रया कलहेन वा ॥

માસિક

વ્હાલાને સેવા માટે આમંત્રણ.

રેખતો.–હૃદય દુઃખે ભર્યાં જગમાં, ઉકળતાં કઈ હશે વ્હાલા!
જગત દુઃખ માગરે દૂબ્યાં, હૃદય જગમાં હશે વ્હાલાં!
મુખે સ્મિત શુષ્ક રંગેલું, છતાં ઉર દુઃખ–દાઝેલું;
હશે સંતાડતાં ફરતાં, હૃદય ત્રણ બાળ દુઃખ ઘેલાં,
થતાં ઉર ગિરિમાં ઉભરો, હશે વહનાં અમી ઝરણો;
મુખે સ્મિત રંગ્યું હોયે કો છૂપા લૂછતાં હશે અશ્રુ.
હશે દિન ઉજળા જોયા, છતાં તમ ખોડિ તે ભમતાં.
ઘણાં હૃદયો નીચે પડતાં, છૂંદાતાં કંઇ હશે જગમાં.
અનિલમાં ઉડતી અણુઓ, નજર ના'વે કદિ જનને,
દરદ એ દર્દીનાં તીણાં, હૃદય દર્દીજ જાણે હા!
ઘડીભર આવ વ્હાલા ઓ! જગર સંતાપ તરછોડો;
ખસેડી આતમના તાપો, જપિયે સેવના જપો.
દુઃખી સો આંધળો સાથે, ભળી મળિયે પછી વાતે,
હૃદય બંને થશે હલકાં, ઘડીભર ચાલતું વ્હાલા!
લૂંછીશું આંસુડાં હોનાં, લૂંછે તેઓય આપણાનાં,
હસીશું તે હસંતાંને, રડીશું તેમનાં રડને.
જગતરણક્ષેત્રમાં વ્હાલા! જરૂરી માટ જન સેવા,
સુસ્નેહી પ્રેમ દૃષ્ટિથી વહીશું, પડી કે દીનની,
મૃદુ વાણી, મૃદુ હૃદયે, અમી દૃષ્ટે, મૃદુ કરતે;
જનો સંતોષ શું સ્નેહે, દૂબ્યાં જે દુઃખના દરિયે,
હૃદય આપ્યું પ્રભુએ છે, કનકની આશ શા કાજે?
હવે વ્હાલા પિતાને યે વિનવિયે સેવના દેજે.
"પિતા, જન સેવના દેજે, કનકની આશ ના હમને,
"ક્ષિતળ તુજ છાપની નીચે હમે કલ્લોલશું સ્નેહે."

સ્નેહસાગર.

શિવોઽહમ્ *

(શોભિણી ગઝલ.)

મન હું નથી બુદ્ધિ નથી ને ચિત્ત ને ગુમાન ના
નેત્ર શ્રોત્ર ને જીભ્હા હું તેમજ ઘ્રાણ કિંવા નેત્ર ના
નહિ વ્યોમ વળી ભૂમી નહિ ના તેજ કિંવા વાયુ હું
કિન્તુ ચિદાનન્દ સ્વરૂપે હું શિવ છું હું શિવ છું ૧

હું પ્રાણવર્ગ તેમ ના ના હું કંઇ પંચાનિલ
નવ ધાણી કિંવા ધાતુ છું હું તેમ ના કંઇ કોશજ
નથ વાણિપાણિ પાદદ્વય કે ના ઉપસ્થજ હસ્ત હું
કિન્તુ ચિદાનન્દ સ્વરૂપે હું શિવ છું હું શિવ છું ૨

નહિ રાગ કિંવા દ્વેષ તેમજ લોભમોહાદિ નહીં
મ્હારા મહીં નહિ મદ કિંવા માત્સર્ય ભાન કંઇ નહિ
ધર્માર્થ કિંવા મોક્ષને કે કામ ક્રોધાદિ ન હું
કિન્તુ ચિદાનન્દ સ્વરૂપે હું શિવ છું હું શિવ છું ૩

હું પુણ્ય કિંવા પાપ ના હું સુખ ના હું દુઃખ ના
યમ મંત્ર કિંવા તીર્થ ના હું વેદ ના હું યજ્ઞ ના
નવ કાંઇ ભોજન, ભોજ્ય કે ભોક્તા મહીનો કોઇ હું
કિન્તુ ચિદાનન્દ સ્વરૂપે હું શિવ છું હું શિવ છું ૪

નહિ મૃત્યુશંકા જાતિ કેરા ભેદ પણ મ્હારા મહીં
પિતા ન હું માતા ન હું છે જન્મ પણ મ્હારે નહીં
બન્ધુ અને ગુરૂ તથા હું શિષ્ય માંહિ એક હું
આનન્દ-ચિદાનન્દ રૂપે શિવ છું હું શિવ છું ૫

છે નિર્વિકલ્પી રૂપ નિરાકાર છે મ્હારૂં સહી
વિભુ વ્યાપ્ય છું સર્વત્રને સર્વેન્દ્રિયો મ્હારે વળી
સમભાવ છું ને મુક્તિ, બન્ધે છું ન બંધાએલ હું
આનન્દ-ચિદાનન્દ રૂપે શિવ છું હું શિવ છું ૬

મહી સાગરને તટે બ્રાહ્મણ ગામ] નાગર. ઇ. પરેલ.

કૈસે ભજના રામ દુખા પાસ ખડી.

ઉરે પીડે ઠામ, ઠરનેકા નહીં ઠામ;
કૈસે ભજના રામ, દુખા પાસ ખડી.
આરત કરતી ખાઉ. બચ્ચે માગે બાઉ;
પ્રભુ ભજને કયાં જાઉ, દુખા પાસ ખડી,
લલાટ લખીયા લેખ, ભાવે ના ઉરભેખ;
એ માયા ઉલ્લેખ, દુખા પાસ ખડી.

નીતિ ભક્તિ ચહાઉ, હરિ ભજી હર થાઉ,
ક્ષીર માયા વશ હોઉ, દુખા પાસ ખડી.
સત્યા સત્ય વિવેક, કરના મેં ધરી ટેક;
ભૂલવે માયા છેક, દુખા પાસ ખડી.
જીવ પણું જવ જાય, આત્મ સ્વરૂપ લહાય,
ક્ષીર ઉન્સે કમા હોય, દુખા પાસ ખડી.

દશાઇ મોતીલાલ મથુરભાઇ મહુધાવાળા.

* શ્રીમચ્છંકરાચાર્ય વિરચિત 'સ્વરૂપ' નું ભાષાન્તર

सतासगोद्वारमाहुर्विमुक्ते तमोद्वारयोषिता सगींसगः
શ્રીમદ્ ભાગવત.

એક રાજા હતો. તેને પોતાની રાણી પર અત્યંત પ્રેમ હતો. એટલે સુધી કે નજરથી જરા પણ પ્રિયા દૂર થાય કે તેને ચેન પડતુ નહીં. પરંતુ ' मरण हि प्रकृतिः शरीराणा ' એ સૂત્રના નિયમ પ્રમાણે રાજાના દુર્દૈવે રાણી કાળના વિકરાળ મુખમાં સપડાઈ, અને પ્રાણ ત્યાગ કર્યો. રાજા શોકથી અત્યંત વ્યાકુળ થયો અને તેણે રાણીનાં શબને અગ્નિ સંસ્કાર કરવા પણ ના પાડી. સર્વ અધિકારી લોકોએ રાજાને અનેક પ્રકારે શાંતન કરવાને પ્રયત્ન કર્યો, પરંતુ સર્વ વ્યર્થ. કોઇપણ ઉપાયે રાજાએ શબને ઉંચકવા દીધું નહીં. ભગવાન દિનમણિ અસ્ત થવા લાગ્યા, તે વખતે સર્વ લોકો હવે શું કરવું ? તે વિચારમાં પડયા, એવામાં એક ચતુર ગૃહસ્થ ત્યાં આવ્યો. તેણે સર્વ હકીકત જાણ્યા બાદ તે શહેરમાં એક દેવાલયમા એક મહાત્મા પુરૂષ હતા, તેમની કને ગયો. અને સર્વ હકીકત મહાત્માને નિવેદન કરી. મહાત્માએ કહ્યું " વારૂ, તમે આગળ જાઓ હું પાછળ આવું છું." મહાત્માએ તે ગૃહસ્થના ગયા પછી એક ફુટેલું વાસણ લઇ કમ્મરે લંગોટી બાંધી, રાજા જ્યાં રાણીનુ શબ પકડી બેઠો હતો તે જગ્યાથી શુમારે ૫૦-૬૦ કદમના અંતરે માટીના વાસણના ટુકડા જમીન પર નાંખી " ઓ વાસણરે, ઓ વાસણરે " એવા આર્તસ્વરથી રૂદન કરી તે વાસણના ટુકડાની પ્રતીક્ષા કરવા લાગ્યો. મહાત્મા એના મોટા સાદે રૂદન કરવા લાગ્યા કે રાજાની પાસે બેઠેલા સર્વ લોકોનું લક્ષ તે તરફ દોરવાયું. મહાત્માનું રૂદન ઘણા વખત સુધી ચાલ્યું તે રાજાને પણ કાને પડયું. અને તેનું લક્ષ તે રૂદન તરફ ખેચાયું, રાજા ક્ષણભર પોતાનું દુઃખ ભૂલી જઇ " આ મહાત્મા આવા મોટા રૂદનથી શા માટે રડતા હશે ? તેની તપાસ કરો." " પણ અમને ખબર નથી " એવો જવાબ પાસે બેઠેલા મંડળે આપ્યો, એટલામાં મહાત્માનું રૂદન વધારે મોટા સ્વરથી નીકળવા માંડયું, એટલે રાજા પોતાની જગ્યા ઉપરથી ઉઠી મહાત્મા પાસે જઈ પુછવા લાગ્યો–" મહારાજ ! આપ શા માટે રડો છો ? " મહાત્માએ કંઇ ઉત્તર ન આપતા વધારે વધારે રડવા માંડયું. રાજાએ પુનઃ બે ત્રણવાર પુછ્યું, ત્યારે મહાત્માએ કહ્યું– " આ મારૂં માટીનું વાસણ ઘણા દિવસનું સાથી હતું, અને તેનાપર મારો અપ્રતિમ સ્નેહ હતો, જે મારા દરરોજના ઉપયોગનું હતું તે આજે ફુટી ગયુ છે, નાશ પામ્યું છે તેથી હું રડુ છું."

રાજાએ કહ્યું–"તેમાં શું? હું તમને બીજું વાસણ અપાવું છું રડો નહીં." મહાત્માએ કહ્યું" મારે બીજું ન જોઇએ, મારે તો તે ફુટેલું જ જોઇએ." રાજાએ કહ્યું " મહાપુરૂષ! માટીનુ વાસણ જે ફુટયું તે પુનઃ કેવી રીતે બની શકે ? હું તમને બીજું અપાવું છું." રાજાનો ઉત્તર સાંભળી તે મહાપુરૂષ બે ત્રણ મિનિટ સ્તબ્ધ રહી પછી શાન્તપણે બોલ્યા " રાજા ! મનુષ્યનું બનાવેલું વાસણ જ્યારે ફુટયું અને તે પાછું બની શકતુ નથી ત્યારે ઇશ્વરે બનાવેલાં હાડ માંસના માણસમે પ્રાણ ત્યાગ કર્યા બાદ પુનઃ જીવિત કેવી રીતે થઇ શકે ? અને પુનઃ તે આપણને કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

મહાત્માના એ શબ્દો રાજાને કાને પડતાંજ તેના હૃદયમાં જ્ઞાનનો ઉદય થયો. તેનો મોહ નાશ પામ્યો, અને પોતાની ભૂલ તેને માલમ પડી. તેણે તે રાણીના પેનને લઇ જ-

વાને આજ્ઞા આપી, અને મહાત્માને ચરણે નમ્યો.

તાત્પર્ય કે, સાધુની સંગત (સત્સંગ) નો મહિમા વિલક્ષણ છે. મહાત્માની બે ત્રણ મિનિટ સંગત થઇ. તે રાજાના પર પડતાંજ તે પોતાનું દુઃખ ભૂલી ગયો, અને બીજાનાં દુઃખમાં તેનું લક્ષ જતાંજ તે દુઃખ જાણવાની તેની ઇચ્છા થઇ, અને માટીના વાસણના ઉદાહરણથી તેને પોતાનાં કૃત્યની નિષ્ફળતા તુર્તજ માલમ પડી, અને તે આપોઆપ મોહ મુક્ત થયો. તેનો સ્પષ્ટ અર્થ એવો થયો કે, પ્રથમ સાધુની સંગત થાય છે, પછી વિચાર વિષયમાં પ્રવૃત્તિ થાય છે, પછી સંભાષણ, પછી સહવાસ, અને પછી તેના ચરણના સ્પર્શથી અજ્ઞાન નિવૃત્તિ, અને શોક ભંગ થઇ, પૂર્વનું પોતાનું સ્વરૂપ, અને શાન્તિ સુખ પ્રાપ્ત થાય છે. પ્રત્યક્ષ કૃતિ સંભાષણ કરતાં અતિ ત્વરિત ફળદ્રુપ થાય છે. "Example is *better than precept* "એ ઇંગ્રેજી સુત્રથા સુજ્ઞ વાંચકને ખાત્રી થશે.

પારડી } અમ્બેલાલ સવરામભાઇ દેશાઇ.



દુનિઆમાં ત્રણ જણ હમેશાં દુખી થાય છે.

નાદાન, નાહિંમત અને નાવારસ.

ભિત્રાઇનો નાશ કરનાર ત્રણ છે. આળસ,

નાદાન દોસ્ત અને સ્ત્રીની ગુલામગીરી.

ઉતાવળે પ્રસિદ્ધ ત્રણ ચીજ થાય છે. સા-

ભારત, સ્ત્રીને કરેલી ગુપ્ત વાત, અને

જાર કર્મ.

ભિત્રાઇ કરવાને નાલાયક ત્રણ છે. કુર્ર, કપટી અને દુલક્ષણી.

દુનિયામાં નિર્ધન ત્રણ છે-સ્ત્રી, સેવક અને કંજુસ.

તજવા લાયક ત્રણ છે. પરધન, પરસ્ત્રી અને પરનિંદા.

નેપાલમાંની કેટલીક સામાજિક રીતભાત.

નિસર્ગ દેવતાનું અદ્વિતીય, રમણીય ક્રીડાસ્થાન જે હિમાલય પર્વત તેમાં નેપાલ એ એક ડુંગરી સંસ્થાન છે. નેપાલ હિન્દુસ્તાનનો એક ભાગ છે પરંતુ તે સ્વતંત્ર છે. ત્યાંના રાજા હિન્દુજ છે. પ્રસ્તુત સમયમાં હિન્દુ ઓનું સુપ્તવીર્ય તેજ ઠેકાણે જાગૃત છે. એમ કહેવામાં હરકત નથી! ગિરિવર હિમાચંલ શુભ શિરસ્ત્રાણ પરિધાન કરી નેપાલીરાજના દ્વારપાળનું કામ કરે છે! અસ્તાચલગામી ભારત સંસ્કૃતિ રૂપી સૂર્ય સાંપ્રત કાળે આ ઠેકાણે પોતાનાં ક્ષીણ કિરણ વિસ્તારીને રહેલો છે. હિન્દુના આ સ્વતંત્ર દેશની સામાજિક રીતિનીતિમાં પણ પૂર્વસંસ્કૃતિના સ્વાતંત્र्यનો પ્રવાહ અત્યારે અવિરત વહે છે. અનેક વર્ષોથી પરમુખાપેક્ષી બની રહેલા પુરાણ પ્રિય ભારતીય સમાજમાં જે કાંઇ આપ્તોને અનિષ્ટ, અસભ્ય ને અધોગતિજનક માનવામાં આવે છે તે સ્વતંત્ર નેપાલી સમાજમાં ઇષ્ટ, સભ્ય ને પ્રગતિપર ગણવામાં આવે છે.

શરીર રચના ઉપરથી જોતાં નેપાલમાં બે ભિન્ન માનવી વંશના લોકો દેખવામાં આવે છે. આર્ય અને મોંગોલિયન. આર્યવંશ પૈકી બ્રાહ્મણ જાત માત્ર ત્યાં શુદ્ધ ને મિશ્ર છે અને મોંગોલિયનમાં નેવાર, ગુરુંબ, મગર તથા લામા જાતિનો સમાવેશ થાય છે. નેપાલના હાલના રાજા ક્ષત્રિય જાતિના હોઇ આર્ય તથા મોંગોલિયન જાતિના સંમિશ્રણથી એ ક્ષત્રિય જાત ઉત્પન્ન થએલી છે.

ધર્મભેદથી જોવા જતાં નેપાલમાં બે ધર્મ છે. હિન્દુધર્મ-મુખ્યતઃ શૈવભાગ ને બૌદ્ધધર્મ. બ્રાહ્મણ તથા ક્ષત્રિય સર્વ શૈવભાગી છે. નેવાર ગુરુંબમાં પણ કોઇ કોઇ શૈવભાગી છે અને લામા બૌધભાગી છે. આ સિવાય નેવાર, ગુરુંબ તથા

મગર જાતિમાં પણ કેટલાક બૌદ્ધધર્માનુયાયી છે. રોત તથા બૌદ્ધ બન્ને ધર્મના અનુયાયી પોતાને હિન્દુ ગણે છે અને આપણામાં જેમ સ્માર્ત તથા વૈષ્ણવમાં શરીર સંબંધ હોય છે તેમજ એ બન્નેમાં વૈવાહિક સંબંધ હોય છે. બ્રાહ્મણોનું પૌરોહિત્ય બૌદ્ધ સ્વિકારતા નથી. અહીં બ્રાહ્મણ તથા બૌધધર્મી વચ્ચેનો પરસ્પર વ્યવહાર જોઇ આશ્ચર્ય થાય છે. કારણ કે બૌદ્ધાનુયાયીનું ' અહિંસા પરમો ધર્મ. ' એ એક મુખ્ય તત્ત્વ છે છતાં રોતપંથી બ્રાહ્મણોનો તેમની સાથે વિવાહ થાય છે ! નેપાળમાં બૌદ્ધ તથા ઇતર સર્વ ધર્મના અનુયાયીઓમાં માતુલકન્યા વિવાહ પ્રચલિત છે !

નેપાલમાં હિન્દુસ્તાન પ્રમાણેજ બ્રાહ્મણ એ શ્રેષ્ટ વર્ણ મનાય છે. બ્રાહ્મણોનેજ નેપાલી સમાજમાં ઉચ્ચત્વ મળે છે અને રાજગુરુત્વ તથા રાજપૌરોહિત્ય તેમની પાસેજ હોય છે. રાજગુરુને ત્યાં ' ધર્માધિકારી ' એવી સંજ્ઞા છે. વર્ણવ્યવસ્થા તથા ધર્મ સંબંધી પ્રત્યેક બાબતની મીમાંસા ધર્માધિકારી પાસેજ થાય છે. નેપાલમાં બ્રાહ્મણોને ગમે તે બ્રાહ્મણેતર જાતિની યુવતિ સાથે વિવાહ કરવાની પરવાનગી છે. પરંતુ એવા વિવાહથી ઉત્પન્ન થયેલી સંતતિની બ્રાહ્મણોમાં ગણના ન થતાં ક્ષત્રિય જાતિમાં ગણના થાય છે ! બ્રાહ્મણેતર અન્યવર્ણીય પુરુષોને બ્રાહ્મણ સ્ત્રી સાથે વિવાહ કરવાની કાયદાથી મના છે. બ્રાહ્મણ પ્રમાણેજ ક્ષત્રિય જાતિના પુરુષને નેવાર ગુરુમ, મગર તથા લામા ઇત્યાદિ જાતિની સ્ત્રી સાથે વિવાહ કરવામાં આવે છે અને તે વિવાહથી ઉત્પન્ન થએલી સંતતિની પણ ક્ષત્રિય જાતિમાંજ ગણના થાય છે.

નેપાલમાં બ્રાહ્મણ વિધવાને હિન્દુસ્તાનની ઉચ્ચ વર્ણી વિધવા પ્રમાણે કઠોર વૈધવ્ય વ્રત ગ્રહણ કરવું પડતું નથી ! નેપાલમાં વિધવાઓને પુનર્વિવાહ કરવાની છૂટ છે. પુનર્વિવાહિત બ્રાહ્મણ સ્ત્રીથી થએલી સંતતિ નેપાળી સમાજમાં બ્રાહ્મણના જેવુંજ માન પામે છે. ઇતર બ્રાહ્મણો પ્રમાણેજ પુનર્વિવાહિત સ્ત્રીના પુત્રને દાનાદિ ગ્રહણ કરવાનો અધિકાર છે. પરંતુ એટલું ખરું કે શુદ્ધ બ્રાહ્મણોનું જેટલું ગૌરવ હોય છે તેટલું પુનર્વિવાહોત્પન્ન બ્રાહ્મણનું હોતું નથી. કાયદાએ બ્રાહ્મણને જે છૂટ આપી છે તે પુનર્વિવાહિત બ્રાહ્મણને આપી નથી. ઉદાહરણાર્થ. ખુનનો આરોપ સાબિત થયો હોય તેવા બ્રાહ્મણને નેપાળી કાયદામાં દેહાન્ત પ્રાયશ્ચિત આપવામાં આવતું નથી પરંતુ પુનર્વિવાહોત્પન્ન બ્રાહ્મણ ખુની હોય કે તેને ખુશીથી ફાંસીની શિક્ષા કરવામાં આવે છે !

ક્ષત્રિય તથા ઇતર જાતિની વિધવાઓને મત્સ્યમાંસ ભક્ષણ કરવામાં હરકત નથી ! એ સમાજમાં સધવા તથા વિધવાને ઓળખવાનાં ચિહ્ન જુદાં છે. પણ વિશેષ ફેર નથી. ગળામા માળા ને હાથમાં બંગડીથી સધવા ઓળખાય છે. બાકીનો પહેરવેશ સરખોજ છે. ત્યાં પુનર્વિવાહનો ચાલ પ્રચલિત છે પણ રાજકુટુંબની સ્ત્રીઓમાં તેની મના છે.

નેપાલના રાજાને 'ધિરાજ' કહે છે. સામાન્ય લોકોની જે રાજાની વિવાહ ક્રિયામાં તફાવત છે ! વિવાહની રાત્રે નેપાલાધિપતિ એકજ વખતે બે ક્ષત્રિય કન્યાઓનું પાણિગ્રહણ કરે છે. આ કન્યાઓ પાછળથી રાજ્ઞીપદારૂઢ થાય છે. આ બન્ને રાણીમાંનો પ્રથમ પુત્ર ગાદીવારસ ગણાય છે. રાજાનો વિચાર હોય તો બ્રાહ્મણ કન્યા સાથે તે લગ્ન કરી શકે છે. રાજ્ય પરિવારમાં અનેક દાસીઓ હોય છે તેમને 'કેટી' કહે છે. એ કેટીઓ રાજાશ્રય ઉપરજ અવલંબી રહે છે. કોઇ કેટીને રાજાથી સંતાન પ્રાપ્તિ થાય તો તે પણ રાજ્ઞીપદ પામી શકે છે. કેટી રાણીથી થએલા પુત્રને 'સાહેબજી' ને કન્યાને ' શાહજાદી' કહે છે. આ સર્વ પરિવારને જોર ભંડારમાંથી માસિક વેતન મળે છે.

નેપાલના મુખ્ય પ્રધાનને 'મહારાજા' એવો ખેતાબ છે. ને તેની રાણીને 'મહારાણી' કહેવાનો ચાલ છે. નેપાલનો રાજા નામનો રાજા

હોઇ સર્વસત્તા મંત્રીના હાથમાં હોય છે અને તેથીજ તેને મહારાજા કહેવામાં આવે છે. રાજાની તથા મંત્રીની રાણીઓના નામમાં ઘોંટાળો ન થાય માટે ધિરાજની રાણીને 'શ્રી પંચ મહારાણી' અને મંત્રીની પત્નીને 'શ્રીતીન મહારાણી' એમ કાંઇક ભિન્ન નામે બોલાવવામાં આવે છે. રાજાની સંતાન પ્રાપ્તિ પામેલી કેટી જેમ રાણીપદ પામે છે તેમજ મંત્રીથી પુત્ર પામેલી કેટી મુખ્ય મંત્રીની 'મહારાણી' હોઇ શકે છે. મંત્રીથી ઉત્પન્ન થએલ કેટીનો પુત્ર નેપાળ સંસ્થાનના સૈન્યમાં જનરલ સેનાનાયકના પદ સુધી ચડે છે. પરંતુ તે મુખ્ય પ્રધાન થઇ શકતો નથી. મુખ્ય મંત્રીની મરજીથી કોઇ કેટીને 'શ્રી તીન રાણી' ના પદ ઉપર ચડાવવામાં આવે અને અભિષેકથી 'શ્રીતીનરાણી પદ પ્રાપ્ત થાય તો તેના પુત્રને વિવાહિત પત્નીના પુત્ર પ્રમાણેજ નેપાલના મુખ્ય પ્રધાનની જગ્યા મળવામાં હરકત રહેતી નથી.

નેવાર જાતિની વિવાહ પદ્ધતિ ભિન્ન છે. નેવાર સ્ત્રી વિધવાજ થતીજ નથી! કન્યા બાળપણમાં પ્રથમ એક ફળની સાથે મોટા સમારંભથી પરણે છે. અને તેજ ફળ તેનો કાયમનો પતિ રહે છે! જ્યાં સુધી તે સ્ત્રી સુરક્ષિત હોય છે ત્યાં સુધી તે સૌભાગ્યવતી ગણાય છે તેના પિયરમાં તે ફળનું ઘણી કાળજીથી રક્ષણ કરવામાં આવે છે. જોકણ કે કોઇપણ રીતે એ ફળ જો નાશ પામે તો તેને કપાળે વૈધવ્ય આવે છે! યૌવન પ્રાપ્ત થાય પછી તે ફળની સ્ત્રી બનેલી નેવાર તરુણી કોઇ લાયક પતિ સાથે ફરીને લગ્ન કરે છે. વિવાહની રાત્રે પતિ તે પત્નીને વિવાહબંધનચિહ્ન તરીકે એક સોપારી દે છે અને તે પોતાના લુગડાને છેડે બાંધી રાખે છે.

નેવાર સ્ત્રીને પોતાના એ બીજા પતિનો ત્યાગ કરવાની ઇચ્છા થાય તો તે તેમ કરી શકે છે. જ્યારે તેને પતિનો ત્યાગ કરવો હોય ત્યારે તે સવારમાં વહેલી ઉઠે છે અને પ્રથમ ધણીએ વિવાહ બંધન ચિહ્ન તરીકે આપેલી સોપારી છોડી તેજ બારીકે મૂકી તે ઘરમાંથી ચાલી નીકળે છે, એમ કર્યા પછી તેનો તે પુરુષ સાથે બીલકુલ સંબંધ રહેતો નથી. નેવાર સ્ત્રી જેમ એક પતિ છોડી શકે છે તેમ અન્ય પતિનો સ્વીકાર પણ કરી શકે છે. સમાજમાં તેને કોઇપણ જાતનો પ્રત્યવાય નડતો નથી. તો સ્ત્રીને ગમે તેટલા પતિ થઇને મરી જાય પણ જ્યાં સુધી તેનો પહેલો પતિ કાયમ હોય ત્યાં સુધી તે વિધવા થતી નથી!

લામા જાતિની વિવાહ પદ્ધતિ ક્ષત્રિય તથા નેવાર કરતાં અત્યંત નિરાળી છે આ જાતિમાં બહુ પતિત્વ પદ્ધતિ પ્રચલિત છે. એટલે લામા સ્ત્રી એકજ વખતે અનેક પુરુષોની સાથે વિવાહ કરી શકે છે. બે ત્રણ કે તેથી વધારે સગાભાઇઓ એક સ્ત્રી સાથે વિવાહ કરે એવો લામા જાતિમાં સંપ્રદાય છે. આવા વિવાહથી પ્રથમ ઉત્પન્ન થનાર છોકરો સૌથી વડિલભાઇના પુત્ર તરીકે ઓળખાય છે.

નેપાલી સમાજમાં વિવાહભંગ પદ્ધતિ પણ પ્રચલિત છે. એકાદ પુરુષને અસાધ્ય રોગ થયો કે એકાદ પુરુષ પોતાની પત્ની સિવાય ઘણાં વર્ષ પરદેશમાં રહ્યો તો તેની પત્ની તેનો ત્યાગ કરીને અન્ય પુરુષની સાથે વિવાહ કરી શકે છે. તેવીજ રીતે સ્ત્રીપુરુષને બને નહિ તો તેઓ એકબીજાથી છૂટાં થઇ શકે છે. એકાદ સ્ત્રીએ પોતાના સ્વીકૃત પતિને ઇચ્છા વિરુદ્ધ તેનો ત્યાગ કરીને સ્વેચ્છાથી અન્ય પુરુષની સાથે વિવાહ કર્યો હોય તો નૂતન વિવાહિત પુરુષને તેના પૂર્વપતિને થએલા લગ્નનું મૂલ્ય કાયદાની રૂએ આપવું પડે છે. એકાદ પુરુષે કોઇપણ કારણ વિના પોતાની પત્નીનો ત્યાગ કર્યો હોય તો જ્યાં સુધી તે સ્ત્રી અન્ય પુરુષની સાથે લગ્ન કરે નહિ ત્યાં સુધી તેનો સર્વ મૂલ્ય તે પતિને આપવો પડે છે!

નેપાલી સમાજમાં ઔરસપુત્ર પ્રમાણેજ ઉપપત્નીના છોકરાને પણ સંપત્તિમાંથી ભાગ મળે છે. ઉપપત્નીના છોકરાને એ સમાજમાં તુચ્છ માનવામાં આવતો નથી. ઉપપત્નીથી

સંતાનોત્પાદન કરવાની પદ્ધતિ નેપાલી સમાજમાં પ્રચલિત છે. એ પદ્ધતિએ ઉત્પન્ન થએલા પુત્રને પોતાના પિતાની સંપત્તિનો છઠ્ઠો ભાગ મળે છે એક માણસને બે વિવાહિત સ્ત્રીઓ તથા એક ઉપપત્ની હોઈ તે વિવાહિત સ્ત્રીઓથી છ ને ઉપપત્નીથી બે પુત્ર થયા તો તેના મરણ પછી તેની સંપત્તિના છ ભાગ કરી પાંચભાગ પેલા છ ઔરસ પુત્રોને અને એક ભાગ ઉપપત્નીના બે પુત્રોને મળે છે.

નેપાલી સમાજમાં સ્ત્રીઓના વિવાહ માટે વધતું કોઇપણ પ્રકારનું બંધન નથી! કન્યાના લગ્ન સત્વર કરી ને અગાધ પુણ્ય સંચય માટે મંગળાગૌરીની પૂજા કરવી આવશ્યક છે એ વાત ઉપર નેપાળી લોકોને વિશ્વાસ નથી. કિંવા વિવાહ પહેલાં કન્યા ઋતુમતી થાય તો તેના પિયરની બેંતાળીશ પેઢીને નરકવાસ ભોગવવો પડે એ વાતની પણ તેમને ભીતિ લાગતી નથી. નેપાલમાં સાધારણ રીતે તેરથી તેત્રીશ વર્ષના દરમ્યાન કન્યાનાં લગ્ન થાય છે. કન્યાના લગ્નની વયામર્યાદા ઠરાવેલી નથી. તેથી તેમજ ભિન્ન ભિન્ન પ્રકારની વિવાહ પદ્ધતિ હોવાથી હિન્દુસ્તાનમાં બહુધા જ્યાં ત્યાં જે પ્રમાણે કન્યાના બાપને પોતાની કન્યા માટે વર શોધી દાટી વરદક્ષિણા, માનપાન, ઇત્યાદિક કાર્યોમાં પોતાના ઘરની બિલ્કુલ નાશ કરી ભિખારી થવાનો પ્રસંગ આવે છે તેવી રીતે નેપાળી સમાજમાં કન્યાના પિતાને તેવો સમય કદી પણ આવતો નથી.

નેપાલમાં અનેક વિવાહ પદ્ધતિ કાયદેસર હોવાથી ભ્રૂણ હત્યા જેવાં મહત પાપ બનતાં નથી! ત્યાની ઉદાર વિવાહ પદ્ધતિને લીધે સર્વ સ્ત્રી પુરૂષ ગૃહસ્થાશ્રમમાં સૌખ્ય અને આનંદથી આયુષ્ય વ્યતીત કરી શકે છે. ગુરખાઓના અપૂર્વ પરાક્રમોને લીધે આજ સમગ્ર જગતમાં ભારત વર્ષને ગૌરવ પ્રાપ્ત થએલું છે તેમનામાં રોગના કાયમના વાસ માટેનાં જે કાંઇ નાના વિધ કારણો છે તેમાં નેપાળની ઉદાર વિવાહ પદ્ધતિ એ મુખ્ય છે, એમ કહેવામાં કાંઇ પણ હરકત નથી! ×

બરવાળા ધણુઆ ... બી.એ.

× મરાઠી ઉપરથી.

દારૂથી દૂર રહો!

દેશે દેશ અને ગામે ગામ, ગલીએ ગલીએ અને કૂણીએ કૂણીએ, દારૂથી દૂર રહો! દારૂથી દૂર રહો! એમ આકાશ સાથે વાતો કરતી અટ્ટાલકો, ધા અને રોગ માત્રથી થતા ચિકારોથી સળડતી હૂસ્પીતાલો, અને વર્ષો વર્ષ વધારે વિશાળ કરવી પડતી જેલો અને ગાંડાના ગૃહોમાંથી હર પળે ઉભો થતો ધાડો, રેલુ-સિંગડાથી પણ વધારે કાન બેદી નાખે એવો તીણો અને બે સુરો અવાજ—દારૂથી દૂર રહો જે હરહમેશ સંભળાયા કરે છે, તે પર સહેજ લક્ષ આપો; સ્મશાનમાં સળગી પોતાના બળીદાનથી પોકાર કરતી સ્ત્રી પુરૂષ અને બચ્ચાંઓની હજારો લાશો, અને જીવતાં મુએલાં જેવાં ફરતાં, સુકાં, માઇ કાંગલાં, મરવાને આળશે જીવતાં કરોડો કંગાલ માણસો, સીનેમેટોગ્રાફ કરતાં પણ સજ્જડ અસર કરે એવાં પોતાનાં દારૂના પરિણામ રૂપ પંડોથી, કે, ભાઇઓ! દારૂથી દૂર રહો! દારૂથી દૂર રહો" એમ જાણે પોકાર કરતાં આપણી નજર આગળ જાગતા અને ઉંઘતા ખડા થાય છે, તે તરફ જરા દૃષ્ટિ કરો અને સમજો કે—દારૂથી જોર આવતુ નથી, પણ જોર જાય છે. દારૂથી ટાઢ ઉડતી નથી, પણ ટાઢ વાય છે. દારૂથી ભૂખ લાગતી નથી પણ ભૂખ મરી જાય છે. દારૂથી મગજ તર થતું નથી પણ ખાલી થાય છે. દારૂ રોગનો ભોગ નથી પણ દારૂ રોગનો દોસ્ત રોગનું મૂળ છે દારૂ દેખીતો સારો, સુંદર, સોદાગણો અને સુંવાળો પણ તદ્દન ઉભો, પાછો ફરી ન શકાય તેવો, ધનને ધકેલી મુકનારો, સુખને સદાકાળને માટે સુવાડી દેનારો દુઃખ જાતનાં દ્વાર ઉઘાડનારો, આ સ્વર્ગરૂપી સંસારમાંથી છેક નીચે બળબળતા અંગારાથી ભરેલ નરકમાં ધકેલી મુકનારો અનહદ ઉંડો ખરો છે.

ભાઇઓ જે જે બુરી બદીઓમાં ફસાઇ લોકો તન મન અને ધને પાયમાલ થાય છે, તેમાંની સૌથી બુરામાં બુરી બદી દારૂ પીવાની છે. એક વખતે કેવા જબરા ગોલાઓ અને કુંભારો હતા ! તેઓ ક્યાં ગયા તેની તપાસ કરશો, તો તરતજ સમજશો કે તેઓ દારૂ પી શરીરે બરાબ થયા. ઘર બાર પૈસા ટકા દારૂમાં ગુમાવી કંગાલ અવસ્થામાં આવી બચ્ચાં છોકરાંને રવડતાં મુકી મરી ગયા. આટલું આટલું કમાતા છતાં ઘોબીઓનું ઉંચું ન આવવાનું કારણ પુછો તો તમને દારૂ એજ જવાબ મળશે. અન્ય ધંધામાં જોડાયલા કારકુનો, માસ્તરો ગુમારતાઓ કરતાં વધારે આવકવાળા મીલના મજુરો બરાબ, ગંદા અને સગવડ વગરનાં ઘરોમાં કેમ રહે છે, તે આંખો ઉઘાડી ફરી ફરી જુઓ તો દારૂજ તેનું મુખ્ય કારણ જડશે. આટલું આટલું કમાતા છતાં તેમના મોઢાપર કેમ નુર દેખાતાં નથી. તેનું કારણ શોધો તો દારૂજ માલમ પડશે. આટલું આટલું ખરચ કરવા છતાં તેમનાં શરીર લાસ થયેલા કેમ દેખાય છે. તેની તપાસ કરો તો દારૂ અને તેને પગલે પગલે ચાલતી અન્ય બદકેલીઓજ એનું બરૂં કારણ છે એમ ખાતરી થશે. આવો સારો દરમાયો મળવા છતાં તેમના છોકરા કેમ અજ્ઞાન અને ભીખારી જેવાં ફરે છે, તેનો કયાસ કરો તો દારૂજ એ સઘળાં દુઃખનું મૂળ કારણ છે એમ તરતજ માલમ પડશે.

ભાઇઓ અઠવાડીએ પખવાડીએ, મહીને, ૬ મહીને એકવાર તમારા પડોશમાં આવેલા પીઠાં તરફ પગ કરો. અને તમારાજ બોળખીના પાળખીતા આડોશી પાડોશી. ન્યાતના જનના અને અન્ય લોકો અજ્ઞાનનાં, કોઇ લહેર ખાતર, કોઇ જોર ખાતર, કોઇ થાક ઉતારવા, કોઇ ભુખ ઉઘાડવા એમ અનેક અનેક બહાનાં કાઢી, કોઇ પોતાના કોઇ પારકાના કોઇ કમાઇનાં કોઇ ચોરીના એમ અગણિત રીતે મેળવેલા પૈસા કેવી રીતે ખુટી દે છે તે જરા જુઓ, આ દારૂ રૂપી દુશ્મન તમને કેવી રીતે પાયમાલ કરવા મચી રહ્યો છે. તે તપાસો અને શાંત ચિત્તથી આ દુશ્મનનો કઇ રીતે પરાજય કરવો તેનો નિશ્ચય કરો. યાદ રાખો ભાઇઓ કે દારૂ વિનાશ માત્રનું મૂળ, પાયમાલીનું પહેલું પગથીયું, પૈસો, ટકો અને આબરૂ લૂંટ ગુમાવવાનો સડકનો માર્ગ છે. માટે દારૂથી દૂર રહો ને બીજાઓને દૂર રાખો.

દારૂમાં મુખ્ય તત્વ આલ્કોહોલ હોય છે, જે સાક્ષાત્ ઝેર છે. દરેક જાતના દારૂમાં તે વધતા ઓછા પ્રમાણમાં હોય છેજ. જે નીચેના કોષ્ટકથી વાચકને માલમ પડશે.

દારૂનું નામ.	આલ્કોહોલ સેંકડે.
રમ	૫૦ થી ૭૫
વીસ્કી	૪૦ થી ૫
બ્રાન્ડી (બ્રિટિશ)	૫૦ થી ૬
બ્રાન્ડી (ફ્રેંચ)	૫૦ થી ૫૫
જીન	૪૮ થી ૫૦
પોર્ટવાઇન	૧૫ થી ૧૮
શેરી	૧૪ થી ૧૮
મદિરા	૧૪ થી ૧૭
કેસેરેટ	૮ થી ૧૨
બસાન્ડી	૮ થી ૧૪
બીટર એઇલ	૬ થી ૮
પોર્ટ	૪ થી ૭
બીયર	૨ થી ૪
જીંજર બીયર	૧ થી ૨

લિન્દનો ઘણો ભાગ દારૂથી વિરૂદ્ધ છે.

"ધ નેશનલ ટેમ્પરન્સ રેકર્ડ"ના ઉનાળા અંકમાં એક લેખક ટાંકી બતાવે છે કે હીંદુસ્તાનનાં લોકોનો બહોળો ભાગ દારૂની વિરૂદ્ધ છે, અને દારૂથી થતી બરાબી માત્ર થોડા હજાર કે જેઓનો પીવાનો રિવાજ છે તેઓને આભારી છે. લેખક પૂછે છે કે:—

ધારો કે હીંદુસ્તાનની સરકાર દારૂને આવતો તેમજ બનાવાતો અને વેચાતો બંધ કરે (સિવાય કે વૈદક ખાતાને માટેજ અને તે પણ સખ્ત દેખરેખ હોય તો પરિણામ શું આવે?

મુસલમાનોને તો પીવું જોઇએજ નહીં. એ લોકોના ધર્મમાં દારૂ પીવાને માટે સખ્ત મનાઇ કરવામાં આવી છે. એમ છતાં તેઓમાંથી કેટલાક પીનારા છે પણ એ પીનારાઓ ગવર્નમેન્ટના આવા હુકમ સામે બોલવાની હીંમત કરી પોતાની ન્યાતમાં અને ધર્મના માણસોનો ગુસ્સો વ્હોરી લેવાને જોખમ ઉઠાવે નહીં, જો એવાં ગવર્નમેન્ટ હુકમને માટે મુસલમાનોના મત લેવામાં આવે તો લગભગ બધાજ મુસલમાનો દારૂને રજા આપવાના મત જોજ મળતા થશે. આમાં કોઇ શંકા લાવી શકશે નહીં. જો ગવર્નમેન્ટ આવો કાયદો અમલમાં મૂકે તો ફકત મુસલમાનોમાંથીજ એ કાયદાને અનુમોદન આપવા સાડા છ કરોડ મત મળે.

હવે ઉચવર્ણના હીંદુઓ તો કેફી પીણાની વિરૂદ્ધજ છે. આ લોકોમાં પણ મુસલમાનની માફક કેટલાક પીનારા નીકળશે, પણ તેઓ જાહેરમાં હીમાયત કરી શકશે નહીં. અને મધ્યમ વર્ગના હીંદુઓમાંથી પણ ઘણો મોટો ભાગ દારૂથી દૂર છે, એમ ખુશીથી કહી શકીશું અને નીચવર્ણોમાં પણ ઘણી એવી ન્યાત છે કે જેમાં દારૂ પીવાની મનાઇ કરવામા આવી છે, અને જ્યાં સુધી બ્રાહ્મણો ખરા જીગરથી આનો અટકાવ કરી શકશે ત્યાં સુધી એ પ્રતિબંધ એમનો એમજ રહેશે. ચમાર લોકો તાડી અને ગામઠી દારૂ ખૂબ પીએ છે એમ ધારવામાં આવે છે. અને એ ખરૂં પણ છે. પણ મારા સાંભળવામાં આવ્યું છે કે કલકત્તાના જોડા બનાવનારાઓએ એકત્ર થઇ કાયદો કર્યો છે કે ન્યાતમાંનો કોઇ પણ માણસ પીધેલો માલમ પડશે તો તેને સજા કરવામાં કાંતો ન્યાત બહાર કરવામાં આવશે. અને આ હીલચાલ એજ ન્યાતમાં ઉત્તર હીન્દુસ્તાન તરફ પણ ઘણી ખરી થતી સાંભળવામાં આવે છે. હવે જો સરકાર તરફથી હીંદુઓને પુછવામાં આવે કે " દારૂ વેચવાને માટે તમારો શો અભિપ્રાય છે ? " તો પરિણામ શું આવશે ? હું ધારૂં છું કે લગભગ બધાજ હિંદુ દારૂ નહીં જોઇએ એવોજ અભિપ્રાય આપશે એમાં કોઇ પણ શક લાવી શકશે નહીં. જો આ ખરૂં છે તો પછી હીંદુસ્તાનની બે મોટામાં મોટી જાત કે જેનો આકડો હિંદની કુલ વસ્તીનો ૮૫ ટકા જેટલો છે, તે ખચીત રીતે દારૂની વિરૂદ્ધ છે.

દારૂ અને શરીર.

દારૂના અર્કથી મણુસના દરેક ભાગને નુકશાન છે.

આરોગ્ય, સખ્ત મહેનત, સ્પષ્ટ વિચાર કરવાની શક્તિ ને લાંબી જીંદગી એઓનો તે વેરી છે.

લોહી—દારૂનો અર્ક લોહી ઉપર એવી અસર કરે છે, કે તેમાંનાં રાતાં કોમળ બિન્દુઓ સુકાઇને કઠણ થાય છે, તથા પોતાનું રૂપ બદલે છે. તેથી તેઓ પ્રાણવાયુને ફેલાવવા અશકત થાય છે, વળી સફેદ કોમળ બિન્દુઓ ઉપર તેની એવી અસર થાય છે. કે તેઓને નુકશાન થાય છે, ને તેથી તેઓ ઉડતા રોગોથી માણસને બચાવવા અશકત થાય છે. દારૂનો અર્ક લોહીમાંનું પાણી સુકવી નાંખે છે, તેથી લોહી જાડું થઇ ઓરાકને શરીરમાં ફેલાવવા તથા નકામી વસ્તુઓને દૂર કરવા બહુ શાક્તમાન થાય છે. દારૂનો અર્ક લોહી ઉપર એવી અસર કરે છે કે જ્યારે લોહી શરીરમાંથી નીકળે છે, ત્યારે તે જાડું થતું નથી, ને તે કારણથી ઘાને સાજાં થતાં વધારે વાર લાગે છે.

લોહીની રગો—દારૂના અર્કથી લોહીની જે રગો શરીરની સપાટી ઉપર હોય છે, તેમાં લોહી ભરાઇ જાય છે, ને તેથી તે રગો મોટી થાય છે. તે એવી સ્થિતિમાં આવે છે, તેથી જે ગરમી શરીરમાં રાખવાની જરૂર છે, તે ઉડી જઇ શરીર ઠંડું થાય છે. આગળ જતાં તે રગો દીવી થઇ જાય છે. તેથી લોહી તેમાં ભરાઇ રહે છે. તેટલા માટે દારૂડીઆઓનાં નાક લાલ થાય છે. આજ કાલના મુસાફરો જાણે છે કે દારૂના અર્કથી શરીર ટાઢું થાય છે, તેથી તેઓ

ઉત્તરે અથવા દક્ષિણ ધ્રુવના દેશોમાં જાય છે ત્યારે તેઓ દારૂ પીતા નથી.

હૃદયઃ—દારૂના અર્કથી હૃદયની હીલચાલ કદાપિ પહેલાં કરતાં વધારે ઝડપથી થાય. પણ થોડા વખતની અંદર તેની હિલચાલ જોઇએ તે કરતાં વિશેષ ધીમી થાય છે, તેનાં કારણથી હૃદયથી જે કામ થવું જોઇએ, તે થતું નથી. લાંબે તે દારૂ પીનાર માણસને ઠંડી લાગે છે, માંદો થાય છે, દુઃખી થાય છે તે બહુ કરીને વધારે દારૂ પીવા માગે છે આગળ જતાં હૃદય રોગી થાય છે. અથવા એવું અશક્ત થાય છે કે મંદવાડના વખતમાં તે બંધ થઇ જાય છે. એ કારણથી ઘણા લોકો જોઓએ સાધારણ રીતે ઘણી લાંબી ઉમર ગુજારવી જોઇએ તેઓ ૪૦ અને ૬૦ એટલી ઉમરની વચ્ચેજ મરણ પામે છે.

ફેફસાંઃ—જ્યારે દારૂના અર્કથી શરીરની ગરમી બહાર નીકળી જાય છે, ત્યાં તરતજ ફેફસાંઓને નુકશાન થાય છે, તે કારણથી સાધારણ શરદી લાગવાથી કંઠની નળીઓને સોજો ચડે છે, ફેફસામાં લાલ લાગે છે, ને ક્ષય રોગ ઉત્પન્ન થાય છે.

સ્નાયુઓઃ—દારૂનો અર્ક બીલકુલ થોડો પીવામાં આવે તો પણ તેથી સ્નાયુઓનું બળ ઘટી જાય છે અને તેઓની સ્થિતિસ્થાપકતા જતી રહે છે. તેથી તેઓનાથી ઓછું કામ થઇ શકે છે, અને થાક વધારે વહેલો લાગે છે.

એક રેડ્યા ઉપર દારૂની પરીક્ષા કરવામાં આવી, તેથી એવું જણાયું કે જેમ જેમ તેનામાં વધારે દારૂનો અર્ક દાખલ કરવામાં આવ્યો તેમ તેમ બાર ઉંચકવાને તે વધારે અશક્ત થતો ગયો,

સર હેનરિક હીથી જણાવે છે કે જ્યારે ૩૦૦૦૦ સિપાહિઓ બોઅર લડાઇના વખતે લેડી સ્મીથ શહેરને ઘેરાવવા કાણ કુચ કરીને ગયા ત્યારે ડાકટરોએ મહુથી પહેલો થોડી જથ્થ પાડા પડયા હતા. જ્યારે તેઓના ઉપર એવી ટિકિટ ચોટેલી કે જેના પર આ દારૂ પીનારા છે, એમ લખેલું હોય તે પ્રમાણે પીનારા લોકોની ઓછી શક્તિ તરત જણાઇ આવી હતી.

પેટઃ—દારૂના અર્કથી હોજરીના માંહેના ભાગ ઉપર સોજો ચઢે છે. ને દારૂ પીવાનું ચાલુ રાખવામાં આવે, તો તેથી હોજરીમાં ભારે નુકશાન થાય છે, કે જે ખોરાકને ખરોખર રીતે હજમ કરી શકતી નથી. વળી દારૂના અર્કથી ખોરાકની ઘણી ચીજો કાચી જાય છે, ને તેથી તેને હજમ કરવાનું કામ વધારે મુશ્કેલ થાય છે.

કલેજુઃ—આ શરીરમાંનું સહુથી મોટું સાધન કલેજું છે, ને તેનાથી વૈણનાં જરૂરના કાર્યો થાય છે. દારૂનો અર્ક તેને કામ કરતું રોકે છે. ને તે કારણથી શરીરમાં વિશેષ આડાગણ અને બેચેની જણાય છે. આગળ જતાં કલેજું વધારે મોટું ને નરમ થાય છે, નહિ તો સુકાઇને કઠણ થાય છે. દારૂ પીનારાઓનાંના ઘણા કલેજાંના રોગોથી મરણ પામે છે.

ચામડીઃ—દારૂ પીવાથી ચામડીમાં ડાઘા પડે છે, ને શરીરનો મેલ પરસેવામાં બધને છૂટથી નિકળતા રોકાય છે. તેથી કોઇ વાર ચામડીના અમુક રોગો ઉત્પન્ન થાય છે. ડોકટરો જણાવે છે કે, દારૂના રોગથી પીડા થતા લોકોની અર્ધી સંખ્યા દારૂ પીવાના કારણથી તે રોગને પ્રાપ્ત કરે છે.

પંચેન્દ્રિયઃ—દારૂના અર્કથી પંચેન્દ્રિયો પોતાનું કામ કરતાં રોકાય છે. દારૂની અસરના કારણથી માણસને આવનાર જોખમને જોતાં વધારે વાર લાગે છે. પોતાના મિત્રનો સાદ જલદીથી ઓળખી શકતો નથી. તેને ખોરાકનો સ્વાદ તરત જણાતો નથી ને તેના શરીરની હીલચાલ ઓછી ઝપાટથી થાય છે. કેટલાક અમેરો એક બીન ઉપર ઠોકવામાં આવ્યા ને દશ બાર માણસો સાથે તેથી વેગળાં રહીને આજ્ઞાનીથી તેઓને વાંગી ચીપા બાદ કરે

માણસને ઉકજ થોડો દારૂનો અર્ક પાવામાં આવ્યો અને તેઓની પાસે તે અક્ષરો વંચાવવામાં આવ્યા ત્યારે તેમ કરવાને માટે દરેકને વધારે નજદીક જવું પડયું હતું એ ઉપરથી દારૂનો અર્ક જોવાની શક્તિ ઓછી કરે છે એ સાબિત થાય છે.

મગજ અને જ્ઞાન તંતુઓ:—મગજ એ શરીરનું સહુ કરતાં નાજુક સાધન છે, તેના ઉપર દારૂના અર્કની વિશેષ ખરાબ અસર થાય છે. દારૂના અર્કની અસરથી તેની નાની નાની રગોમાં લોહી ખાઝી જતાં છે તેથી તેમાં જોઇતો ખોરાક ફેલાતો નથી ને તેમાંનો મેલ નીકળતા રોકાય છે. તે મગજને કામ કરે છે તે તેથી તેને અશક્ત બનાવે છે. એકજવાર બરાબર પીધેલો હોય તેવા માણસનું મગજ આગળ હતું એટલું શક્તિવાન કદી થનારજ નથી. તેથી મગજ બરાબર રસ્પષ્ટ રીતે વિચાર કરી શકતું નથી. તેમજ અવયવોની હિલચાલ ઉપર બરાબર અધિકાર ચલાવી શકતું નથી. જેઓનાં મગજ વિશેષ સારાં હોય છે તેઓને દારૂથી વિશેષ ભારે નુકશાન (બહુ કરીને) થાય છે. વળી દારૂના અર્કથી ગાંડાપણું, ચિતભ્રમ, ઉદાસીનતા, સ્મરણ શક્તિનો નાશ, પક્ષઘાત, વગેરે રોગો થાય છે અને દારૂપીનારાઓને લુક, હીસ્ટીરીઆ, ન્યુરાઇટિસ અને જ્ઞાન તંતુઓના અનેક બીજા રોગો સહેલાઇથી લાગી શકે છે.

માબાપોના નમુના સહિત બોધ.

એકવાર એક માણસને દરરોજ નિયમિતપણે થોડો થોડો દારૂ પીવાની ટેવ પડી. તે કદી છાકટો બન્યો નહિ તેમજ બિનજર બગડેલો પણ જણાયો નહિ, અને બહુ થોડો પીતો. કેમકે તે એવું ધારતો કે એથી મને લાભ થાય છે. એજ કારણથી તેના દીકરા પણ થોડો થોડો પીતા હતા અને તેમના દીકરા દીકરીઓ પણ તેમજ કરતા રહ્યા. હાલ તે માણસના વંશમાં ૪૦ દારૂબાજો થયાં અને કેટલાંક છોકરાં દારૂડીયાં થઇને મરણ પામ્યાં છે.

એક બીજો માણસ બીજી રીતે વરતો. તે કદી દારૂ પીતો નહિ, તેમજ તેને ખરીદતો પણ નહિ, ને પોતાના ઘરમાં પણ કોઇને તે આપપાત્ર વસ્તુ લાવવા દેતો પણ નહિ. તેણે પોતાનાં છોકરાંને એવું શીખવ્યું કે દારૂ એક મરણકારક ઝેર છે. તેનાં છોકરાંએ પણ તેજ પ્રમાણે પોતાના બાળ બચ્ચાંઓને શિખામણ આપી હતી; તેનું એવું પરિણામ આવ્યું કે તે માણસના વંશમાં એક પણ દારૂબાજ થયોજ નથી. તમે તમારા કુટુંબને કયે રસ્તે ચલાવોછો?

દારૂ અને સંતાનનો બગાડ.

અમેરિકામાંના ન્યુયોર્ક શહેરના ડાકટર એલેકઝાંડર મેકનીકલ સાહેબે દારૂ પીવાથી છોકરાને થતાં ભારે નુકશાન વિષે તપાસ કરી છે અને એ ઉપરથી એવું જણાય છે કે દારૂ નિષેધ કરનાર ૧૦ કુટુમ્બમાં નીચે પ્રમાણે રોગ થયો:—

દારૂ નિષેધવાળાનાં છોકરાં.

૧ લી પેઢી ૩૪ છોકરાં, સેંકડે ૧૧ રોગી.
૨ જી પેઢી ૩૮ છોકરાં, સેંકડે ૨૬ રોગી.
૩ જી પેઢી ૫૮ છોકરાં સેંકડે ૭ રોગી.

નિયમિત રીતે દારૂ પીનારાનાં છોકરા.

સાધારણ નિયમિત રીતે દારૂ પીનારા ૧૦ કુટુંબપર, નીચે પ્રમાણે અસર થઇ:—

૧ લી પેઢી ૪૭ છોકરાં સેંકડે ૫૪ રોગી.
૨ જી પેઢી ૬૦ છોકરાં સેંકડે ૬૨ રોગી.
૩ જી પેઢી ૮૨ છોકરાં સેંકડે ૭૫ રોગી.

દારૂડિયાનાં ૨૫ કુટુંબોમાં ૧૨૨ છોકરાંને નીચે પ્રમાણે રોગો લાગેલા છે.—

૭ ક્ષય રોગી, ૮ ૨ગ્નુઓના રોગી, ૪૧ દારૂડિયાં, ૬ ઉંક ઓછી બુદ્ધિવાળાં અને ૪ ગાંડાં થએલાં છે.

દારૂ ભવિષ્યના સંતાનને ભારે સંકટમાં નાખે છે.

ઓમ. મોરેલ નામના એક પ્રખ્યાત લેખકે એક કુટુંબની ચાર પેઢીઓ વિષે નીચે પ્રમાણે લખ્યું છે:—

૧ લી પેઢી બાપ દરરોજ દારૂ પીતો હતો. પીધામાં કોઇ તકરાર થઇ, તેમાં તે મરી ગયો.
૨ જી પેઢી—છોકરાને બાપની ટેવ વારસામાં આવી, આથી તે ગાંડો થઇ ગયા.

ઉત્તર અથવા દક્ષિણ ધ્રુવના દેશોમાં જાય છે ત્યારે તેઓ દારૂ પીતા નથી.

હૃદયઃ—દારૂના અર્કથી હૃદયની હીલચાલ કદાપિ પહેલાં કરતાં વધારે ઝડપથી થાય. પણ થોડા વખતની અંદર તેની હિલચાલ જોઇએ તે કરતાં વિશેષ ધીમી થાય છે, તેનાં કારણથી હૃદયથી જે કામ થવું જોઇએ, તે થતું નથી. ત્યારે તે દારૂ પીનાર માણસને ઠંડી લાગે છે, માંદો થાય છે, દુઃખી થાય છે તે બહુ કરીને વધારે દારૂ પીવા માગે છે આગળ જતાં હૃદય રોગી થાય છે. અથવા એવું અશક્ત થાય છે કે મંદવાડના વખતમાં તે બંધ થઇ જાય છે. એ કારણથી ઘણા લોકો જોઇએ સાધારણ રીતે ઘણી લાંબી ઉમર ગુજારવી જોઇએ તેઓ ૪૦ અને ૬૦ એટલી ઉમરની વચ્ચેજ મરણ પામે છે.

ફેફસાંઃ—જ્યારે દારૂના અર્કથી શરીરની ગરમી બહાર નીકળી જાય છે, ત્યાં તરતજ ફેફસાંઓને નુકશાન થાય છે, તે કારણથી સાધારણ શરદી લાગવાથી કેટલી નબીઓને સોજો ચડે છે, ફેફસામાં લાલ લાગે છે, ને ક્ષય રોગ ઉત્પન્ન થાય છે.

સ્નાયુઓઃ—દારૂનો અર્ક બીલકુલ થોડો પીવામાં આવે તો પણ તેથી સ્નાયુઓનું બળ ઘટી જાય છે અને તેઓની સ્થિતિસ્થાપકતા જતી રહે છે. તેથી તેઓનાથી ઓછું કામ થઇ શકે છે, અને થાક વધારે વહેલો લાગે છે.

એક રેડામા ઉપર દારૂની પરીક્ષા કરવામાં આવી, તેથી એવું જણાયું કે જેમ જેમ તેનામાં વધારે દારૂનો અર્ક દાખલ કરવામાં આવ્યો તેમ તેમ બાર ઉંચકવાને તે વધારે અશક્ત થતો ગયો,

સર ફેડરિક હીલી જણાવે છે કે જ્યારે ૩૦૦૦૦ સિપાહીઓ ઓચર લડાઇની વખતે લેડી સ્મીથ શહેરને છોડાવવા કૂચ કરીને ગયા ત્યારે ડાકટરોએ સહુથી પહેલા થોડી જંબ પાઠા પડયા હતા. જાણે તેઓના ઉપર એવી ટિકિટ ચોટેલી કે જેના પર આ દારૂ પીનારા છે, એમ લખેલું હોય તે પ્રમાણે પીનારા લોકોની ઓછી શક્તિ તુરત જણાઇ આવી હતી.

પેટઃ—દારૂના અર્કથી હોજરીનાં ભોંયના ભાગ ઉપર સોજો ચઢે છે. ને દારૂ પીવાનું ચાલુ રાખવામાં આવે, તો તેથી હોજરીમાં ભારે નુકશાન થાય છે, કે જે ખોરાકને બરોબર રીતે હજમ કરી શકતી નથી. વળી દારૂના અર્કથી ખોરાકની ઘણી ચીજો કઠણ થઇ જાય છે, ને તેથી તેને હજમ કરવાનું કામ વધારે મુશ્કેલ થાય છે.

કલેજુઃ—આ શરીરમાંનું સહુથી મોટું સાધન કલેજું છે, ને તેનાથી ઘણાં જરૂરના કામો થાય છે. દારૂનો અર્ક તેને કામ કરતું રોકે છે. ને તે કારણથી શરીરમાં વિશેષ અકળામણ અને બેચેની જણાય છે. આગળ જતાં કલેજું વધારે મોટું ને નરમ થાય છે, નહિ તો સુકાઇને કઠણ થાય છે. દારૂ પીનારાઓનાંના ઘણા કલેજાંના રોગોથી મરણ પામે છે.

ચામડીઃ—દારૂ પીવાથી ચામડીમાં ડાઘા પડે છે, ને શરીરનો મેલ પરસેવામાં થવને છૂટથી નિકળતા રોકાય છે. તેથી કોઇ વાર ચામડીના અમુક રોગો ઉત્પન્ન થાય છે. ડોકટરો જણાવે છે કે, દારૂના રોગથી બીજા બધા લોકોની અર્ધી સંખ્યા દારૂ પીવાના કારણથી ને રોગને પ્રાપ્ત કરે છે.

પંચેન્દ્રિયોઃ—દારૂના અર્કથી પંચેન્દ્રિયો પોતાનું કામ કરતાં રોકાય છે. દારૂની અસરના કારણથી માણસને આવનાર જોખમને જોતાં વધારે વાર લાગે છે. પોતાના મિત્રનો સાદ જલદીથી ઓળખી શકતો નથી. તેને ખોરાકનો સ્વાદ તરત જણાતો નથી ને તેના શરીરની હીલચાલ ઓછી ઝપડથી થાય છે. કેટલાક અમેરિકન એક ભીત ઉપર ટાંગવામાં આવ્યા ને દશ બાર માણસો સોજો તેથી વેગળાં રહીને બાણાવળીથી તેઓને વાંગી લીધા બાદ દરેકે

બેલશાસ્સારે દારૂ પીવાના દારણથી બાબે-લનું મોટું રાજ્ય ખોયું.

સારડનપલ્સે દારૂ પીવાના દારણથી આસીરીઆનું વિશાળ રાજ્ય ખોયું.

પુરાણ બાદશાહની પાછળ ધરાની લોકોની ઘણી અવદશા થતી ગઇ તેનું દારણ એજ કે તેના પછી જે બાદશાહો થયા, તેઓ અતિશે વિલાસી દારૂબાજ નિકળ્યા, તેથી કરીને રાજ્યમાં ઠેકાણે ઠેકાણે બંડો થવા માંડ્યાં, તેઓને શિક્ષા આપવાની શક્તિ બાદશાહોમાં હતી નહિ, તેથી ઘણો બગાડ થયો.

રાજપંશીઓના નાની વયમાં મરણ.

મહાન સિકંદરે એ વખતે જાણ્યામણી આખી દુનિયામાં પોતાની ૩૦ વર્ષની જુવાન વયમાં છતી હતી. ઘણ વર્ષ પછી તે મરણ પામ્યો. શાથી ? દારૂની લતથી.

યુરસિક કવિ આઇરને પોતાના ૩૭ વર્ષની ટૂંક વયમાં રગદોળી નાખ્યો છે. દારૂની બદીથી.

વિલિયમપિટ્ટ અને યુસલમાનોના તંદુરસ્તી ગઇ પીવો એ મોટામાં મોટું પાપ ઇ. એટલે તેમના ધાર્મિક વિચારો ઉત્તેજીત ાં આપણને મહેનત પડશે નહિ. ગતની નિર્બળતા, બોઈતી સવડના અને બરાબ સોબત એ માણસને આડે માર્ગે દોરનારાં સાધનો છે. ઠેકાણા પરથી આપણે જરાક લપસ્યા કે પછી નીચે સુધી ગબડાવું એતો નકકીજ છે. જો કે દારૂનો વપરાસ વધ્યો જાય છે. પણ આપણે નાહિમતુ થવાની જરૂર નથી. જો તમે બરા અંતઃકરણથી એ કામ હાથમાં લો અને કોઇની નડતરને હિંમતથી દૂર કરો તો તમારા કામને ઇશ્વરી મદદ મળશે અને ફતેહ પણ તમારીજ છે. તમારા મનમાં એવી ખાતરી રાખીને કામ શરૂ કરો કે એ ઇશ્વરી સરિયે છે, અને જીત તમારીજ છે. જુવાન માણસોજ ભવિષ્યના હિંદુસ્તાનના સ્તંભ છે અને માતૃભૂમિનું બરાબ દુઃખ કરતાં અતિશય વધી જાય જરૂર આપણને ખ્યાલ થશે.લોકોની રસ્તે બરબાદી થતાં અટકાવવાને ૧૪ પગલાં લેવાવાં જોઇએ, આમા દેશમાં ચળવળ શરૂ થવી જોઇએ, પણ જોમ ભરી છાપરે ચઢાવું નથી, પણ સીડીના પગથીએ ત્યાં સુધી પહોંચાય છે એ સુધારો પણ એવું પડેલું કે જે ઘર અને રસ્તા છે ત્યાંથીજ થવો જોઇએ.

છોકરાની પાછળ તે કોઇ પણ નહીં દેશાય એવી ઘરના વડીલો કાળજી લેવાવી જોઇએ, કહેવત છે કે "ઝાડ જેમ વાળીએ તેમ વળે" તે છોકરાને નાનપણથીજ નીતિ અને ધર્મ પર મસર બનાવે છે.

મુખ્યત્વે કરીને રપાઇનલ કોર્ડપર અસર ફોસ્ફરસ દાંત અને હાડકાં પર અસર આર્સેનીક લીવર (કેફખાં) પર અસર કરે અને આલ્કોહોલ બ્રેઇન (ભેજા) પર કરે છે. છેલ્લા હોસ્પીટલોના વાર્ષિક ઉપરથી માલુમ પડે છે કે દીવાનાપણાથી ૧૫૩૫૩ કેસમાંથી બાવીશ ટકા આલ્કો એકલાના ભોગ છે. દારૂની પેદાશમાં દીવાનાજ નથી. ઘણા ખરાં ચારીત્રિ બાંધનારા અને ચક્રમ બેજનાં મનુષ્યો દારૂની પેદાશનાંજ હોય છે. એવી કરવામાં આવી છે કે જે જે બાળકો ીજ બોડખાંપણવાળા જન્મે છે તેના ટકા આલ્કોહોલને લીધે હોય છે. એક ીસ્ટ કે જેણે બાવીસો કેસો ઉપજાવ્યા તપાસવા હતા તે જણાવે છે કે દારૂ માણસોના છોકરામાંથી દર પાંચ છે એક તદન દીવાનું હોય છે, દર નવમાંથી હીસ્ટીરીયા લાગુ પડેલો હોય છે અને લગભગ બે તૃતીયાંશ નેટલો ભાગ અને માનસિક નેવુ રીત ક્ષીણતાને

આવવું આપવું નહિં. પણ એમ કરતાં મારીને અથવા ધમકીથી શાંત પાડવા તેને સમજાવટથી વાળવું જોઇએ. છોકરું ની જોખમાએ જવા માંગશે કે જેમાં તેની દગીને જોખમ આવવાનો સંભવ હોય અને ારે તેને "ઉભું રહે" કહેવાનો વખત છે, ોજાંકિતપણું બહુજ ધીમું ધીમું આવે છે. ારણ કે એ કુદરતની વિરૂદ્ધ છે, તો પણ માબાપ તરફનો વ્હાલ ભરેલો કપટ-સુબોધ વખત-સર સારૂં પરિણામ આણ્યા વગર રહેશે નહિં. છોકરૂં શું માગશે તેની કાળજી રાખવા કરતાં છોકરાંને શું આપવું જોઇએ એ પર ધ્યાન આપવામાં આવવું જોઇએ, છોકરાંની ગેરવાજબી માંગણી નહિં સ્વીકારવાથી તે ભવિષ્યમાં મજબૂત અનો બનશે; નહિ કે તેનું દીલ તુટી જતું રહેશે. એક વખત છોકરાંને આજ્ઞા ઉઠાવવાની ટેવ પડી કે માનો કે અહીંથીજ એક વ્યસન અરની જીંદગીનો પાયો નંખાયો.

ઔદ્યોગિક કેળવણી, ઉદ્યોગની ટેવ અને કંઇ પણ કીંમતી કળા કરવાની આવડતને લીધે કોઇ પણ ખરાબ રસ્તે દોરવવાને માટે વખત મળી શકતો નથી. દારૂ પીવાની ટેવ-વાળાં માણસો નવરાં બેઠા વખત ભારી નહિ થઇ પડે, અને મગજની શૂન્યતાને લીધે વખત કેમ પસાર થયો એ માલમ નહિ પડે તથા એ હાલતમાં કંઇ ચિંતાને પણ સ્થાન ન મળે એના માટેના એક સહેલા રસ્તા તરીકેજ એને પસંદગી આપે છે. પણ જે માણસ કંઇ પણ ઉદ્યોગમાં રોકાયલો રહે છે તે પોતાની જીંદગી સુખ અને સંતોષમાં ગાળે છે. તેને દારૂ કે દારૂના પિતરાઇ કોઇની જરૂર રહેતીજ નથી. અમેરિકામાં છોકરાએ જો કોઇ ઔદ્યોગિક કેળ-વણી જોવી કે જેતી, બાગ બનાવવું, યાંત્રિક કામ વગેરે નહિ મેળવી હોય તો તે માબાપોનેજ શરમ ભરેલું થઇ પડે છે, અને તે છો-કરાને પોતાની જાતેજ પોતાને માટે કમાતા શીખવો. પોતાની કમાણીમાંથી થોડું ઘણું બચાવતાં અને તેનો સદુપયોગ કરતાં શીખવો. દરકોઇ કામને માટે બીજા ઉપર આધાર રાખવા કરતાં પોતાનીજ શક્તિ અકલનો ઉપયોગ કરતા શીખવો. આ બધા વ્યસનથી મુક્ત રહેવાના નિયમો છે.

૩ આપણું સાધારણ માનવું છે કે નાન-પણમાં જો કોઇ છોકરો ખરાબ વર્તનવાળો હોય તો તે મોટો થતાં અને માથે પડતાં ઠેકાણે આવી જાય છે. એ વાત ભરોસા લાયક નથી. નાનપણથીજ તેને આડો રસ્તો પકડતાં અટકા-વવો. છોકરો બાર પંદર વરસનો થયા પછી તેને ખરાબ રસ્તે દોરવનારાં અમુક કારણો છે તેનાથી તેને બચાવો. એવા કારણોમાં એક તેને સાંજના દીવા સળગ્યા પછી બહાર રખડવા દેવો એ છે છોકરાને રાતના બહાર ફરતો ગમે તે રીતે અટકાવવો જોઇએ. છોકરો ગમે તેવો સદ્વર્તનવાળો હોય તો પણ રાતના બહાર ભટકવાની ટેવ જરૂર તેને બગાડશે. માત્ર એવા કાર્ય પ્રસંગ સિવાય તેને હંમેશ સાંજના ઘેર રહેવાની ટેવ પાડો. સોબત એ બીજું કારણ છે. છોકરો સારો નબળો નીકળવો એ તેની સોબતથી માલમ પડી આવે છે. માટે છોકરા-ના સોબતી તરફ પૂરતું ધ્યાન આપવું જોઇએ.

ચાહ, કોફી, સોડા, લેમન વગેરે કહેવાતાં નિર્દોષ પીણાં પણ છોકરાના સદ્વર્તનને નુક-સાન કર્તા છે. ખરૂં કહીએ તો આ ટેવ એજ દારૂડીયા નીવડવાનું પહેલું પગથીઉં છે. ડોકટર વીલે એ. પોતાના માસિક ગુડ હાઉસ કીપિંગ મારફતે સાબિત કીધું છે કે નિર્દોષ કહેવાતા પીણામાંના ઘણા ખરામાં નારકોટીક્સ અને એવીજ બીજી નુકશાન કરનારી ચીજોનો ભેળ હોય છે.

ચાહ અને કોફી તબીયતને નુકશાન કર્તા તો છેજ અને એની ટેવવાળા માણસોને દારૂ પણ સહેલાઇથી લલચાવી શકે છે.

બીડી પીવાની ટેવ તો ઘણા છોકરાઓમાં સાધારણ થઇ પડી છે. હજારો અને લાખો છોકરાઓ એની બરાબીમાં સપડાયા છે. બીડી પોતાના જુવાન ભોગોને સ્કુલમાં ફેઇલ કરાવે છે. ઘણા બરા બીડી સ્વતંત્રતાથી પીવાય એટલાજ ઉદેશથી સ્કુલ હંમેશને માટે છોડી દઇ કંઇ પણ નોકરી શોધી લે છે; કાંતો કંઇ કામમાં જોડાઇ જાય છે. બીડી પીનાર પોતાની જાતની આબરૂની દરકાર ગુમાવે છે. બીડી પીનાર છોકરો જરૂર માબાપ તેમજ ભાઇબેન ની સાથે વિવેકથી વર્તી શકતો નથી. બીડી પીનાર જુઠું બોલવા તરફ વધારે વળેલો હોય છે. અને તની બીડી પીવાની ટેવમાં કોઇ આડે આવતું હોય તેને ગમે તે રીતે ઠગીને કે આંખમાં ધૂળ નાંખીને પોતાની બીડીની તરસ તૃપ્ત કરવાનો રસ્તો શોધી લેશે.

બીડી પીનાર જરૂર કામાસક્ત નીવડશે. બીડી પીનારા સદ્‌ગુણોની બહુજ નજીવી કીમત આંકે છે. અને કોઇપણ પુરૂષ અથવા સ્ત્રી સદ્‌ગુણી હોઇ શકે એમ માનવાનેજ ચોકખી ના પાડે છે.

હવે જે માબાપો અંતથી જોઇતી કાળજી પૂર્વક છોકરાને ઉછેરે તો ઉપરની દરેક બુરી ટેવોથી પોત પોતાના છોકરાને ઉગારી શકે. છોકરાંને સાંજ પડ્યા પછી ઘેરેજ રાખવો એતો બહુજ સહેલું કામ છે. એમ છતાં જોર જુલમથી એ ગેરહાજર થવા સંભવ છે. છોકરાને બહાર નહિ નીકળવા દેવાને માટે તેને માટે ગમતા સાધનો હોવાં જોઇએ. કે જેનાથી એ ચાંદીને બહાર જવા કરતાં ઘરજ વધારે પસંદ કરે. જેવી રીતે બાધ પદાર્થ અને ફરનીચરની ઘરમાં બાસ જરૂર છે તેવીજ રીતે છોકરાને રમવાની ચીજો, સારાં પુસ્તકો વગેરેની પણ ઘરમાં બાસ જરૂર છે.

ઘરની દેખરેખથી ચા, કાફી, કોકાકોલા વગેરે પીણાંથી છોકરાને દૂર રાખવો બાશ જરૂરનું છે. તેવીજ રીતે બીડી કે જે આજકાલ અતિશય પ્રચારમાં છે. તેનાથી સો ગરતાં વિશેષ સમાલવાનું છે.

શ્રીમાન્ સમ્રાટ પંચમ જ્યોર્જ મદ્યપાન નિષેધક તરીકે.

ના. શહેનશાહે મી. લોઇડ જ્યોર્જને એક પત્ર લખી નિશો કરનારા પ્રવાહી પદાર્થોથી લડાઇના વખતમાં પોતે દૂર રહેવાનો તથા બાં રાજવંશી કુટુંબને પણ એ પદાર્થોથી દુર રાખવાનો વિચાર જણાવ્યો છે. એમ માનવામાં આવે છે કે ના. શહેનશાહની વલણ રાજ્યના બધા અમલદારો પસંદ કરશે ને પ્રધાનમંડળ તેમજ ન્યાયાધિકારીઓ પણ તેમનું અનુકરણ કરી મદિરાથી દૂર રહેશે. લંડનના પત્રોમાં બોર્ડબ્રાસી, લોર્ડ કોર્ઝન, અને લોર્ડ સિડનહામના પત્રો પ્રકટ થયા છે. અને તેઓએ ના. શહેનશાહનું અનુકરણ કરવા જાહેર કર્યું છે. સર ચાર્લસ મેકરોએ જણાવ્યું છે કે **દારૂની વખારોને તાળાં વસાય એ હું પસંદ કરૂં છું.** કેનેડામાં ના. શહેનશાહની આવી વલણથી પ્રસંસા કરવામાં આવી છે અને મોટા ધંધાદારીઓએ દારૂથી દુર રહેવાનું જાહેર કર્યું છે. ન્યુ ઝન્સીક અને નોવાસ્કોશીઆની સરકારોએ સંબંધમાં અટકાવનો કરાવ પસાર કરવા વિચાર ચલાવે છે. મેસ્કેચવાને **દારૂનાં પીઠાં બંધ કરાવ્યાં** છે. મેનીટોબા અને ઓન્ટેરીઆમાં ઘરૂ ઉપર અંકુશ મુકનારા કરાવ પસારા થયા છે. તેમજ બીજા અનેક યુરોપી રાજ્યોમાં તેમજ સંગ્રામમાં ઉતરેલા રાજ્યોમાં તો એ બદી અટકાવવા માટે ઠરાવો થવા લાગ્યા છે. ખુદ અંગ્રેજ ધર્મગુરૂઓ પણ એ બદીને દૂર કરવા પ્રયત્નો કરે છે. લોર્ડ કીચનરે પોતાના કુટુંબમાં લડાઇ દરમ્યાન કોઇએ દારૂ પીવો નહિ એમ ફરમાવી દીધું છે. હિન્દુસ્તાનમાં એવું કંઇ થશે કે નહિ?

એક વખત એશ્વર્ય—સંપ અને સુલેહનો દાવો કરનારી પ્રાશ્ચાત્ય પ્રજાના મનોભાવ હાલ વ્યાપી રહેલા મહાભારત યુદ્ધથી આપણે જોઇ શક્યા છીએ. તેમજ તેના મદિરાપાન કરવાની ટુંગુબરેલી રીતથી થતી બરાબી હવે બહારે આવી છે. તે ઉપર જણાવ્યા પ્રમાણે શ્રીમાન

સમ્રાટ પંચમ જ્યોર્જ તેમજ ત્યાંના અગ્રગણ્ય માનનીય પુરૂષોને મદ્યપાનનો નિષેધ કરવો પડ્યો છે. એથી જણાઇ આવે છે.

આ મદિરાપાનનો નિષેધ રંણસંગ્રામ જેવા કારણ વશાત્ કરવો પડયો છે. કારણ કે દાગદાર વર્ણમાં પસરેલી એ બદીથી કાર્ય કરવામાં બેદરકારી વધે છે. તે આપણે વિચારવાનું કે જોવાનું નથી. પરંતુ 'વખત આવે ભૂલ માલમ પડે છે' એ લોક વાક્યાનુસાર પાશ્ચાત્ય દેશો કે જ્યાં માંસ અને મદિરાની બદી એટલી હદ સુધી પહોંચી હતી કે જ્યાં ભાગ્યેજ કોઇ પણ મનુષ્ય આવી ભ્રષ્ટ કામોદ્દીપન કે ઘેળે દિવસે તારા દિવા બતાવનારી કેફી વસ્તુઓથી દુર હશે. આવી ભયંકર ભૂલ આજે પ્રાશ્ચાત્ય પ્રજાને નજરે પડી છે એ ખરેખર પાશ્ચાત્યપ્રજાના સદ્‌ભાગ્યની વાત છે. જ્યારે ભારતવર્ષની પ્રજા એવા દુર્ગુણી આહારવિહાર અને સદાચારોથી મ્હોટે ભાગે દૂર રહી છે અને તે આપણી મૂર્તિપૂજાની રીતને કે પ્રભુ પ્રત્યેની ધેલછા-પ્રેમ ને કે આપણા સત્‌શાસ્ત્રોનેજ આભારી છે.

છોટુભાઇ દાજીભાઇ દેશાઇ.



બીમારી લાવનારા ત્રણ છે-આળસ, અનિયમિત ખોરાક અને અસ્વચ્છતા.

દુનિયામાં અપમાન નહીં ખમનારા ચાર છે. સિંહ, પુરૂષ, સત્ય અને હાથી.

ત્રણ જણને સુતેલા જગાડવા નહિ-રાજા ગધેડાપ અને પારકું કુતરું.

જગતમાં ત્રણ ચીજથી પાછા હઠી જવું ઘટેતું પાણી, મહાન પુરૂષોનો ગુસ્સો, અને સળગતી આગ.

પૈસા કરતાં વધુ કિમતિ ત્રણ છે-ઓલાદ, ઇજ્જત, અકલ.

કથી દુનો વધારો થાય છે, અનુભવથી અકલ, કસરતથી બળ, અને ઉદ્યોગથી કળ.

વેપારમાં ત્રણ ચીજની મોટી જરૂર છે-દામ,

"સરલા"

યુવાવસ્થાના મળસ્કામાં પ્રભાતી-સર્યાંના સુન્દર-પોતાના કોકિલાના જેવા સુન્દર અને કર્ણપ્રિય સ્વરથી કંઇક ગાતી-જાણે ઋતુદેવે આ મૃત્યુલોકના માનવીઓપર પોતાની કળાનો પ્રભાવ પાડવા સરજી હોય તેવી-સુન્દર અનુપમ સુન્દરી સરલા પોતાના નાના ઉદ્યાનમાં હંસગતિથી વિચરતી હતી. અત્યંત સૌંદર્યવાન્ સરલા આ સમયે ચંદ્રની સુન્દર ચાંદનીમાં વિશેષ મોહક લાગતી હતી. પક્ષિઓનો કલરવ સંભળાતો ન હતો. સુન્દર પુષ્પોના ભારથી વળેલી ડાળીઓ સરલા તરફ જોઇ તેને માન આપતી હોય તેવી દેખાતી હતી.

સરલા સોળ વર્ષની સુન્દર કુમારિકા હતી. માતાપિતાનો નાનપણમાંજ સ્વર્ગવાસ થએલો હોવાથી સરલાને માતુસ્નેહનો અનુભવ નહતો. પણ તેના પિતા પાસે દ્રવ્ય સારૂં હોવાથી તેનો કાકો સરલાની સંભાળ લેતો હતો. પણ દુઃખ પડે છે ત્યારે સામટાં. એ પ્રમાણે સરલા સોળ વર્ષની થતાં તેનો કાકો ભયંકર બીમારીમાં સપડાયો. સરલાએ અત્યાર સુધીમાં થોડું અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃતનું શિક્ષણ લીધું હતું. અને ગૃહ કામકાજની પણ સાધારણ માહીતી મેળવી હતી.

થોડા સમયમાં સરલાનો વિવાહ કૃષ્ણકુમાર નામે એક યુવક સાથે થવાનો હતો. પ્રેમઘેલી સરલા વારંવાર કૃષ્ણકુમારનાં લલિત મુખનાં દર્શન માટે લલચાતી હતી. અને અત્યારે આ નાનકડાં ઉદ્યાનમાં તે માટેજ તે આવી હતી.

પગરવ સાંભળી તે દરવાજા આગળ ગઇ અને કોઇ આવતું જાણી થોભી.

આવનાર ચોવીસેક વર્ષનો યુવક હતો. આ યુવકનું નામ સુમનચંદ્ર હતું.

"વ્હાલી સરલા, આજે તને જોઇ હું અત્યંત ખુશ છું"

કહેવાનો હતો કે જો અડધો ભાગ નહીં આપો તો ફરીયાદ કરીશ પણ કોણ જાણે શું થયું કે બીજે જ દિવસે ઈશ્વરાજે પોતાના સગાઓને એક કાગળ બતાવ્યો જેમાં નીચે મુજબ લખ્યું હતું.

"હું કૃષ્ણકુમાર કે. મ્હેતા લખી આપું છું કે મામીના દ્રવ્યમાંથી મ્હારો ભાગ મને પુરેપુરો મળ્યો છે અને તે મારે કદી માંગવો નહીં" ૨૯-૩-૧૯ × ×

સરલાએ પણ એ કાગળ વાંચ્યો. તેણી દિલગીર થઇ. આંસુ પાડવાથી કંઇ વળે તેમ ન હતું. તેના મૂર્ખ પતિએ એક સ્ત્રીના ખોટા પ્રેમને આધિન થઇ આખી જીંદગીનું બલિદાન આપી દીધું હતું.

તેજ રાત્રે સરલાને એક પત્ર મળ્યો.

સરલા,

સુખી થવાની બીજી આશા નષ્ટ કરો. જે રમણીએ તારા મુર્ખ પતિ કને સીદ લખાવી લીધી હતી તે રમણી આ તારો શત્રુ...આ બીજું ગુલાબનું ફુલ મોકલ્યું છે.

—સુમનચંદ્ર.

ત્રણ વરસ પહેલાની વાત સરલાને સાંભરી.

"આ દરેક ગુલાબ જ્યારે તને મળશે ત્યારે તું તારા ભાગ્યને દોષ દેશે અને પશ્ચાતાપ કરશે." સુમનચંદ્રના આ શબ્દોની તેને સંપૂર્ણ પ્રતીતિ થઇ.

(૪)

એક દિવસ રાત્રે ઘેર આવી કૃષ્ણકુમાર માંદો હોય તેમ શૈયામાં પડયો. રાતના અગીઆર વાગે તેણે બુમેબુમ પાડવા માંડી. સરલા ઢાંકણી ઢાંકણી ઉઠી.

"સરલે મ્હને કોઇએ ઝેર ખવડાવ્યું છે."

"શું કહો છો અરે રામ! આ શું."

"હા સરલે. પરમ દિવસે મ્હને એક યુવક મળ્યો. તેણે મ્હને પોતાને ઘેર લઇ જઇ માન આપ્યું અને મ્હને એક બેંકમાં સારા પગારે ગોઠવી આપવા કહ્યું. સરલા તેણે મ્હને આજે બોલાવ્યો હતો. ત્યાં હું જઇને ઘેર આવ્યો. પછી મ્હને ગભરામણ થઇ. હું તેને બરાબર ઓળખતો નથી. તેનું નામ સ્નેહચંદ્ર.

સરલાએ ડોકટરને તેમજ તેના કાકાના કાકાને તેડાવ્યા ડોકટરનું નામ રમણિકુમાર હતું.

રમણિકુમારે આવી કૃષ્ણકુમારને તપાસ્યો.

"સ્થિતિ બહુજ ભયંકર છે, માત્ર બે ત્રણ કલાક જીવે તો આશ્ચર્ય. આવું જ ઝેર એક બીજાને બવડાવવામાં આવેલું હતું તે ત્રણ કલાકમાં ગુજરી ગયો હતો."

"ડોકટર સાહેબ જો જોઇએ તે લો. હું બધું આપીશ. મ્હારી પાસેની બધી મીલ્કો વેચીશ. તમારો બદલો વાળીશ? કહો શું એ સારા નહીંજ થાય

"ના, મ્હારામાં શક્તિ નથી. આ ઝેર માત્ર ડો. કામિનીકાન્ત બાબુજ ઉતારી શકે છે. પણ એ બહુજ ધુની માણસ છે. અને એની ફી ઘણીજ મોટી છે" ડોકટરે કહ્યું.

"એ ક્યાં રહે છે તે મ્હને કહો. ડોકટર હું આખા ગામમાં રખડીશ માંગશે તે ફી આપીશ પણ × ×"

સરલાની પતીભક્તિ માટે તેને ડોકટરે ધન્યવાદ આપી ડો. કામિનીકાન્ત બાબુનું સરનામું આપ્યું.

(૫)

"ડોકટર કામિનીકાન્ત બાબુ, મ્હારે આપને એક વિનંતિ કરવાની છે, મ્હારા પતિ કૃષ્ણકુમારને કોઇ પાતકીએ ઝેર બવડાવ્યું છે, મ્હે સાંભળ્યું છે કે આપ તેનો ઉપાય કરી શકો છો" સરલાએ કહ્યું.

"રમણિબાબુ તરફથી મ્હને ખબર મળી છે પણ તમારી સ્થિતિ બહુ સારી નથી. એ કામમાં ખરચ વધારે છે. વળી હમણાં મેં એ આબત છોડી દીધી છે" ડો. કામિનીકાન્ત બાબુએ કહ્યું.

"આમ શા માટે કહો છો; શું ખરચ થશે તે કહો. હું દળીશ, મજુરી કરીશ ગમે તેમ કરીશ અને ખરચ કરીશ.

પણ ડોક્ટર સાહેબ મ્હારા પ્રિયનો જીવ બચાવ્યો.”

“સરલા દેવી, એ નિચ દોરડીઆ પર આટલો બધો પ્રેમ શા માટે ?

“ આપના શબ્દો મ્હને હળાહળ ઝેર જેવા લાગે છે. ગમે તેવા પણ મ્હારા પતિ છે. મ્હારું જીવન છે. ડોક્ટર સાહેબ એક પળ જાય છે તે પણ વસમી છે. જો આપ વેળાસર નહીં આવો તો તો મ્હારા પતિ × ×

“ લો આ વાંચો. ”

સરલા

તારો પતિ મરણ શૈયા પર છે, બચવાસ આ છેલ્લો કટકો. આ સાથે બીજું અને છેલ્લું ગુલાબ મોકલ્યું છે. કૃષ્ણકુમારને બચાવી શકે એવો માત્ર એકજ માણસ ડો. કામિની જાણુ છે તે સુમનચંદ્ર પોતેજ છે.

સુમનચંદ્ર—

સરલા ચીસ પાડી એકદમ ચાલી ગઇ. ઘેર જઇ પોતાની પતિની ભયંકર સ્થિતિ જોઇ બેશુદ્ધ થઇ પડી તેજ પડી.

“સરલા કેટલું ઉંઘે છે” સરલાની દાસીએ ખુબ પાડી.

ડો. કામિનીકાન્તને ઘેરથી આવ્યા પછી સરલાએ ખુબ ઉંઘ લીધી હતી.

“કેમ છે”

“સરલા, તમારા ભાગ્યનો ઉદય થયો છે તું ઉંઘમાં પડયા પછી ડો. કામિનીકાન્ત બાણુ અત્રે આવ્યા હતા. અને તેમણે આખી રાત જાગી કૃષ્ણકુમારની જીંદગી બચાવી છે. અમને બધી વાતની ખબર પડી છે. ધન્ય છે સરલા તમારી પતિ વત્સલતાને ! પથ્થર જેવા હૃદયના સુમન ઉપરે કામિનીકાન્તના મનપર તમારી પતિ ભાવનાએ અસર કરી તેમના મનમાં દયા ઉત્પન્ન કરી. ડોક્ટર આ ચીઠ્ઠી આપી ગયા છે”

પતિને સારૂં થયું જાણી સરલા આનંદ પાગી ચીઠ્ઠી વાંચવા લાગી.

સરલા,

પાપીને ક્ષમા કરજે. તારી પતિ ભક્તિ, કૃષ્ણકુમાર માટે તારો પ્રેમ જોઇ મારા દિલ પર બહુ અસર થઇ છે. અપરાધ ક્ષમા કરજે. હવે તું અને કૃષ્ણકુમાર આખો જન્મારો સુખી રહો એવી આ અભાગીની આશીષ છે.

સુમનચંદ્ર

સુમનચંદ્રે પોતાની લાગવગથી ૧૨૫ રૂપીયાની નોકરી કૃષ્ણકુમારને અપાવી. દુઃખો રૂપી કાટ દૂર થવાથી કૃષ્ણકુમાર પોતાના સદ્‌ગુણો થી સુખી થયો. સુમનચંદ્રે પોતાનું આયુષ્ય જન સેવામાં ગાળ્યું. સરલા અત્યંત સુખની ભોક્તા થઇ. આ બધાનું કારણ સરલાની પતિ ભક્તિ હતી. અને તેથીજ આજે સુખી થવાનો વખત આવ્યો હતો.*

બાળમુકુન્દ ગિરધરલાલ મોદી.

જગતમાં ત્રણ કાચા સારાં—નાર, ચાર, અને ચાકર. ત્રણ પાકાં સારાં—પાન, પટેલ અને પ્રધાન.

જાતિ અનુભવ મેળવવા માટે ઘણું ખમવું પડે છે, પણ પાઠશાળાથી તો તે ઘણુંજ સરલ શિક્ષણ મળી શકે છે.

જગતમાં ત્રણ વસ્તુ ત્રણ વિના મેળવી શકાતી નથી-ઉત્સાહ વિના બાદશાહી, અક્કલ વિના ઉત્સાહ અને વિદ્યા વિના અક્કલ.

આરાધના અને ઉત્સવથી ઇશ્વરની ભક્તિ પણ ઇશ્વરને સૌથી વધારે પસંદ ભક્તિ તો એ છે કે મનુષ્ય વર્ગનું ભલું કરવું.

આત્મા અમર છે.

આ દુનિયામાં કે બીજી દુનિયામાં ઇશ્વર ઘટિત સદ્‌ગુણનો બદલો આપશે અને દુર્ગુણને માટે સજા કરશે.

* અંગ્રેજીપરથી.

નીતિ વાક્ય

ધર્મ અને સ્વતંત્રતાને બહાને જગતમાં ઘણા અત્યાચાર થાય છે, પરંતુ તેમાં ધર્મ કીવા સ્વતંત્રતાનો વાંક નથી. વાંક- અધવિશ્વાસનો છે.

દુઃખ તમને વેદના પમાડી શકશે, પણ કરી શકશે નહિં.

જે પારકાનાં દુઃખ વિષે કંઇ ફીકર કરતો નથી તે આ જગતમાં શ્રેષ્ટ અત્યાચારી છે.

મનુષ્ય સ્હેલાઇથી કોઇને પણ પોતાનાં કરતાં મ્હોટો કહેવાતું સ્વીકારતો નથી, પણ શક્તિની આગળ તેનાથી મસ્તક નીચું નમાવ્યા સિવાય રહેવાતું નથી.

બીજાઓ તમને જે બંધનમાં બાંધવાનો પ્રયત્ન કરે તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરજો, પરંતુ પ્રકૃતિએ તમારે માટે જે બંધન બનાવ્યાં છે તે તોડવાનો પ્રયત્ન કરતા નહિં.

ઝાડને પ્રકાશ તથા પાણીનો ઉપભોગ કરવા દો—ફુલ આપો આપ નીકળશે. હૃદયને જ્ઞાન તથા આનંદથી ભરવા દો—મોક્ષ માર્ગ આપો આપ તમારે માટે ખુલ્લો થઇ જશે.

કર્મ કદિ પણ નિષ્ફળ જશે નહિં; ચિન્તા કદિ પણ નાશ પામશે નહિં.

ઘણાં ખરા લોકો બીજાઓના કહેવા મુજબ ચાલવાનું વધારે પસંદ કરે છે. તેનું કારણ, તેમનામાં સ્વતંત્રપણે વિચાર કરવાની શક્તિ હોતી નથી. તેમજ કર્મ કરવાની પ્રવૃતિ અન્યના શક્તિનો અભાવ અને આજ્ઞાધિનપણું વિશેષ હોય છે.

શાન્ત અને નિર્મળ મનથી દેવ-મંદિરમાં જેવું જોઇએ. દ્વેષ તથા દાંભિકતાનો ત્યાગ કરીને સાહિત્ય મંદિરમાં દાખલ થવું જોઇએ.

સામાન્ય બંધ બાંધવાથી કદિ પણ નદીનો પ્રવાહ અટકાવી શકાશે નહિ. હુકમ કદિ પણ મનુષ્યની ચિંતાધારાની ગતિ અટકાવી શકશે નહિ.

મનુષ્ય જ્યારે દરરોજ પોતાને માટે નવાં નવાં બંધનો બનાવે —છે.

ડાહ્યાભાઇ હિમતલાલ રાવત.

વિવિધ વિષય.

અમેરીકામાં ભાષણોની કીંમત.

ઇ. સ. ૧૮૭૧માં ડેવીડ લીવીંગસ્ટનને શોધમાં ગએલા. મી. હેનરી સ્ટેનલીને ૧૦૮ ભાષણો માટે રૂા. ૩૦૦૦૦ મલ્યા હતા. એજ મી. સ્ટેન્લીના પહેલા ભાષણની આવક રૂા ૫૩૪૦૦ જેટલી થઇ હતી. હાસ્યરસના જાણીતા લેખક માર્ક ટવેઇનને ૧૮૭૪માં ૫૦ ભાષણો રૂા. ૬૦૦૦ માં કરવાની થએલી માગણી નકબુલ કીધી હતી. યુનાઇટેડ સ્ટેટસના હાલના વાઇસ. પ્રેસીડંટ ઓ. મી. ટી. આર મારશલને ભાષણ દીઠ રૂા. ૬૦૦ પડે છે. ઘણા આશ્ચર્ય જેવું એ છે જે મી. બ્રાયન જ્યારે સેક્રેટરી ઓફ સ્ટેટના ઓહદા ઉપર હતા ત્યારે તેમને વરસ દહાડે રૂા. ૩૬૦૦૦ નો પગાર હતો. એ નોકરી છોડયા બાદ હાલ તેઓ પોતાના ભાષણથી વાર્ષિક રૂા. ૪૧૪૦૦૦ કમાયે છે. તેના એક ભાષણની ઓછામાં ઓછી આવક રૂા. ૭૫૦ ની ગણાય છે.

અમેરીકામાં લેખાણોની કિંમત.

મોર્નીંગ પોસ્ટ નામના એક પત્રે એક કોલમના રૂ૦ ૨૩૦૦ લેખે એક દિવસમાં લોર્ડ રસલને રૂ૦ ૨૩૦૦૦ આપ્યા.

સેંટ જેમ્સીસ ગેઝેટ નામના પત્રે સર મેથ્યુસ પેરીને એક કોલમના રૂ૦ ૧૦૩ આપવા ઠરાવ કર્યો હતો.

મંથલી એમ્યુઝમેંટમાં રોજા નામની વાર્તા લખવા ચાર્લ્સ ડીકન્સને દર પાંચ પૃષ્ટ રૂ૦ ૨૦૦૦ આપ્યા.

એડીનબરો રીવ્યુમાં નિબંધ લખવા થોકરે દર નિબંધે રૂ. ૪૦૦ લીધા હતા.

પેલમેલ ગેઝેટ દર કોલમ માટે બાસ લોકોને રૂ. ૧૦૦, એકો પત્ર રૂ. ૬૦. વીરટોક્રપ રૂ. ૭૦ આપે છે.

મેકડોનેલ રીવ્યુ, રિપોર્ટર, ધી સ્ટેન્ડર્ડ પાર્ટિકલે રૂ. ૫૦ થી ૨૦૦ સુધી આપે છે.

કવિ મૂર લીટી દીઠ રૂ. ૨૧ લેઇ નાની વાર્તા માસિકોમાં મોકલતો હતો.

ડબ્લીન વાર્તાલેખક ચાર્લ્સ ડીકન્સનને દર વર્ષે ૩ લાખની આવક હતી.

લૉર્ડ બેકને લેખકના ધંધામાં લાખો રૂપીઆ પેદા કર્યા હતા.

આ સાથે કેવળ શોખ ખાતર કે માન ખાતર લખનારા આપણી ગુર્જરગિરાના લેખકોની સ્થિતિ સરખાવી જુઓ! જીવન નિર્વાહના નિત્ય ખપ્પરીયા કંટાળા ભરેલા લખાણના કશું જ્યુદ ન હોય તો તેમાં તેમને પણ શો દોષ દેવો!

ગ્રંથકર્તાનું લેખન સામર્થ્ય

મિ. એચ. જી. વેલ્સ એ પ્રત્યેક દિવસે પોતાના લાયક્યા સત હજાર શબ્દો લખતો હતો પણ પ્રૌઢાવસ્થાના એક હજાર લખતો હતો.

મિ. એચ. આર. કેસેટ એ પ્રત્યેક દિવસે ચાર હજારથી પાંચ હજાર શબ્દો સુધી લખી શકતો હતો.

મિ. માય કુદેની, એ પોતાનાં લાયકથી કોઇ પણ ગ્રન્થ લખતો, તે મુખથી બોલતો હતો અને બીજો લખતો હતો. તેની નવલકથા એ તેણે ફોનોગ્રાફમાં ઉતરાવી હતી. અને ફોનોગ્રાફ સાંભળી કોપીઓરો તે નવલકથા કોપીઓ કરતા હતા. કદી કદી તે દિવસથી બાર હજાર શબ્દો સુધી બોલતો હતો તો પણ તે બધુ હજારથી તો કમી બોલતોજ ન હોતો.

મિસીસ હનેવુટર એ વિખ્યાત લેખિકા દરે દિવસે બધુ હજાર શબ્દો લખતી હતી.

મેરી કોલેરા એ પ્રખ્યાત લખિકા રોજ બધુ કલાક લખતી હતી અને તેટલા વખતમાં તે બધુ હજાર શબ્દો લખી શકતી હતી.

એક વિદેશી વિદ્વાન કહે છે કે:—"The wise direction of daily stock of energy is morality" એટલે "દરરોજની શક્તિનો ચતુરાઇથી ઉપયોગ કરવો એજ નીતિ છે." સત્ય છે કે, જો પ્રત્યેક મનુષ્યપ્રતિદિન પોતાના અંતઃકરણની પ્રમાણિકતા કરે અને તે એ જોયા કરે કે આજ મેં મારી શક્તિનો આવો ઉપયોગ કર્યો—જેનાથી મને અને બીજા દેશબંધુને શું સુખ—દુઃખ થયું—તો તેનું જીવન નીતિને અનુકૂળ અને સુખદ બની શકે છે.

યુરોપના મોટાં પુસ્તકાલયો.

	છાપેલાં પુસ્તકો.
બ્રિટિશ મ્યુઝિયમનું પુસ્તકાલય	૪૦૦૦૦૦૦
બિબ્લિયો થીક નેશનેલ, પેરીસ	૩૫૦૦૦૦૦
ઇમ્પરિયલ લાઇબ્રેરી, પેત્રોગ્રાડ	૧૮૮૧૬૨૩
રોયલ લાઇબ્રેરી, બર્લિન	૧૪૦૦૦૦૦
" મ્યુનિચ	૧૧૦૦૦૦૦
ઇમ્પરિયલ લાઇબ્રેરી, વિએના	૧૦૦૦૦૦૦
વિક્ટર એમાનુએલ લાઇબ્રેરી, રોમ	૮૦૦૦૦૦
બોડલિયન લાઇબ્રેરી ઓકસફર્ડ	૭૫૦૦૦૦
રોયલ લાઇબ્રેરી, બ્રસેલ્સ	૬૦૦૦૦૦
એડવોકેટ્સ લાઇબ્રેરી એડિનબર્ગ	૫૬૫૦૦૦
વૈટીકન લાઇબ્રેરિ રોમ	૪૦૦૦૦૦
ટ્રિનિટી કૉલેજ લાઇબ્રેરિ, ડબ્લિન	૩૨૬૩૪૭

અમેરીકાના મોટા પુસ્તકાલયો.

લાઇબ્રેરિ ઓફ કોંગ્રેસ, વોશિંગ્ટન	૧૭૮૩૬૫૮
ન્યુયૉર્ક પબ્લિક લાઇબ્રેરી	૧૬૧૫૯૮૨
બોસ્ટન પબ્લિક લાઇબ્રેરિ	૮૮૭૨૬૮

યુરોપ અમેરિકાની લક્ષાવધિ પુસ્તકોથી ભરેલી લાઇબ્રેરિઓ સામે આપણા ભરતખંડના પુસ્તકાલયો સામે સરખાવો.

કાળ ગણવાની જૂની પદ્ધતિ.

સર્વ સિદ્ધાંત અને ભિન્ન ભિન્ન જ્યોતિષ શાસ્ત્રકારોના મત પ્રમાણે દિવસના વિભાગ નીચે પ્રમાણે થાય છે.

૬૦ ક્ષણ-૧ લવ.
૬૦ લવ-૧ નિમેષ.
૬૦ કાષ્ઠા-૧ અતિપળ.
૬૦ અતિપળ-૧ વિપળ. (૪ સેકંડ)
૬૦ વિપળ-૧ પળ. (૨૪ સેકંડ)

૬૦ પળ–૧ દંડ. ૨૪ મિનિટ.
૬૦ દંડ–૧ અહોરાત્ર.
૬૦ અહોરાત્ર–૧ માસ.
સૌર પદ્ધતિને અનુસરીને:–
૩૦ સાવન દિવસ–૧ સાવન માસ.
૧૨ સાવન માસ–૧ સૌર વર્ષ.
૩૬૦ સૌર વર્ષ–૧ દિવ્ય વર્ષ.
૧ સૌર વર્ષ–૧ દેવ દિન.
૩૬૦ દિવ્ય અહોરાત્ર–૧ દિવ્ય વર્ષ.
૧૨૦૦ દિવ્યવર્ષ–૧ મહાયુગ (૪૩૨૦૦ સૌરી વર્ષ)
૭૧ યુગ–૧ મન્વંતર.
૧૮ મન્વંતર–૧ કલ્પ–૪૩૨૦૦૦૦૦૦ સૌરી વર્ષ)
૨ કલ્પ–૧ બ્રાહ્મ અહોરાત્ર
૩૬૦ બ્રાહ્મ અહોરાત્ર–૧ બ્રાહ્મ વર્ષ.
૫૦ બ્રાહ્મ વર્ષ–પરાર્ધ.
૨ પરાર્ધ–૧ પરા, મહાકલ્પ, અથવા બ્રહ્મઆયુ

આર્યની કાળ ગણના પ્રમાણે ૪૩૨૦૦૦૦ ૦૦, સૌરી વર્ષે એક કલ્પ થાય છે. ૪ યુગોનો એક મહાયુગ થાય છે. એક કલ્પ એટલે ૧૦૦૦ મહાયુગ, અને ૧૮ મનવંતર બ્રહ્મ દેવનું આયુષ્ય ૧૦૦ વર્ષનું. એક કલ્પ એટલે તેનો એક દિવસ. બીજો કલ્પ એટલે રાત્રી. આ પ્રમાણે ૩૬૦ અહોરાત્રીનું ૧ વર્ષ આ પ્રમાણે ૧૦૦ વર્ષ બ્રહ્મદેવનો કાળ થાય છે. એને 'દ્વિપરાર્ધ' કહે છે. બ્રહ્મદેવના આયુષ્યમાંથી એક પરાર્ધ ગયો અને હાલ દ્વિતીય પરાર્ધમાં 'વરાહ' નામનો આદિકલ્પ ચાલે છે. આ આદિ કલ્પમાંથી ૭ મન્વંતર ગયા. હાલ વૈવસ્વત મનુનો સાતમો મન્વંતર ચાલે છે. વૈવસ્વત મન્વંતરમાંથી ૨૮ સત્યુગ, ૨૮ ત્રેતા યુગ, અને ૨૮ દ્વાપર યુગ, વહી ગયા. અને ૨૮ મો કલિયુગ ચાલે છે. કલિયુગનો પ્રારંભ ઇ. સ. પૂર્વે ૩૦૧૭ ની ફેબ્રુઆરી ૧૭મી રોજ થયો હતો. એ દિવસે ચૈત્રી અમાવાસ્યા શુક્રવાર હતો. ઇ. સ. પછી ૧૯૩૮ વર્ષે શાલીવાહનના શકનો આરંભ થયો. અર્થાત આ વર્ષે કલિયુગને (૧૯૩૭+૩૧૦૭) ૫૦૧૮ વર્ષ થયાં છે.

જાપાનની દોલત.

આજથી ત્રીસ ચાળીશ વર્ષ પહેલાં અનેક રાજ્યોમાં વહેંચાયલો, તથા વ્યાપારાદિ જૂના અંધ સુધરેલા રિવાજોથી અવનત દશાને પ્રાપ્ત થયેલો જાપાન દેશ આજે કેવી ઉન્નત દશાને પામ્યો છે તે નીચે જણાવેલા ત્યાંની દોલતના આંકડા ઓથી જાણવું થશે.

૪૩ માણસો પાસે	૧૦૦૦૦૦૦૦ યેન.
૭૩ માણસો પાસે	૫૦૦૦૦૦૦૦ યેન
૨૦ માણસો પાસે	૩૦૦૦૦૦૦૦ યેન
૧૦૮ માણસો પાસે	૨૦૦૦૦૦૦૦ યેન
૪૬૧ માણસો પાસે	૧૦૦૦૦૦૦ યેન
૧૪૩૩ માણસો પાસે	૫૦૦૦૦૦ યેન ઉપર.
૨૨૦૧ માણસો પાસે	૫૦૦૦૦૦ યેન

એક યેન લગભગ ૧॥ રૂપીઆ છે.

જાપાનની કુલ દોલત ૩૪૬ ૦૦૧૦૦૦ યેન છે. આ પૈકી ૧૪૩૩ કારીગરો, ૨૨૩ જમીનદારો, ૫૧ મીલ માલેકો અને ૧૦૫ ઉમરાવો છે.

જૂનું ને સાચું તથા નવિનું પર ભાર મૂકી બેસી રહ્યા હોત તો જાપાનીઓ આવી ઉન્નત દશા પ્રાપ્ત કરી શકત ખરા કે! જાપાન એ જગત સમક્ષ ધર્મયોગનું જ્વલંત ઉદાહરણ છે.

ખાસ સ્ત્રી તથા બચ્ચાંઓનું દેશી દવાખાનું કયા છે!

દેશી ઔષધાલય.

ઝાંપાબજારની ખરાદી શેરીને નાકે તમારે દેશી દવા વાપરવી હોય તો મળો. તમને દરેક રોગની દેશી દવાઓ મળશે. તથા ખાત્રી પણ થશે માટે બ્હેનો નાશીપાશ ન થાઓ. અને એક વખત દવાખાનામાં આવી મુલાકાત લ્યો તેથી તમારા મનની ખાત્રી થશે. માટે એકવાર જરૂર પધારશો.

ડૉ સરસ્વતીબાઇ ભગવાનદાસ.

કલકત્તા અને મદ્રાસના આયુર્વેદીક પ્રદર્શનમા સોનાના ચાંદ મેળવનાર.

શાસ્ત્રોક્ત દેશી દવા બનાવનારા.

ઝંડુ ફાર્મા-યુટિકલ વર્કસ, એલફિન્સ્ટન રોડ, મુંબઈ.—

મંદાગ્નિ વટિ.

પાચનશક્તિ નબળી પડી ગઈ હોય કબજીયત રહેતી હોય વાને Dyspepsiaનો અકસીર ઇલાજ. ૧ રતલની બાટલીના કીં. રૂ. ૧

ચ્યવન પ્રાશાવલેહ જીવન.

શરીર અને મગજને ખરેખરી શક્તિ આપનારૂં આ ઔષધ સમય વિંદમાં પ્રસિદ્ધ છે અમારી બનાવટ કેવલ શાસ્ત્રોક્ત છે. રતલ ૧ના બાટલીના કીં. રૂ. ૨॥

દમ, હાંફ, અમુઝણના

૦ પ્રખ્યાત વૈદ્ય ૦

તરફથી જાહેર ખબર આપવામાં આવે છે કે હમારા દવાખાનામાં આંખના તમામ રોગની દવા અંજાની બનાવ પામેથા શ્રી લેવાના આવતી નથી. સંકડોજ આંખના દરદીઓ સાજા થઈ ગયા છે, તેના હમારી પાસે ખાત્રી પુરાવા જોઈએ તેટલા મોજુદ છ. તેમજ દમ. હાંફ. અમુઝણ, ઉધરસ ગમે તેટલા જુના હોય તો પણ દવસ બારમાં આરામ કરીએ છીએ. હમારી ૧૫ થી ૨૫ વર્ષના જુનામ જુના દમ હમોએ સાજા કરેલા છે. તેના દાખલા તથા કરનામાં હમારી પાસે છે. જેથી આપને ખાત્રી થશે. લોક અને પ્રજાના ભલા વાસ્તે આ જાહેર ખબર છપાવવાની જરૂર પડી છે,

શ્રી માટે યોગ્ય સગવડ કરી છે.

સુરત મહીધરપરાની ખમાગેરીમાં તથા પાંજરાપોળ-ગોપીપુરા

આર્યવિદ્ય વર્ધક ઔષધાલય. વૈદ્ય શીવશંકર લાધાશંકર જોશી

એક નવીન સદેશો.

આથી સર્વે સદગૃહસ્થોને ખબર આપવામાં આવેછે કે હમો સોના તથા ચાંદીના પતરા મશીનરી ઓથી આપીએ છીએ તથા સરવે જાતની ટીકીઓ પાડી આપીએ છીએ તથા પાટો ખેંચીને ટીકીઓ પાડી આપીએ છીએ જોવાં કે ફેન્સી છેડાઓ, તરેહવાર બંગડીઓ, નેકલેસો, ચેનો, બુટ્ટીઓ, બટન તરેહવાર પતાનો વીંટીઓ તથા મોતી પોરવવાના ચાંદીના ખોખા સરવે જાતના કાપી આપીએ છીએ વિગેરે સોનીનું કામ કરવામાં આવે છે. માટે હમારે ત્યાં એક વખત પધારી કામ જોવાથી ખાત્રી થશે તથા મોતી પોરવવાના ખોખા સરવે જાતના તૈયાર મળશે. બનાવનાર:—

સોની ચુનીલાલ મોહનલાલ
ઠે. ગધરપ ફળીઆ-સુરત

એક ઉત્તમ સલાહ.

પૈસાનો બચાવ, ખાત્રીલાયક માલ, અને તમારા માલનો રક્ષણકર્તા [illegible] તે તમે માલમી- લકત, તદ્દન સહીસલામત રાખવા ઇચ્છતા હો, ચોર આગ, અને [illegible] અચ્યું હોય, તો લાંબા લચક ટાયલાં લખાણથી ન લોભાતાં દાવજી બિલ્ડીંગ સ્ટેશન [illegible] વાળા મિ. ગોરાર ઉકાની ફાયરપ્રુફ સ્ટીલ્ટેરીઓજ વાપરો જેના ઉત્તમ [illegible] માટે સર્ટીફીકેટ અને પ્રદર્શનમાંથી સોનાના ચાંદ મળ્યા છે. દરેક રીતનું [illegible] તૈયાર તેમ ઓરડરથી મળશે. પ્રાઇસલીસ્ટ ગફત મોકલીશું

મિ. ગોરાર ઉકા.
ફાયરપ્રુફ સ્ટીલ્ટેરી બનાવનાર.
દાવજીબિલ્ડીંગ સ્ટેશનરોડ ગુજરાત.

બાટલિવાળાની અકસીર સ્વદેશી દવાઓ.

અસલ કવીનાઇનની ટીકડીઓ–એક ગ્રેનની દરેક બાટલીમાં ૧૦૦, બાટલીના આના ૧૨
એ " " " "
તાવની દવા અને ગોળીઓ–તાવ, મેલેરીયા, સલેષમ વગેરે માટે બાટલીનો રૂ. ૧.
કોવત આપનારી ગોળીઓ–ફીક્કાપડી ગયલા માણસો અને કમતાકાતી માટે બાટલીનો રૂ૧॥
દાંતનું મંજન–દાંતની જાળવણી માટે દાંતનું મંજન દરેકના આના ૪.
ખસ અને દરાજનો મલમ–બાટલીવાળાનો ખસ અને દરાજનો ઉત્તમ મલમ
દરેકના આના ૪ દરેક દવાવાલા પાસેથી મળશે અથવા

Dr. H. L. Batliwala's sons & Co Ltd.
280, Worli 18 BOMBAY.
તારનું સરનામું–ડોકટર બાટલીવાળા. દાદર. "

કયાં ગભરાયા ? અરે શું હીસ્ટિરિયા !

વાયુ મુકતા.

કી. રૂ. ૪–૧૦–૦ પો૦ જુદું.

હીસ્ટીરિયા–મૃગી–ફેફરૂં કે વાઇ; તેને લીધે મોઢામાં ફીણ કે લાળ આંકડી–તાણ–એંચ કે કંપણી, દાંત બંધાવા, શ્વાસ રૂંધાવો, આંખો થરડાવી શરીરે શીત, પેટમાં દુખાવો, અને બેશુધ્ધિ, ઇત્યાદિ તેમજ કેટલાકને ચિત્તભ્રમ ઉન્માદ કે ઘેલેચ્છા થવાથી બકવું, રડવું, કુદવું, નાસવું, ધુણવું મુગાપણું જોવામાં ચિંતવતા, ફ્યાંમતાં, કૃશતા, લાધવું, ઇ૦ લક્ષણોવાળા નવા કે જુના હીસ્ટિરિયા ઉપર રામબાણ છે, દવા વનસ્પતિની, મહીનાની, પથ્ય નહી. ઉપયોગ કરેથી ખાત્રી,

બચ્ચાંની કાંકણી કે ફીટ અને આમણ તુર્ત બંધજ કીંમત રૂા૦ ૨) પો. જુદું. વ્યાયામ કળાશાસ્ત્ર (શરીર કેળવણી) માટે કસરતનાં રૂપક ચિત્રનું કીંમત રૂ. ૨) પો ૦)૨ દેશીનામું–નામું શિખવાનું, હિસાબમાં ટેકરૂ બુક કી. ૦)૩ પો.૦)–

છગનલાલ લલ્લુભાઇ શાહ દેશીનામાવાળા. ડભોઇ–વડોદરા.

દરેક જાતનાં દાન આપવાનું સુપાત્ર સ્થાન

હિંદુ અનાથ આશ્રમ

નડીઆદ.

આખા હિંદના હિંદુજાતીનાં અનાથ બાળકોને પાળવામાં આવે છે. વ્યવસ્થા માટે જાહેર પુરૂષોના ઉત્તમ અભિપ્રાય મળેલા છે.

રૂ. ૪૦૦) આપી દેશભક્ત મરહુમ ગો. મી. ગોખલેના સ્મારકમાં બંધાતા કેળવણીના હોલ સાથે એક ઓરડી બંધાવી ગોખલેના નામ સાથે અમર નામ કરો.

૨૦૦) માં દર વર્ષે એક દિવસ દાતાના નામથી ભોજન અપાય છે તથા આરસની તખ્તીમાં નામનું સ્મારક રખાય છે.

રૂ. ૨૫) માં ગૌદાન અપાય છે–બોર્ડપર નામનું સ્મારક રખાય છે.

એક રૂપીઆથી વધારે દાન આપનારાનાં નામ વારસીક રીપોર્ટમાં પ્રગટ થાય છે.

દાન મોકલી રીપોર્ટ મંગાવો–દરેક જાતના દાનની જરૂર છે.

મંત્રી—

હિંદુ અનાથાશ્રમ,

નડીયાદ.

તાવની રામબાણ દવા

રૂ. ૧૦૦ ઈનામ.

કોઈપણ જાતનો તાવ અમારી દવાથી ના ઉતરે તો પૈસા પાછા ૩ દિવસના ૧૨ ચોથીઓ તાવ નથી ઉતરતો એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) ઇનામ. અઠવાડીયાની ૧ ની કિ. રૂ. ૧-૦-૦ ખાસ પરેજ નથી.

શક્તિ સજીવન.

શક્તિ સજીવનમાં શક્તિ લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી એવું સાબિત કરનારને રૂ. ૧૦૦) સો ઇનામ આપીશું. શરીરનાં તમામ અવયવો મજબુત કરી ધાતુના તમામ દરદો મટાડે છે. ૬ બોટલની ૧ ની કિ. રૂ. ૨-૮-૦ પરેજ નથી.

ધાતુ વિકાર.

ભયંકર દરદોથી બચવું હોય અને તમામ દરદોની દવાથી માહિતગાર થવું હોય તો એક પૈસાનું કાર્ડ લખી ધાતુ વિકારનું પુસ્તક મફત મંગાવી લેવું.

વૈદ્ય શા. ગીરધરલાલ કાલાનજી

મુ. ધોળકા જી. અમદાવાદ.